## શ્રી ગોડી થી પ્રારંભ
## સુખ પામી રે સખી સુખ પામી
## મુનીવર મુક્તાનંદ સ્વામી

સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી ધામમાં સિધાવ્યા પછી, મુક્તાનંદ સ્વામી ગુરુના વિરહ દુઃખથી શાંતવના આપવા અને સત્સંગ પ્રચાર પ્રયોજને ભૂજ ગયા. આ બાજુ શ્રી હરિ કેટલાંક ગામોમાં વિચરણ કરતાં સત્સંગીઓને ગુરૂ રામાનંદ સ્વામીના ધામમાં ગયા તેના દુઃખથી શાંત કરતાં, સંતો સાથે ફરતાં ફરતાં માંગરોલમાં આવ્યાં. ત્યાં પોતાનું પારમૈશ્વર્ય પ્રદર્શાવવા સમાધી પ્રકરણ અભુતપૂર્વ ચલાવ્યું. તેમાં આબાલ- વૃધ્ધ સર્વે નરનારીને સાધના વિના સદ્ય સમાધી થાય અને અક્ષર પર્યન્ત સર્વે ધામમાં બિરાજમાન સર્વે દેવતા મુક્તો અવતારો અને અવતારી સુધી ના સપાર્ષદ દર્શન થાય, અને સમાધીવાળા ભક્તો સમાધી છુટયા પછી સર્વે હકીકત જણાવે. જે આ શ્રી હરિ જ સર્વેનું કારણ છે. અને પરમ તત્વ છે. આ તો ઇષ્ટના પણ ઇષ્ટ છે.તે સર્વે પ્રત્યક્ષવત્ જાહેરમાં કહે. તેથી સત્સંગનો પ્રચાર અને પ્રસાર ચોમેર થવા લાગ્યો. આ બધી બાબત મુક્તમુનિ ભૂજમાં હતાં તેને કર્ણોપકણો જાણવા મળતાં આ સર્વે શ્રી હરિની ક્રિયા દાંભિક પ્રચાર સમઝીને સત્વરે મેઘપુર બિરાજમાન શ્રી હરિને મળીને, બીજા બધાને યોગ્ય ઠપકો આપ્યો. શ્રીહરિને કહે

"મહારાજ દિયો પાખંડ મેલી, સત્સંગમાં ન થાવું ફેલી,
સમાધી કાંઇ નથી સોયલી, મોટા યોગીને પણ દોપલી,
તે તો જેને તેને કેમ થાય, બીજા માને અમે ન મનાય."

આ રીતે ઠપકો આપ્યો, શ્રી હરિએ ધીરે રહીને કહ્યું સ્વામી તમે શંકા ન કરો. આ તો સર્વે મળીને સ્વામીનું ભજન કરે છે, તેમાંથી જેને જેમ જણાતું હશે. તેમ તે કહે છે. પછી સંતદાસને સમાધીમાં મોકલે છે. અને કહે સ્વામી તમે જ તપાસ કરો, સમાધી સાચી કે ખોટી જુઓ નાડી, સ્વામી નાડી જુએ છે પણ નાડી ન મળે. એટલે થોડુંક અંતરમાં સાચું મનાયું પણ તુરંત બીજો વિચાર આવ્યો ગુરૂ તો આમ ક્યારેય પણ કરતાં નહિ અને આ વળી નવું ક્યાં, એટલામાં સંતદાસજી જાગૃત થઇને કહે છે.

"સંતદાસના છે સત્ય બોલ । કહે દિઠો મેં બ્રહ્મમહોલ.
તેમાં મુરતિ દિઠી મેં દોય । ઉધ્ધવને શ્રી કૃષ્ણની સોય ॥
ઉધ્ધવતે રામાન્દરૂપ । શ્રી કૃષ્ણ તે આ હરિસ્વરૂપ ॥

આ વાત સાંભળતાં તો સ્વામી ઉંડા ઉતરી ગયાં. વાહ ! પ્રભુ વાહ ! ગજબનું પાખંડ ચાલ્યું છે. અંતરથી ઉદાસ થયાં. પણ હજી એક ઉપાય છે. જો જેઠોમેર અને માધવદાસ એ બે જો સ્વીકારે તો કંઇક મનાય એવામાં આ બે ભક્તો આવ્યાં. તેમણે પણ સમાધીની સત્યતા પ્રગટ કરી મુક્ત મુનીને કહ્યું સ્વામી સ્વીકારી લ્યો, સમાધી સત્ય છે. આ અવસરે અમોઘ ઐશ્વર્ય વાપરીને અનંત જીવનાં ઉધ્ધાર માટે પ્રભુ પ્રગટ થયાં છે તો તેનું શરણ સ્વીકારી ગુરુદેવ રામાનંદ સ્વામીનો રાજીપો સ્વીકારી લીયો. આવું ઐશ્વર્ય જેવા તેવાનું હોય નહીં.

ત્યારે સ્વામીને તરત વળતો વિચાર આવ્યો. જે સમાધીએ સત્ય વસ્તુ છે. પણ યોગીઓને પણ અત્યંત દુર્લભ છે. તે ઐશ્વર્ય કાંઇ જેનુ તેનું નથી. પણ આતો પરમાત્માનું અસાધારણ લક્ષણ છે. ગોકુળવાસીને યોગેશ્વર શ્રીકૃષ્ણએ સમાધી કરાવી હતી. અને તેમને અક્ષરધામના દર્શન કરાવ્યા હતાં. લોકમાં ઘણાં મુર્ખલોકો પરીક્ષણ કર્યા વિના પામર પશુ પ્રાયને પણ મહાપ્રભુ તરીકે માની બેસે છે. દંભથી કે મંત્ર-તંત્ર- જંત્રથી એવા સમાધી વિગેરેના તુત તુફાનો જગતમાં અને ઘણાં સંપ્રદાયોમાં પણ હોય છે. જો સમાધી દાંભિક તુતરુપ છે તે પાછળથી જાહેરમાં આવે તો સત્સંગનો મોટો ફજેતો થાય. અને સત્સંગનું ગૌરવ પણ ઘટી જાય અને સત્સંગ અન્તે છિન્નભિન્ન થઇ જાય. એવી મોટી બીક લાગી તેથી અંતરથી ઉદાસ થઇ બોલ્યા. તમે સર્વે સાંભળો દંભાટોપ ન કરવો, સત્ય ઉપર દ્રષ્ટિ રાખવી, મંત્ર-તંત્ર નાટક ચેટકમાં પ્રતીતિ ન કરવી. કોઇને દંભ ડોળ કરીને છેતરવામાં મહાદોષ છે. પરચા ઇચ્છે તે પામર કહેવાય, એવા વિવેક સમજણના વચનો કહ્યા પણ જેને એકવાર જીવમાં અનુભવાત્મક નિશ્ચય થયો હોય તેને આ વાત કેમ અસર કરે. સર્વે સ્વામીને સમજાવવા કોશીશ કરવા લાગ્યાં. ઘણા સ્વામી તરફથી મુખ મરડી ચાલ્યા ગયાં. હવે સ્વામીએ સત્સંગ છોડી જતુ રહેવું. એવો નિર્ણય લઇ કાલવાણીથી સવારે મયારામ ભટ્ટને કહે હવે છેલ્લા નારાયણ એમ કહી દિશાએ જવાના નિમિત્તે ખાખરાનાં વનમાં દુઃખી અને રડતાં હૃદયે ચાલ્યાં જાય છે. અને વિચારનાં વંટોળમાં ઘેરાયેલા છે. આહાહા આ શું થઇ રહ્યું છે. ગુરૂદેવનો કેવો આશય હતો. સમાજને અંધશ્રધ્ધાનાં પંજામાંથી છોડાવી શ્રધ્ધાના રસ્તે ચલાવી સત્ય સ્વરૂપ પરમાત્માં સુધી પહોંચાડવા પણ આજ એ સર્વે વાત ઉપર પાણી ફરી વળ્યું. હવે તો ગુરૂદેવ બચાવે તો જ સંપ્રદાય બચે. એમ વિચારતા જોરથી રડાઇ ગયું. એજ વખતે આકાશમાં તેજનાં પુંજ પથરાયા અને મધુર એ દિવ્યવાણી સંભળાણી. અરે અરે ! મુક્તાનંદ કેમ ! દિશા ભૂલ્યાં છો કે શું ? અમે તમને કાંઇવાર કહ્યું હતું કે, "અમે તો ડુગડુગીના વગાડનાર છીએ, ખરો ખેલ ભજવનાર નટવર આવવાનાં છે." તે વાત શું ભુલી ગયાં, જે આવવાના હતાં તે જ આ વર્ણી સ્વયં અક્ષરાધિપતિ છે. જેના માટે તમે ઘરબાર પરિવાર છોડ્યા છે તે પ્રત્યક્ષ તમને મળ્યા છે કેમ ભૂલો છો. તેનું શરણુ સ્વીકારો. અને સુખી થાવો. - આ સાંભળતાં મુક્તાનંદ સ્વામી સચેત થઇને જોયું તો રામાનંદ સ્વામીને શ્વેત વસ્ત્ર ધારણ કરેલ દીઠા તુરંત દોડ્યા. અને વાત્સલ્ય ભાવથી ભેટ્યાં છે. અને આખીર સ્વામીના વચને નિશ્ચયની આટી ઉકલી ગઇને દ્રઢ નિશ્ચય કર્યો. અને પાછા વળીયા પણ હવે જે આનંદ હતો તે આનંદ સર્વે કરતાં શ્રેષ્ઠ હતો. જેનું વર્ણન કરી શકાય તેવી વાત નથી. અને પછી હૃદયમાં એ ભાવ પ્રગટ કરતાં શબ્દો સરી પડ્યાં.

સુખ પામી રે સખી સુખ પામી
હું તો શામળીને શરણે જાતા સુખ પામી ...

મુક્તાનંદ કહે હરિ હરિજનની ગતિ છે ન્યારી
એને દેહ દર્શી લેખે પોતા જેવા સંસારી ..સખી
એ ગોડીના ચાર પદ બનાવ્યા અને ચાર પદમાં બસ એજ ભાવ જણાય છે :-

૦-૦-૦-૦

## ૨. જનમ સુધાર્યો રે હો મારો, મળીયા નટવર નંદ દુલારો
## કરૂણા અતીશે રે હો કિધી, ભવજળ બુડતા બાહ્ય ગ્રહી લીધી.

મુક્તાનંદ સ્વામીને આશીષ આપી રામાનંદ સ્વામી અદ્રશ્ય થયાં છે. સ્વામી આનંદમાં ભાવ વિભોર થતાં ઉતારે આવ્યાં છે. દરેક સંતો ભક્તોને આજ્ઞા કરી છે કે સૌ કોઇ ફુલહાર-ચંદન ચોખા આરતી આદિક પુજાનો સામાન તૈયાર કરો અને નારણભાઇ સોનીના ઘરે જવું છે. સ્વામીના ચહેરા ઉપર ઉત્સાહ અને આનંદ જોતા આ આખાયે સમાજમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું. સૌ કોઇ સ્વામીની આજ્ઞા અનુસાર સર્વે પુજાનો સામાન તૈયાર કરીને નારણભાઇ સોનીને ત્યાં પહોંચ્યા.

મુક્તાનંદ સ્વામી સારા સારા શણગાર, વસ્ત્રો, આભુષણો આદિક પુજાનો સાજ લઇ વર્ણીની પાસે ગયાં અને કહે હવે આ વેશ ઉતારો અને આ સર્વે ધારણ કરો. પ્રભુ કહે અરે સ્વામી ! અમે તો સાધુ દિક્ષા લીધેલ છે. આ ગુરુ ગાદી અમને ન શોભે સ્વામી કહે આપ હવે તો બસ કરો પ્રભુ હવે રમાડવાનું બંધ કરો આપતો **ગુરુણાં અપિ ગુરુઃ** પ્રાર્થના સહિત કરકમળ ઝાલી ગુરુ ગાદીએ બેસાડ્યા. જરીયાની જામો, સુરવાલ-ખેસ આદિક વસ્ત્ર પહેરાવ્યા, સોના-ચાંદી, હીરા – મોતી નાં દાગીના ધરાવ્યા- ત્રણ છોગાવાળી પાઘ ધારણ કરાવે છે. પ્રભુ કહે સ્વામી આ રાજાનો પોષાક અમને ન શોભે. સ્વામી કહે આપ તો આપ તો રાજાઓના રાજા છો. હવે પ્રભુ હું ભુલો ન પડુ. બસ હવે અમે કહીએ અને કરીએ એ સર્વે સ્વીકારવા જ માંડો. જે ગાદી ઉપર રામાનંદ સ્વામી બેસતાં તે ગાદી ઉપર ગાલીચો નખાવ્યો. તેના ઉપર પધારાવ્યા - પ્રથમ સ્વામીએ ચંદન પુષ્પથી પુજા કરી. ત્યારબાદ દરેક સંતો અને સત્સંગીઓ પાસે પુજા કરાવી પછી કરુણા ભીના થયા થકા સ્વામી મહારાજને કહેવા લાગ્યા પ્રભુ આ ઘટના ન ઘટી હોત તો મારો જન્મારો બગડી જાત આજ હું કૃતાર્થ થયો મને સાચી વાતની ગમ પડી મારો જન્મ સફળ થઇ ગયો. અને હૃદયમાં ઉમળકા સાથે ગાવા લાગ્યા જનમ સુધાર્યો એક એક કડી ગાતા જાય અને તેનો ભાવ સમજાવતા જાય ચાર પદ બોલ્યા અંતે જય સદ્‌ગુરૂ સ્વામી પ્રભુ જય સદ્‌ગુરૂ સ્વામી, સર્વેને તાળી પાડીને શાંત કરી ઉંચા સ્વરે હાથ ઉંચા કરીને કહે જુઓ સર્વે સાંભળો આ સહજાનંદ સ્વામી એ સર્વ અવતારના અવતારી સર્વોપરિ સર્વનું કારણ અને રામાનંદ સ્વામી જેવા અનંત ઇશ્વરોનાં ઇશ્વર છે. પૂર્ણ પુરૂષોત્તમ સ્વયં છે. તેમનું જે દર્શન કરશે તેના સઘળા પાપ અને તાપ બળી જશે. અને તેને દિવ્ય અક્ષરધામની પ્રાપ્તી થશે.

પછી સ્વામી સર્વેને આજ્ઞા કરી જે આરતી પ્રગટાવો અને પોતે પણ હજારો વાટો વાળી આરતી પ્રગટાવી. અત્યાર સુધી ભગવાન રાધાકૃષ્ણ, ભગવાન લક્ષ્મીનારાયણ, ભગવાન સીતારામ ની આરતી થતી. આજે પહેલ વહેલ મુકતાનંદ સ્વામીએ સંતો ભક્તો, બાઇઓ - ભાઇઓ સર્વે મર્યાદામાં રહીને સંપ્રદાયની જગપ્રસિધ્ધ આરતીનો પ્રારંભ કર્યો છે. સ્વયં કવિ સમ્રાટ મુક્તાનંદ સ્વામી કડી બોલે અને સારોયે સમુદાય આરતી ઝીલે છે.

## ૩. જય સદ્‌ગુરૂ સ્વામી પ્રભુ જય સદ્‌ગુરૂ સ્વામી

સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુ નામી...... પ્રભુ જય સદગુરૂ સ્વામી

આમ, લાખો દિવડાની આરતી ઉતારી સર્વના અંતર ઉજાસથી ઉભરાય ગયાં. આમ આરતી સંપ્રદાયની પ્રથમ અને અજોડ છે. જે સુર્ય-ચંદ્ર તપશે ત્યાં સુધી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગુંજતી રહેશે.

૦-૦-૦-૦

## ૪. મારા વાલાજી શું વાલપ દિશે રે...

વ્હાલા ભક્તો સંપ્રદાયનાં શાસ્ત્રો અને સદ્‌ગુરુશ્રીઓની પરંપરાની કહાનીઓ જોતા એમ લાગે કે મુક્તાનંદ સ્વામીની સાધુતા -સમજણ - વૈરાગ્ય - જ્ઞાન - વિવેક મર્યાદા આ તમામ અદ્‌ભૂત છે. તેની નિર્મળતા આદિક ગુણોનો પાર આવે નહિ જેના વખાણ ભગવાન શ્રીહરિએ ભરપૂર કર્યા છે. જેમને વિશે શ્રીહરિએ ગુરુભાવ રાખ્યો છે. મુક્તાનંદ સ્વામી એ જમાનામાં સંસ્કૃત-સંગીત અને સાહિત્યના બેતાજ બાદશાહ હતા. સ્વામીના રાગ અને રૂપ મોહક અને આકર્ષક હતા સ્વામીની વાણી અને વર્તન ગંગાજળ જેવા નિર્મળ હતા. ઉંમરમાં પણ વડિલ હતા. છતાં દાસત્વ ભક્તિનું સાક્ષાત્ સ્વરૂપ અને વળી રામાનંદ સ્વામીના ત્યાગી શિષ્યોમાં રઘુનાથદાસ, ગૃહસ્થ શિષ્યોમાં મેઘજી વણીક અને બાઇઓમાં શિષ્યા હરબાઇ, વાલબાઇ આ બધાય સાધનાવાળા અને સ્થિતિવાળા હતા અને સ્વામીના કૃપાપાત્ર હતા. છતાં સ્વામીએ ભગવાન શ્રીહરિને ગાદી સોંપી છે ત્યારે આ બધાયને સાધના વિદ્વતા - વક્તૃત્વતા - જ્ઞાન આદિનું વૌમિટ થયુ છે જ્યારે મુક્તાનંદ સ્વામીમાં એ માયલી ગંધ પણ દેખાતી નથી, એટલે જ મહારાજ કહેતા મુક્તાનંદ સ્વામીની સમજણ તો સોનાના દોરા સમાન છે કદાપી ઢીલી - કડક થતી નથી. સ્વામીની સમજણ તો દરીયા સમાન અગાધ અને ઉંડી છે.

છતાં જેમ ભગવાન માનુષ્ય ચરિત્ર કરતા હોય તેમ સ્વામીના જીવનમાં એક ચરિત્ર લખાયું છે. એક દિવસ પોતાનાં મંડળમાં રહેતા એવા એક હિન્દુસ્તાની સંતનું અવળુ વર્તન જોઇ સ્વામીને તેમને પ્રત્યે અણગમો થયો જે આવા દિવ્ય સત્સંગમાં રહ્યા પછી પણ આ સાધુ આવું વર્તન રાખે છે, તો આ સાધુને મંડળમાંથી કાઢી જ મુકવા છે. જે વાતને મહારાજે અંતર્યામી પણે જાણી પ્રભુ વિચારમાં પડી ગયા. મારા મહાન સંતનાં હૃદયમાં મારા સંબંધવાળાનો મહિમા હોવો જોઇએ

એમાં પણ મુક્તાનંદ સ્વામીને વિશે આ વાત બનશે તો બીજાની તો વાત શી ? ગમે તેવા તોય મારા સંબંધવાળા એ સંત છે ને ? હાં એમનાં સ્વભાવને કાઢવા જરૂર પ્રયત્ન કરવો જોઇએ પણ વ્યક્તિને નહિ. આમ વિચારી મહારાજે મુક્તાનંદ સ્વામીને પાસે બોલાવ્યા સ્વામી આવી દંડવત કરી પગે લાગ્યા અને સભામાં બેઠા -

વિચાર અને વિવેક વારિધી સહજાનંદ સ્વામીએ એક ચતુર સંતને સુઝપૂર્વક સ્વભૂલનું દર્શન કરાવવા ધ્રાંગધ્રામાં ચાલતા માર્ગીપંથનાં 'રામમહોલ' ના અખાડામાં રહીને સંસ્કૃતનો અભ્યાસ કરવાની આજ્ઞા કરી. આજ્ઞા થતાં જ આજ્ઞામાં વર્તવા તત્પર સ્વામીએ વિના સંકોચે વાત સ્વીકારી લીધી. સ્વામી ધ્રાંગધ્રા આવ્યા આજ રામમહોલમાં સાધુ થયા પહેલા બ્રહ્મચર્ય સિધ્ધ કરાવે તેવા ગુરુની શોધ માટે પોતે આવેલા, એટલે ત્યાંની પરિસ્થિતીનો પૂર્ણ ખ્યાલ હતો છતાં પ્રભુની આજ્ઞા છે માટે કાંઇક રહસ્ય છુપાયેલ છે. એમ સમજી સ્વામી ત્યાં રહ્યા પણ ભાંગ-દારૂ-માંસ -વ્યભિચાર આદિક વ્યસનમાં ગળાડુબ રહેનાર આ વર્તન વિહોણા કામી સાધુની સાથે આ મહાન ઈન્દ્રીયજીવ વિષય વિરકત મહાપુરુષને કેમ ફાવે. પાંચ સાત દિવસમાં તો સ્વામી અતિશય અકળાઇ ગયા. મહારાજ અને સંતોની યાદ સતાવે છે, રાત જાય તો દિવસ ન જાય દિવસ જાય તો રાત ન જાય, આખિર સ્વભૂલનું જ્ઞાન થયું કે આવા અધમ ભેખ છે આનાં કરતાં પેલા હિન્દુસ્તાની સંત કેટલા સદ્ગુણી છે, વાતનો અંદાજ આવી ગયો મહારાજે મને પોતાથી અને સંતોથી જુદો કર્યો તેનું કારણ આજ હશે, પેલા સંતને કાઢી મુકવાનો જે મેં નિર્ણય લીધો હતો તે જ ઓહોહો એવા સંત આ બ્રહ્માંડમાં ક્યાંય નથી. આવો ભાવ જ્યારે પોતાના હૃદયમાં પ્રગટ થયો પછી એમ થયું લાવ હું મહારાજને પત્ર લખી મોકલું. એક હરિભક્તને તેડાવી કાગળ મંગાવી તે હાથમાં કલમ લઇ સ્વામીએ હદય નીતરતા ભાવે કલમ ઉઠાવી.

મારા વાલાજી શું વાલપ દિસે રે તેનો સંગ શીદ તજીએ
તે વિના કેને ભજીએ રે, તેનો....

જે કિર્તનોને મહારાજે વચનામૃતમાં સંભાર્યા છે અને સર્વેને નિત્ય ગાવાની સંભારી રાખવાની આજ્ઞા કરી છે બીજુ પદ નરસિંહ મહેતાનું છે હવે હરિભક્ત તે પત્ર લઇ મહારાજની પાસે આવે છે. અને પત્ર વાંચી મહારાજ જાણી ગયા છે કે સ્વામી હવે ખુબ અકળાણા છે માટે તેડાવી લઉં. પછી સ્વામીને તેડાવી લેવાનો પત્ર લખાવ્યો. પત્ર મળતા જ તુરંત ચાલી નિકળ્યા સહજાનંદ સ્વામી રે , ન પ્રગટત આ સમે રે, સ્વામી ગઢપુર આવતા રસ્તામાં પોતાને જે અહોભાવ પ્રગટ થયો છે અને જે પોતાને ભગવાન અને સંતોની જે પ્રાપ્તિ થઇ છે. તેનો એમને અંતરમાં જે કેફ અને ખુમારી ચડી તેની વાત કંઇ જુદી જ છે. વળી બીજુ એમ થયું જો મહારાજ પ્રગટ ન થયા હોત તો આજ સાધુતાની રીત ભુંસાઇ ગઇ હોત આ સર્વ સાધુની શી દશા હોત, સત્ય ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ આદિકનાં બારા બંધ થઇ ગયા હોત મહારાજ મને માફ કરો પણ પ્રભુ આપે જે કર્યું તે સારા માટે જ કર્યું હશે કારણ કે મને જો મતપંથનો પરિચય ન થયો હોત તો આ સત્સંગની કિંમત કેમ સમજાત આજ નજરો નજર નિહાળી અનુભવીને આવું છું. મતપંથના મોહાંધ પાખંડી અને પંચ મકારનું સેવન કરીને મોક્ષ મનાવનાર અસાધુનુ વર્તન જોતા એમ લાગે છે પ્રભુ આપ જો પ્રગટ ન થયા હોત તો શું થાત તે વાતને સમજાવા માટે સ્વામી એ ચાર પદો તત્કાળ રચી સર્વે સભા સાંભળતાં ઉંચા સ્વરે તાલ બધ્ધ ગાવા લાગ્યા...

**૫. સહજાનંદ સ્વામી રે , ન પ્રગટત આ સમે રે**

પ્રાણી કોઇ પામત નહિ ભવપાર રે...
મતીયાને પાખંડી રે શબ્દની ઝાળમાં, બાંધી બાંધી બોળત જીવ અપાર રે...

-૦-૦-૦-૦-

## ૬. આજ અનુપમ દિવસ સખી રે...

આપણી ભારતીય સંસ્કૃતિમાં ઋતુઓનું ખુબજ માહાત્મય ગવાયેલ છે. અને ઋતુ અનુસાર ઉત્સવ સમૈયાઓ થયેલ છે. સર્વે ઋતુઓનો રાજા જો કોઇ હોય તો તે છે વસંત, તમામ પ્રકૃતિ વસંત આવતા ખીલી ઉઠે છે. તેમાં જ્યારે ધરતી ઉપર પ્રકૃતિપતિ પુરુષોત્તમ નારાયણ વિરાજમાન હોય ત્યારે જે વસંતમાં પ્રકૃતિ ખીલે તેની તો વાત જ અનોખી હોય. ગઢપુરની ધરા ઉપર પુરુષોતમ નારાયણ વિહાર કરે છે. તેમાં સંવત ૧૮૬૨ ના મહાસુદી પંચમીનું આગમન થયું સુપ્રભાતનું મંગલમય વાતાવરણનું આહ્લાદક અમીઝરણું આજની પરોઢનાં પહોરમાં વિશ્વાસની પ્રતિકૃતિ એવા દાદાખાચરના દરબારમાં ભક્તિની ભીનાશથી ભીંજાયેલ અને સર્વેશ્વર શ્રીહરિની સેવામાં જ સુખ માનનાર સંતો શુધ્ધ સમજણ અને નિર્મળ અંતકરણના સુવાસિત સુમનની છાબ ભરી વસંત સંગ ભગવંતને વધાવવા ઉત્સુક બન્યા છે. કોઇ ભક્તો જાઇ-જુઈ કે ચમેલી ના હારથી કોઇ ભક્તો ડોલર મોગરાના ગજરાથી તો કોઇ સંત કેસુડાના કાષાય રંગથી તો વળી કોઇ કાવ્ય-કુસમથી શ્રી હરિના વધામણા કરવા થનગની રહ્યા છે. આ બાજુ રાત્રીના છેલ્લે બે પહોરથી ધ્યાનસ્થ મુક્તાનંદ સ્વામીનાં સમીપમાં આ સુંગધ પહોંચી, સ્વામી અચાનક જાગ્રત થયાં. આગલી રાત્રીના પ્રભુ આદેશના વચનો દેખાવા લાગ્યા. "સ્વામી આપણે વસંતોત્સવ ધામધુમથી ઉજવવો છે હો. જ્યાં નજરી કરી દરબારમાં ત્યાં તો સર્વે સંતો ભક્તો પોત પોતાની સેવામાં તત્પર થઇ લાગી ગયેલ દિઠા. સ્વામી વિચારવા લાગ્યા કે હું પણ કંઇક સેવામાં સહભાગી થાવ. પણ એમ થયું મોટામાની કોઇ મને સેવામાં જોડાવા દેશે નહિં. આમ વિચારના વમળમાં સ્વામી ઉંડા ઉતરી ગયા. વસંતની ખાયમાં સ્વામી ખોવાય ગયા, થોડીવારમાં સ્વામીના હૃદયમાં ભાવનાની ભરતી આવી અને શબ્દોના મોઝા ઉછળ્યા - વસંતથી નવપલ્લિત થયેલા ઝાડ-પાન તેમજ વાયદાની વિરહી કોકીલાદીપક્ષીઓના કલરવરુપી ઘુંઘવાટા કરે તેમ મુક્તમુનિનું મનમંદિર આજ મનોહરની પ્રકૃતિને હૃદયના નયને નિહાળી મોજમાં ગાઇ ઉઠ્યું.

આજ અનુપમ દિવસ સખીરી, વસંત પંચમી આવી રે..
સખ ઋતુરાજ વસંત હૈ, ચોર્યો શ્રી હરિ અંબ
વિહદી કોકિલ સ્વર કરે, ફુલે સંત કદંબ
પુરુષોતમ પ્રગટ જબે, તબ ઋતુરાજ વસંત
જાઇ ચમેલી, માલતી, કેસુ ફુલે સંત
આજ પંચમી સુભગદિત, આજ લાગ્યો ઋતુરાજ
મુક્તાનંદ કે નાથસે, ખેલન સાજો સમાજ

કિર્તન રાગ વસંત

આજ અનુપમ દિવસ સખીરી, વસંત પંચમી આઇ
પ્રેમ મગન હોઇ પ્રભુસંગ ખેલે, બહુવિધ રંગ બનાઇ ... ટેક... આજ
ચુવા ચંદન અબીર અહેગજા, કેસર ગાગર ઘોરી
સબહી સંગ લેહું વ્રજવનિતા, ભર ગુલાલ કી ઝોરી.... આજ
ભુષન વસન સુરંગી પહીરો, પ્રેમસે લ્યો પિચકારી
શ્વેત વસ્ત્ર સબ ધારી શ્યામરો, ખેલનકું ભયે ત્યારી.....આજ
રસિકરાય સંગ ફાગ ખેલી કે, તનમન અર્પલ કીજે
મુક્તાનંદ કે નાથકું ઉર ધારી, જનમ સુફળ કરી લીજે... આજ

૦-૦-૦-૦-૦-૦

## ૭. પ્રગટ કે ગુન હમ ગાયે

સોરઠની ઢીંગી ધરતીમાં સહજાનંદી સોનલવણો સોહામણો સુરજ સોળે કળાએ ખીલીને મુમુક્ષુઓનાં અંતર આકાશમાં અજવાળી બ્રહ્મજ્ઞાનના તેજથી મંતપંથીઓની આંખોને આંજી સનાતન વૈદિક સંસ્કૃતિને ધર્મ, જે જીર્ણ થયેલ તેને નવો ઓપ આપી સજાવતો, અનેક મૃત પરંપરાને નવો પ્રાણ પુરી જીવંત બનાવતાં પૂર્ણ પુરુષોતમ શ્રી હરિ મુક્તાનંદસ્વામી આદિક મહાન તેજસ્વી તારલાઓની સાથે ફરતા ફરતા સરધારથી ગોંડલ પધારે છે. ગોંડલ નરેશ હઠીભાઇ આદિક દરબારો તેમજ ડોસાભાઇ - જેઠાભાઇ - રાઘવભાઇ - રૂડાભાઇ આદિક ભાવિક ભક્તોએ ભવ્ય સામૈયું કર્યું. દબદબાપૂર્વક પુરમાં પધરાવ્યાં સાંજે ઇન્દ્રની સભાને ઝાંખી કરે તેવી રાજ દરબારમાં દિવ્ય સભા ભરાણી.

એજ વખતે શ્રીહરિનાં મુખમાંથી વેણ નિકળ્યા સ્વામી કિર્તન ભક્તિથી સભાનો પ્રારંભ કરી હઠીભાઇનાં સંશયને મીટાવો. મુકતાનંદ સ્વામી ભગવાનની મરજીને પામી ગયા તુરંત સાજ તૈયાર કર્યો સંગીતજ્ઞ સંતાએ સાવધાન બની તાલ આપ્યો. મુક્તાનંદ સ્વામીએ હઠીસિંહના હૈયાને હળવું કરવા અને સંશયનો છેદ કરવાની તૈયારી કરી હઠીસિંહનાં હૃદયમાં પ્રભુ પ્રત્યે મહાપુરુષપણાની તો દ્રઢતા હતી, પણ ભગવાન હશે કે કેમ આ શંકાને ધ્યાનમાં રાખી, વિચારના વમળોમાં વિંટળાયેલા હઠીસિંહને કિર્તન દ્વારા સમજાવી ને સાકાર સ્વરૂપ સહજાનંદસ્વામીના પ્રત્યક્ષપણાનો નિશ્ચય કરાવવા શબ્દો છેડ્યા...

પ્રગટ કે ગુન હમ ગાવે, પ્રગટ દરશકુ પાવે.
પ્રગટ વિના જે ભૂત ભવિષ્ય હે, સો સપને મૈ ન ભાવે
જોગી જંગમ તપસી સંન્યાસી પ્રોક્ષહિ મોક્ષ બતાવે
પ્રગટ પ્રીછ વિના પછી હારે, કુકસ કુટી ઉડાવે...... પ્રગટ
પ્રગટ ભક્તિ અરૂ પ્રગટ પ્રાપ્તિ, પ્રગટ વિના મન ના'વે,
પ્રગટ મોક્ષકા પંથ બતાવે, પ્રગટ ભાવ ઉર લાવે..... પ્રગટ
પ્રગટ નવલ પ્રભુ પ્રગટ પ્રેમરસ, પ્રગટ સો ભરભર પાવે,
પ્રગટ પ્રમાણ પ્રાણજીવન પર, દાસમુકુંદ બલ જાવે.... પ્રગટ

કિર્તન પુરૂ થતાં હઠીસિંહનું અંતર પણ કબુલ કરી ચુક્યું કે પ્રગટ વિનાં કોઇ ફળની પ્રાપ્તિ નથી માટે પ્રગટ ભગવાનપણાનો નિશ્ચય કરવોજ રહ્યો, અને પછી જેમ છે તેમ અંતરમાં ગાંઠ વાળી.

૦-૦-૦-૦

## ૮. વાલા રમઝમ કરતા કાન મારે ઘેર આવો રે....

અક્ષરધામના અધિપતિના અમોઘ ઐશ્વર્ય પ્રતાપ સામર્થી ના કારણે અનેકને સમાધી થતી. વળી સંતોના શુધ્ધ આચરણ અને વિચરણનાં કારણે ટોળે ટોળા શ્રીહરિનો આશ્રય કરી સર્વોપરી ઉપાસના દ્રઢ કરતા અને ખુલ્લેઆમ કહેતા કે, બોલતા ચાલતા ભગવાન આ ધરતી ઉપર વિચરે છે. એવી વાતો ઠેકઠેકાણે કચ્છ કાઠીયાવાડ, મહાગુજરાતના રાજમહેલથી માડી ઝુંપડે ઝુપડે પહોંચી ગઇ. આ અલૌકિક યશોગાનનુ અજીર્ણ વડોદરાના ગાયકવાડી દિવાનને થયું તેથી રાજાને આડુ અવળુ સમજાવી હુકમ જાહેર કરાવ્યો કે ગાયકવાડી રાજયના ગામડામાં સ્વામિનારાયણના સાધુને પેશવું નહિ. બળજબરીથી પેશસે તો તેને જેલના સળીયા ગણતા કરી દેવામાં આવશે. આ વાતની જાણ મહારાજને થઇ એટલે તુરંત મહારાજે સર્વ સંતોને બોલાવી આદેશ કર્યો સંતો તમારે કેસરીયા કરવાના છે. એક રાજસત્તાની સામે અમારી ધર્મસત્તાનો પણ હુકમ છે કે ગાયકવાડી રાજ્યનાં ગામડે ગામડે સંતો ફરી વળો. હે સંતો માન અપમાનને નહિ ગણીને એટલો સત્સંગનો પ્રસાર અને પ્રચાર કરો કે એ ચિનગારીનો દાવાનળ થવો જોઇએ. જોવ છું ક્યાં સુધી ધર્મસત્તા સામે તે રાજસત્તાની લડવાની તૈયારી છે. અને ગોપાળાનંદ સ્વામી તમો સરકારની રાજધાની વટપતન જઇને સત્સંગ પ્રવર્તન સ્વઐશ્વર્ય અને સામર્થી દ્વારા કરો

આખીર ધર્મસત્તા અને રાજસત્તાનું પરિણામ એ આવ્યું ગાયકવાડી વિદ્વાનોએ કહ્યું રાજન આમ આ ધર્મસત્તાને ઝુકાવી શકાય તેવી વાત નથી પણ એક રસ્તો છે. જાહેરમાં એ સાબિત કરી આપે કે સ્વામિનારાયણ ભગવાન છે. અને અમારો સંપ્રદાય વૈદિક છે એમાં આપણને સફળતા જરૂર મળશે. રાજ તરફથી આ નિર્ણય લેવાયો આમંત્રણ મોકલાયું તમારા કોઇ સંતને મોકલી શાસ્ત્રાર્થ કરો અને તેમાં તમારો વિજય થાય તો અમને વાંધો નથી.

સભામાં મહારાજે મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી. સ્વામી કહે પ્રભુ હું અભણ અને એ વડોદરાના વિદ્વાનો જે શોભારામ શાસ્ત્રી આદિક પ્રકાંડ પંડિત, અને વેદ વેત્તા વળી ઉપનિષદ આદિકમાં પારંગત એ મને જીતવા કેમ દેશે. આ સમયે તો કોઇ વિદ્વાન સંત નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આદિક જાય તો યોગ્ય ગણાય. ત્યારે મહારાજ કહે સ્વામી! હું જાણું છું કે સ્વયં બૃહસ્પતિ શાસ્ત્રાર્થ કરવા આવે તો પણ નિત્યાનંદ સ્વામી સહજમાં દિગ્વિજય કરી આવે, પણ જગતને મારે એ બતાવવું છે કે અમારા અભણ સાધુ પણ કાશી કે વડોદરાના વિદ્વાનોને જીતવાની શક્તિ ધરાવે છે. તો બીજાની તો વાત શી તે માટે તમારે જ જવાનું છે અને સ્વામી વિજય પણ તમારો જ છે.

સ્વામી આજ્ઞા શિરોધાર્ય કરી સાથે સંતો લઇને ચાલ્યા વડોદરા નિયત સ્થાને ઉતારો કર્યો. વિઠ્ઠલનાથજીને મંદિરે શાસ્ત્રાર્થનું સ્થળ નક્કી કરાયું, જે દિવસ નિરધારીત કરેલ હતો તે દિવસ પણ આવી ગયો. સરકારે સ્વામીને ઉતારાથી મંદિરે લાવવા સિગરામ મોકલ્યો. સ્વામી મહારાજને સંભારી સિગરામમાં તો બેઠા પણ અચાનક વિચાર થયો ઓહો વડોદરા તો છોટી કાશી ગણાય કેવા પ્રકાંડ પંડિતો છે તે મને ગહન ગહન પ્રશ્નો પૂછશે તેના ઉત્તર નહિ આપી શકુ તો મારા મહારાજની લાજ જશે. લોકો ભગવાન પ્રત્યે શું વિચારશે આમ વિચારતાં વિચારતાં આંખમાં આંસુ આવી ગયા. હે પ્રભુ ! મને મારી ચિંતા નથી મારી લાજમાં તમારી લાજ સમાયેલ છે તેની ચિંતા છે. હે પ્રભુ વ્હારે આવજો. આ દાસની વિનંતી સ્વીકારજો આંસુ વહેતા રડતા હૃદયે પ્રાર્થના કરે છે. મુખમાંથી શબ્દો સરી પડે છે ....

વાલા રમઝમ કરતા કાન મારે ઘેર આવો રે...
મારા પુરા કરવા કોડ હસીને બોલાવો રે.....

એક એક શબ્દ સમજવા જેવો છે એમ એક પદ પુરૂ થયું બીજુ પદ ઉપાડીયું.

હું તો ઘણી નગણી નાર, તોય તમારી રે...
તમે ગુણસાગર ગોપાળ, દેવ મોરારી...

બીજા પદમાં અતિ દિન આધિન અને પોતાને એકદમ તુચ્છ છતાં તમારી છું. એમ પ્રાર્થના વલોપાત વિહવળતા સાથે કડી પછી કડી એમ અડધું પદ પુરૂ થયું, પણ હવે વાત એમ બની રમઝમ રમઝમ એમ માણકીનાં ઝાંઝરનો અવાજ કાને અથડાયો સ્વામીની એકાગ્રતા તુટી ગઇ. સંતો ભક્તોનાં સમુદાયમાં નજર કરી ત્યાંતો મતવાલી માણકીનો માલિક માણકી ઉપર અસવાર છે. માણકીને નચાવતો મનનો માણીગર મંદ હાસ્ય હેરતો રંગ ભીનો રંગીલો નજરે નિહાળ્યો અને મંદમંદ મુખ મલકાવતા મહારાજ બોલી ઉઠ્યા અરે ! સ્વામી ! તમે એકલા નથી હું તમારી સાથે જ છું ઘનશ્યામના ઘેરા સાદથી સ્વામીનું હૈયું હરખથી ઉભરાય ગયું. સહજાનંદની સહાયતા અને સંગાથ છે. તો પછી ચિંતા ક્યાં કરવાની હોય. સ્વામીમાં નવી અદ્ભૂત શક્તિનો સંચાર થયો અને અધુરૂ પદ પુર્ણ કરવા શબ્દ નિકળ્યા પણ હવેના શબ્દ જુદી રીતના છે.

મુને કરી કૃતારથ કાન, શ્યામ સોહાગી રે..
મારી ભવતી ભાવટ આજ, સર્વે ભાંગી રે...

એ પછીના બીજા બે પદ બનાવ્યા પણ હવે તો ભાવ ઉપર નવિન ભાવ હૃદયમાં ઠલવાઇ રહ્યો છે. કહે છે હે પ્રભુ કાર્ય કરતાં તમો છો અને યશ મને આપો છો.

સર્વે સૈયરમાં શ્યામ કિધી સમોતી છે. (પાંચસો પરમહંસોમાં શ્રેષ્ઠ )

પ્રભુ હવે જરાપણ ચિંતા નથી આપ જેમ નચાવશો તેમ નાચીશ જેમ બોલાવશો તેમ બોલીશ હવે તમામ ભાર ઉતારી હું નિર્ભર થઇ ચુક્યો છું આ પદોમાં જે મર્મ રહ્યો છે તે કાંઇક અદ્ભૂત છે પછી તો સ્વામી સભામાં પહોચ્યા અને શ્રીહરીનો દિગ્વિજય કર્યો તે કથા સંપ્રદાયમાં પ્રસિધ્ધ છે.

o-o-o-o

## ૯. મોહનને ગમવાને ઇચ્છે માનની

જન્મસિધ્ધ વૈરાગ્યના કારણે જેનું મન સંસાર વ્યવહારમાં ચોટ્યુ નહી જેના કારણે ઘરબાર કુટુંબ પરિવાર અને પરણેલ નારીનો પણ ત્યાગ કરી સાચા બ્રહ્મનિષ્ઠ ગુરુની શોધમાં નિકળેલા મુકુંદને આખીર રામાનંદગુરુની પ્રાપ્તિ થઇ અને જેના લીધે પૂર્ણ પુરુષોતમનો પણ ભેટો થયો, તે મુકુંદ મટી અને બન્યા સ્વામી મુક્તાનંદ. એ વાતની તેના બહેન ધનબાઇને ખબર પડી ભાઇના પ્રત્યે અતિ હેત અને લાગણીથી બેન ધનબાઇ અમરાપરથી મુક્તાનંદ સ્વામીને મળવા ગઢપુર આવે છે અને પ્રભૂ આગળ હાથ જોડી વિનંતી કરી કે પ્રભુ મારે મારા ભાઇ મુક્તાનંદ સ્વામીને મળવું છે. પ્રાર્થનાથી પરવશ થઇ પાતળીયે સ્વામીને આજ્ઞા પણ કરી દીધી સ્વામી જાવ તમારા બહેનને મળતા આવો. પ્રભુ આજ્ઞા એજ સાચો ધર્મ છે. અને વચનમાં જેને અતુટ વિશ્વાસ છે તેમ છતાં ત્યાગાશ્રમની મર્યાદા અને સ્વધર્મ ન છોડી અને સ્વામીએ વચલો રસ્તો શોધી કાઢ્યો અને હાથમાં સારંગી લઇને કિર્તન ઉપાડ્યું.

મોહનને ગમવાને ઇચ્છે માનની, ત્યાગો સર્વે જુઠી મનની ટેક જો...
પતિ વ્રતાનો ધર્મ અચળ કરી પાળજો, હરિ ચરણે રહેજો અબળા થઇ છેક જો.

વ્હાલા ભક્તો આ કિર્તન સાથે બીજી પણ એક કથા સ્પર્શે છે તો એ પણ જરા જોઇએ.

એવું માનવામાં આવે છે કે જ્યારે મુક્તમુનિ વડોદરામાં ભવ્ય વિજય પ્રાપ્ત કરીને તમામ વિદ્વાનોની શંકાઓનું સમાધાન કર્યુ અને "શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્" ના નારા સર્વત્ર ફેલાવ્યા તેથી શ્રીહરિ ખુબ પ્રસન્ન થયાં અને સ્વામીનું ષોડશોપચારથી પૂજન કરી સન્માન કર્યું અને સભામાં સ્વામીની ખુબ પ્રસંશા કરી તેથી સભામાં બેઠેલ વિદ્વાન નિર્વિકલ્પાનંદને આ ન ગમ્યું અને અહમની આગ ભભુકી ઉઠી અને બોલી ઉઠ્યા આ સ્થાનમાં હકીકત જે વિદ્વાનો છે તેની કોઇ કિંમત જ નથી અને અભણોને વિદ્વાનોનું સ્થાન આપી નવાજવામાં આવે છે એતો વિદ્વાનોનું હળાહળ અપમાન છે. મુક્તાનંદે એક સામાન્ય વડોદરાની સભા જીતી એમાં શું ધાડ મારી દિધી, અમે ગયા હોત તો અમે પણ ચોતરફ દિગ્વિજયનો ડંકો વગાડીને પાછા વળત. અહિં કોઇ કલા કે વિદ્યાની કદર નથી આમ રોષે ભરેલા વેણ બોલી સભા સત્સંગનો ત્યાગ કરી જતા રહ્યા. આ પ્રસંગથી મુક્તિમુનિનું હૃદય ખુબ દુઃખાયું અરેરે મારા નિમિત્તે કોઇનું બગડતું હોય તો હું જઇશ અને સમજાવીશ તો સ્વામી પોતાને પહેરાવેલ હાર લઇ તે નિર્વિકલ્પાનંદના આસને જઇ પગે લાગીને બેઠાને હાર પહેરાવી વિનંતી કરવા લાગ્યા પણ એ નિર્વિકલ્પાનંદતો અહંમ્‌ને આશરે ઉંઘનાર એનો જીવ જાગ્યો નહિ તે ન જ જાગ્યો. આખીર સ્વામી થાક્યા અને આસને આવીને સુતા પણ ઉંઘ ન આવી અંતે સત્સંગની માં એવા મુક્તમુનીના દયાર્દ દિલમાંથી માન રહિત ભક્તિ કરવાના ઉપદેશાત્મક શબ્દો સરી પડ્યા.

મોહનને ગમવાને ઇચ્છે માનની
ત્યાગો સર્વે જુઠી મનની ટેક જો...

આ કિર્તન સાથે આ કથા પણ એટલી જ ટચ થાય છે. માટે એ પણ વિગત વાર વર્ણવી છે એમ ચાર પદ સ્વામીએ રહ્યા છે.

o-o-o-o

## ૧૦. હરિ હૈયાનાં હાર છો ....

મુક્તમુનિનાં સન્માનને સહન કરી ન શક્યો અને નિર્વકલ્પાનંદ ન ઘટે તેવું અમર્યાદિત વર્તન અને વેણ સાંભળી શ્રીહરિ અતિ ઉદાસ થયા, અને વિચારવા માંડ્યા અમે પણ જેને ગુરુ માનીએ છીએ તેવા મહાન સંતની સાથે પણ આટલો દ્વેષ, બરોબરીયાપણું, ઇર્ષા, અદેખાઇ જો રહેતા હોય અને નાના હોય તે મોટાની મર્યાદાનો ભંગ કરતા હોય, એકબીજાનું સન્માન સહન ન થતું હોય તેવા સમાજમાં રહેવું તે વ્યર્થ છે. આટઆટલો અમારો સમાગમ પછી પણ આ પરિસ્થિતી હોય તો આ સમાજમાં રહીને શું કરવું ? એમ વિચારી સભામાં વાત મુકી અમે હવે જરૂર વનમાં જતા રહેશું. આ બધુ અમારાથી સહન થતુ નથી, માટે ભલા થઇ કોઇ અમને રોકવા પ્રયત્ન કરશો નહિ. આમ ગંભીર વદને આંખોનાં આંસુને લુછતા લુછતા શ્રી હરિ એ કહ્યું. એ સાંભળતા જ જે વાતાવરણ શ્રી હરિના દિગ્વિજયનાં સમાચાર સાંભળતા મહેંકી ઉઠ્યું હતું. તે વાતાવરણ પ્રભુના ઉદાસીનતાનાં વેણ સાંભળતા કરમાય ગયું. સૌના હૈયા કકળી ઉઠ્યા. સૌની આંખો નીચી ઢળી ગઇ અને વાતાવરણ એકદમ ગમગીન થઇ ગયું. પ્રભુ ઉઠી અને અક્ષર ઓરડીમાં જતા રહ્યા. સૌના પેટમાં ફાળ પડી નક્કી હવે નાથ વિનાના દિવસો વિતાવવા પડશે ? હવે શું કરવું ? આ વખતે કોણ મનાવી શકે. સંતના દ્રોહે સંતપતિ કેટલા દુઃખી થાય છે તે ચિત્ર સાફસાફ જોઇ સૌ મૌન રહ્યા.

ધીરે રહીને વડીલ સંતો પાછળ પાછળ ગયા. મનાવવા ઘણી મહેનત કરી પણ હરિ એકના બે ન થયા તે ન જ થયા. નાના સંતોએ જઇ વિનંતી કરી પ્રભૂ અમો તો નાના છીએ તો અમો આપના આધાર વિના કેમ જીવીશું. પ્રભુ આપ કહેશો તેમ જ કરશું. આપના હાથે વેચ્યા વેચાઇ જશું. આપ તો અમારુ સર્વસ્વ છો. બીજી બાજુ સ્ત્રી ભક્તોના પ્રાણ તો તાળવે આવી ગયા, શોક અને વિરહની વેદનાથી પ્રાણ બળી રહ્યો છે. કોઇ પ્રભુને મનાવી લીયો તે જે કહેશે તે કરવા અમો તૈયાર છીએ. અને જો આ વાતને નહિ સ્વીકારે તો પ્રાણ છોડવાં પણ અમો તૈયાર છીએ. પણ જેને અનંત કોટી બ્રહ્માંડનો પ્રલય થાય તો પણ થડકો પણ ન થાય તેને પાંચ પચ્ચીસના પ્રાણ જવાથી શી અસર થાય. પ્રભુએ પકડ્યું મુક્યું નહિ અને કોઇની વાત સ્વીકારી નહી. ઘણી વખત ઉદાસીનતા તો જોઇ હતી પણ આ વખતની જે ઉદાસીનતા કાંઇ ઔર હતી. આ ઉદાસીનતા એક બે દિવસ નહી મહીના ઓ સુધી મટી નથી. પછી જીવુબાએ કંટાળીને કહેવરાવ્યું છે. પ્રભુને યોગ્ય લાગે તે નિર્ણય લેવા દો અને એમની મરજી પ્રમાણે આપણે રાજી રહેવું. વનમાં જવાની ઇચ્છા છે તો કોઇ રોકશો નહિ પણ શરત એ કે અહિંથી અમો રજા નહિ આપી શકીએ, કારણ કે અમો રજા દઇશું તો સારોય સત્સંગ અમારે ગળે પડશે પણ જવું હોય તો સર્વ સત્સંગ સમાજને ભેળો કરો અને બધાની રજા લઇને ખુશીથી જઇ શકે છે. હઠીલા હરિની હઠ આગળ સર્વેની હઠ ઝુંકી પડી.

આ વાત શ્રી હરિએ જાણી અને રાજી થયા અને બોલ્યા, જે અમો તમામની રજા લઇને પણ જરૂર જઇશુ, પછી આદરેજમાં મોટો અન્નકુટનો ઉત્સવ ગોઠવી સારાએ સંત અને સત્સંગ સમાજને તેડાવ્યા અને પોતે પણ ઉદાસીન ચહેરે પધાર્યા. કોઇ સાથે પ્રેમથી વાત ન કરે પુરૂ જમે નહિ. પુરૂ ઉંઘે નહિ. મુખમુદ્રા અતિ ગંભીર જણાય, શરીર સુકાયેલ જણાય, આ જોઇ ધીરજતાનો સાગર સૌની ઢાલ અને સત્સંગની મા એવા મુક્તાનંદ સ્વામીની પણ આજ ધીરજ ખુટી. એ ધીર ગંભીર મહાપુરષને પણ વિચારનાં વંટોળીયાએ વચમાં લઇ અને અસ્તવ્યસ્ત કરી નાંખ્યા. દિવાળીના દિવડાઓ અંધકારને ઢાંકવા કરતાં જ્ઞાનને આચ્છાદિત કરી રહ્યા હોય તેમ જણાય છે.

સંવત ૧૮૮૧ ની અડધી રાત્રીએ ભક્તરાજ રતુખાંટના આંગણામાં બેઠેલા મુક્તમુનિ વિચારી રહ્યા છે કે હવે લાડીલો લાલ હાથમાંથી જતા રહેશે કે શું ? પણ જગદિશ જીવના દોષ સામુ જોશે તો સર્વે કામ બગડી જશે. સારોયે સમાજ મને મા તરીકે સંબોધે છે. તો માની ફરજ છે બાળકને કદી બાપ વિહોણા ન થવા દેવા. આજ જો આ ઉધ્ધવ સંપ્રદાયનું ઓઢણું આમ ખસી જશે

તો આજ દિવસ સુધીનું સર્વે કાર્ય ધુળધાણી થઇ જશે. વિઘ્ન સંતોષીઓના વંટોળો હજી  સમ્યા નથી. પણ પછી તો માથુ ઉંચકવા નહિ દિએ. માટે મારે કંઇ કરવુ જ રહ્યું. એમ વિચારની સાથે સ્વામીનાં અંતર આત્મા પોકારી ઉઠ્યો. હે દયાળુ અપમાન તો મારૂ થયું હતું પ્રભુ, તમે શા માટે કારણ વગર આટલા અવળા થયા. આપ તો સર્વજ્ઞ છો, છતાં આમ કેમ અજાણતાના અંધકારમાં અટવાઇ રહ્યા છો. હે દયાળુ ! દયા કરો આંટી મેલો, હે પ્રભુ ! હે કૃપાળુ ! સ્વામીનું હૈયું વલોવાઇ ગયુ અને આખીર બંને આંખોમાંથી ગંગા જમના વહેતી થઇ ચોધાર આંસુ વહી રહ્યા છે. અને સરોદા પરથી આંગળી સરકી જાય છે. અને અંતરનાં ઉંડાણમાંથી અવાજ આવ્યો. હે મુક્તાનંદ! એજ વર્ણીને તમે તીર્થાટનની ટેકને તોડાવી, એજ વર્ણીની પ્યારી પીંગળી જટા ઉતરાવી અને એ જ વર્ણીને તમે તમારા હેતરૂપી અગ્નિથી પિગળાવી દીધા. અને સાધુતાના ગુણથી ગાળી દિધા હતા. હવે આપ જ પ્રભુને રીઝવી શકો તેમ છો. બાકી સર્વએ હાથ ધોઇ નાખ્યા છે. માટે આપ જ આર્તનાદની આરાધનાની અગ્નીથી નારાયણને નરમ કરો. એ જ વખતે સ્વામીનાં હૈયાની ઉંડી ગુફામાંથી હેતની સરવાણી ફુટી. હે હરિ તમે તો મારા હૈયાનું હિર છો હૈયાનો હાર છો. અમારી પ્રેમ સજ્યાના શણગાર છો, આપ આ અભાગણને અધવચ્ચે છોડી ને ક્યા જશો, અમોને સાથે લઇને ચાલો, સાથે લઇને ચાલો, તે હેતનાં અંતર ભાવને સ્વામીએ કિર્તનના કોષ્ટકમાં કંડારી લીધુ અને રાત્રીના છેલ્લા પહોરમાં મુક્તમુનિ સરોદો લઇ વિયોગાત્મક દર્દીલા સ્વરે એવી રીતા ગાવા લાગ્યા...

હરિ હૈયાના હાર છો જીરે તમે હરિ હૈયાના હાર છો.<br>
સેજ તણા શણગાર છો જી રે.. તમે હરિ હૈયાના હાર છો.<br>
મુખથી શું ઘણું કહીએ મોહન રે...<br>
પ્રાણ તણા આધાર છો જી રે.. તમે હરિ હૈયાના હાર છો.

કે આદરેજના અન્નકુટ ઉત્વવમાં આવેલ અનંત ભક્તોની આંખને આજ ભીંજવી દિધી અરે ખુદ અનાદિના અવતારીને પણ અકળામણ કરાવી દિધી અને અન્તે પ્રેમભીનો પાતળીયો બોલી ઉઠ્યા. બસ કરો સ્વામી બસ કરો હું આપને છોડીને ક્યાં જઇશ, તમે તો અમારુ હૃદય છો. તમે તો મને નિર્ભર બનાવી દિધો હું મારા ભારને છોડી હળવો ફુલ બની ગયો. હે ! સ્વામી આપના સમર્પણ ભાવને હું હવે આધીન થઇ ગયો છું આપ તો મારું હૃદય છો આમ ભાવનાથી ભરપૂર હૃદય ચાર પદમાં સમાયુ છે.

૦-૦-૦-૦

## ૧૧.  સજની કોડે આનંદ મારે ઘેર....

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પૃથ્વી ઉપર આવીને ઉત્સવ સમૈયા કર્યા તેમાં જેતલપુરનો સમૈયો યજ્ઞ અવર્ણીય છે. ઉત્સવના આગલા દિવસોમાં સેવાઓની સોંપણી કરાઇ સ્ત્રી ભક્તોના ભાગે ઘઉં દળવાની સેવા આપી છે. હરિભક્તો ગાડા ભરી ભરી ઘઉં દળાવવા ઘરે ઘરે વિતરણ કરી રહ્યા છે. એ વખતે અનેક પુરુષોને પાપના પોટલા બંધાવનાર લક્ષ્મીબાઇ ગણીકા પોતાના મહેલની ઝરુખાએથી નજર કરી દાસીને પુછાવ્યું આ શું ચાલી રહ્યું છે. દાસીએ જવાબ આપ્યો બાઇજી ભગવાન શ્રી હરિ મોટો યજ્ઞ કરાવવાના છે તેના સેવાઓ થઇ રહી છે. અત્યારે ગાડામાં ઘઉં લઇને ઘેર- ઘેર દળવા માટે પુરુષો આપવા જઇ રહ્યા છે. ખારા સમુદ્રમાં મિઠી વિરડીરૂપ તમામ પાપના જ ઉઠેલા સંકલ્પોમાં એક પૂણ્યનો સંકલ્પ ઉઠ્યો. આપણને આ સેવાનો અવસર મળે તો આપણે પણ એ સેવા કરીએ. પોતે દરવાજે ઉભી રહી અને ઘઉંની માંગણી કરી હરિભક્તે મોઢું મરોડતા ત્યાંથી ગાડુ આગળ ચલાવી દીધું પણ ઘઉં આપ્યા નહિ. ત્યારે તેના હૃદયમાં પુણ્યના સંકલ્પે બીજો સંકલ્પ થયો હું સ્વયં પ્રભુ પાસે જઇ માંગણી કરું કારણ પ્રભુ તો પતિતપાવન છે. અધમ ઉધારણ છે. આ પાપીને જરૂર અવસર આપશે, જો તે ભગવાન હશે તો જરૂર મને અપનાવી લેશે.

પ્રભુ પાસે આવીને દુરથી ખોળો પાથર્યો પ્રાર્થના કરી આજ ગંગા વહેતી વહેતી આવી છે. તો મારા જેવી પાપીણીને શું આ ગંગા પાવન નહિ કરે પ્રભુને પુછ્યું હું સેવા કરવા ઇચ્છું છું. પ્રભુએ હા કહી, પણ એક શરત કે તું તારી જાતે જો દળણું દળે તો જ નહિ તો નહિ. શરતને મંજુર રાખી ઘઉં લઇ ગઇ. જાતે ઘઉં દળે છે હાથમાંથી લોહિ નિકળે છે. પણ પુરા પ્યારથી સેવાની ભાવનાથી દળીને લોટ તૈયાર કર્યો પ્રભુ પાસે લાવીને મૂક્યો પ્રભુ રાજી થયા બ્રહ્મચારીને કહ્યું આ લોટમાંથી થાળ બનાવો, ને તે લોટનો થાળ જમ્યા, અને અંતરમાં લક્ષ્મીબાઇને પ્રકાશ થયો. આખીર પાપ ન કરવાનું નિયમ લીધું અને પ્રભુને પોતાના મહેલમાં પધારવા આમંત્રણ આપ્યું. પ્રભુ પતિતને પાવન કરવા તૈયાર થયા લક્ષ્મીબાઇને અંતરમાં આનંદ નથી સમાતો આજ તો દિવસ કંઇક જુદો જ ઉગ્યો. જે મહેલમાં હમેંશા વાસના ભુખ્યા વરૂઓની મહેફીલો થતી જે આજે હવે વાસના ટાળનાર વિશ્વાત્માની પધરામણી થઇ રહી છે.

જે મુખે હમેંશા વિષયોનું જ ગાન થતું તે મુખે પ્રભુ પધાર્યાના પદો ગવાવા લાગ્યા. આજ એ અવતારી કાર્ય કરવા અનંત પાપના ધોધને છિન્નભિન્ન કરી જીવને શીવ કરવા પૂર્ણ પુરૂષોત્તમ આંગણે આવીને ઉભા રહ્યા. તે વખતે લક્ષ્મીબાઇનો થનગનાટ, ભાવ, હૃદયની ઉર્મીઓ જોતાં જાણે રાંકને રાજ્ય મળે, ભૂખ્યાને ભોજન મળે, વત્સને મા મળે જે આનંદ થાય એથી પણ અનેક ગણો આનંદ આજ આ લક્ષ્મીબાઇને થયો છે, એમને પ્રભુને આવકારવા કોઇ શબ્દ જડતા નથી ત્યારે તેના ભાવને મુક્તમુનિ પામી ગયા. અને તે ભાવ તેમના કંઠમાંથી સરી પડ્યો એ પતિતના પ્રેમને શૃગારાત્મક શબ્દોથી સાકાર કર્યો છે સ્વામીએ..

સજની કોડે આનંદ મારા ઘેર શ્રીજી પધાર્યા<br>
આવી મારા તનડાના તાપ સમાવ્યા રે.. સજની કોડે

૦-૦-૦-૦

## ૧૨. ભજો ભાવશુ અખંડ જપ માળા રે..

એક વખતની વાત છે મહારાજ સર્વે સંતો પાર્ષદોને બોલાવીને ભજનનાં નિયમો વિશે પુછતા હતા. દંડવત, કિર્તન, ધ્યાન, વાંચન, પ્રદક્ષિણા, એમ એક પછી એક નિયમોની વાત ચાલી રહી છે. તેમાં જેને વધારે દંડવત્ આદિકનું નિયમ હતું તેમના ઉપર વધુ પ્રસન્ન થયેલા, હવે વાત આવી માળાની ત્યારે મહારાજે પૂછ્યું જે હવે કહો લ્યો સંતો માળા કેટલી કેટલી ફેરવો છો? ત્યારે કોઇકે બસો કહી કોઇકે ચારસો કોઇકે પાંચસો અને એક સ્વામી તો કહે મહારાજ હું તો સાતસો માળા ફેરવી નાખું છું. મહારાજે ખુબ વખાણ કર્યા અને પછી છેલ્લે મુક્તાનંદ સ્વામીને મહારાજે પૂછ્યું સ્વામી તમે તો રહી ગયા, ત્યારે બોલો સ્વામી તમે કેટલી માળા ફેરવો છો ? ત્યારે મુક્તાનંદ સ્વામી કહે મહારાજ હું તો માંડ પચાસ માળા ફેરવી શકું છું. ઘણી મહેનત કરૂ છું પણ પચાસ માળા તો માંડ ફરે છે. ત્યારે બીજા જે હતા તેને એમ થયું જે કહેવાય તો છે મોટા અને અમે તો સેવા કરતા કરતા આટલી માળા ફેરવી લઈએ છીએ, અને સ્વામીને તો બહુધા સેવા પણ હોતી નથી માળા વીના બીજુ કરવાનું પણ ન હોય છતાં પચાસ જ માળા ફેરવે છે. તે વાત અંતર્યામી પણે મહારાજ જાણી ગયા અને સ્વામીને કહે સ્વામી તમે કેમ માળા ફેરવો છો તે તમારે પચાસ જ માળા ફેરે છે. ત્યારે સ્વામી કહે મહારાજ હું તો એક એક મણકે તમારુ નામ બોલી અને તમારી મૂર્તિમાં વૃતિ રાખી અંગ ધારતા ધારતા માળા ફેરવું અને એમ માળા ફેરવતા વચ્ચે નામ ભુલાય કે વૃતિ તુટી જાય તો તે માળા ન ગણું ફરીથી માળા શરુ કરું અને અખંડ નામ સ્મરણ અને મૂર્તિમાં વૃતિ રહે તે જ માળા સાચી અને તે માળાને જ હું ગણું છું. એમ હું માળા ફેરવું છું. તે વાત સાંભળી મહારાજ કહે એવી એક માળાની આગળ પાંચસોય કાંઇ નહીં ને સાતસોય પણ કાંઇ નહી તેથી સૌ સંતો જાણી ગયા કે મહારાજનાં અંગ ધારીને જ માળા ફેરવવી. તે ઉપર સ્વામીએ એક સુંદર કિર્તનની રચના કરી તે સભામાં ગાવા લાગ્યા.

ભજો ભાવશું અખંડ જપ માળા રે, માળા ટાળે છે મન કેરા ચાળા રે.
હરીનું એક એક અંગ ઉર ધારે રે,

o-o-o-o

## ૧૩. પીયા પાય તો ફીર ક્યા સોના...

સંવત ૧૯૮૫ ના આસો સુદિ-૧૨ ના દિવસે ગઢડામાં શ્રી ગોપીનાથજી દેવની પ્રતિષ્ઠા કર્યા બાદ ઘણુ કરીને મહારાજ ગઢપુરમાં જ રહેતા જેથી સંતો અને હરિભક્તોની ભીડ દરબારમાં ઘણી રહેતી. એ વખતે મહારાજની તબીયત નરમ હોવાથી શ્રીહરિ ત્યાં પોઢતા. ભક્તો મહારાજની સેવા કરતા. છતાં પણ શ્રી હરિ સંતોને પંક્તિમાં પીરસવા પધારતા. પીરસતા થાકી જતા ત્યારે વચ્ચે બેસી જતા. એકવાર અક્ષરઓરડીએ બ્રહ્મચારી મહારાજને પગ દબાવતા ખીજાયને બોલ્યા રોજ રોજ શું પીરસવાનું હોય એ તો એકબીજા પીરસી લેશે. તમારા શરીરે કસર છે તો વિશેષ આરામ કરવો એમ કડક શબ્દોમાં કહ્યું. મહારાજ એમનો રોષ જોઇ મનોમન હસ્યા બ્રહ્મચારી સમજી તો ગયા છતાં બોલ્યા બધી જ વાનગીને અહિંયા મગાવીએ, તમે હાથ અડાડી દો અને સર્વે નિગુર્ણ થાય ત્યારે મહારાજ કહે એ તો ઠીક પણ અમારા દર્શન તો ન થાય ને ?

હવે બ્રહ્મચારી ભાવમાં આવી ગયા અને બોલ્યા દર્શન તો રોજ સહુ કરે છે. વિશેષ દર્શન કરવા હોય તો રાત્રે આપ પોઢ્યા હોય ત્યારે સામા બેસીને દર્શનનો લાહવો બરાબર લઇ લે સાંભળતા મહારાજને બ્રહ્મચારીની વાતથી ગમ્મત થઇ એટલે કહ્યું બ્રહ્મચારી તમારી વાત તો સાચી જો ખપ હોય તો નિંદર આવે જ શેની ?

હવે આ બાજુ મુક્તાનંદ સ્વામી અક્ષર ઓરડીએ મહારાજના દર્શનાર્થે આવેલ પણ આ સંવાદ સાંભળવા દરવાજે કાન ટેકવીને વાત સાંભળેલી, ને અંતરમાં ખપની ખોટ જણાણી એટલે આ સંદેશાને સાકાર કરવા સ્વામીએ સારંગી હાથમાં લઇ મૃદુ સ્વરે ગાવા માંડ્યું..

હો પીયા પાયા તો ફીર ક્યા સોના.....

o-o-o-o

## ૧૪. ઠરવાનું ઠામ તમે મારૂ, બીજું સર્વે માયાનું લારુ રે....

એક વખત મહારાજ અક્ષર ઓરડીએ બીરાજમાન હતા અને મુક્તાનંદ સ્વામી મહારાજના દર્શન કરવા ગયા અને મહારાજને પૂછ્યું શાંતિ કેમ થતી હશે. હે મહારાજ શાંતિ થાય એવી કાંઇક કહો. ત્યારે મહારાજે પોતના જન્મથી માંડીને ચરિત્ર કહેવા લાગ્યા. અમો છપૈયાથી અયોધ્યા આવ્યા. અયોધ્યાથી વહેલી સવારે વનમાં જવા પ્રયાણ કર્યુ. એમ વનવિચરણ સુધીનાં ચરિત્રો કહ્યા. પછી સ્વામી તો ઉભા થઇ ગયા અને ફરીવાર બીજા દિવસે ગયા અને પુછ્યું મહારાજ શાંતિ કેમ થાય, કાંઇક શાંતિ થાય તેવી વાત કરો, ત્યારે મહારાજે વનવિચરણથી માંડીને રામાનંદ સ્વામી મળ્યા ત્યાં સુધીના ચરિત્રો કહ્યા. પણ સ્વામીએ ધારી રાખેલ જે ધ્યાનની વાત કરશે પણ તે વાત કહી નહીં પછી ત્રીજા દિવસે ફરી ગયા, અને એનો એજ પ્રશ્ન પૂછ્યો એટલે મહારાજે આજ્ઞા કરી કે ગુજરાતના ગામડા ફરવા જાવ. પછી મહારાજે ગાડુ કરાવી દીધુ એટલે સ્વામીતો ના છુટકે નિકળ્યા સર્વે સદ્‌ગુરુઓ વળાવવા ગયા. રાધાવાવે સભા કરી સ્વામીને નિત્યાનંદ સ્વામીએ ધાબળી પાથરી દીધી તે ઉપર બેસાડ્યા. પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે હે સ્વામી મહારાજને તમારી સાથે અતિશય હેત છતાં તમને કેમ વિયોગ કરાવ્યો ? ત્યારે સ્વામીએ સર્વે હકિકત સંભળાવી. ત્યારે નિત્યાનંદ સ્વામી કહે કે સ્વામી! તમે જ અમને સમજાવેલ કે શાંતિ તો પ્રભુના ચરિત્રમાં છે.

તે જ વાત તમે ભુલી ગયા ત્યારે સ્વામીને ખ્યાલ આવ્યો જે હું મહારાજની વાતને સમજી શક્યો નહિ. એકની એક વાત પુછતો ગયો તેથી મને પોતાથી અલગ કર્યો, પછી તો ખુબ સ્વામી પસ્તાયા. તે વાત નિત્યાનંદ સ્વામીએ આવીને મહારાજને કહી તેથી મહારાજ કહે જો સ્વામી પસ્તાયા હોય અને અમારાથી અલગ રહી ન શકે તો પાછા બોલાવો. અમે પણ એવા સંતથી તો અલગ રહી શકીએ નહીં. ત્યારે બે સ્વારોને મોકલીને સ્વામીને પાછા બોલાવ્યા પછી સ્વામી અક્ષર ઓરડીમાં આવી દર્શન કર્યા અંતરમાં ખુબ શાંતિ થઇ અને અંતરના આશયને કિર્તનની કડી દ્વારા વ્યક્ત કર્યો.

ઠરવાનું ઠામ તમે મારુ, બીજુ સર્વે માયાનું એ લારુ રે..

૦-૦-૦-૦

## ૧૫. હરિ બીન કોઇ ન તેરા રે..

ભગવાનશ્રી હરિ સત્સંગની ધર્મધુરા ધારણ કર્યા પછી પોતાના ઐશ્વર્યના દોર છુટા મેલ્યા અનેક ને સમાધી દ્વારા ઐશ્વર્ય પ્રતાપ જણાવીને માયાનાં પાશમાંથી છોડાવ્યા. ગામડે ગામડે અને શહેરોમાં સ્વંય ફરી અને સંતો - ભક્તો દ્વારા અનંત આત્માનો ઉધ્ધાર કર્યો, અને સત્સંગનો અતિ પ્રસાર પ્રચાર થયો છે. ઠેર ઠેર સ્વામિનારાયણનું નામ ગુંજતુ થયું છે. વળતું વાલમે વિચાર્યુ કે કે અક્ષર ધામથી આવવાના છ હેતુ તો સિધ્ધ થયા પણ હજુ ત્રણ ગુઢ સંકલ્પો પૂર્ણ નથી થયા ત્યાં સુધી સંપૂર્ણ સત્સંગ કહેવાય નહીં. આજ તો અમો પ્રગટ વિચરી રહ્યા છીએ, પણ આ લોકમાં ઝાઝુ ક્યા રહેવું છે તો મોક્ષની સરવાણી સતત વહેતી રહે તે માટે અને ઉપાસના રખાવવા હવે મંદિરનો આદર કરું. પ્રથમ સંકલ્પ સિધ્ધ કરવા આનંદાનંદ સ્વામીને અમદાવાદ મોકલી સંપ્રદાયના પ્રથમ મંદિરનો પાયો નંખાવ્યો. જોત જોતામાં મંદિરનું કાર્ય પણ પૂર્ણ થયું નયનરમ્ય મંદિરમાં ભરતખંડના રાજા નરનારાયણ દેવની સ્થાપના કરી સ્વયં પ્રભુએ પધારી પ્રતિષ્ઠા કરી પછી વિશાળ સભા ભરાણી સૌ સંતો પોતપોતાનાં સાજ-સમાજ સાથે સભામાં એકત્રીત થયા અને મહારાજે મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી સ્વામી કિર્તનથી સભાનો પ્રારંભ કરો એજ વખતે સ્વામીશ્રીના મુખમાંથી શબ્દો સરી પડ્યા...

હરિ બિન કોઇ ન તેરા સમજ નર હરિ બિન કોઇ ન તેરા
ચાર દિનકી બીતે આગે બોત અંધેરા...

૦-૦-૦-૦

## ૧૬. વિવાહ સંબંધી ૧૧ પદ ૪ ફટાણા

કોઇકવાર લગ્નની સીઝન ચાલતી હતી. તે સમયે પ્રભુ કંઇક નવું ચરિત્ર કરી તેનાં માધ્યમથી સદ્‌બોધ આપવા ગઢપુરનો ત્યાગ કરી એક સેવકને લઇ મધ્યરાત્રીએ ચાલી નિકળ્યા. કોઇને જાણ કરી નથી અને રાત્રે સુખપુર ગામ આવ્યા. હવે જેને દર્શન દેવા પધાર્યા હતા તેને ઘરે તો વિવાહ ચાલતો હતો. લોકો જાણે કેફી વસ્તુના પાનથી ગાંડા બની ગયા હોય તેમ વિવેક વિચાર વિનાના થઈને વિવાહના કેફમાં પરસ્પર હાંસી મશ્કરી બીભત્સ શબ્દોથી એક બીજાને રાચતા જોઇ પ્રભુ અંતરથી ઉદાસ થઇ ગયા અને તુરંત પાછા ફરી ગયા. અને નિમ લીધું આ ગામનું પાણી આજથી હરામ છે. પછી ભક્તોને પણ ખ્યાલ આવ્યો દોડીને પ્રભુના પગમાં પડ્યા, માફી માગી રોકાવા ખુબ તાણ કરી પણ પ્રભુ એકના બે ન થયા ફરી આવીશું એવું આશ્વાસન આપી તુરંત ગઢપુર આવ્યા અને શુકાનંદ સ્વામીને જગાડ્યા કહ્યું પત્ર લખો સ્વામી કહે પણ પ્રભુ રાત્રે, તો કહે હા અત્યારે જ લખો.

અમારા સર્વે સત્સંગી તેમણે ભાંડ ભવાઇ ન જોવી તેમજ સાંખ્યયોગી બાઇ ભાઇઓએ વિવાહમાં ન જવું અને કર્મયોગી જાય તો હરિ ગુણ ગાય આ પ્રમાણે જે નહિ વર્તે તે અમારા નથી સર્વે આ આજ્ઞા તે માનજો. આમ વર્તશો તો અમો તમારી ઉપર સર્વે પ્રકારે રાજી થઈશુ.

પછી મુક્તમુનિને આજ્ઞા કરી કે સ્વામી આપણા હરિભક્તો વિવાહ પ્રસંગે ફટાણા વિગેરે બીભત્સ ગીતો ગાય તેને માટે સારા પ્રભુના ગુણ ચરિત્રવાળા રસપ્રદ શ્રેયસ્કર ગીતો બનાવો, અને તેનો પ્રચાર કરો. પછી મુક્તમુનિએ આજ્ઞા શિરોધાર્ય કરી. ૧૧ પદ રુકમણી વિવાહના બનાવ્યા...

કુંદનપુર વિવાહ રચ્યો ભૂપતિ ભીમકરાય
કન્યા તે દેવા કૃષ્ણને આનંદ ઉર ન સમાય..

૪ પદ ફટાણા...

અવિદ્યા છે નકટી નાટ્ય, પ્રભુથી પાછી ભાગે જો.
એનું કહ્યુ કરે તેને સાથ, જમનું બારૂ લાગે જો..

૦-૦-૦-૦

## ૧૭. છાંડી કે શ્રીકૃષ્ણ દેવ...

શિયાળાની કાતિલ ઠંડીમાં સવારના પહેલા પહોરમાં પ્રાણ પ્યારા પુરુષોત્તમને રિઝાવવા સર્વે સંતો સ્નાનાદિક દૈહિક ક્રિયા કરીને કોઇક તો પુજામાં પ્રભુ પરાયણ છે, તો કોઇ પુજા સમાપ્ત કરી વડિલ સંતોની પુજાના દર્શન કરવા સંતોના આસને આસને જઇને દર્શન કરે છે. તેમાં

પરમચૈતન્યાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામીના આસને પુજાના દર્શનના લોભે આવ્યા.

મુક્તમુનિ પુજામાં ઠાકોરજીનું વિસર્જન કરી રહ્યા છે. બાજુમાં ધીમી ધીમી સગડી બળી રહે છે. સ્વામીની અવસ્થા એકદમ વૃધ્ધ છે. ધીમા સ્વરે પ્રભુનું પ્રભાતીયુ મુખમાં ઘુંટાઇ રહ્યું છે જાણે કે કહેતા હોય પ્રભુ હવે મારો શો વાંક છે ? મને તેડી જાવ. પરમ ચૈતન્યાનંદ સ્વામી દંડવત્ કરી મસ્તક ઝુકાવી પગે લાગ્યા ત્યાં સ્વામીની નજર ગઇ કહે રાખો રાખો સ્વામી રાખો. મુક્તમુનિના હાથમાં એક વસ્ત્રનો ટુકડો છે. તેને સ્વામી હૃદય અને આંખોએ લગાવી પરમ ચૈતન્યાનંદ સ્વામી સ્પર્શ કરવા આપ્યો સ્વામીએ પણ આંખે અને હૃદયે લગાવ્યો પછી સહજતામાં પુછી નાખ્યું સ્વામી આ શેનો ટુકડો છે પ્રસાદીનો લાગે છે !

મુક્તમુનિએ પણ સહજતામાં જવાબ આપ્યો હા સ્વામી એતો રામાનંદ સ્વામીના આડબંધનો (કેડે બાંધવાનાવસ્ત્રનો) ટુકડો છે. સ્વામીના જવાબનો પરચૈતન્યાનંદ સ્વામીને જબ્બર ઘા લાગ્યો, ઓહો !હજુ રામાનંદ સ્વામીના આડબંધના ટુકડાને સાચવે છે, સ્વામી તો ગમ ખાઇ ગયા ગજબ છે, પણ વડિલ સંતને શું કહેવું પણ તમામ હિંમત એકઠી કરી સ્વામીને હાથ જોડીને કહેવા લાગ્યાં સ્વામી મહારાજ મળ્યા પછી પણ હજુ તમે રામાનંદ સ્વામીને ન ભુલ્યા. અને સ્વામી ! તમને હજુ મહારાજમાં શું અધુરું લાગે છે કે રામાનંદ સ્વામીના વસ્ત્રનાં ટુકડાને સાચવવો પડે ! આટઆટલા પરચા ઐશ્વર્ય, સામર્થી, શક્તિ જાણ્યા જોયા અને અનુભવ્યા પછી પણ હજુ હા નથી પડી કે શું ? જો કે મોટાના અભિપ્રાયને જાણી ન શકાય છતાં સ્વામી મને સંશય થયો છે તો હું નિષ્કપટ ભાવે કહુ ! એ મારો સંશય દુર કરો. આમ સ્વામી એક જ શ્વાસે બોલી ગયા અને આ શબ્દોએ તો સ્વામીને પણ જાગૃત કરી દિધા, એ જ વખતે મુક્તમુનિએ સ્વામીના હાથમાંથી વસ્ત્રના ટુકડાને લઇ સળગતી સગડીના અગ્નિમાં નાખી દિધો. ચૈતન્યાનંદ સ્વામી હં હં હં સ્વામી! એમ બોલે છે ત્યાં તો ટુકડો ભડ ભડ ભડ કરતો સળગી ગયો. આથી ચૈતન્યાનંદ સ્વામી પસ્તાયા અરર.. મેં ભુલ કરી મારે એમ ન પુછવું જોઇએ. સ્વામીની આગળ હાથ જોડી માફી માગે છે કે સ્વામી મારી ભુલ થઇ ગઇ માફ કરો સ્વામી મારે સંશય નહોતો કરવો જોઇતો.

પછી મુક્તમુનિ બોલ્યા સ્વામી વાંધો નહિ, જે થયુ તે યોગ્ય જ થયું તમે એટલા સારા મને ખુલ્લુ કહી તો દીધું. આ વાત જાણ્યા પછી આ તમારો એકનો સંશય ન હોત સારાયે સંત અને ભક્ત સમુદાયનો સંશય હોત કે સ્વામી આવા મોટા અને આજ સુધી કેમ કળાવા દિધું નહિ. એમને મહારાજનાં ભગવાનપણામાં શું ખોટ જણાતી હશે તે રામાનંદ સ્વામીના વસ્ત્રના ટુકડાને સાચવતા અને વાતુ પ્રગટ ઉપાસનાની કરતાં. વાત કરતાં કરતાં સ્વામીનું મુખ કરૂણાથી કંડારાય ગયું અને ચૈતન્યાનંદસ્વામીને કહે છે સ્વામીએ વસ્ત્રનો ભેદ ખોલું છું. સાંભળો એ વસ્ત્રને એટલા માટે સાચવેલ કે તેને સવારમાં નિત્ય પુજા કરી દર્શન કરતો ત્યારે મને મારો ત્યાગાશ્રમનો પ્રથમ કાળ યાદ આવતો હું જ્યારે ઘરબાર છોડી નિકળ્યો ત્યારે મારો આશય શો હતો તો પ્રગટ પ્રભુની ભક્તિ અને બ્રહ્મચર્ય સિધ્ધ કરવું તે વાતને હમેંશા તાજી રાખવા આ વસ્ત્ર મેં સાચવ્યું હતું. મને હમેંશા એ વસ્ત્ર મારો લક્ષ ચુકાય ન જાય તેનું અનુસંધાન અપાવતો. અને એટલે જ મને મહાપ્રભુએ વચનામૃતમાં યાદ કર્યો હશે. આ મુક્તાનંદ સ્વામીનો ચડતો ને ચડતો રંગ છે. મારા રંગ ને ચડતો રખાવવા માટે આ વસ્ત્રનો ટુકડો દિવાદાંડી સમાન હતો. હમેંશા હું સાવધાન રહેતો કદાપી હું અસાવધાન થાવ તો તુરંત વસ્ત્રના દર્શનથી તત્કાળ મને નવી ઓઝસ શક્તિ મળતી જે કાર્ય માટે આવ્યો છું તે કરીને જ ઝંપીશ માટે સ્વામી આ ટુકડાને સાચવ્યો હતો. અને બાળી નાખ્યો તેનું પણ કહુ તો જેમ નાવમાં બેસી નદીના સામે કાંઠે પહોંચ્યા પછી નાવની શી જરૂર છે. તેમ લક્ષ સિધ્ધ થઇ ગયા પછી સાધનની જરૂર છે ? હવે મને પૂર્ણ વિશ્વાસ છે બસ હવે હું કાંઠે પહોંચી ગયો છું. પણ સ્વામી તમે એમ પુછતા હો કે સહજાનંદ સ્વામીમાં તમને શું અધુરુ લાગે છે તો સાંભળો સ્વામી પ્રગટ પ્રભુમાં મને સર્વસ્વ દેખાય છે. મારુ સર્વસ્વ મેં એમને જ સમર્પણ કર્યું છે. પ્રગટ વિના જો ક્યાંય પ્રતિતિ હોય તો સ્વામી મારા જેવો કોઇ અધમ અને નીચ નથી. એમની સેવાને જ મુક્તિ માની છે. ક્યારેય એના નિશ્ચયમાં મને સંશય થયો નથી. જ્યારથી એ મને ઓળખાણા ત્યારપછી અન્યને વિશે મારી કદાપી વૃતિ ગઇ નથી એમ કહેતા કહેતા હૃદયની ઉર્મિને કિર્તનનાં ચોગઠામાં કંડારી લીધી આજુ બાજુ સર્વે નાના મોટા સંતો દર્શન અને સાંભળવાના ઉત્સુકતાથી ઉભા છે અને ખુમારી ભરી વાણીના પ્રવાહે વૃધ્ધ અવસ્થાએ પણ નિશ્ચયના પાવરથી સ્વામી પહાડી રાગમાં પ્રભાતીયા લલકારવા લાગ્યા છે. સાંભળનારાને પણ જોમ ચડે, ખુમારી ચડે અને સહજાનંદી રંગ ચડી જાય એવા જેમના શબ્દો હતા.

છાંડી કે શ્રીકૃષ્ણદેવ ઓરકી જો કરું સેવા,
કાઢી ડારો કર મેરો. તીખી તરવાર સે .. છાંડી શ્રીકૃષ્ણ

એમ એક પછી એક ચાર પદ ગાયા, ત્યાંતો સર્વે સંતોના મસ્તક સ્વામીના શ્રી ચરણોમાં ઢળી પડ્યાં બસ કરો સ્વામી બસ કરો, અમને આપના વિશે લગાર પણ સંશય નથી આપ તો અનંત સંશયને છેદનારા છો આપને સંશય હોય જ ક્યાંથી જાણે સ્વામી સર્વે સંતોને સવારનાં પહોરમાં ધરમશાળામાં આ નિશ્ચયના કેફના પાઠ ભણાવવા માંગતા હોય તેમ સ્વામી ચાર પદ ગાઇ સંભળાવ્યા. ધન્ય હો ધન્ય હો એ મહાન સર્વે સદ્‌ગુણની ખાણ મુક્તમુનિને કરોડો કરોડો વંદન હો જો...

૦-૦-૦-૦

## ૧૮. મેરે તો તુમ એક હી આધાર..

સંવત ૧૮૮૬ ના જેઠ વદિ ૧૦ ના રોજ અનંત બ્રહ્માંડનાં આધાર અક્ષરધામના ધણી અનંત મુક્તોની સાથે અનંતના પ્રાણની પરવા કર્યા વિના પ્રભુ અક્ષરધામમાં પધાર્યા છે. તો પાછળથી અનંત આત્માઓ સહીદી વહોરવા તૈયાર થયા પણ પ્રભુની આજ્ઞાની રેખાને કોઇ

ઉલ્લંઘનકરી શક્યા નહીં. આખીર દેહ ટકાવવા પરાધીન બની આ ધરતી ઉપર અસહ્ય વિરહે દુ:ખી દિવસોને વિતાવી રહ્યા છે. તમામના દેહને ટકાવીને ગોપાળાનંદ સ્વામી આદિકે નિરાંતનો શ્વાસ લીધો. પરંતુ પુંજા ડોડીયા અને મહારાજને અખંડ ધારનારી માણકી,આ બન્ને પ્રાણ વિના પ્રાણ ટકાવી શક્યા નહી અને અન્તે મહારાજનાં તેરમાંના દિવસે કાયમને માટે પ્રાણજીવનની પાસે પહોંચી ગયા.

હવે વાત વધી વિયોગ દર્દના ભોગી બનેલા સર્વે સત્સંગ સમાજની. જો કે એક એકની પરિસ્થિતિ એમ છે પરંતું સારાયે સત્સંગની માં મુક્તાનંદ સ્વામીને તો જીવવું ઝેર થઇ ગયું. પ્રભુ ગયા પછી સ્વામી ઉદાસ ઉદાસ જ રહ્યા કરે છે. એને એક એક પળ કલ્પ સમાન લાગે છે. તેમને તો દુ:ખનો દરિયો રેલાયો છે ક્યાંય સુખનું ઝરણું પણ દેખાતું નથી. ભોજન ભાવે નહિ પ્યાસ લાગે નહિ. નિદ્રા આવે નહિ સતત વિયોગ સતાવે છે. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી હાથ જોડીને સમજાવી જમાડે છે. પણ મન પ્રભુને મળવા જ મથે છે. થોડી પણ નિદ્રા આવે કે તરત ઝબકી જાગી જાય છે. દિવસ પછી દિવસ વિતે છે. પણ પરિસ્થિતિ વધારે ગંભીર બનતી જાય છે. સ્વામીને રોકવા માટે તો રઘુવીરજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામી જેવા મોટાને પણ હાથ બહારની વાત હતી. સંવત ૧૮૮૬ ના અષાઢ વદિ એકાદશી આવી છે. આજનું વાતાવરણ જોતા સૌના અંતર કબુલ કરી રહ્યા છે જેવો જેઠ વદી ૧૦ નો દિવસ તેવોજ આજનો દિવસ ભારે છે. અપશુકનો થાય છે. સુર્યનારાયણ ભારેખમ જણાય છે. દિશાઓ નિસ્તેજ જણાય છે. ગાયો સવારમાં ભાંભરી રહી છે. કુતરાઓ દાદાની ડેલીએ આવી ઉંચુ મુખ રાખી રડતા જણાય છે. જાણે કે પગ તળેથી પૃથ્વી સરી જતી હોય તેવો અનુભવ થાય છે. મંગળા આરતી પુરી થયા પછી સૌ કોઇ શણગાર આરતીના દર્શને આવ્યા છે. સ્વામીને પણ સંતો દર્શને લાવ્યા છે. શણગાર આરતી બાદ દર્દિલા દિલમાંથી કરૂણાભીનો અવાજ સૌના કાને સંભળાયો. ગોપીનાથજીની મૂર્તિ સામા ઉભા ઉભા સ્વામી ગાઇ રહ્યા છે.

મેરે તો તુમ એક હી એક આધાર
નાવકે કમાકી ગતિ ભઈ મેરી, જહાં દેખુ તહાં જલનિધિ ખારા
મુક્તાનંદ કહે અંતરજામી, કહા સમજાવું મેરે પ્રીતમ પ્યારા.

હે પ્રભુ તુજ મારો એક આધાર છે. નાવના કાગ જેવી મારી ગતિ છે. અન્તમાં હું આપને શું કહુ આપતો અંતરયામી છો. તો હે અંતરયામી મારુ અંતર કાપો તમારા ચરણોમાં મને સ્થાપો. હું કેમ આપને સમજાવું હે પ્રાણ આપ ગયા પછી મારી પરિસ્થિતિને તો આપ સમજો છો હું શું કહી ભાખુ. દયા કરો દયા કરો આમ કહેતા કહેતા જેમ પાણી વિના માછલી તરફડે તેમ સ્વામી પ્રભુ વિના વલવલી રહ્યા છે. તેથી સૌ કોઇ મંદિરમાં ભેગા થઇ ગયા અને સોના હૈયા કકળી ઉઠ્યા સ્વામીની પરિસ્થિતિ જોતા સૌ કોઇ પામી ગયા હવે સ્વામી નહિ જ રહે. ઓહો બાપ તો ગયા પણ મા પણ ચાલી. તેથી સૌ વિનવી રહ્યા કે સ્વામી આપતો ધીરજનાં ડુંગર છો અને સારાયે સત્સંગનાં મા છો જો સ્વામી આપ ધિરજ છોડી દેશો તે અન્યની શી દશા થશે ? આમ વિનંતી કરતા કરતા સૌ કોઇ સ્વામીનાં આસને પધાર્યા પણ ચિંતા સ્વામીને મહારાજની આજ્ઞાની છે. ધર્માખ્યાન ગ્રંથ પુરો કરવો છે. એટલે સ્વામીએ હાથમાં કલમ લીધી પણ તે લાંબો સમય હાથમાં રહી નહિ પડી ગઇ ત્યારે નિત્યાનંદ સ્વામીએ કલમ હાથમાં લઇ કહ્યુ સ્વામી તમે આ સંકલ્પ છોડો હવે પછી હું ગ્રંથ પુરો કરીશ બીજું જે કહેવું હોય તે કહો. ત્યારે સ્વામી બોલ્યા અન્તનું બ્યાન કે જેમ સહજાનંદજીને ઓળખાવ્યા તેમ તેના સ્થાને બેઠેલા રઘુવિરજીને ગામડે ગામડે ફરી ઓળખાવવાનો સંકલ્પ છે. અને ત્રીજો સંકલ્પ એ છે કે જે ઠેકાણે મહારાજનો અગ્નિ સંસ્કાર કર્યો છે તે ઠેકાણે મંદિર કરી ચરણાવિંદ પધરાવવા છે. ત્યારે નિત્યાનંદસ્વામીએ ત્રણેય સંકલ્પ પુરા કરવાની સંપૂર્ણ જવાબદારી માથે લીધી. ત્યારે સર્વે સંકલ્પ પડ્યા મુકી અને છેલ્લી વાર કલમ હાથમાં લઇ છેલ્લુ પદ લખવા તૈયારી કરી ગાતા જાય અને લખતા જાય..

## ૧૯. અંતકાળે આવીરે સંભાળી લેજો શામળા રે....

# બ્રહ્માનંદ સ્વામી

ભરતખંડની ભાગ્યવાન ભૂમિનાં શિરોહી રાજ્યની સોહામણી ગિરિરાજ આબુની તળેટીનાં ખાણ ગામમાં દેવજ્ઞાતિ ચારણકુળમાં આશીયા શાખાના ભક્ત શિરોમણી શ્રી શંભુદાન અને મહાપતિવ્રતા શ્રીલાલુબાદેવીનાં કુખે વિક્રમ સંવત ૧૮૨૮ ના મહાસુદ પાંચમનાં પ્રાતઃકાળે મહાન મુક્તરાજ લાડુદાનનો જન્મ થયો. જેમણે ગર્ભાવસ્થામાં જ ઉધ્ધવાવતાર સદ્ગુરુ રામાનંદ સ્વામીને મુખે પ્રગટ પ્રભુનો મહિમાં સાંભળેલ ત્યારથી સંકલ્પ દ્રઢ કરી લીધેલ બસ એની સમીપમાં જ જીવન વિતાવીશું. મુક્તને ગુણ શિખવા પડતા નથી આપોઆપ ગુણો ફુટી નિકળે છે. તેમ બાલ્યાવસ્થાથીજ લાડુદાનની પ્રતિભા અલૌકિક હતી. થોડાજ સમયમાં તમામ વિદ્યામાં પારંગત થયા. વિશેષ અભ્યાસ માટે ત્યાંના રાજાએ પોતાના ખર્ચે ભુજની વિશ્વવિખ્યાત પાઠશાળામાં પિંગળ આદિક અન્ય વિદ્યાનાં અભ્યાસ માટે મોકલ્યા છે. ત્યાં પણ થોડાજ સમયમાં રાજ કવિરત્ન, પિંગળ વિદ્યાચાર્ય, સહસ્ત્રશતાવધી. મહામહોપાધ્યાય, દોવળી તાજીમ સરદાર ચોસઠ કળાના પારંગત આમ અનેક ઉપાધીઓ પદવીઓ પ્રાપ્ત કરી. ટુંકમાં સર્વ વિદ્યા હસ્ત સિધ્ધ કરી પછી રાજરત્ન કવિરાજ લાડુદાનજીને અનેક મોટા મોટા રજવાડા ચાહવા લાગ્યા. તેમના પોગ્રામ માટે મહિનાઓ અગાઉ તારીખો લેવાય. અને તેના પોગ્રામ રજવાડા સિવાય કોઇ કરી શકે નહિ. આ વાતની અઢારસે પાદરના ધણી વજેસિંહ ભાવનગર નરેશને ખબર પડી. તેમણે ઘણી બધી લાગવગ અને પૈસાના તોલે લાડુદાન પાસે પોગ્રામની તારીખ નક્કિ કરી. અને લાડુદાન વાયદાના વચને ભાવનગર આવ્યા. આ વાતની કાઠીયાવાડના કવી સમ્રાટોને ખબર કરવામાં આવી. ચારે કોરથી જેમ નદિઓ આવી આવી સમુદ્રમાં લીન થાય તેમ સર્વે લાડુદાનને સાંભળવા ભાવનગર આવી ચૂક્યા અને પહેલાજ દિવસે હજારોની મેદની ભરાણી છે. ખુદ વજેસિંહ સભામાં સામા આવી બેસી પોગ્રામ માણી રહ્યા છે. એજ વખતે મુક્તમણી લાડુદાનનાં મુખથી અમૃત પ્રવાહ રેલાયો. એ પ્રવાહે સારાએ ઓડિયન્સને ભીંજવી દિધા. જ્યારે અમૃત ધ્વની છંદની રેણકી, ચરવરી છંદ, ત્રટક છંદ, વટક છંદ આદિ છંદોથી વાતાવરણ ધણ ધણી ઉઠ્યું. જાણે કે શબ્દોનો સમૃદ્ર ખડો થયો. રાજમહેલની દિવાલોમાં પડછંદા પડે છે. સર્વે કોઇને દિગમુઢ બનાવી દિધા. વાહ વાહ શબ્દો નિકળતા જ રહે છે. કેવી મધુરશૈલી, કેવી શબ્દ રચના, કેવા શુધ્ધ ઉચ્ચાર, ભાવનગરી રાજ કવીઓ તો ઝાંખા પડી ગયા. મોઢા નિચા ઢળી ગયા સૌ વિચાર શુન્ય થઇ ગયા. આવા છંદો રચવાતો અશક્ય છે પણ રચેલા બોલવા પણ અશક્ય છે. સૌ કોઇના અંતર કબુલ કરે છે આ કોઇ મનુષ્ય નથી આ કોઇ દેવ કે ગંધર્વ નથી ખરેખર આ તો સાક્ષાત્ સરસ્વતિ સ્વરૂપ છે કા અવતારી પુરૂષ ઇશરા પરમેશ્વર લાગે છે.

પોગ્રામ પુરો થયો. સૌ કોઇ રાજકવીઓ ઉભા થઇ લાડુદાનને ઉચકી લીધા સર્વે કવીઓમાં અમારુ ઘરેણું છે. સર્વે કવિઓએ ભેગા મળી વજેસિંહને વિનંતી કરી કે આવા કવિરાજને શિરપાવ પણ જેવા કવિ તેવો જ આપવો જોઇએ. તે વાતને ધ્યાનમાં રાખી દરબારે સોની શ્રેષ્ઠ રાજુલાના નામાંકિત નાગદાન સોનીને તેડાવી ઘરેણાના માપ લેવાનું કહ્યું. નાગદાન કવિશ્રીની સમક્ષ આવી માપ લેવાનું કહ્યું ત્યાં લાડુદાને મહાજનનાં કપાળમાં ભભકાદાર ઉર્ધ્વપુંડ તિલક મધ્યે ચાંદલો જોઇને કટાક્ષથી પુછ્યું કે ઓ મહાજન શક્તિપંથીને આડ, શિવપંથીને ત્રિપુંડ, વૈશ્નવોને ઊર્ધ્વપુંડ, રામાનંદિને પણ ઊર્ધ્વપુંડ, પરંતુ આ બેપાંખીયાવાળું અને વચ્ચે જુની કોરીના જેવડા ચાંદલાવાળુ કોના પંથનું આ ટીલું છે. નાગદાન કાંઇ બોલે તે પહેલા તો વજેસિંહ દરબાર વચમાં બોલી ઉઠ્યા કવિરાજ અમારા રાજ્યમાં હમણાં હમણાં નવું ધતીંગ ધુણે છે. અમારાજ પંથકના ગઢડા ગામમાં એક જીવનમુક્તા કરીને સ્વામિનારાયણ રહે છે. અને પોતાને ભગવાન કહેવરાવે છે. પણ દુઃખ તો એ વાતનું છે દુનિયાનાં લોકો સ્વીકારી પણ લે છે. અને સાંભળો કવિરાજ ખબર નહિ એ શું કરે છે તો દુનિયા તેની પાછળ પાગલ થઇ ને ફરે છે. જે એમને એકવાર મળે પછી બીજું કશું દેખેજ નહિ સારોયે સંસાર કુળ કુટુંબ પરિવાર એના અર્થે ફના કરવા તૈયાર થઇ જાય જો કે એમતો માન્યામાં આવે તેવી વાત નથી પણ દુઃખ સાથે કહીશ આજ દિવસ સુધી તેને કોઇ દંભી તરીકે સાબીત કરી શક્યું નથી. અને જે કોઇ જાય છે તે પાછા આવતા નથી હકિકત એમ છે. એ પંથનો આ મહાબુધ્ધીશાળી સાક્ષી મહાજન છે એટલે તેનું ટીલુ તાણીને આવ્યો છે.

તો કવિરાજ એક એ પણ મારે તમારા તરફની આશા છે તમારા જેવા બુધ્ધીશાળી જાય અને એનું કપટ દંભ ખુલ્લુ પાડો તો લોકોને એના થતાં અટકાવી શકાય જો કે થોડી બુધ્ધીવાળાના પારખા પાર પડ્યા નથી. કોઇ પાછા આવ્યા અને કોઇક તો પાછા પણ આવ્યા નથી. બસ અમારે મન તમારી જ આશા છે. જો આપ જઇને કંઇક ખાતરી કરો તો, બાકી તો એમને જીતવા કોઇ જગતમાં જન્મ્યો નથી.

કવિનું સદ્ભાગ્ય જ આજે ભાવનગરના નરેશ દ્વારા સત્યરાહ ચીંધી રહ્યું છે. જાણે કે વ્હાલાની જ પ્રેરણા આજે વજેસિંહને વેગવાન કરી લાડુદાનને આગ્રહ કરી રહી છે, લાડુદાન તાડુકી ઉઠ્યા નામદાર આજ આ ભરકળીમાં તે ભગવાન ક્યાંથી હોય. જો હું ખરો ચારણ સંતાન હોઉં તો હું લાડુદાન લક્ષને સિધ્ધ કરીને જ જંપીશ હવે મોડું ન કરાય ભાઇ ધરમના કામમાં ઢીલ શાની આજે જ નિકળીશ. નાગદાન બોલ્યા જો જો હો લાડુદાન! સરિતા સમુદ્રને મળ્યા પછી પાછી વળે ખરી એ તો પોતાનું અસ્તિત્વ તે સમુદ્રમાં સમાવી દિયે છે. અને વળી સાંભળો લાડુદાન મિઠાની કોથલી સમુદ્રનો તાગ લેવા જાય તે પાછી આવે ખરી ? લાડુદાન કહે અરે ! મહાજનએ તો મેળાપ થયે પરખાશે તે સોનુ છે કે કથીર ?

આમ કહેતા સાથે ઘોડાસ્વાર થયા, વજેસિંહ દરબાર કહે લાડુદાન તમામ વ્યવસ્થા કરી છે, વધામણી કરી અને વહેલા વહેલા પાછા વળજો કહીને લાડુદાનને વળાવ્યા. જોતજોતામાં તો

ગઢડાની સીમમાં આવી પહોચ્યા, પણ વિચાર કર્યો પારખા કેમ લેવા ? યાદ આવ્યું ભગવાન તો અંતરયામી હોય જો તે મારા સંકલ્પ કહી દીએ તો સમજવું તે ભગવાન છે. ચાર સંકલ્પ કર્યા કે જો ભગવાન હોય તો (૧) મને નામ લઈને આવકારે (૨) કંઠમાંથી ગુલાબનો હાર મને પહેરાવે (૩) રોકવાનાં અતિ આગ્રહ કરે (૪) મારા જેવું કવિત્વનું કામ સોંપે. આ સંકલ્પો સિધ્ધ થાય તો ભગવાન ખરા આમ વિચારતાં ગઢપુરમાં પ્રવેશ કર્યો અને અંતરમાં શાંતિ પથરાણી. એહસાસ થવા લાગ્યુ કંઈક આશ્ચર્ય છે. એમ કરતા દરબારમાં પહોચ્યા ઘોડેથી હેઠા ઉતર્યા, લીલુડા લીંમડા નીચે બ્રહ્મભીની પરબ્રહ્મના સાંનિધ્યમાં દિવ્ય સભા નિહાળીને અંતકરણે તો કબુલી લીધું પણ વિચારના વંટોળમાં ફસાયા કેમ થાશે સંકલ્પ સિધ્ધ થશે કે કેમ ? એમ વિચારે છે ત્યાં તો મહારાજે સભાનું ધ્યાન દોર્યું અને કહ્યું ઓહોહો સંતો કેટલાય સમયથી યાદ કરતા તે લાડુદાન આવી ગયા, આવો આવો લાડુદાન આવો નામ લઇ બોલાવ્યા અડધો પડધો નિશ્ચય તો થઇ ચુક્યો જાણે કે કોઈ પૂર્વની પાકી પહેચાન હોય.

આ ભગવાનની વાતે તો અદ્‌ભૂત ચમત્કાર સર્જ્યો.

ચાર મિલે ચોસઠ ખીલે, બીસ રહે કર જોડ<br>
જેહી મિલત છાતી ઠરે, હરખે સપ્ત કરોડ.

આમ પ્રથમ મિલનમાં તો સહજાનંદની ઓળખાણ થઇ ચુકી. અને કવિનું હૃદય ભાવ વિભોરથી ઓગળી ગયું મહારાજે હાથ પકડીને સભામાં આસન આપી પોતાની પાસે બેસાર્યા. એ અરસામાં બ્રહ્મચારીએ મહારાજનું પુજન કરી કંઠમાં ગુલાબનો હાર પહોરાવ્યો. એટલે તરત મહાપ્રભુ બોલીઉઠ્યા બ્રહ્મચારી તમે ભુલ્યા આજતો લાડુદાનનો સંકલ્પ પુરો કરવાનો છે આ હાર અમને નહીં પણ લાડુદાનના કંઠમાં શોભશે. એમ કહી સ્વયં ઉભા થઇ કંઠમાંથી હાર કાઢી લાડુદાનના ગળામાં પહેરાવી દિધો, ત્યારે બીજો સંકલ્પ સિધ્ધ થયો, અને અંતરનાં તમામ દોષનું દહન થઇ ગયું એ મનમોહક મૂર્તિ અંતરમાં ઉતરી ગઇ વિચારમાં ઉંડા ઉતરી ગયા. પામી ગયા આજ અંતર ખાણમાંથી ભટકીને આરે આવી ચુક્યો છુ. ઓળખાણ રૂપિ કુંચીથી તાળા ઉઘડી ગયા અને આજ મારી આંખડી ઠરીને ઠામ થઇ બસ હવે તો મારો પંથ અહિં પુરો થઇ જાય છે. વિચાર સાથે કબુલ કરી લીધુ અને પોતાને ધન્યતા અનુભવી આ ઘડીને ધન્ય છે જે ઘડીમાં સહજાનંદનાં દર્શન થયા. એ અંતર ઉર્મિના અંતરે ઉંડાણમાંથી શબ્દો સરી પડ્યા.

આજની ઘડી રે ધન્ય આજની ઘડી<br>
મેં નિરખ્યા સહજાનંદ ધન્ય આજની...

આ તો સર્વના આવતાર છે એ જ ભાવ સાથે પહેલા છંદ બોલ્યા હતા તે...

એહી મચ્છ એહિ કચ્છ, એહિ સુકર તનુ ધર્યો<br>
એહી બને નરસિંહ, દુષ્ટ હરન કંસ માર્યો<br>
એહી વામન વપુકીન, લીન પદ તીન ભુવંત્રય<br>
એહી ફરશીધર રામ એહી, રઘુપત કિય જગજય<br>
એહી કૃષ્ણ બુધ્ધ નકળંક એહી,તેહી ભેટત ભવભ્રમ ટલે<br>
કિતનેક રૂપ લાડુ કહે, સો યહ સહજાનંદ મિલે.

પ્રભાતીયું

### *સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ સત્ય છે.*

લાડુદાનના બે સંકલ્પો તો સત્ય થયા હવે રહ્યા બે તે પહેલા જ જો કે નિશ્ચયની તો દ્રઢતા થઇ ગઇ છતાં પ્રભુને એમ જે જરાપણ કામ કાચુ રહેવું જોઈએ નહિ. તેથી સભામાં જ મહારાજે વાત વણી લીધી લાડુદાન તો મોટા કવિ છે. અને બધી જ બાબતોમાં પારંગત છે માટે આપણે તેમને અહીં રોકવા છે. કેમ કવિરાજ રોકાશોને ? આપના જેવા કવિ અહીં રોકાય તો અમારા સંતોને સંગીત કળા, પીંગળ કળા શીખવામાં સુગમ પડે માટે આપ ના પાડશો છતાં આગ્રહ કરીને આપને અમો રોકશું જ. આમ ત્રીજો સંકલ્પ સત્ય થયો. રહી સહી શંકા પણ છેદાઇ ગઇ હવે ચોથો સંકલ્પ એક બાકી છે એજ વખતે કારીયાણીના ભક્તોએ આવી અને પ્રાર્થના કરી સભામાં બેઠા અને સમય મળતા વાત કરી હે પ્રભુ આપને કારીયાણીથી તેડવા આવ્યા છીએ આપને અવશ્ય આવવું પડશે. મહારાજે વાત સ્વીકારી અને નિકળવાની તૈયારી કરી લાડુદાન વિચારે છે કે હજુ ચોથો સંકલ્પ પુરો થયો નથી તો શું ભગવાને નહીં જાણ્યો હોય ? ત્યાં તો પ્રભુ બોલી ઉઠ્યા લાડુદાનજી અમારુ એક કામ કરી આપશો ? લાડુદાન કહે પ્રભુ હા હા કેમ નહીં. મારા જેવું કામ હશે તો અવશ્ય કરીશ.

શ્રીજી મહારાજ કહે લાડુદાન આ દાદાખાચરની બહેનો છે તેને મનાવવાના છે. કારણ કે એમણે પણ લીધુ છે કે દેહપર્યંત બ્રહ્મચર્ય પાળવું છે. તો તેમને વિવાહ માટે હા પડાવવાની છે. લાડુદાન કહે ઓહો પ્રભુ ! એમાં શું મોટી વાત છે. સ્ત્રીને રીઝવવી એ તો મારા ડાબા હાથનો ખેલ છે. એમાં પણ લગ્નની બાબતમાં પ્રભુ ! આપ એ ચિંતા છોડી દો. તો સાંભળો લાડુદાન એમના મનામણા કરી તમો કારીયાણી આવજો હવે અમે કારીયાણી જઇશું એમ કહીને પ્રભુ નિકળી ગયા. આ બાજુ ઘરમાં પડદો આડો નાખી, પડદાની એક બાજુ બહેનો અને એક બાજુ લાડુદાન અને પછી તેમણે વાણીનો પ્રવાહ વહેવડાવ્યો. શુંગાર રસ અને પુરુષના ગુણ ગાથાની એવી તો વાતો કરી કે એ વાતો સાંભળીને લાડુબા અને જીવુબા જ બચે બાકી ગમે તેવી ધીરજવાળી સ્ત્રી હોય તો પણ તે પોતાની ધીરજ ખોઇ બેસે.વધુમાં એ ઉમેર્યું બહેનો આજ તમારી યુવાન અવસ્થા, અતિસુંદર સ્વરૂપ રાજકન્યા છો અને વળી બધી જ બાબતમાં તમે પારંગત છો, તો તમે ધારો તે પુરૂષને વશ કરી શકશો. શા માટે આવો અવસર ગુમાવો છો. બસ મારી છેલ્લી ભલામણ એ છે કે કોઈ સારા પુરૂષને પસંદ કરી લ્યો એવી અનેક અવનવી વાતો લાડુદાને દોઢેક કલાક સુધી વાણીના વેગીલા પ્રવાહમાં કરી, અને મનમાં નકકી થઇ ગયું આટલું સાંભળ્યા પછી કઇ નારી પુરુષ વિના રહી શકે અને હમણાં પુછસે અમારે યોગ્ય કોણ પુરુષ છે. પણ બેહનોને ઓળખવામાં લાડુદાન આજ થાપ ખાઈ ગયા.

પછી જીવુબાએ પાછળથી પુછ્યું કેમ લાડુદાન તમારી વાત પુરી કરી, તો થોડું અમોને સાંભળો બહેનો પામી ગયા કે આવા પુરુષને જો ભગવાન ઓળખાય જાય અને વૈરાગ્ય ચડે તો અનેકનો ઉધ્ધાર કરે એમ છે. માટે બે શબ્દ કહીએ. પછી જીવુબાએ વાત શરૂ કરી કે લાડુદાન તમારી વાણી અતિ રસાળ છે. અને અવસ્થા યુવાન છે. તો કહે હા બા, રૂપ પણ અતિશય છે રજવાડી ઠાઠથી જીવો છો સાચુ તો કહે હા બા. એવું સાંભળ્યુ છે કે તમે શરીર ઉપર અર્ધોમણ સોનું ધારણ કરો છો, તો કહે હા બા તો પછી સાંભળો લાડુદાન ! તમારા રૂપ-ગુણ યોવનના આ ઠાઠને જોઇ કેટલીય સ્ત્રીઓ વિકારથી વિહવળ થશે. તેનું પાપ કોની માથે લાડુદાન! જવાબ આપો! અને સાંભળો તમો અત્યાર સુધી એક પંચભુતનાં ખોખાનાં ગુણ ગાયા તેને તમે શું જોઇ ગાયા કારણ એતો નાશવંત અને વિકારી દુઃખરૂપ છે. તેને શણગારવાથી શો ફાયદો. હકિકત આપણું સાચુ સ્વરૂપ તો આત્મા છે. અને તેને જ સાચો શણગાર સજાવવાનો છે. લાડુદાન તમે ઉપરની બાહ્ય દ્રષ્ટિથી જોવ છો પણ અંતરદ્રષ્ટિ કરો તો સાચુ તથ્ય તેમાંથી મળશે, અને સાંભળો છેલ્લે તમે એમ કહ્યું કોય યોગ્ય પુરૂષને પસંદ કરી લ્યો. એ તો અમે જ્યારથી સમજણા થયા ત્યારથી નક્કિ કરીને જ બેઠા છીએ. હવે તો એ વાત તમારે સમજવાની છે. આવા મોંઘા મનુષ્ય શરીરને પામી જગત રિઝવવાનું રહેવા દીયો અને જગદિશને રીઝવો. જેમ મુક્તાનંદ સ્વામી આદીક રીઝવી રહ્યા છે. આ સર્વોપરી શ્રી હરિનું શરણું સ્વીકારી સહજાનંદના સથવારે સાધનામાં જોડાઇ અને મોક્ષ સીધ્ધ કરી લીયો. પોપટીયા જ્ઞાનથી પાર ન થવાય. આ સિધ્ધાંત વાત છે. બાકી આપને યોગ્ય લાગે તેમ કરો આ લોકનાં રાજા મહારાજાના ગુણ ગાઇને અંતે પછતાવું પડશે કાલ મોત આવીને ઉભું રહેશે માના ઉદરમાં જે કોલ આપ્યો છે તેને યાદ કરો અને જન્મારો સુધારી લ્યો. પ્રભુના શરણે થયા વિના જમના તેડા નહીં ટળે એમ કહી બહેનો મૌન રહ્યા.

જીવુબાનાં વૈરાગ્યવંત શાયડી જેવા શબ્દથી લાડુદાનનું હૃદય વિંધાઇ ગયું. જીવુબાના વચનમાં સહજાનંદી રંગ રેલાતો હતો. તે ના રંગથી લાડુદાન રંગાયા ને રસબસ થઇ ગયા અને ત્યાં ને ત્યાં નક્કિ કરી નાખ્યું હવે તો સહજાનંદના ચરણોમાં જીવનને સમર્પણ કરીને જ જંપીશ. તુરંત ત્યાંથી નિકળી કારયાણી આવ્યા સભામાં દંડવત કરી આભુષણને કાઢીને ઢગલો કર્યો. જરીયાની જામો ઉતાર્યો ઠાઠને ભાંગીને ભુક્કો કરી, હાથ જોડી શ્રી હરિ આગળ ઉભા રહ્યા. હે મહારાજ ! આપ મને આપને શરણે લઇ સાધુ કરો, મહારાજ કહે ઓ હો હો ! લાડુદાન આપને આવુ શોભે નહિ. આપ તો મોટા રાજકવી છો. લાડુદાન કહે પ્રભુ ! આપને હું ઓળખી ચુક્યો છું. પ્રભુ ! હું આપની આગળ કોણ ? આપ તો સર્વ અવતારના અવતારી પુરૂષોતમ નારાયણ છો આપે મને જ્ઞાન દેવા નહિ જ્ઞાન લેવા જ મોકલ્યો હતો. પણ પ્રભુએ વખતે હું જાણતો નહતો પણ હવે હું બીજી કોઇ વાત સાંભળવા તૈયાર નથી, બસ પ્રભુ ! મને તમારો સાધુ કરી શરણે લીયો શરણે લીયો. હે પ્રભુ ! હું તમારો દાસ છું એમ વાત કરતાં મુખમાંથી શબ્દો સહી પડ્યા.

૧. મે ઢાઢી મહારાજ કા, હાજર હુકમ હજુર
ગાયો જશ ગોવિંદ કો, પાયો ધન ભરપુર

૨. મેં બંદીજન રાવરો, એક આશ વિશ્વાસ
ઇન્દ્રાદિક બ્રહ્માદિ ભવ, તા તે નિપટ નિરાશ.

એટલે તુરત મહારાજે ભગવી કંથા મંગાવી સાધુ કર્યા અને કહે તમે તો સાક્ષાત્ લક્ષ્મીસ્વરૂપ જીવુબાના રંગથી રંગાયા માટે તમારુ નામ શ્રી રંગદાસજી. શ્રી રંગદાસજી જેમ પૂર્વના યોગી હોય તેવા જ શોભવા લાગ્યા. તે જ દિવસ વૈરાગ્યના વેગે અને પૂર્ણસ્વરૂપને મળ્યાના આનંદે દિવસ વિતાવી અને રાત્રે વિચારમાં ઉંડા ઉતરીને વિચાર્યુ કે હું સંસારી સુખનો ત્યાગ કરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો એક ત્યાગી સંત થયો છું તો ખરેખર સાચા અર્થમાં આવેશને પૂર્ણરૂપે મારે ભજવી બતાવવો જોઇએ. એમ વિચારી તે જ રાત્રે જોગ સાધનાર જે જોગી, તેને વિશે ચાર પદની રચના કરી જે.

હાજી ભલા જોગી હરિ સે જોગ
જગવે બોગ તજ કે જોગી.

પછી સવારની નિત્ય વિધિમાંથી વહેલા પરવારી શ્રીજી મહારાજ અક્ષર ઓરડીએ પોઢ્યા હતા ત્યાં જઇ અક્ષર ઓરડીના દરવાજાની આગળ બેસી ગયા અને હાથમાં સિતારના સુંદર વાદન સાથે મધુર સ્વરે પ્રભાતીયા ગાવા લાગ્યા.

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ સત્ય રે..
રટ રે મન રેન દિન, ઓર સબ અસત્ય રે... સ્વામિનારાયણ

ત્યાં તો સર્વે સંતો ભક્તો આ દિવ્યગાવણું સાંભળી અક્ષર ઓરડીની આસપાસ એકત્રીત થઇ ગયા સંતદિક્ષા પછી સૌથી પહેલી વહેલી રચાયેલી અને ગવાયેલી પ્રભાતીયા કિર્તિન ભક્તિનાં રસ આનંદમાં લીન થઇ ગયા.

o-o-o-o

## ૧. સુણો ચતુર સુજાણ

શ્રી રંગદાસના પ્રેમની પરીક્ષા માટે મહારાજે ગામડા ફરવા મોકલ્યા અને આજ્ઞા કરી કે જ્યાં સુધી અમો તેડાવીએ નહિં ત્યાં સુધી કોઇએ દર્શને આવવું નહિ. સંતોની સાથે શ્રીરંગદાસ ગામડામાં સત્સંગની પ્રવૃત્તિ કરાવે છે. પણ સતત પ્રાણ પ્યારા પુરૂષોત્તમની સ્મૃતિ ટળતી નથી. હમેંશા યાદ આવ્યા કરે છે. મનોહર મૂર્તિ જેમ લોહચુંબક લોખંડને આકર્ષે તેમ જાણે કે ખેંચી રહી છે. વિરહને ટાળવા ઘણી મહેનત કરે, વિચારને પાછો વાળે પણ આખિર પોતે હારી ગયા અને વિરહની અગ્નિથી જલવા લાગ્યા. ત્યારે બીજા સંતોને કહે તમે ગામડા ફરો મારાથી હવે નહિ રહી શકાય. એમ કહીને એકલા ભાગી નિકળ્યા દોડતા દોડતા કારીયાણી આવ્યા. દર્શન વિના

દલડુ દાઝતુ હતું પણ આજ્ઞા હતી કે અમારી આજ્ઞા વિના કોઇએ દર્શને આવવું નહિ. તેથી પ્રિયતમની મરજી પણ લોપી ન શકાય તો આજ્ઞા તો ક્યાંથી લોપાય. તેમ વિચારી ગામના પાદરની વાડીએ આવીને અટકી ગયા. ત્યાં રહીને વિચાર કરવા લાગ્યા શું કરૂં. કોને મોકલું એમ વિચારતા હતા ત્યાં એક ખેડુતના છોકરાને કોસ દ્વારા કુવામાંથી પાણી કાઢતા જોયો. અને થયું આ છોકરાને મોકલું નજીક જઇ છોકરાને કહ્યું બેટા મારૂ એક કામ કરીશ ગામમાં દરબારને ત્યાં સ્વામિનારાયણ ભગવાન છે. તેમને એમ પુછવાનું કે તમારા શ્રીરંગદાસ કરીને કોઇ સાધુ આવ્યા છે. તેને તમારા દર્શન કરવાની ઇચ્છા છે તો તે આવે ? એમ પુછવાનું છે. છોકરો કહે તમે તો નવરા છો હું થોડો નવરો છું ! મારો કોસ ખોટી થાય. પ્રવાહ તુટી જાય માટે હું નહિ જાવ. સ્વામી કહે ભાઇ તારો કોસ ખોટી નહી થવા દઉં. હું ચલાવીશ એટલે પ્રવાહ ચાલુ રહેશે. છોકરો કહે કોસ ચલાવતા આવડતું હોત તો શું કામ સાધુ થવું પડે ? તમારા ઉપર વિશ્વાસ કરૂ તો તો મારો કોસ અને પાણી બેઉ ગુમાવવુ, તમે જો કોસ અને બળદને કુવામાં નાખો તો કુવો પણ બુરવો પડે. માટે હું નહિ જાવ. સ્વામી કહે અરે ભલા મને આવડે છે. હું લાવ ચલાવી જોવું, જો મને આવડે તો તું જાજે. પછી કોસ સ્વામીને ચલાવવા આપ્યો પણ ક્યારેય કોસ ચલાવેલ તો નહિ. કાવ્યનાં કોસ ચલાવનાર અને તે વાણીના પ્રવાહને અવિરત ચલાવનાર આજ પાણીના કોસે ચડ્યા, પણ ખુબ સાવધાનીથી કોસ ચલાવ્યો. છોકરો સમજી ગયો વાહ આમને આવડે તો છે. પછી છોકરો કહે જો જો હો ચલાવતા રહેજો ઉભા નહી રહેતા. ત્યારે સ્વામી કહે હાં હાં જા જલદી પાછો વહેલો વહેવો આવજે. આ બાજુ છોકરો ગયો. સ્વામીને થયું કોસ ચલાવતા આવડતો નથી પણ મહારાજે લાજ તો રાખી, હવે આગળ ન વધાય રખેને કંઇ થાય તો પછી સ્વામી બેસી ગયા અને પોતાની શક્તિથી આખું ખેતર પાણી પાણી કરી દીધું. છોકરો તો દરબારમાં જઇ ઉભો ઉભો કહે આમાં સ્વામિનારાયણ કોણ ? મહારાજ કહે બોલ અમે સ્વામિનારાયણ છીએ તારે વળી શું કામ છે ? તો કહે તમારા સંત કોઇ શ્રીરંગદાસ કરીને છે તેમણે મને મોકલ્યો છે અને કહ્યું છે કે તે તમારા દર્શન કરવા ઇચ્છે છે તો તે દર્શને આવે કે કેમ તે પૂછવા મોકલ્યો છે.

મહારાજે વિચાર કર્યો કે જેમને સત્સંગની મર્યાદાનો ભંગ ન થાય એવું અંગ અને એમના યોગમાં આવેલ છોકરાને સત્સંગની મર્યાદાનો પણ ખ્યાલ ન આપ્યો તો પછી એમને દર્શન આપીને શું કામ છે ? મહારાજે કહી દીધું જા છોકરા તેમને જઇને કહે કે જેમ આવ્યા તેમ પાછા ચાલ્યા જાવ. છોકરાને ધીરે ધીરે આવતો જોઇ સ્વામીને ખ્યાલ આવી ગયો હા પાડી લાગતી નથી. એટલામાં તો છોકરો નજીક આવ્યો અને નજર કરી તો આખુ ખેતર પાણીથી ભરેલ જોયું તેથી રાજી રાજી થઇ ગયો. જાણી ગયો આ કોઇ મોટા પુરુષ છે.અને પછી ધીરે રહીને કહ્યું કે તમારા સ્વામિનારાયણ ભગવાને તો સાવ મુળમાંથી ના પાડી દિધી, અને કહ્યું છે કે જેમ આવ્યા તેમ પાછા જતા રહે. પછી સ્વામીએ હકીકત પુછી કે તે ત્યાં જઇને શું કહ્યું હતું, તો છોકરાએ વાત કરી એટલે સ્વામી કહે બેટા તે ભગવાનને દંડવત નો'તા કર્યા ? તો કહે ના. તું સંતોને પગે લાગ્યો તો ? તો કહે ના. છોકરો કહે તમે એવું ક્યા કંઇ કીધું હતું. તરત સ્વામીને ખ્યાલ આવી ગયો બસ આ માટે જ ના પાડી હશે. સ્વામી વિચાર શુન્ય થઇ ગયા. વિહરની વ્યથાએ હૃદય દાઝી રહ્યું છે.

અને ધીરે ધીરે સ્વામીની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી અને ખડિયામાંથી પત્ર હાથમાં લઇ જમણા હાથે કલમ ઉપાડી કિર્તન લખવા તૈયાર થયા. છોકરો આ બધુ જોયા કરે છે. અને સ્વામીના અંતરના ઉંડાણમાં ઉંડો ભરોસો છે મહારાજ જરૂર દર્શન આપશે. અને વિહરનું વાદળું પદમાં પરિણમ્યું, ચિઠ્ઠીમાં અંતરના ઉંડાણમાંથી આવતા શબ્દો કંડારવા લાગ્યા પદ સમાપ્ત કરી ચિઠ્ઠી વાળી છોકરાના હાથમાં આપી અને કહ્યું જા બેટા પણ આ વખતે ધ્યાન રાખજે હું જે કહું તેમ તું ત્યાં જઇને કરજે. હા સ્વામી તમે જેમ કહો તેમ જ કરીશ બોલો સ્વામી હું ત્યાં જઇને શું કરૂ? સ્વામી કહે પ્રથમ તું દરબારગઢમાં પ્રવેશ કરીને ભગવાનને દંડવત કરજે પછી સંતોના ચરણમાં મસ્તકને ઝુકાવજે અને ચરણ સ્પર્શ કરી સૌને જય સ્વામિનારાયણ કહેજ. ત્યારપછી સૌ હરિભક્તોને બે હાથ જોડી માથું ઝુકાવી જય સ્વામિનારાયણ કહેજે પછી ભગવાનને દાસભાવથી હાથ જોડી આ ચિઠ્ઠી આપજે અને કહેજે આ ચિઠ્ઠી શ્રી રંગદાસજીએ આપી છે અને ભુલીશ નહિ. જા બેટા જલ્દી સારા સમાચાર લઈને પાછો આવ. એમ કહીને છોકરાને મોકલ્યો પણ અંતરમાં પ્રભુ દર્શનનો તરવરાટ વધતો જાય છે.

છોકરો દરબારગઢમાં પહોચ્યો પણ હવે તો સત્સંગની મર્યાદા વિવેક શીખીને આવ્યો છે. પ્રભુ પણ જાણીને અતિ પ્રસન્ન થયા છે. છોકરે પણ સ્વામીના કહ્યા પ્રમાણે જ સર્વે ક્રિયા કરીને પ્રભુના હાથમાં ચિઠ્ઠી સમર્પણ કરીને કહ્યું હે પ્રભુ! આ ચિઠ્ઠી મોકલનાર તમારા સંત અને મારા ગુરુ શ્રી રંગદાસજીની છે, તેમણે વિરહની વ્યથાથી વ્યથિત થઇને રડતા રડતા આ ચિઠ્ઠી લખી છે. આ ચિઠ્ઠીમાં ભીનાશ દેખાય છે ને તે તેમના આંસુઓના પાણીની છે. પ્રભુ દર્શન આપો તેમની ઉપર દયા કરો, દયા કરો. મીઠી વાણીથી છોકરો આમ બોલ્યો ત્યાં તો પ્રભુનું હૃદય પીગળી ગયું અને ચિઠ્ઠી ખોલી શબ્દ વાંચ્યા સુણો ચત્તુર સુજાણ સુણો... એક એક શબ્દ એવા લખેલા કે વાંચતા વ્હાલો ઉભો થઇ ગયાં. હવે શ્રી રંગદાસજીના વિરહ કરતા શ્રી રંગના નાથનો વિરહ વધી ગયો. છોકરાને કહે જા બેટા જા સ્વામીને કહે જલ્દી દર્શન કરવા આવે, મોડું ન કરે, છોકરાએ દોટ દીધી છે દુરથી સાદ પાડતો આવે છે સ્વામી પણ સમજી ગયા અને તેમણે પણ દોડ દિધી ગામ તરફ પ્રભુ પણ ઉભા થઇને સામે ચાલ્યા છે. ગામના ચોકમાં અદ્‌ભૂત મિલન થયું છે. **ચાર મિલે ચોસઠ ખીલે વીસ રહે કર જોર જેહી મિલત છાતી ઠરે હરખે સપ્ત કરોડ.** સ્વામીનો ખેસ ખસી ગયો ખેસ સમજી ગયો કે બ્રહ્મ અને પરબ્રહ્મના મિલનમાં મારે વચ્ચે આવવું જોઇએ નહિ. બાથમાં લઇને પ્રભુ રડી પડ્યા. હવે સ્વામી મહારાજની આંખોનાં આંસુ લુછતાં-લુછતાં કહે પ્રભુ! અમે જીવ તમને શું પ્રેમ કરી શકવાનાં હતાં. પ્રભુ તારા પ્રેમ આગળ અમારો પ્રેમ પાછો પડી જાય છે. સૌ આ પ્રેમની પરાકાષ્ઠાનું દ્રશ્ય જોઇને દિગ્મુઢ બની ગયા. અવાક મને તે દ્રશ્યને નિહાળી રહ્યા પછી સભામાં આવી લખાયેલ પદ સ્વામી પાસે ગવરાવ્યું. સુણો ચતુર સુજાણ પદ ગવાયું, સાંભળતાં

સાંભળતાં સભા શાંત થઇ ગઇ. અને કહેવા લાગ્યા ધન્ય છે શ્રી રંગદાસને ધન્ય છે. જેને પૃથ્વી સમ્રાટો પોતાના પરગણાઓ બક્ષિસ કરી દેતા અને ઉચ્ચ પદવી અને અધિકારો વડી માન સન્માન ઠાઠમાઠ જેના ચરણના દાસ બની રહેતા એવા શ્રી રંગદાસ જ્યારે ભક્તિના માર્ગે વળ્યા, તો અહીંયા પણ એવાજ અતિ પ્રેમી અને પ્રભુ કૃપાના પાત્ર ઠર્યા. ધન્ય છે એના માતા પિતાને.

0-0-0-0-0

## ૨. રે સગપણ હરીવરનું સાચું,

શ્રી રંગદાસની કાવ્યકૃતિ તો ભલભલાને આશ્ચર્ય પમાડી દે એવી હતી. એક વખતની વાત છે શ્રી રંગદાસ હાથમાં સરોદો લઈને એક પછી એક કિર્તનો લલકારતા હતાં. તો તે વખતે મોટા મોટા બ્રહ્મનિષ્ઠ સંતો પણ સાંભળીને આભા બની ગયા અને સારીએ સભાને આશ્ચર્યના ઉંડાણમાં ઉતારી દીધી. પછી મહારાજ પણ ગરકાવ થઇ ગયા અને સર્વે કોઇને બ્રહ્મનાં આનંદ સાગરમાં ડુબાડી દીધી. મહારાજ ખુશ ખુશ થઇ ગયા ઉભા થઇ કંઠનો ગુલાબનો હાર પહેરાવી કહે આ શ્રી રંગદાસ તો બ્રહ્મને પણ કિર્તનાનંદની ગહેરી ગુફામાં ઉતારી દે એવા છે માટે આજથી એમનું નામ બ્રહ્માનંદ રાખીશું. ત્યારપછી સૌ કોઇ સ્વામીને બ્રહ્માનંદ સ્વામીનાં નામથી સંબોધવા લાગ્યા.

સારાયે ગુણગણના નિધિ ચાર શકિત, ચૌદવિદ્યા ચોસઠ કળાને હસ્તસિધ્ધ કરીને તમામ પૃથ્વી સમ્રાટનાં માન-પાનને પ્રાપ્ત કરી સ્વામિનારાયણ પ્રભુનું પારખુ લેવા આવેલ લાડુદાનને, ફક્ત સ્વામિનારાયણ ભગવાનના પ્રથમના દર્શનમાં જ ફકીરી લઇ જેમ સમુદ્રમાં નદી સમર્પણ થઇ જાય તેમ સમર્પણ થયા. ત્યાર પછી લાડુદાનના જીવનની મહત્વની ઘટના એ હતી કે, જ્યારે ભણેલ ગણેલ સર્વે શક્તિ સંપન્ન ભર યુવાનીના આરંભે પહોંચનાર એક નો એક લાડકવાયો લાડુદાન, સ્વામિનારાયણનો સાધુ થઇ ગયો એ વાતનો અણસાર જ્યારે ખાણ ગામના સગા સંબંધીને થઇ ત્યારે ખળભળાટ મચી ગયો. સ્વાર્થના સંયોગે વિરહના વાદળા વરસી પડ્યા. માતા-પિતા તથા જેમની સાથે વાગદાનથી સંબંધ થયેલ તે ચારણ કન્યાઓ અને મામા તથા બીજા ઘણા સંબંધી લાડુદાનને લલચાવી પાછા લઇ જવા માટે ગઢપુર આવ્યા. મહારાજ આગળ આવીને મળવા માટે વાત પુછી, પ્રભુએ તો કસોટીની કડાઈમાં કકડાવીને વધારે કડક અને મજબુત કરવા બ્રહ્માનંદ સ્વામીને મળવાની આજ્ઞા કરી. ત્યારે સ્વાર્થનાં સંબંધી બીજુ શું કહે બોલવા લાગ્યા ભાઇ આમ કાંઇ પુછ્યા વિના આવુ તે કાંઇ કરાય. તારા વિના અમારુ જીવન ઝેર સમાન થઇ ગયું. અમારો આધાર ભાંગી પડ્યો, માટે બેટા લાડુદાન; આ ભેખ ઉતારી અમારી સાથે ચાલો. કહેતા કહેતા મા-બાપ રડી પડ્યા. સ્વામીએ મૌન સેવ્યુ. અને ફરી ફરી વિનંતી કરી ભલામણા કર્યા રૂદન કર્યું પણ સ્વામી મૌન જ રહ્યા. ત્યારે તેમના મામા ક્રોધથી લાલ પીળા થઇ તાડુકીને બોલ્યા સંભળાય છે! તમને આ વૃધ્ધોની વિરહ વેદના, જીંદગીની અર્ધી મંઝિલે વહાણ ડુબાડનાર જુવાન દિકરાને શું કહેવું! આ તારી જનક જનની પોક મુકીને પોકારે છતાં તું સામુ પણ જોતો નથી. તું અહીં આવીને સાધુ થયો તે સમાચાર સાંભળ્યા પછી ધરાઈને ધાન પણ ખાધુ નથી. આંખનું આંસુડું હજું સુકાતુ નથી. તને જરાપણ દયા નથી આવતી. મા-બાપનું રૂદન, મામાનો ઉકળાટ, આમ પરિસ્થિતિ વધુ ને વધુ ગંભીર બનતી જાય છે. માતાએ ઉમેર્યું બેટા અમે તો અરધી જીંદગી જેમ તેમ જીવી જાશું પણ ભાઇ આ યુવાન કન્યાઓ કે જેનું તારી સાથે સગપણ થયેલ છે જેને હજી જીવન જીવવાનું ઝાઝુ છે આ કોડભરી આવેલ કન્યાઓનું શું ? આ શબ્દ સાંભળતા સ્વામીને બોલવાનો સમય મળી ગયો. અને અંતરની ઉર્મિઓ બહાર આવી ગઇ સગપણ ક્યુ સગપણ સાચું આ કે તે ? અને બુલંદ અવાજે બોલી ઉઠ્યા.

રે સગપણ હરિવરનું સાચું, બીજુ સર્વે ક્ષણભંગુર કાચું...

-0-0-0-0

## ૩. રે શિર સાટે નટવરને વરીએ,

બ્રહ્માનંદ સ્વામીના આ અવાજે સર્વે કોઇની આશા ભાંગી નાખી. પરંતુ એ કાંઇ છોડીને ચાલ્યા જાય એમ નહોતા. પોતાની પક્કડને પકડીને બેસી જ રહ્યા. અને વળી પાછી વાત ઉચ્ચારી લાડુદાન તમે અત્યારે આ બધી વાત કહો છો પણ ધ્યાન રાખજો આ તો ચટકીનો વૈરાગ્ય છે. ચડેલ વૈરાગ્ય ઉતરી જશે. ત્યારે એક પણ આ વાત ઉભી નહીં રહે. જેમ ધોબીનો કુતરો નહિ ઘરનો નહિ ને ઘાટનો પણ નહિ, એવી પરિસ્થિતિ સર્જાશે ત્યારે પસ્તાવા સિવાય બીજો કોઇ રસ્તો નહિ જડે, માટે કહીએ છીએ, માની જાવ, અને સાથે તૈયાર થઇ જાવ. ભાઇ આગળ શિવ-બ્રહ્મા-ઈન્દ્રને પણ ધક્કા લાગ્યા છે. અને અંતે પસ્તાયા છે. માટે સમજીને સાથે આવો આમ વાત કરે છે, ત્યાં તો બ્રહ્મભીના બ્રહ્માનંદ સ્વામીમાં નવું ઓજસ આવ્યું, અને કોઇ શુરવીર જેમ ધીંગાણે ગયો હોય, ને ખુન દેખીને ખુમારી ચડે તેમ સ્વામીને ખુમારી ચડી. અને બીરાસનવાળી વિરરસમાં રસબસ થઇને વિરહાંકમારી ત્યાં તો ધરતી ધણધણી ઉઠી અને સ્વામી બોલી ઉઠ્યા...

રે શિર સાટે નટવરને વરીએ, રે પાછા તે પગલાં નવ ભરીએ..

રે અંતર દ્રષ્ટિ કરી ખોળ્યું રે, ડહાપણ ઝાઝું નવ ડોળ્યું રે, એ હરિ સારું માથું ધોળ્યું રે, રે શિર ...

સાત દિવસ સુધી રોકાયેલ સ્વામીના સંબંધીને નિત્ય સંવાદો થતા રહ્યા અને નિત્ય નવીન કિર્તનોથી સ્વામી જવાબ આપતા રહ્યા.

લાગ્યો મારે નટવરથી નેડો
હવે મેં તો શિર નાખ્યો છેડો રે..

-0-0-0-0

## ૪. મેં તો સગપણ કિધુ રે શામળીયા સાથે

આખરે બન્ને કન્યાઓએ મામલો સંભાળ્યો અને લાડુદાનને કહે તમે કદાચ તમારા માતા-પિતા તરફ ન જુવો તો કાંઇ નહિ પણ અમો બન્નેએ પણ લીધું છે કે વરીએ તો લાડુદાનને વરીએ નહિ તો કુવારી મરીએ. જો આપ અમારો હાથ સ્વીકારવા તૈયાર નહિ થાવ તો અમો જીભ કરડીને મરી જઇશું, પણ બીજો ધણી નહિ કરીએ માટે તમો કંઇક વિચારો અમારા સામુ તો જુવો. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે તમે જેમ પણ લીધું છે એમ અમે પણ નક્કિ કરીને જ બેઠા છીએ, શબ્દોરૂપી બાણ મારીને એ બન્ને ચારણ કન્યાને પણ સાચા સગપણમાં સમજ પડે એવા ભાવથી સ્વામીએ તુરંત બીજું કિર્તન ઉપાડીયું.

મેં તો સગપણ કિધુ રે શામળીયા સાથે
માવાનું મહેણું રે લીધું છે માથે… સગપણ

આખરી શબ્દોમાં સ્વામીએ જણાવી દીધું કે, તમે શા માટે નાશવંત પતિને પરણી રંડાવવાનું કરો છો. તમો પણ અમર વરને વરી અમર બની જાવ, સંસારની ખાટી છાશ પીવા કરતા પ્રભુસ્વરૂપનો મહારસ પીને લાડુબા-જીવુબાની સાથે રહીને ભગવાનની ભક્તિ કરી, છેલ્લો જન્મ કરી લો. સંસારનો ત્યાગ કરી અહીં રહી ભક્તિમાં લાગી જાવ. (ત્યારે બન્ને કન્યા ખીમબાઇ-મોજબાઇ સાંખ્યયોગ સ્વીકારી શેષ જીવન શ્રીજી મહારાજની સાંનિધ્યમાં રહીને ખુબ ભક્તિ ભજન કરી જીવન સાર્થક કરેલ છે.)

૦-૦-૦-૦

## ૫. વાલા લાગો છો વિશ્વઆધાર રે,

આ સ્વાર્થી સંસારી અને નિસ્વાર્થી વૈરાગીની આ લડાઇની વાત મહારાજને મળી. મહારાજે બ્રહ્મમુનિને પરીક્ષાર્થે આજ્ઞા કરી કે, હે બ્રહ્મમુનિ! તમોને હવે અહિં રહેવા દેશે નહિ, માટે તમે ત્યાં જાવ અને સંબંધીને રાજી કરો દેવકન્યા સમાન તમને વરી ચુકેલ કન્યાનાં કોડ પુરા કરો, આટલો પ્રેમ તમને બીજુ કોણ કરશે? અહિં તો સૌ વૈરાગી છે. માટે તમને એમના જેવું પ્રેમ પાત્ર અહિં કોઇ નહિ મળે. એમને રાજી કરો અમો તમારા ઉપર રાજી જ છીએ. વાત સાંભળતાં સ્વામી ઓળખી ગયા મર્મવેધક શબ્દોને આ વારે વળી પ્રભુના વચનનો પ્રત્યુતર આપતા સ્વામી બોલી ઉઠ્યા..

વાલા લાગો છો વિશ્વઆધાર રે, સગપણ તમ સાથે
મેં તો સર્વે મલ્યો સંસાર રે, સગપણ તમ સાથે

અન્તે સર્વ વાત છતી થઇ અને સૌ સંબંધી સભામાં આવ્યા આખીર સંબંધી થાક્યા, અને પ્રભુને કહે મહારાજ! હવે અમો લાડુદાનને અહિં મુકીને જઇએ છીએ. પણ એમને સાચવજો એમણે કદી દુઃખ જોયું નથી. તો તેની સંભાળ રાખજો, અને એમની સાથે જેમનો સંબંધ થયેલ છે તે બે કન્યાઓને પણ ભગવાન ભજવા છે. માટે તેને પણ અહિં લાડુબા-જીવુબા સાથે રાખીને જઇએ છીએ એને પણ જાળવજો. એમ પુરુષ ભક્તો વાત કરે છે ત્યાં સ્વામીના માતુશ્રી લાલુબા સ્ત્રીઓની સભામાંથી બોલ્યા કે હે મહારાજ! એમને હું ખુબ જ વ્હાલી હતી. તો હવે એની મા કોણ થશે કારણ કે બાળકને મા જેવું હેત કોઇમાં ન હોય. એ હવે કોને મા કહેશે. ત્યારે ભરી સભામાં મહારાજ બોલ્યા લાલુબા એમની મા અમો થઇશું. આજથી અમે તેમના મા થશું માટે તમો તેની કાંઇ ચિંતા ન કરશો. પછી સૌ કોઇ સભામાંથી ઉઠીને ઉતારે ગયા.

૦-૦-૦-૦

## ૬. વરનંદલાલ વરૂ રે સખી અલબેલો....

સાત સાત દિવસની ધમાલને અંતે સહુને નકકી જણાયું કે હવે આ લાડુદાનજી કોઇપણ રીતે પાછા તો ઘરે નહિ જ આવે, માટે રાજીખુશીથી આપણે તેમને રજા દઇએ. એમ નિશ્ચય કરી આઠમે દિવસ શ્રીજી મહારાજ પાસેથી દેશમાં પાછા જવાની આજ્ઞા લેવા આવ્યા. ગઢવી શંભુદાનજીએ મહારાજ પાસે દેશમાં જવાની હાથ જોડીને માંગણી કરી, ત્યારે શ્રીજી મહારાજે બ્રહ્માનંદની કસોટી કરવા અને ધીરજ જોવા તેમજ સ્વામીની ટેકને સભાજનોને ખાત્રી થાય તે માટે આજ્ઞા કરે છે કે બ્રહ્મમુનિ તમો તમારા પિતાશ્રીની સાથે દેશમાં જાવ, અને ગૃહસ્થાશ્રમમાં રહીને અમારુ ભજન કરો, એ આજ્ઞા સાંભળતા સ્વામી અતિ દિલગીર થઇ ગયા જાણે કે અચાનક પોતાની માથે કોઇ મોટી આફતનો પહાડ તુટી પડ્યો હોય, તેમ દુઃખી થઈ ગયા મુર્છા આવી ગઇ. થોડીવારે મુર્છા ઉતરી અને સ્વામીના હૃદયનાં ઉડાણમાંથી ઉર્મીઓ ઉભરી આવી અને બોલી ઉઠ્યા…

હૈડાનો હાર હરિ રે, માટે રંગભીનો હૈડાનો હાર હરિ..
વરનંદલાલ વરૂ રે, સખી અલબેલો વરનંદલાલ વરૂ.

સ્વામી ખરા વેશમાં આવી ગયા, અને કહે કે હું હવે બીજા જીવને વરવા સંસારમાં નહિ જાઉં. મહારાજ! વરીશ તો તમને જ વરીશ. હવે તો આ પુરૂષોત્તમને જ પરણી ને જ જંપીશ નહીં તો કુવારોજ મરીશ. તમારા માથે મારૂ આ જીવતર કુરબાન કરીશ. એમ કહી સખીભાવનાં રૂપમાં આવી શ્રીજીમહારાજનાં બન્ને ચરણાવિંદ પકડી ઘેર પાછું જવાની ફરજ નહિ પાડવા વારંવાર વિનવવા લાગ્યા. તેથી શ્રીજી મહારાજ સ્વામી ઉપર બહુજ રાજી થઇને પોતાના ચરણમાં રાખવાનો અભય વર આપ્યો.

૦-૦-૦-૦

## ૭. ગોપી બની ગયા ગીરધારી ગોપી બની ગયા...

એક સમે કચ્છમાં શ્રીજીમહારાજ નાજા જોગીયા અને મોટા કરીમભાઈને સાથે લઈને ધમકડામાં આવ્યા. નદીના કાંઠે બેસી દરબારશ્રી રાયઘણજીના દરબારમાં બાશ્રી કરણીબાને પોતાના આવ્યાનાં ખબર બન્ને પાર્ષદો સાથે કહેવરાવ્યા. કે અમો અહિં છાનાં (ગુપ્ત) રહેવા આવ્યા છીએ. એવા ખબર મળવાથી સૂર્યાસ્ત થયે સર્વે બાઇઓનું મંડળ પાણી ભરવાનાં બહાને નદીએ આવ્યું, અને પાણીનાં બેડામાં સ્ત્રીઓને પહેરવાના એક જોડી કપડાની તથા ઘરેણા વગેરે લાવેલા. તે કપડા મહારાજને પહેરાવીને કહે, પ્રભુ અમારી વચ્ચે ચાલો કોઇને ખ્યાલ નહિ આવે. એમ તમને દરબારમાં લઇ જઇએ. ત્યારે પ્રભુએ તે કપડા - ઘરેણાં સર્વે ધારણ કર્યા. અને પાણીની ખાલી હેલ માથે મુકીને લાંબો ઘુમટો કઢાવી બાઇઓની મંડળીની વચ્ચે ચાલીને દરબારમાં લાવ્યા. અને સર્વે બહેનોને ઈચ્છા હતી કે મહારાજ આપણી સાથે રાસ રમે તો કેવું સારૂ, કૃષ્ણ અવતારમાં કૃષ્ણ ભગવાને ગોપીઓને કેવું સુખ આપ્યું હતું ? શું આપણે એવા સુખના અધિકારી નહી. એવા ભાવથી પ્રાર્થના કરી હે પ્રભુ અમારી અરજી સ્વીકારી રાસ રમીને સુખ આપો. તેથી મહારાજે રાજી થઈને રાસ રમવાનું સ્વીકાર્યું. અને રાસ રમતા હતા ત્યાં સર્વ સંતો આવ્યા અને બ્રહ્માનંદ સ્વામીએ ઉતારાની બારીએથી આ અદ્‌ભુત દ્રશ્ય જોઈને કિર્તન બનાવી નાખ્યું.... ત્યારે એ લીલાનાં ૧૨ પદ બ્રહ્માનંદ સ્વામીએ બનાવ્યા તેમાં

**ગોપી બની ગયા ગીરધારી ગોપી બની ગયા ગીરધારી**

O-O-O-O

## ૮. જે લઈ દહિં દુધના ગાડવા રે, માથે ઢોળે માવ, ઘેલા થઈને ગોવાળીયા રે, ખુબ પીવે કરી ખ્યાલ,

મહારાજે સંતોને ખુબ તાવ્યા જેમ હિરાની કિંમત અનંત ગણી વધારવા તેના કલાકાર તેને લોઢાની સરણ ઉપર ચડાવીને ઓપ આપે છે. તેમ સંતનાં મહિમાને વધારવા પ્રભુએ સંતોની આકરી કસોટીઓ કરીને, ખરેખર! સંતની રીત શું છે તે સત્સંગ દ્વારા સમાજમાં પ્રવર્તાવવા પણ અનેક અનેક પ્રકરણો ચલાવ્યા. જેમાં સંતો પણ સારધાર પાર ઉતરી ગયા. બધા સંતોને એક જ તાન અમારો હરિવર હૈયાનો હાર કેમ હરખાય, અમે એમના માટે અમારા દેહને કૃષ્ણાર્પણ કરી રાખ્યો છે.એની જેમ જીભવળેતેમ સર્વે સંતનાં શરીર વળે એક બે નહિ હજારોની સંખ્યામાં સંતો હતાં. સર્વે શ્રી હરિના વચને ટુક ટુક થઇ વરતીયા અને અક્ષરધામનો ધણી અઢળક રાજી થયા. પછી મહારાજે વિચાર્યું ખુબ ખુબ તાવ્યા, તો હવે સાથે રાખીને ખુબ સુખ આપું. પછી મહારાજે ઘણો સમય સુધી સંતોને સાથે રાખીને ખુબ જમાડ્યા રમાડ્યા અને રાજી કર્યા. તેમાંનો એક પ્રસંગ છે. એક વખત દુધપાકની રસોઇ લાડુબાએ આપીને કહ્યું મહારાજ આજે આપ પિરસવા આવજો અને સંતોની પંક્તિમાં પિરસીને અમને રાજી કરજો. બપોરનો સમય થયો અને પંકિત થઇ મહારાજ પિરસવા આવ્યા. ખુબ દુધપાક પિરસીને રાજી કર્યા પછી છેલ્લે બ્રહ્માનંદ સ્વામી પાસે આવ્યા અને તેમને તાણ કરવા લાગ્યા પણ લીધો નહિ. તેથી મહારાજે દુધની તાંબડી લઇ સ્વામીના માથે ધાર કરી તે સમે સ્વામી કિર્તન બોલ્યા. જે લઇ દહિં દુધ... એ કિર્તન સ્વામી જમતા જમતા બોલ્યા, પછી મહારાજ બીજુ દુધનું માટલું લેવા ગયા ત્યારે લાડુબાએ માટલાનો કાઠો ઝાલ્યો અને બોલ્યા જે કાંઇ ઢોળવા માટે નથી ભેગું કર્યું પછી એક કાંઠો મહારાજના હાથમાં એક કાંઠો લાડુબા તે સામસામા ખેંચતાણ કરી તેથી માટલું ફુટી ગયું તે મુકીને બાજુનું બીજું માટલું લઇ મહારાજ એકદમ સંતને પીરસવા આવ્યા. એથી બ્રહ્માનંદ સ્વામીના હૈયામાં તરત બીજુ કિર્તન ઉપસી આવ્યું અને સ્વામી બોલી ઉઠ્યા.

એક સમે હરિ વનમાં, ઉભા વેણ વારપે, લઇ મટુકી ગોપિકા, મહિ વેચવાને જાય રે,
તે લીલાની વાત બ્રહ્માનંદ જાણે રે...

તે સાંભળીને મહારાજે જીવુબાને કહ્યું કે આજનો થાળ બ્રહ્માનંદ સ્વામી અપાવજો નહિ તો હજેતી કરશે. તે સાંભળી સૌ હસી પડ્યા....

O-O-O-O

## ૯. શ્રી પુરૂષોતમપણાની સમજણનું કિર્તન...

એક દિવસની વાત છે, શ્રીજી મહારાજ સાધુઓની ધર્મશાળામાં પધારી રહ્યા છે. સહુ સંતો પ્રભુ આવતાંના સમાચાર જાણી એકદમ ભેગા થઇ ગયા અને બેસવા ધાબળી પાથરી આપી તેનાં ઉપર મહારાજ બેઠા અને બોલ્યા હે ! સંતો અમને જ્યાં સુધી સર્વોપરી સર્વાવતારી પુરુષોત્તમ નારાયણ સમજ્યામાં કસર રહેશે ત્યાં સુધી અક્ષરધામની તમારી યાત્રાનો પ્રારંભ જ થયો એમ જાણવું. માટે અક્ષરધામમાં આવવાની અને ત્યાં રહેવાની ઇચ્છા હોય તેમણે અમને જેવા છીએ તેવા જાણવા જ રહ્યા માટે આજે જે અમે વાત કરીએ તેને ખુબજ ધ્યાન દઇને સમજવા કોશીશ કરજો. પછી પોતાના પુરુષોતમપણાની વાત અનેક દ્રષ્ટાંતો આપીને સમજાવી. અને સદ્‌ગુરૂ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે આ વાત તમો કિર્તનમાં ઉતારજો કારણ કે એ વાત સમજણના અંગની છે. તેથી સ્વામીએ શ્રીજીની આજ્ઞા શિરે ચડાવીને પોતે એક જ કિર્તનમાં શ્રીજીએ કહેલ તમામ હકિકત દ્રષ્ટાંતો સહિત સમાવી દઇને તે કિર્તન સાંજની સભામાં શ્રીજી મહારાજને ગાઇ સંભળાવી પગે લાગ્યા. ત્યારે મહારાજ સ્વામી ઉપર ખુબજ રાજી થયા અને સ્વામીનાં માથા ઉપર બન્ને હાથ મુક્યા અને કહ્યું તમે ખરેખરુ અમારુ સ્વરૂપ સમજ્યા છો. એમ ત્રણવાર મહારાજ બોલ્યા અને કહ્યું હવે

ફરીથી એ કિર્તન બોલો. પછી જે પ્રભુ રીઝયાનો આનંદ અને અંતરનો અભિપ્રાય બન્ને સાથે ભેળવીને જે ભાવથી કિર્તન સ્વામી ઉપાડીયુ તે અનોખી છટા ઉપજાવતું હતું.

એક વાત સુણો વ્રજવાસી રે, પુરુષોતમ બોલ્યા પ્રીતે..
સત્ય કહું છુ હૃદય તપાસી રે, પુરુષોતમ બોલ્યા પ્રીતે..

૦-૦-૦-૦

## ૧૦. વાતલડી રહોને રાતલડી

એક વખતની વાત છે. ગઢપુર થી મહારાજ રાત્રે કોઇ ન જાણે એમ ચાલતાં ચાલતાં મુળી દેશનું ગામ લીમલી. આવ્યા અને સગરામ વાઘરીને કુબે જઇને ઉભા રહ્યાં. ધન્ય છે એ વાઘરી સગરામને કે જેમની ભક્તિએ અનંત કોટી બ્રહ્માંડના ધણીને ઝુંપડીએ આવવા મજબુર કરી દીધા. મહારાજે સવારે વહેલા કુબાની ઝાપલી ઉઘાડી ત્યાં તો સગરામ બેઠો બેઠો પ્રભુની પુજા કરે અને પ્રાર્થના કરે હે પ્રભુ મારી પુજા અંગીકાર કરવા આવો. આવાહનનો મંત્ર બોલે છે. - આગચ્છ... ત્યાં તો પ્રભુ કહે સગરામ જય સ્વામિનારાયણ, ફરીવાર બોલ્યા જય સ્વામિનારાયણ. સગરામે નજર કરી ત્યાં તો મહારાજનાં દર્શન થયા ગાંડો ઘેલા થઇ ગયો. ઓ હો ! હો ! આતો સાક્ષાત્ પુરૂષોત્તમ નારાયણ ધન્ય મારા ભાગ્ય ખુલી ગયા. હવે ક્યાં તમને બેસાડું બસ મારી પુજામાં જ બેસી જાવ તો અધુરી પુજા પુરી કરૂ. એમ કહી સામા આસનની પુજાની મુર્તિ સંકેલીને પ્રભુને કહે હવે સામા બેસો. પ્રત્યક્ષ બેસાડી પુજા શરુ કરી. સગરામે તો દંડવત્ ને પ્રદક્ષિણા અનુક્રમમાં જે આવે તે ચાલુ કર્યું પ્રભુ કહે સગરામ જલ્દી પુજા પુરી કરી લે, નહિતર હમણાં અમારી પાછળ વાર આવે છે. તે પકડી જાશે. અરે પ્રભુ કેટલાય દહાડે આ અવસર મળ્યો છે તે કાંઇ જાવા દેવાય. ઓ હો !હો ! મારે તો સોનાનો સુરજ ઉગ્યો. આ ગરીબની ઝુંપડીને અક્ષરધામ બનાવ્યું. એમ પ્રેમનો પુજાપો, ભાવનાનાં ભોજન, અને હરખના હિહોરે પ્રભુને તૃપ્ત કરી દિધા.

આ બાજુ સવાર થયું બ્રહ્મચારી શૈયા જોવે તો મહારાજ નહિં. તેથી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિક સંતોને બોલાવીને વાત કરી કે મહારાજ રાતમાં ચાલ્યા ગયાં છે. કાંઇ એંધાણ કે અણસાર તો હતી નહિં ખબર નહિ. રાતનો વાલો ક્યાં ગયાં હશે ! દાદાના દરબારમાં વાતની જાણ થતાં શોકનું મોજું ફરી વળ્યું. બહેનોએ તો ધા નાંખી અને કહેવરાવી દીધું કે કોઇપણ ભોગે અમને મહારાજ જોશે, નહિં તો અમે માથા પછાડી પછાડીને મરી જઇશું. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, સુરાખાચર આદિકે ખોળવાની વ્યવસ્થા ગોઠવી. ચારે દિશામાં ઘોડે સવારોને દોડાવ્યા. અને કહ્યું જ્યાં સુધી પ્રભુ મળે નહિં ત્યાં સુધી જંપીને બેસશો નહિં. ગોતે જ છુટકો છે. બે દિવસ તો જતા રહ્યા પણ ક્યાંયથી મહારાજનાં કોઇ સમાચાર આવ્યા નહી. પછી સુરાખાચર, બ્રહ્માનંદ સ્વામીને કહે, હે ! સ્વામી આપણે લીમલી જઇએ ઘણા વખતથી પેલો સગરામ પ્રાર્થના કરતો હતો. એટલે અણસાર છે કે કદાચ ત્યાં જ ગયા હોવા જોઇએ. એમ નક્કી કરીને તેઓ ઘોડા તૈયાર કરીને નિકળ્યા. પુરપાટ ઘોડા ને દોડાવ્યા ને દિવસ થોડો ચડ્યો ત્યાં તો લીમલીના પાદરમાં આવી પહોંચ્યા.

આ બાજુ મહારાજ કહે સગરામ તુ હવે બહાર બેસ અને કોઇ આવે તો ધ્યાન રાખ. જ્યાં સગરામ બહાર નિકળે છે, તો ઘોડે સવારો જોયાં. દુરથી ઓળખી ગયા. આ તો મોટા પાઘડાવાળા સુરાખાચર અને મોટા ફાંદવાળા બ્રહ્માનંદ સ્વામી. તત્કાળ અંદર આવી વાત કરી કે પ્રભુ ! પેલા તો પહોંચી ગયાં. મહારાજ કહે તુ બહાર બેસ અને અંદર આવવા દઇશ નહિં, અને પુછે તો ના પાડજે કે પ્રભુ અહિં આવ્યા જ નથી. એમ નક્કી કરી અને પ્રભુ નાના એવા કુબામાં સંતાઇને બેઠા. સગરામે આવેલ મહેમાનોનું સ્વાગત કર્યું અને કહે જે આજ તો મારા મોટા ભાગ્ય જે બ્રહ્માનંદ સ્વામી જેવા મોટા સંત પધાર્યા. આ સુરાબાપુ તો ક્યારે અમારે કુબે આવે. ધન્ય ધન્ય થઇ ગયાં. ખાટલી ઢાળી દિધી. અને કહે બેસો બેસો પાણી લાવું. સુરાખાચર કહે સગરામ તારા સ્વાગત અને પાણી પછી, પહેલા એ બતાવ જે મહારાજ ક્યાં છે ? સગરામ કહે અરે બાપુ એના માટે તમને પુછવાનું હોય મહારાજ ક્યાં છે ? હું તો રાત દિવસ મારા કુબામાં પડ્યો છું અને મને તો કેમ ખબર હોય જે મહારાજ ક્યાં છે ? સુરાખાચર કહે ગાંડો થામાં ગાંડો ગોલકીના મહારાજ તારી ઘેર આવ્યા છે. અરે બાપુ ! મહારાજ મારે કુબે કેમ આવે? આ નાના એવા કુબામાં હું માંડ રહી શકું. એમા અનંત કોટી બ્રહ્માંડના ધણી કેમ સમાય. સુરાખાચર કહે બસ કર સગરામ અમારે તારા ઘરની જડતી લેવી છે. અરેરે બાપુ એમ ઉતાવળા ન થાવ. મારા ઘરમાં મારૂ બૈરૂ બેઠું છે. પહેલાં તેને એક કોર કરી આવું પછી સુખેથી આવો. એમ કહી અંદર જઇ મહારાજને કહ્યું પ્રભુ! પ્રભુ! એ તો અંદર આવવાનું કહે છે. પ્રભુ કહે સગરામ બાજુમાં કોણ રહે છે, તો કહે એ તો મારો ભાઇ શાર્દુલ. તો એમ કર અમને ત્યાં મોકલી દે. પાછળના દરવાજાએથી બાજુના કુબામાં મોકલે છે. પણ એ વખતે નાની દિવાલને ઠેકતાં પ્રભુની મોજડી નીકળી ગઇ, એટલે પ્રસાદીની પાદુકા પધરાવવાનો સારો અવસર પ્રાપ્ત થયો એમ માની સગરામ કહે પ્રભુ ! બીજી મોજડી આપો નહિં તો કહી દઇશ. ભક્તાધીન ભગવાન કહે સગરામ બીજી મોજડી આ લે પણ ભલો થઇને કહીશ નહિં. પ્રભુ શાર્દુલના કુબામાં છે. આ બાજુ મોજડી અનાજ દળવાની ઘંટીમાં થાળા નીચે રાખીને સુરાખાચરને અંદર બોલાવ્યા. સુરાખાચર નાની નાની ચીજવસ્તુઓ ઉંચી નીચી કરી જોવા લાગ્યાં. સગરામ કહે બાપુ તમે તો ખરા છો. અખીલ ભુવનનો આધાર કાંઇ નાની એવી ઘંટી આડો થોડો છુપો રહે. એમ કરતાં થાળામાં નજર પડી એટલે સુરાખાચર હાથ નાખી મોજડી ખેંચી લીધી અને શંકા પડી. બાપુ કહે બોલ સગરામ મહારાજ અહીં જ છે. કારણ કે આ મોજડી મહારાજની છે. સગરામ કહે અરે બાપુ ! એ તો મને ચાર મહીનાં પહેલા સમૈયા વખતે મોજડી પુજવા માટે આપી હતી તે છે. સુરખાચર કહે ખોટું બોલે છે. ગોલકીના આ મોજડીને હજી પંદર દિવસ નથી થયાં, સુરતના ભક્તોએ ભેટ આપેલ, તે જ આ મોજડી છે. બોલ તારી પાસે શી સાબીતી છે. સગરામ

કહે હું બીજું કાંઇ જાણતો નથી બસ એટલું જાણું મહારાજ અહીં તો નથી.

સુરાખાચર કહે બાજુમાં કોણ છે અમારે ત્યાં જવું છે. ત્યારે સગરામ કહે ત્યાં મારો ભાઇ શાર્દુલ રહે છે. પણ થોડીવાર રોકાવ મારા ઘરના બૈરા ત્યાં ગયા છે તે બહાર નિકળી જાય પછી આવજો. સગરામ ત્યાં જઇ મહારાજને કહે પ્રભુ પેલા તો અહીં આવવાનું કહે છે. મહારાજ કહે સાંભળ સગરામ, તારા બૈરાના જે નવા કપડાં છે તે લાવ તે પહેરીને અમે બહાર નિકળી જઇએ, ત્યારપછી તેમને અહીં લાવજે. તુરંત કપડા લાવી આપ્યાં અને પ્રભુએ કપડા ધારણ કર્યાં. (જ્યારે નવા કપડા બનાવ્યા ત્યારે તેના ઘરનાનો સંકલ્પ હતો જે આ કપડા પ્રભુ પહેરીને પ્રસાદીના કરે ત્યારપછી મારે નવા કપડા પહેરવા ઘણા સમયથી સાચવી રાખેલા) અને બંને બાઇઓએ ખુબ સુખ લીધુ. પછી બાઇઓ કહે પ્રભુ હવે અમારે તો વખત થઇ ગયો છે, પટેલને ખેતર દાડીએ જવાનું છે. મહારાજ કહે અમે પણ સાથે આવીશું. અમને પણ દાતરડી-પછેડી આપો. ત્યારે સગરામના ઘરના કહે અરે મહારાજ આપને તો વળી મજુરી એ અવાતું હશે. તો મહારાજ કહે અમને તમારે ત્યાં રાખવા હોય તો અમે કહીએ તેમ કરો નહિ તો અમને લઇ જશે. ત્યારે બાઇઓ કહે મહારાજ તમને રાખવા માટે તો શું ન કરીએ. લ્યો મહારાજ પછેડી-દાતરડી આદિક એવી રીતે તૈયાર કરી આપ્યા પછી મોહિની સ્વરૂપ મોહનવર વચ્ચે અને આગળ પાછળ પેલા બૈરા. એ ત્રણ સ્ત્રીઓ નિકળેલી જોઇ એટલે સુરાખાચર બ્રહ્માનંદ સ્વામીને કહે કંઇ કપટ છે. આ બે ભાઇ ને સ્ત્રીઓ કેમ ત્રણ. સ્વામી કહે પુછો પુછો. સુરાખાચર સાદ પાડી સગરામને પાસે બોલાવ્યો અને કહે એ સગરામ આગળ જે બાઇ માણસ છે તે કોના ઘરના, ત્યારે તે કહે એ મારા ઘરના અને જે પાછળ છે તે તો કહે એ મારા ભાઇના ઘરના. અને વચ્ચે ચટકતી ચાલે ચલનારા! ત્યારે સ્વામી કહે સુરાખાચર એ આપણા ઘરનાં. એમ સાંભળતાં મહારાજથી રહેવાયું નહી ખડખડાટ હસી પડ્યાં. અને તુરંત ઘુંઘટો ઉંચા કર્યો. આ મુમુક્ષુના મોક્ષાર્થે અને બાવીકોનાં ભાવને આધીન થઇ ભગવાનપણું ભુલીને કરેલ મનુષ્ય લીલાને નિહાળતા બ્રહ્માનંદ સ્વામી મુખમાંથી શૃંગારાત્મક શબ્દો સરી પડ્યાં.

**વાતલડી રહોને રાતલડી વાલા પુછુ કે વાતલડી**

o-o-o-o

## ૧૧. હેલી જોને આનંદકુમાર સલુણો શોભતાં

એક વખતનાં સમયે પંચાળા નરેશ, જ્ઞાની અને પ્રેમી ભક્તોમાં જેમનું નામ પંકાયેલ છે એવા મહાન ભક્તરાજ ઝીણાભાઇ પોતાના ગામ પ્રભુને આગ્રહ કરીને તેડી જાય છે. અને એ વખતે કચ્છ પ્રદેશનાં ધુવાબરાઇનો સંઘ દર્શને આવ્યો. તે સમયે મહારાજ સભામાં વિરાજમાન હતા. ત્યારે તે સંઘના મુખ્ય કાશીરામ જમાદાર ખુબ પ્રભુમાં પ્રિતવાળા છે. તેમણે મહારાજની રાજાધીરાજની છબી નિહાળવા મહારાજને શણગાર કરવા વિનંતી કરી. મહારાજે પણ હા પાડી ત્યારે તેમણે મહારાજને રાજાશાહી પોશાક પહેરાવી, ભેટમાં કટાર બંધાવી, હાથમાં ધનુષ્ય આપ્યું, ખંભે બાણનો ભાથો ભરાવ્યો, મસ્તક ઉપર લાલ સુરંગી પાઘ ધરાવી, ચારે બાજુ છુટા પેચ મુકાવ્યા, ભાલમાં કેસર તિલક કર્યું . ભક્તે કરેલ ભાવનાને આધીન થઇ ભગવાન ઉભા થયા અને વિરાસનવાળી ભાથામાંથી તીર કાઢી કમાન ઉપર ખેંચીને ચડાવ્યું. આમ શુરાતન વાળી અલૌકીક મુર્તિને જોઇ સૌ કોઇ ખુશ ખુશ થઇ ગયા. સામા જ બેઠેલા રામપ્રતાપજી તો બોલી ઉઠ્યા કે મેરે છોટે ભૈયા શ્યામ સુંદર ઘનશ્યામ કી છબી બહોત અચ્છી લગતી હૈ ત્યારે પ્રભુએ ભાઇને રામચંદ્ર રૂપે દર્શન દીધું. એટલે ભાઇ તો ઉભા થઇ મહારાજને દંડવત કરવા લાગ્યા. અને સ્તુતિ કરી. આ બાજુ રાજેશ્વરનાં રૂપમાં રાજતા વિશ્વેશ્વરના રૂપને નિહાળતા ભક્તો બોલી ઉઠ્યા હે પ્રભુ આવા દર્શન તો ક્યાંય નથી દિધાં આજની આ મૂર્તિની શોભાથી અને કરડીકબાણથી અમારા અંતઃ શત્રુ આજ આપોઆપ વિંધાય ગયા. હવે અમારી સામે ઉંચી નજરે જોવા પણ સમર્થ નહી થાય કારણ કે અમારા રક્ષણહાર અને તારણહાર આપ છો. એ પ્રસંગને ઇતિહાસના પાને બ્રહ્માનંદ સ્વામીએ કંડારી લીધો..

**હેલી જોને આ નંદકુમાર સલુણો શોભતા**

o-o-o-o

## ૧૨. સખી ગોકુળ ગામના ચોકમાં રે.

સોરઠની ધરતી પ્રભુને ખુબ જ પ્યારી છે, ઘણી ઘણી વાર ત્યાં ગયા છે અને રહ્યા છે. અનેક ઉત્સવ સમૈયા કર્યા છે. પંચાળાના ઝીણાભાઇ મહારાજને શરદોત્સવ કરવા પંચાળા તેડી ગયા છે. અને ભક્તોની ભાવના ઉત્સવોમાં સંતોષાય છે. માટે પ્રભુએ ખુબજ ઉત્સવ સમૈયા કર્યા છે. અને સુખ આપ્યા છે. હવે શરદ પૂનમની રાત છે. ચંદ્ર પણ સોળે કળાએ ખીલી ઉઠ્યો છે. જાણે કે કહેતો હોય કે પ્રભુ આપ સંતો ભક્તોની સાથે રાસ રમીને મને સુખ આપો. આજ હું સોળે કળાએ ખીલ્યો છું. હે દયાળુ ! મારા ઉપર દયા કરી મને યશનો ભાગીદાર બનાવો અને આજ એવી કંઇક લીલા કરો કે જ્યાં સુધી હું, ધરતી, આકાશ, સૂર્ય રહીએ ત્યાં સુધી એ લીલા ગવાતી રહે અને મને ભક્તો યાદ કરતા રહે. પ્રભુ ! આટલી અરજી સ્વીકારો. હવે સહજાનંદ રૂપી ચંદ્ર સોળે કળાએ ખીલ્યો છે. તેથી સંત સમુદાય રૂપી સમુદ્રમાં આનંદની ભરતી આવી છે. તે ભરતીને વધાવવા મહારાજ તૈયાર થયા. સંતો ભક્તોને કહ્યું આજ અદ્‌ભૂત રાસની તૈયારી કરો. સંતો - પાર્ષદો- હરિભક્તોએ સર્વેને બ્રહ્માનંદ સ્વામીએ નવ નવ કુંડાળે ગોઠવ્યા છે. પછી બ્રહ્માનંદ સ્વામી મહારાજને જઇને કહે છે, મહારાજ ભાગવતમાં એમ લખ્યું છે કે જ્યારે ગોકુળમાં રાસ ભગવાને લીધો, ત્યારે જેટલી ગોપી તેટલા સ્વરૂપે કાન થયા હતા. તે ભગવાન હોય તે બધુ કરી શકે પણ

અમારે આજ બધો જ સમાજ એવો છે પણ એટલા સ્વરૂપે કાન નથી. મહારાજ મર્મને સમજી ગયા અને તુરંત જેટલા સંત એટલા રૂપે સહજાનંદ થયા. એમ ભગવાનને જોતાં સૌ કોઇના હૈયા હરખથી ઉભરાઇ ગયા. અને એક સંત- એક હરિભક્ત અને એક મહારાજ એમ ત્રિવેણી સંયોગના સહારે એલૌકિક રાસ મંડાયો. આકાશમાં દેવતાઓના વિમાનોની ઠઠ લાગી ગઇ. ઉપરથી પૃષ્પવૃષ્ટિ કરવા લાગ્યા અને કહેવા લાગ્યા ધન્ય છે ધન્ય છે એ ધરતીના ભાગ્યને, ધન્ય છે તે ઝીણાભાઇને, ધન્ય છે સર્વ સંત ભક્તોના સમુદાયને, અનંતકોટી બ્રહ્માંડના ધણી સાથે રાસની રમઝટ બોલાવે છે.

અષ્ટનંદ કવિઓ એક પછી એક કિર્તનોની રમઝટ બોલાવે છે. જીલણીના ઝીંક અને પગની પેનીનાં ઠેંગાથી ધરતી ધણધણી ઉઠી. સૌ કોઇ તાનમાં આવી ગયા. દેહભાન ભુલી પ્રભુની સાથે મસ્ત બની રમી રહ્યા છે. બ્રહ્માનંદ સ્વામીના બુલંદ અવાજ છંદ ઉપર છંદની સરવાણીથી વાતાવરણ એકદમ ગાજી ઉઠ્યું. ત્યારે સ્વામીને કિર્તન ગવરાવતા ગોપી અને ગોપીનાથજીની ગાથા યાદ આવી ગઇ. અને તુરંત સ્વામી ઉંચા સ્વરના અવાજે ગાઇ ઉઠ્યા. સખી ગોકુલ ગામના ચોકમાં રે ખાંતે માડ્યો રસિલે ખેલ.. સાંભળતાં મહારાજ પણ મોજમાં આવી ગયા અને પોતે પણ ઉંચા સ્વરથી કિર્તનને ઝીલવા લાગ્યા. એ પુણ્યકાળના સમયે પ્રગટેલ પદના આનંદને એ પ્રેમીજનો જાણે.

O-O-O-O

## ૧૩. એક સમયે શશી ઉદિત અતિ..

સોરઠ દેશની પુણ્ય ધરામાં પંચાળા ગામ પુરૂષોતમ નારાયણને અતિ પ્યારૂ હતું. કારણ પ્રેમી અને જ્ઞાની જીણાભાઇ જેવા મહાન ભક્તની જન્મ અને કર્મભુમિ હતી. શરદપૂર્ણિમાની રમ્ય રાત્રીએ શાબલી નદીના કિનારે શ્રી હરિએ દિવ્ય રાસોત્સવ રચિને દિવ્યાનંદ આપ્યો હતો, બીજે દિવસે ઝીણાભાઇનાં દરબારમાં રંગલીલાના ફાગ ખેલી સાંજે મહારાજે મહારસનાં દિવ્ય સ્થાને જ સભા કરી. સભામાં મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યુ, સ્વામી ગઇ કાલનાં મહાસભાનાં કિર્તનો ફરી સંભળાવો.

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું મહારાજ ગઇ કાલે ગુજરાતી ભાષામાં કિર્તનો બનાવી બોલ્યો હતો. આજે એ જ પ્રસંગ ઉપર ચારણી ભાષામાં એ જ રાસષ્ટક રેણકી છંદમાં બનાવ્યું છે. આપ કહો તો તે ગાઉં. મહારાજ કહ્યું ભલે ચારણી ભાષામાં કિર્તન સાંભળવાનો તો વિશેષ આનંદ આવશે, બોલો. બ્રહ્મમુનિએ એમના પ્રગલ્ભ સ્વરમાં તરત જ શરૂ કર્યું.

એક સમયે શશી ઉદિત અતિ, હોય મન અધિક હુલ્લાસ,
યુમના તટ વ્રજનાર જુત, રચ્યો મનોહર રાસ...

આ પ્રમાણએ મંગલાચરણ દોહામાં કરી સ્વીએ રાસનું રસિક વાતાવરણ સર્જી સર્વેના અંતરમાં રાસરમણની જમાવટ કરી દીધી અને એ સાથે એ સંતે કવિના મુખમાંથી રેણકી છંદના શબ્દો સરસર કરતા સરવા લાગ્યા.

સર સર પર સધર અમરતર અનુસર,
કર કર વર ઘર મેલ કરે.
હરિ હર સુર અવર અછર અતિ મનહર,
ભર ભર અતિ ઉર હરખ ભરે.

O-O-O-O

## ૧૪. ગઈ 'તી ગઈ' તી ભરવાને નીર

હે મહારાજ દાદાની સાથે એક મેણું હંમેશા રહી જશે. લોકો એમ કહેશે કે સ્વામિનારાયણ ભગવાન હતાં તો દાદાને એક દિકરો ન આપી શક્યા. એમ હળવેથી લાડુબાએ જમવા પધારેલા શ્રીજી મહારાજને કહ્યું. ત્યારે મહારાજ કહે કે અમારા ભક્તને કોઇ મેણું મારે એવા ભગવાન અમે નથી. અમે તો દાદાને ફરી પરણાવીશું.

દાદા ખાચરને એકાંતે અક્ષરઓરડીએ બોલાવીને શ્રી હરિ કહે છે દાદા એક આજ્ઞા પાળશો. દાદાખાચર કહે પ્રભુ એક જ શા માટે અનેક અનેક આજ્ઞા પાળવા આ દાદાખાચર હંમેશા તૈયાર છે. અને વિતરાગી સંતોના સહવાસથી જેની સર્વે વિષય સન્મુખની વૃત્તિ નિર્મળ થઇ ગઇ છે. અને સંસારના સુખ તુચ્છ થઇ જતાં પરણવું તે પાપ છે એમ માનનાર દાદાને ક્યાં ખબર હતી પ્રભુ પરણાવવાની આજ્ઞા કરશે. દાદાએ કહ્યું શી આજ્ઞા છે બોલો, શ્રી હરિએ કહ્યું કે તમારે અમારી આજ્ઞાથી ફરી લગ્ન કરવા પડશે. દાદા ખાચર કહે પ્રભુ તમે અહિં સંસારથી છોડાવો છો અને મને કેમ વળગાડો છો. પ્રભુ કહે દાદા હું જાણું છું. તમારે સ્પૃહા નથી. નિર્વાસનિક છો છતાં અમારા શિરે એભલકુળના દિપકની જવાબદારી છે. તો તે દિપકને સદા પ્રજવલીત રાખવો જરૂરી છે. માટે તમારે આ આજ્ઞા દ્રઢપણે પાળવી જ રહી. કોઇ શંકા-કુશંકા કર્યા વિના હા પાડી દીયો, અને એમાં અમે રાજી છીએ. પ્રભુની ધારદાર વાણીને રોકવા દાદો સક્ષમ ન થયાં. આંખમાં આસું આવી ગયાં. હાથ જોડ્યા જો ના પાડું તો મારા જેવો દુષ્ટ કોણ કહેવાય. પણ મારા કલ્યાણની જવાબદારી લેતા હોય તો પ્રભુ આજ્ઞા પાળવા તૈયાર છું. પણ શરત એક કે મારી જાનમાં આપ મારી સાથે રહો. અને સર્વે સંતોને જાનડીયુ તરીકે જાનમાં જો લેતા હોય તો હું પરણું. પ્રભુ કહે દાદા તું ખુબ હોશિયાર છે. પણ દાદા કામ તો અશક્ય છે છતાં તને રાજી કરવા એ પણ કરીશું. જાવ અમે તમને વચન આપીએ છીએ. એ અરસામાં બારપટોળીના કાળુવાવડીયા દર્શને આવ્યા. તેને દાદાના સંબધનું કામ સોપ્યું. કાળુ વાવડીયાએ દાદાખાચરનો સબંધ ભટવદરના નાગપાળવરૂની દિકરી જસુબા સાથે કર્યો. જોત જોતામાં લગ્ન લેવાયા. અને લગ્નનો દિવસ આવી ગયો. જાન ઉઘલાવવાનો સમય થયો. મહારાજે સર્વે સંતોને આજ્ઞા કરી કે સર્વે સંતોએ જાનમાં આવવાનું છે. બ્રહ્માનંદ સ્વામી કહે મહારાજ તમે તો સાંખ્યયોગીને વિવાહનો નિષેધ કર્યો છે. ને પ્રભુ કહે એતો

જગતના જીવની વાત હતી આતો બ્રહ્મની વાત છે. બ્રહ્મની જાનમાં તો બ્રહ્મ અને પરબ્રહ્મ જ શોભે માટે થાવ તૈયાર. આજ્ઞા થતાં સર્વે સંતો ખભે ઝોળી નાંખી હાથમાં ગૌમુખી રાખી માંડ્યા ગાડામાં બેસવા. વળી બીજી આજ્ઞા વરરાજાના ગીત ગાવા. અને અષ્ટકવિયો વરારાજાના ગાડે બેસો. અમે સ્વયં ગાડું ચલાવીએ છીએ. આ ત્રિવેણી સંગમનું અદ્‌ભુત દ્રશ્ય નિહાળીને સૌ કોઇ અચરજ પામ્યા. કેટલી ઉંડી ભક્તવત્સલ્તા. ગાડા ખેડુ તરીકે લાડીલોલાલ. જાનડિયું તરીકે વિતરાગી સંતો અને વરાજા તરીકે વિશ્વાસનું સાક્ષાત સ્વરૂપ ભક્ત શિરોમણી દાદા ખાચર. આમ સર્વે ભક્ત સમાજની સાથે ભગવાન ગઢપુરથી પ્રસ્થાન કરી અને ભટવદરના પંથે આગળ વધ્યા. મહારાજે નિષ્કુળાનંદ સ્વામી કહ્યું સ્વામી ગીતડા તો બોલો. ત્યારે નિષ્કુળાનંદ સ્વામી વૈરાગ્યનું કિર્તન ઉપાડ્યું -દુઃખ છે અધિક આ સંસારમાં, જનુની જીવો રે ગોપીચંદની દાદાખાચર ઉભા થઇ ગયા, મહારાજને કહે પ્રભુ મારે નથી પરણવું. પ્રભુ સંસારમાં આવા જ દુઃખ હોય તો મારે શીદને સામે ચાલીને ખરીદવા જાવુ જોઇએ. મહારાજ હું સંતોની સાથે રહીને ભજન કરીશ. મહારાજ કહે દાદા બેસી જાવ, બેસી જાવ, માંડ માંડ ગાડામાં બેસાડ્યા. પ્રભુ નિષ્કુળાનંદ સ્વામીને વઢ્યા કે સમો જોઇને કિર્તન ગાવા જોઇએ. ત્યારે મુક્તાનંદ સ્વામી કહે મહારાજ એતો જેવો રસભરીયો જે ઠામે રે નિશ્ચે તેવો નિસરશે. એમની પાસે બીજું શું નીકળે એ જ છે તો, ત્યારે પ્રભુ કહે સાચી વાત, આ માટે તો બ્રહ્માનંદ સ્વામી યોગ્ય છે. એમ કહી એમને આજ્ઞા કરી, ત્યારે સ્વામી શ્રીજીની મરજી પ્રમાણે કિર્તન પ્રસંગોચિત લગ્નના ઢાળનું ઉપાડીયું.

**ગઇ 'તી ગઇ'તી ભરવાને નીર**
**કેસરીયે વાઘે રે નટવર દિઠા મહારાજ.**

o-o-o-o

## ૧૫. તારો ચટક રંગીલો છેડલો અલબેલા રે...

પુરૂષોત્તમ નારાયણે પરલોકથી પધારીને અનેક પ્રકરણો ફેરવીને સંતોને તાવ્યા હતાં એમ કહેવાય છે કે એકસૌને ચૌદ પ્રકરણ ફેરવ્યા. દિવસ ઉગે અને પ્રકરણ બદલે નવી આજ્ઞા અને નવો રંગ, એમાં મહારાજે નવું પ્રકરણ ચાલુ કર્યું, જેને કથામાં ઝોલા આવે તેને સોપારીનો બેરખો મારવો અને તે બેરખો પાછો ઉભા થઇ મહારાજને આપવો. બીજા પ્રકરણોને તો અવધી હતા કોઇ ૧૫ દિવસે કોઇ માસ કોઇ વર્ષ પણ આ પ્રકરણનો કોઇ અવધી હતો જ નહિં. ઘણું લાબું ચાલ્યું. સંતો રાત્રીએ મોડે સુધી ધ્યાન કરતાં. અને વળી સવારમાં તો બધાની સાથે વહેલું જાગી જવાનું. તેથી કોઇક કોઇને સાંજની સભામાં વિશેષ જોલા આવે. અને નિત્ય આ પ્રકરણ ચાલુ રહેતું. તેથી જેવું ઝોલું આવે એટલે માથામાં તડીંગ કરતો બેરખો વાગે. વળી, બેરખો આપવા જતાં થોડી લાજ-બાજ પણ આવે, પછી ગમે તે હોય સંત વર્ણી, પાર્ષદ કે પછી હરિભક્ત કોઇને ત્યાગ ભાગ નહિં. સહુને એક જ રીતે સજા મળતી. એમાં એક વખત નવું તાજુ જ મુંડન કરાવેલ બ્રહ્માનંદ સ્વામી સભામાં બેઠા હતાં, અને રાતના ઉજાગરાને લઇને જોકું આવ્યું. એટલે પ્રભુના હાથમાંથી ગોળી છુટે એમ બેરખો ઉછળીને બ્રહ્માનંદ સ્વામીના માથામાં તડીંગ દઇને વાગ્યો. સ્વામીતો સફાળા ઉભા થઇ ગયા અને બોલી ઉઠ્યા, અરર મહારાજ ! શા માટે આ ગરીબ સાધુને વગર વાકે મારો છો. મહારાજ કહે સાંભળો સ્વામી ! વગર વાકે નથી માર્યા. આ કાંઇ નવી રીત નથી. તમે તો જાણો છો કે જે જોલા ખાય તેને બેરખો વાગે, તમે જોલુ ખાધું માટે બેરખો માર્યો. સ્વામી કહે મહારાજ ! જોયા તપાસ્યા વિના કા બોલો છો હું તો તમારી મૂર્તિનું કિર્તન બનાવતો હતો. સ્વામીએ છટકવાની બારી ગોતી પણ પ્રભુ ક્યાં છટકવા દે તેવા હતાં. તરત પ્રભુ બોલી ઉઠ્યા કિર્તન બનાવતાં હતાં! તો પછી બોલો, ક્યું કિર્તન બનાવતાં હતાં. સ્વામી પણ એમ કાંઇ ફસાય તેવા નહોતા. એટલે પ્રભુને કહે કિર્તન બોલુ પણ શરત એ કે તમો અને સર્વે સંતો, મારી પાછળ કિર્તન ઝીલે તો. પ્રભુ એ હા ભણી, અને સ્વામીએ મૂર્તિમાં વૃત્તિ ઠેરાવીને ધારણ કરેલા વસ્ત્ર, આભુષણ, હાર, આદિકને ચિંતવતા કિર્તન ઉપાડ્યું. **તારો ચટક રંગીલો છેડલો અલબેલા.** સ્વામી મૂર્તિ સામા જોતા જાય ડોલતા જાય. નાચતા જાય અને નવી કડી રચતા જાય. જોત જોતામાં તો ચાર પદ બનાવી નાંખ્યા. મનોહર માવની મનોહર મુર્તિનો શણગારના આબેહુબ ચિતાર ચિતરી દીધો. પહેલુ પદ ગાયુ મહારાજ રાજી થયા પોતાના બન્ને હાથ માથે મુક્યા, બીજા પદે પ્રસન્ન થઇ પ્રભુએ ખેસ આપ્યો, ત્રીજા પદે હાર-ચોથું કિર્તન પુરા થતાં જ પોતાની સોનરી પાઘ અર્પણ કરી ભેટી પડ્યા સૌનાં હૈયા હરખથી ઉભરાય ગયા.

o-o-o-o

## ૧૬. વ્હાલાં આવો અમારે ઘેર રે...

બ્રહ્માનંદ સ્વામીની કાવ્યમાં શીધ્રતા સારાએ સંપ્રદાયમાં પ્રસિધ્ધ છે. જોત જોતામાં પ્રસંગોચિત પદ બનાવવામાં હોશિયાર છે. એટલે એકવાર સ્ત્રી ભક્તો કોઇ પાર્ષદ દ્વારા સ્વામીને કહેવડાવ્યું કે અમો સ્ત્રી ભક્તો ગાઇ શકીએ તેવા સરળ અને સરસ ઢાળમાં એક થાળ રચી આપોને. કારણકે મહારાજને નિત્ય અમારે થાળ જમાડવાનો હોય તેથી હળવા ઢાળનો થાળ હોય તો બધાને ગાઇ શકાય. આવી માંગણી થતાં સ્વામીએ તરત જ પેલાને ઉભા રાખીને કહે લેતા જાવ. અને આજે જ આ થાળ મહારાજની આગળ ગાવ. એમ કહીને સ્વામીએ જુના સૌરાષ્ટ્રના લગ્ન ઢાળનો થાળ લખવા કાગળ લઇને કલમ ઉઠાવી. તરત સુંદર ઢાળની રચના કરી જે થાળ હતો.

**વ્હાલા આવો અમારે ઘરે રે. વારી જાઉ વાલમનું**
**સેવા કરીશું સારી પેરેરે. વારી જાઉં વાલજી.. વારી જાઉં.**

આ એમ કહેવાય છે કે જયાં સુધી શ્રીજી મહારાજ ગઢપુરમાં રહીને થાળ જમ્યાં ત્યાં સુધી લાડુબા તથા જીવુબા અને બીજા બહેનો આ થાળ શ્રીજી મહારાજની સન્મુખ બેસીને ગાતા. થાળની ઉત્પતિના ઇતિહાસને વધુ સચોટને સાબિત કરવા છેલ્લી કડી અતિ ચોખ્ખું પ્રમાણ આપે છે. જે પ્રેમભીના પરમાત્માને ભાવથી જમાડી દાસત્વ ભાવને દ્રઢ કરે છે.

૦-૦-૦-૦

## ૧૭. મથુરા મ જાશો મથુરા મ જાશો માવા રે મથુરા મ જાશો

એક વખત શ્રીજીમહારાજ અક્ષર ઓરડીએ વિરાજમાન હતા. તે સમયે દાદાખાચરની ફુઇ દાદાને વઢતા હતા તે સાંભળીને મહારાજ કહે શું છે ? ત્યારે રતનજી કહે ભાદરવા સુદ ચોથ ગડીયા ચોથ કહેવાય, તેથી તેના ઘર માથે કોઇ માણસે પાણા તથા ઠીકરા નાખ્યા હશે તેથી તેના ફુઇ દાદાને રાતનાં વઢે છે. ત્યારે મહારાજ કહે ''ચાલો આપણે'' એમ કહી એક પાસે તકીયો ઉપડાવ્યો, બીજા પાસે ગાદલુ અને ત્રીજા પાસે ઢોલીયો ઉપડાવ્યો અને પોતે હાથમાં પુસ્તકો લીધા ને ચાલ્યા. તે વખતે બ્રહ્માનંદ સ્વામીએ દેખ્યા ને બોલ્યા જે ''આ ઉચાળા દરબાર બહાર નિસર્યા'' તે વખતે મહારાજ તો વંડામાં પુંજો કડીયો રહેતો તેને ઘેર જઇને બોલ્યા જે ''અમને તારૂં ઘર રહેવા આપ'' ત્યારે તે કહે ભલે મહારાજ રહો મારે ઘેર. પછી પ્રભુએ સંતને બોલાવી કડીયાનો સામાન જોઇએ તેટલો ફેરવાવી દિધો અને પછી મહારાજ કહે ખડકી અટકાવો પછી સંત અને પાળા મંદિરમાં આવ્યા, તે વખતે બ્રહ્માનંદ સ્વામીએ પ્રાગજી પુરાણીને વંડામાં મોકલ્યા અને ત્યાં કથા કરવા લાગ્યા. મહારાજ અને સંતો ત્યાં જ સાંભળવા લાગ્યા અને બપોરનો થાળ પણ ત્યાંજ મંગાવીને જમ્યા. તે પછી મોટા સદ્‌ગુરૂ પાસે દાદાખાચર આદિક આવીને મહારાજને મનાવવાની વાત કરી તેથી સદ્‌ગુરૂ કહે જેમનાથી રીસાયા તે જાય તો રીઝે. એટલે આરતી પછી સાંજે ફાનસ લઇને દાદાના મા અને ફુઇ ત્યાં જઇને પગે લાગ્યા અને પ્રાર્થના કરવા લાગ્યા મહારાજ દરબારમાં પધારો ખુબ આજીજી કરી. માફી માંગી છતાં પ્રભુએ હા પાડી નહીં. પછી ફુઇ કહે હવે સાંભળો તમે નહિં આવોને તો દાદો-બાયુ-કે પાળા કોઇને દરબારમાં રહેવા નહિ દઉં. એમ કહ્યું તેટલે પછી પ્રભુ કહે સારુ સવારે આવશું બાયુ કહે એમ નહિ અમારી સાથે જ ચાલો સવાર કોણે ભાળી છે. પછી મહારાજે સામાન ઉપડાવ્યો અને દરબારમાં આવ્યા. બ્રહ્માનંદ સ્વામીએ જોયું અને સૌને કહે ચાલો મનામણાનાં દંડવત્ કરીએ. પછી સૌએ આવી દર્શન કર્યા મહારાજ થાળ જમ્યા અને પોઢી ગયા. અને સવારે વહેલા ઉઠી નિત્ય ક્રિયા કરી ઉગમણા ઓરડે સભા ભરીને બેઠા. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કિર્તન બોલ્યા...

**મથુરા મ જાશો મથુરા મ જાશો માવા રે મથુરા મ જાશો..**

આ કિર્તન બોલ્યા મહારાજ રાજી થયા પછી...

૦-૦-૦-૦

## ૧૮. લગાડી તેં પ્રિતી લાલ રે, પ્રિતલડી તો લગાડી..

પછી સભામાં બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું કે મહારાજ સાંજે બાઇઓ તમારી પાસે આવ્યા હતા તે પછી તમે આગળ હતા અને બાઇઓ તમારી પાછળ આવતા હતા. તે રસ્તામાં ખાડો હતો તે બીચારા પડ્યા અને બોલ્યા જે, દાદો આટલો ખાડો તો પુરાવતો હોય ? ત્યારે મહારાજ કહે કે ત્યાં પાણીનું વેણ છે તે ધોવાઇ જાય છે. પાણા નાખીને ખાડો પુરો તો થાય. એમ કહેતા બ્રહ્માનંદ સ્વામી બોલ્યા મહારાજ એ બાઇઓને તમારા પ્રત્યે કેટલો ભાવ છે. ખબર નહિ તમારી સાથે કેવું હેત થઇ જાય છે. અને તે હેત ને ટાળવા કોઇ ભવબ્રહ્માદિક આવે તો પણ હેત ટળે નહિ. તમે ગમે તેવા ચરિત્ર કરો છતાં હેત ટળે નહિ, અને ઉલટાનું વધતું જ જણાય છે. તે પ્રિતીના મુળ ખરેખર ખુબ ઉંડા છે. એમ વાત કરતા કરતા તે પ્રિતીનાં પાતાળમાંથી પ્રગટેલ ભાવને સ્વામીએ કિર્તનમાં વણી લઇને ગાવા લાગ્યા..

**લગાડી તેં પ્રિતી લાલ રે, પ્રિતલડી તો લગાડી..**

તે સાંભળી પ્રભુ અતિ પ્રસન્ન થયા અને સ્વામીને પોતાની પાઘ- રૂમાલ અને પછેડી પણ આપી દિધી. પછી બ્રહ્મચારીને કહે બ્રહ્મચારી લાવો લુગડા તો પહેરીયે. ત્યાં શિયાણીના ભીમો-વીરો કહે અમારે વસ્ત્રાદિકની પુજા કરવી છે. તો પ્રભુ કહે ચાલો લાવો જલ્દી અને પછી બેય જણે મહારાજને અંગરખો પહેરાવ્યો, માથે પાઘ બંધાવી,પછેડી ઓઢાડીને હાથમાં રૂમાલ આપી કુંકુમનો ચાંદલો કર્યો. પછી ફુલના હાર પહેરાવી પગે લાગી સભામાં બેઠા અને કથા વાર્તા શરૂ થઇ અને આ કિર્તન મહારાજે ઘણી વખત ગવરાવેલ તે જયારે ઇચ્છારામજી મહારાજ જયારે ધામમાં ગયા ત્યારે આ કિર્તિન ગાયું ત્યારે મહારાજ કહે આવુ જ હેત ઇચ્છારામજીને અમારામાં હતું....

૦-૦-૦-૦

## ૧૯. નવલ પ્રીતમ ગતિ કોન લખે તેરીયા

એક સમયને વિશે શ્રીજી મહારાજ સર્વે સાધુ તથા કાઠીના સ્વાર સહિત ગામ જેરીલે પધાર્યા. ત્યારે અગાઉથી હરિજનોને કહેવરાવ્યુ જે અમારી સન્મુખ આવો ત્યારે સામૈયું લાવવું નહિ. છતાં હરિભક્તો તો સામૈયુ લઇને આવ્યા તે જોઇને મહારાજ કહે સંતો અને કાઠીઓ તમે જાવ અમો નહિ આવીએ. એમ કહીને મુળજી બ્રહ્મચારીને કહે ચાલો આની કોરે અમારે નાવા જવું છે. એમ કહીને ચાલ્યા ને પાછળ પાછળ ઉમાભાઇ પણ ચાલ્યા તે ત્રણેય ગામ ગવાડે ગયા અને એક વાણીયાની હાટે ઉતર્યા તે કહે અમને ભુખ લાગી છે. તો જમવાનું કંઇક આપો ત્યારે વાણીયો કહે અટાણે જમાય નહિ માટે હું ન આપું કારણ કે અત્યારે ચોળીઆર થઇ ગયા છે. માટે સવારે આપીશ. અને પ્રભુને તો ખુબ ભુખ લાગેલી છતાં ભુખ્યા જ સુઇ ગયા. તે રાતમાં લોભી

વાણીયાએ ઉમાભાઇના વસ્ત્રમાં અડધો રૂપિયો હતો તે પણ કાઢી લીધો. તે સવારે ઉઠીને ત્રણેય ચાલ્યા તે પાછા જેરીલે ગામ આવ્યા તે જોઇને બ્રહ્માનંદ સ્વામી ગાઇ ઊઠ્યા અને સૌના હૃદયમાં આનંદ આનંદ થયો..

**નવલ પ્રીતમ ગતિ કોન લખે તેરીયા**

૦-૦-૦-૦

## ૨૦. કુમકુમને પગલે પધાર્યા વાલો કુમકમને પગલે આનંદની હેલી રે આજ મારે આનંદની હેલી

એક વખતની વાત છે. મહારાજ સારંગપુરમાં બિરાજમાન હોઇ અને વરસાદે ખૂબ તણાવ્યું. ત્યારે ત્યાં કોઇ બાઇ આવીને મહારાજને કહે હે પ્રભુ ! અમે તો છતે ભગવાને ભુખે મરીશું. હે મારા નાથ ! વરસાદ કરો. મહારાજ કહે આ જીવાખાચર રજા આપે તો ગઢડા જઇને વરસાદ કરીએ. તે બાઇ જીવાખાચર પાસે ગઇ અને ગમે તેમ કરી રજા લઇ આવી. અને કહે મહારાજ જો વરસાદ કરતાં જ હોઇ તો રજા આપીએ છીએ. બાઇ રજા લઇને આવી ને મહારાજ ને કહે હે મહારાજ ! હું રજા લઇ આવી છું. માટે જલ્દી વરસાદ કરો. ત્યારે મહારાજ સંતો ભક્તોની સાથે નિકળ્યા ને જનડા ગામથી આગળ થોડીવાર આરામ કરી, અને સંતોને ગોળ અને ડાળીયા જમાડીને નિકળ્યા. અને સંતોને કહે તમે નિરાંતે ચાલજો. પોતે પીપળીયા ગામ આવ્યાં. ત્યાં કાઠી સ્વારો ભૂખ્યા થયાં એટલે પીપળી ગામના પટેલ વેલાનાં ફળીયામાં ઘોડા છોડ્યા, અને કહ્યું કે ભુખ લાગી છે તે રોટલા લાવો. સૌ હરિભક્ત તત્કાળ રોટલા બનાવડાવીને લાવ્યા. સાથે અડદની દાળ અને દહીંનાં દોણા ખૂબ જમાડીને તૃપ્ત કર્યા. મુખવાસ લઇને ચાલ્યા તે ત્યાં તો વરસાદનો વાયરો ફુકાણો ગાજ-વિજ-કડાડા થવા માંડ્યા મહારાજ કહે કાઠીઓ જો ઘોડા દોડાવશો નહીં તો પલળી જશો. પછી તો મહારાજ અને સૌ ઘોડા દોડાવીને રાધાવાવે માંડ માંડ પહોંચ્યા, ત્યાં તો વરસાદ અનાધાર પડવા લાગ્યો. તેથી વરસતા વરસાદે પલળતા દરબારમાં પધાર્યા. સંતો ત્યાં જ રોકાઇ ગયાં પછી વરસાદ પુરો થયો ત્યારે મંદિરમાં આવ્યા. ભિના વસ્ત્ર ભાળી રંગભીનાનું ચિત્ર હૃદયમાં ખડું થયું અને બ્રહ્માનંદ સ્વામી કિર્તન બોલી ઉઠ્યાં.

કુમકુમને પગલે પધાર્યા વાલો કુમકમને પગલે
આનંદની હેલી રે આજ મારે આનંદની હેલી
આનંદની હેલી રે આજ મારે આનંદની હેલી.....

મહારાજને ભીના વસ્ત્ર ઉતરાવી કોરા વસ્ત્રો આપ્યા અને ગરમ થાળ જમ્યા ત્યાં તો સંતો પણ આવ્યા તેને પણ જમાડી ને પછી પ્રભુ ઢોલીએ પોઢી ગયાં.

૦-૦-૦-૦

## ૨૧. સહજાનંદ સુખકારી રે સબુણી છબી

ભગવાન સ્વામિનારાયણના અમોઘ ઐશ્વર્ય પ્રતાપ અને સામર્થીને દેખતા અને જાણતા છતાં સ્વામિનારાયણને પાખંડી છે અને એનો મત વેદિક નથી એવું ખંડન કરનારા એ વખતે ઘણા મતપંથો હતાં. તેમાનો એક જગવિખ્યાત માંડવીનો ખયોખત્રી ઘણો આગળ પડતો, અને અતિશય શુષ્ક જ્ઞાની, એટલે ઘણા મુમુક્ષને અવળે માર્ગે ચડાવીને પોતાના પંથમાં મેળવીને એ સર્વેનો ગુરૂ થઇને ભગવાનના આકારને ખોટા કહેતો હતો. તે વાત ભક્તોએ શ્રી હરીને કહી ત્યારે પ્રભુએ કહ્યું કોઇ વખત માંડવી જઇને એને પાછો પાડી સત્યના માર્ગે ચડાવશું. કારણ કે એવા ભૂલેલાને સાચા માર્ગે ન લાવીએ તો અમે પુરૂષોત્તમ શાના ? માટે ચોક્કસ જ્યારે અમે કચ્છ પ્રદેશમાં જઇએ ત્યારે અમોને યાદ અપાવજો.

એ વાતને ઘણો સમય વીતી ગયો. પછીના સમયની વાત છે પ્રભુ કચ્છ પ્રદેશમાં વિચરીને ભાવીક ભક્તોના ભાવને પૂર્ણ કરતાં હતાં. તેમાં કોઇકે વાત કરી કે પ્રભુ અહીથી માંડવી નજીક થાય છે. આપ કહેતા હતા તે ખપોયત્રી માંડવી જ રહે છે. પ્રભુ કહે તો પછી ચાલો માંડવી જઇએ. ત્યારે ભક્તો કહે પણ પ્રભુ ખયો ખૂબ મોટો વિદ્વાન છે. તેને હજુ સુધી કોઇ જીતી શક્યું નથી. જે કોઇ તેની સામે આવ્યા છે, તેને તેણે પોતાના શિષ્ય કર્યા છે. આજે એ હજાર શિષ્યનો ગુરૂ છે. ખુબ ઘમંડી છે. માટે આપણે પણ સાવધાન રહેવું જરૂરી છે. ત્યારે પ્રભુ કહે તમો અમને શું જાણો છો? ત્યારે ભક્તો કહે મહારાજ ! તમે તો ભગવાન છો. તો પછી ફિકર છોડીને ફરીયે એ જીવ છે અમો છીએ જગદિશ. અને સાંભળો જીવ અને જગદીશના મુકાબલામાં જીવ કદી પણ જીતે નહિં. પણ હા જો ભક્ત ભગવાનનો મુકાબલો હોઇ તો ત્યાં જરૂર ભગવાનની હાર થાય. પણ હા એ જીવ ભક્ત થઇને ન આવે તો કદાપી તેનો વિજય ન થાય માટે જઇશું જ.

સૌ કોઇ માંડવી જવા નિકળ્યા. રસ્તામાં બ્રહ્માનંદ સ્વામીને મહારાજે વાત કરી. બ્રહ્માનંદ સ્વામી તમે કહેતા હતાં ને કે ભગવાન થાય તેને કેવું સારૂ આજ તમારે મારી ગાદીએ બેસવાનું છે. અમો તમને ભગવાનપણું આપવા માંગીએ છીએ. સ્વામી કહે અરે મહારાજ ! તો તો બહુ સારૂ. હું તો વાટ જ જાઉં છું. પણ પ્રભુ કોઇની સાથે પ્રશ્નોત્તરમાં મારી આબરૂ જાય તેવું ન કરો તો હો. મહારાજને સૌ હસવા લાગ્યાં. મહારાજ કહે વાત તો એમ જ છે પણ સાંભળો ખયાખત્રીની સામે આપણે જાહેર ચોકમાં શાસ્ત્રાર્થ કરવો છે. અને તમારે ભગવાનની ગાદીએ બેસવાનું, અમે સર્વે સંતોની ભેળા ઓળખાઇએ નહિં તેવા થઇને બેસી જઇશું. અને ખયો પ્રશ્ન પુછે તેના ઉત્તર તમારે કરવા, ન આવડે તો એમ કહેવું આવા સાદા અને સરળ પ્રશ્નોના ઉત્તર અમારા નાના વર્ણી આપશે. એમ કહીને અમારા તરફ આંગળી ચિંધી દેવી. પછી અમે છીએ અને તે છે. આમ, આ બધુ અગાઉથી જ ગોઠવી દીધું, અને સૌ માંડવી પધાર્યા. જાહેરમાં બધાને આમંત્રણ અપાયું. ખયો

તો વાટ જ જોતો હતો. ક્યારે સ્વામિનારાયણ મળે અને તેનું પાખંડ ખુલ્લુ પાડુ. પણ સામેથી આમંત્રણ મળ્યું. સભા પણ જાહેરમાં તળાવને કાંઠે રાખવામાં આવી. તે વાતની ગામમાં જાણ થઈ આખું ગામ નિકળી પડ્યું. આજ તો ભાઈ સરખે સરખાનો મુકાલબો છે. માટે ચાલો ચાલો નાં ઢોલ ટીપાયા. એમ આખું ગામ જોવા આવ્યું.

આ બાજુ ખયો તેની મા અને હજ્જારો તેના શિષ્યોની સાથે સભામાં આવ્યો. બ્રહ્માનંદ સ્વામી મહારાજના કહેવા પ્રમાણે ઉંચા આસન ઉપર બેઠા. પ્રભુ સંતોની સભામાં બેઠા. બ્રહ્માનંદ સ્વામી ભગવાનના રૂપમાં છે. એટલે સારો આવકાર આપ્યો અને ખયાને આસન ઉપર બેસવા આગ્રહ કર્યો. એટલે તેમણે સ્થાન સ્વીકાર્યું. પછી સભાનો પ્રારંભ કર્યો. બ્રહ્માનંદ સ્વામીએ વાત વહેતી કરી, ખયા ખત્રીજી આપ તો ખુબ મોટા વિદ્વાન જ્ઞાની લગભગ સારાયે શાસ્ત્રોનું અધ્યયન કરેલું હશે. એટલે તમને ભગવાનના જન્મ કર્મ આદિકને વિશે કદાચ સંશય નહિ હોય છતાં તમને અમારા ભગવાનપણામાં કાંઈ સંશય હોય તો પ્રશ્ન પુછો. અમો જવાબ આપીશું. અને ખયાખત્રીના મુખથી પ્રશ્નોની સરવાણી છુટી, એક પછી એક પ્રશ્ન વેદ વેદાન્તના સાર, એક થી એક હજાર ગણા ચડીયાતા પ્રશ્નો પુછે જાય છે, અને અટક્યા વિના હો! સાંભળતા જ બ્રહ્માનંદ સ્વામી તો ઉંડા ઉતરી ગયા. આ હા !હા ! આજે જો પ્રભુ ઉત્તર ના આપે તો મારી શુ વલે થાય ? પણ વિશ્વાસ હતો. પ્રભુ મારી લાજ જરૂર રાખશે જ એટલે સાંભળે જ જાય છે. ખયો તો આગળ આગળ પ્રશ્નો પૂછતો જાય છે. અટક્યા વિના ૫-૧૦-૧૫-૨૦-૨૫-૩૦ સાંભળતા બ્રહ્માનંદ સ્વામી તો વિચાર કરવા લાગ્યા છે. આમના પ્રશ્ન પણ યાદ રહે તેવું લાગતું નથી. ઉત્તર તો ક્યાંથી શોધવા. આતો અહિ બેસતા બેસાય તો ગયું પણ હવે ક્યારેય આવી ભુલ ન કરું. બસ એકવાર લાજ રહી જાય તો ઘણું. અને ખયો ખત્રી પ્રશ્ન પુછતા પૂછતા એકસોને અઢાર પ્રશ્ને અટક્યો છે. અને કહે સૌને ભગવાન થવું ખૂબ ગમે છે. સાંભળો આ એકસો ને અઢાર પ્રશ્નો પૂછ્યા છે તેમાંથી અઢારના પણ ઉત્તર મળે તો પણ હું ભગવાન માનવા તૈયાર છું. સ્વામી મનમાંને મનમાંવિચારી રહ્યાં તુ તો અઢારની વાત કરે છે મારાથી તો એક પ્રશ્નનો ઉત્તર અશક્ય છે. પણ ઉત્તરથી મોઢુ બગાડી અરૂચિ બતાવીને સ્વામી કહે ભાઈ ! ખયા ખત્રી ! અમને તો એમ હતું કે તમો તો ખૂબ મોટા વિદ્વાન છો તે કેવાય ગહન પ્રશ્નો પુછશો પણ તમારા પ્રશ્નો સાંભળતાં તો એમ જણાય છે કે આવા પ્રશ્નોના ઉત્તરતો અમારા સત્સંગમાં હમણાં હમણાં નવા વર્ણી આવ્યાં છે તે પણ આપી શકે. આવા સરળ અને સાદા પ્રશ્નોના ઉત્તર કરવાની અમારી રૂચિ નથી. આવા સાદા સરળ પ્રશ્નોના ઉત્તર કરવાથી તો ઉલટાની અમારી લાજ જાય. મહારાજ અને સંતો વિચારે છે કે સ્વામી પણ ખૂબ પાકા છે. મોણ મુકી મુકીને વાત કરે છે. પછી સ્વામીએ વર્ણી (મહારાજ) સામી આંગળી ચીંધીને કહ્યું અરે વર્ણી! શું શાંત બેઠા છો. આ પ્રશ્નોના ઉત્તર કરો અને ખયાખત્રીને રાજી કરો. અને પછી મહારાજ મંદહાસ્ય મુખારવિંદે ઉત્તરો આપવા લાગ્યા. આ બાજુ બ્રહ્માનંદ સ્વામી મનમાં મનમાં પ્રાર્થના કરે છે હે પ્રભુ ! લાજ આજ તમારા હાથમાં છે. હે ! દયાળુ ! લાજ રાખજે મારી. તમે ભુલ કરશો તો મારી લાજ જશે. હે પ્રભુ હવે કદાપી ભગવાન થવાનો સંકલ્પ શુધ્ધા નહિં કરું. પ્રભુ જાણી ગયા. સ્વામી પસ્તાય રહ્યાં છે અને પ્રભુએ ઉત્તરોની ઝડી વરસાવી દિધી એક એક પ્રશ્નોના ઉત્તર સારધાર આપી રહ્યાં છે. સભામાં સન્નાટો છવાઈ ગયો. સૌ કોઈ આશ્ચર્યના સાગરમાં ડુબી ગયાં. આ તો વર્ણી છે કે કોઈ ઈશ્વર. સચોટ વાણીમાં સાચા ઉત્તરો જેમ ધાણી ફુટે એમ આપી રહ્યા છે, તે સૌ કોઈ સાંભળી રહ્યાં છે. એમ ઉત્તર આપતાં આપતાં એકસોને અઢાર પ્રશ્નોના ઉત્તર આપીને પ્રભુ કહે ખત્રીજી હજુ કંઈ બાકી હોય તો બોલીએ, આજ તમારા સંશયને છેદવા અને અહંકારને ઓગાળવા અને સત્યસ્વરૂપની ચેતના જગાવવા જ આવ્યા છીએ. સભા આખી સ્તબ્ધ થઈ ગઈ. નિરવ શાંતિ પથરાણી સૌની ચિત્તવૃતિ વર્ણીની મૂર્તિમાં તલ્લીન થયેલી છે. તે જ વખતે બાઈઓની સભામાં બેઠેલ ખયાની માં હળવેક રહીને ઉભી થઈ અને ઉંચા સ્વરે બોલી "બેટે ખયા ઈકડો સહજાનંદ નહિ હકડો સહજાનંદ છે". નીચે બેઠેલ તે સહજાનંદ ઓળખી લે આ કોઈ સામાન્ય નથી.

હકડો નીચે બેઠો એ સહજાનંદ હે. બેટા શરણે હો જા શરણે હો જા. આ શબ્દ સાંભળતા તો ખયોખત્રી પ્રભુના શરણે ઢગલો થઈ ગયો. આંખમાંથી આસુની ધારા વહેવા લાગી, પ્રભુ હું આજ દિવસ સુધી ઓળખી ન શકયો. અને મેં આપના સ્વરૂપ,સંપ્રદાયનુ ખંડન જ કર્યું છે. મારો ગુનો માફ કરો. મને તમારે શરણે લ્યો. હું તમારો દાસ, તમારો સેવક અને વેચાણ છું. આ બાજું બ્રહ્માનંદ સ્વામીને મોકો મળી ગયો એ તો ઉંચા આસનથી ઠેકડો મારી નીચે આવ્યા, ત્યાં તો પરશેવે રેબઝેબ થઈ ગયેલા. કહે માંડ છુટ્યો પછી પ્રભુને બાથમાં લઈને ઉંચા આસને પધરાવ્યા. અને ખયાને ઉદ્દેશીને કહે સાંભળ ખયા આ કોણ છે. તે સમજવું છે તે પ્રભુની ઓળખાણ કરાવતું પદ તત્કાળ સ્વામીના હૃદયમાંથી પ્રગટ્યું.

**સહજાનંદ સુખકારી રે સલુણી**

અને ખયો પોતના સર્વે શિષ્યોએ સહીત મહારાજનાં શરણે થયો અને ખુબ સત્સંગના વિકાસ અર્થે પોતાની વિદ્વતાનો ઉપયોગ કરી મહારાજને રાજી કર્યા.

૦-૦-૦-૦

## ૨૨. મોહન મોલ પધારો

ભગવાન શ્રી હરિએ આ ધરતી ઉપર પધારીને અનેક ઉત્સવ સમૈયા કરી અનેક જીવોનો ઉધ્ધાર કર્યો. તેમાં પણ અધમ પાપી એવા જીવને પણ આવારે ડુબવા ન દિધા. જે કોઈ જીવ હોય તેનો ત્યાગ ભાગ, જાત- કુજાત- ભક્ત- અભક્ત એવું કંઈ ન જોયા. એમાં સૌ કોઈને આવીને મોક્ષ પ્રાપ્ત કરવાનો અધિકાર આપ્યો. ત્યારે પ્રભુ અમદાવાદ નજીકના જેતલપુર ગામમાં મોટો યજ્ઞ કરેલ. ત્યારે ત્યાં તો વેશ્યા લક્ષ્મીબાઈને આ કંઈક સેવા કરવાની ભાવના જાગી અને સેવા કરીને શુધ્ધ થઈ. વચનામૃતમાં પણ પ્રભુ સ્વયં બોલ્યા કે સેવાએ કરીને ગમે તેવી વાસના હોય તે

પણ બળી જાય તો એમ સેવાથી પાપ બળી ગયા, અને ભગવાનને પોતાના મહેલે તેડાવીને પાપનું પ્રાયશ્ચિત કરીને ભક્ત બની. અતિ ભાવથી પ્રભુની સેવા કરી તે ભાવનું મુક્તાનંદ સ્વામીએ કિર્તન બનાવ્યું છે. સજની કોડે આનંદ માટે ઘરે શ્રીજી પધાર્યા. તો ત્યાં પ્રભુ ગયા પછી આવતા જરા મોડું થયું છે. સંતો ભક્તો અહીં પ્રભુના ઉતારે બ્રહ્માનંદ સ્વામીની સાથે રાહ જુવે છે. દર્શન વિના દુ:ખી દુ:ખી થયા છે. બ્રહ્માનંદ સ્વામીથી રહેવાયું નહિં અને પ્રાર્થના કરતાં અંતરના ભાવને કિર્તનના રૂપમાં ગાવા લાગ્યા.

મોહન મોલ પધારો, રંગભીના રે.. મોહન મોલ પધારો.
મોલ પધારો મારો જનમ સુધારો.. રંગભીના રે .. મોહન...

આ પદનો કોઇ જગ્યાએ એવો પણ ઉલ્લેખ કર્યો છે જ્યારે મહારાજ લક્ષ્મીબાઇના આમંત્રણને લઇને ત્યાં ગયા ત્યારે લક્ષ્મીબાઇના ભાવને દર્શાવતું આ પદ બ્રહ્માનંદ સ્વામીએ રચ્યું છે. ટુંકમાં આ પદ જેતલપુરમાં બ્રહ્માનંદ સ્વામીએ રચ્યું છે એટલું ચોક્કસ છે.

o-o-o-o

## ૨૩. મારે આજ પ્રિતમ ઘરે આવશે.

અમદાવાદમાં દિવ્ય મંદિર પૂર્ણ થયા પછી ચરોતરના ભક્તો પ્રભુને પ્રાર્થના કરતા કહે છે. હે પ્રભુ ! આપે અમદાવાદમાં મંદિર કર્યું તેતો ખુબ આનંદની વાત છે. પણ અમારે અમદાવાદ જતી વેળાએ રસ્તાઓમાં ખૂબ તકલીફ પડે છે. અમારા માટે ક્યાંક ચરોતરમાં મંદિર થાય તો ખૂબ સારૂ. તે વખતે મહારાજ બોલ્યા અમારા અંતરમાં તો છે જે કે ચરોતરમાં એક ભવ્ય અને દિવ્ય ધામ બનાવવું છે. ત્યારે જોબનપગી કહે તો પ્રભુ વડતાલ જેવું સ્થાન બીજે ક્યાં ગોતવા જશો. અમો તન-મન-ધનથી સેવા કરીશું. તેની માંગણીને માન્ય રાખીને બ્રહ્માનંદ સ્વામીને આજ્ઞા કરી જાવ સ્વામી મંદિરનાં પાયો નાખો અને ગુજરાતની ધરતીને ધન્ય કરો.

સ્વામીને મહારાજે ફક્ત બાર રૂપિયા આપીને મોકલ્યા, પણ સ્વામીના મનમાં એમ મંદિરતો મોટું જ કરવું છે. એમ માનીને નવ શિખરના મંદિરનો પાયો નાંખ્યો અને સૌને અચરજમાં મુકી દીધા. આટલું મોટું મંદિર કેમ પુરૂ થશે ? અમુક ભક્તોએ મહારાજને સમાચાર મોકલીને મંદિર નાનું કરાવવા ઘણી મહેનત કરી, મહારાજે નિત્યાનંદ સ્વામીને મોકલ્યા.અને ચિઠ્ઠીમાં સંદેશો લખેલ.

અપની પહોંચ વિચાર કે, કરીએ તેતી દોડ
તૈસા પાવ પસારિયે, જીતની લંબી સોડ

તે વાતના મર્મને તો સમજી ગયા પણ પોતાનો ઈષ્ટદેવના સામર્થ્યમાં ઉંડો ભરોસો હતો. એટલે નિત્યાનંદ સ્વામીને કહે વારેવારે મંદિર ન થાય. આગળ ખૂબ સત્સંગ વધશે ત્યારે મંદિર નાનું પડશે. માટે જેવા ભગવાન તેવો સત્સંગ તો પછી મંદિર પણ તેવું જ હોય એમ કહી એમણે પણ એક સાખી લખીને ચિઠ્ઠી મોકલી.

સાહેબ સરીખા શેઠિયા, બસે નગર કે માંહિ
તાકે ધન કી કયા કમી, જા કી હુંડી ચલે નવખંડ માંહિ

સાખી લખીને મોકલી. મહારાજે વાંચી અને કહે સ્વામી નાનું મંદિર તો નહિ જ કરે. ત્યારે જીવુબા કહે શા માટે વારે વારે સ્વામીને મહારાજ રોકતા હશે. જેવું મંદિર કરવું હોય તેવું કરવા દોને. મહારાજ કહે હવે વાંધો નહિં. મહાલક્ષ્મીના આર્શીવાદ ભળી ગયા માટે ભલે મોટું મંદિર કરે તેમના સર્વે સંકલ્પ પૂર્ણ થશે. એમ કહી થોડા દિવસ પછી વડતાલ આવવા તૈયાર થયા સ્વામીને સમાચાર મળ્યા સ્વામીને આનંદનો પાર ન રહ્યો. હરિવરને હેરવા હૈયું હાલકલોલ થયું. હૈયામાં હેતની ભરતી ભરાણી. પ્રેમ ઘેલા બનીને પ્રીતમની વાટ જોવા લાગ્યા. અને વધામણાની વધાઇ આઠ પદમાં સમાવી છે.

**મારે આજ પ્રીતમ ઘરે આવશે.**

o-o-o-o

## ૨૪. અધ્યમ ઉધ્ધારણ અવિનાશી તારા

વડતાલમાં જોત જોતામાં નવ શિખરનું ભવ્ય નુતન મંદિરનું નિર્માણ કરી. લક્ષ્મીનારાયણ દેવ, ધર્મભક્તિ વાસુદેવ અને સ્વયંમ સાક્ષાત હરિકૃષ્ણ સ્વરૂપની પ્રાણ પ્રતિષ્ઠા શ્રીજી મહારાજના હસ્તે જ થઇ. કહેવાય છે કે આ મહોત્સવમાં ઘણાં રોકડ રૂપિયાની ભેટ આવી અને બીજી વસ્તુ પદાર્થની તો ગણતી જ ન હતી. આ અદભૂત અને અદ્વિતીય મહોસ્તવ પ્રસંગે અનેક ચૈતન્ય મંદિરો તેમજ પથ્થરના મંદિરો પૂર્ણ કળા અને કૌશલ્યથી બંધાવનાર સદ્‌ગુરૂ બ્રહ્માનંદ સ્વામીના જીવનમાં એક વિચારણીય ગંભીર પ્રસંગ બનેલો. જેની નોંધ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણી ગ્રંથમાં પણ લીધી છે.

આવી' તી બ્રહ્માનંદ ભાગ, તેહ ઉપાધી કરાવી ત્યાગ,
નિરબંધનું બંધન કાપી, નિજ સમીપની સેવા આપી,

સ્વામી જ્યારે તે વડતાલનું મંદિર બંધાવતા ત્યારે મરૂભુમિ મારવાડમાં ભયંકર દુષ્કાળ પડેલો. તેથી ત્યાંના લોકો મજુરી માટે ગુજરાત પ્રદેશમાં આવેલા. તેમાં ખાણ ગામના સ્વામીનાં જ્ઞાતિજનો પણ હતાં. તેમાંના કેટલાક વડતાલમાં બંધાતા મંદિરમાં મજુરી કરી દેહનિભાવ કરવા મંદિરમાં રહ્યાં હતાં. ત્યારે કોઇ વિઘ્ન સંતોષીએ રાગદ્વેષ અને ઈર્ષાના અંધાપે સ્વામી પ્રત્યે આડી અવળી અફવા ઉડાડેલી અને મહારાજ સુધી વાત પહોંચાડેલી. અને કહેતા કે બ્રહ્માનંદજી તો ગુજરાતનાં ભગવાન થવા મથે છે. વળી તેમના મારવાડના સગા સંબંધીને મંદિરમાં રાખ્યા છે.

અને એવું સંભળાય છે કે સ્વામી તો તેના સંબંધીને મંદિર સોંપી દેવાના છે. આ વાત સાંભળી ગાડરીયા પ્રવાહની જેમ વહેતા સમાજની પ્રત્યે શ્રીજી મહારાજને અતિશય ધૃણા થઇ. એટલું જ નહિં પરંતુ અતિશય દુઃખ પણ થયું. કદાચ સમાજ તે ગોળ ખોળ એક કરી દે. પણ આટ આટલો અમારો અને સંતોનો સમાગમ કરેલા સત્સંગીઓને પણ સત્-અસત્‌ની પિછાણ નહિ એ કેટલી અસહ્ય બાબત કહેવાય ? અંતર્યામી સર્વે જાણતા હોવા છતાં સૌને જાણ થાય કે બ્રહ્માનંદ સ્વામીમાં કેટલું નિઃસ્પૃહીપણું છે તે સમાજને સમજાવવા, સભામાં જ મહારાજે સ્વામીને કહ્યું કે સ્વામી હવે મંદિર તો પુરૂં થઇ ગયું છે અને બાકી રહેલું શેષ કામ બીજા કરશે. કારણકે પથ્થરના મંદિરતો બીજા પણ કરી શકશે પણ કાવ્ય મંદિર કોણ કરશે ? માટે તમે અમારી સાથે આવો. આપના વિના સ્વામી બીજુ તો કંઇ નહિં પણ સંગીત સરવાણીઓ અને કાવ્ય કુસુમની ફોરમ ઓસરી ગઇ છે. માટે સાથે જ ચાલો. અવિનાશીની આજ્ઞા થતાં સ્વામી ભંડાર સુધી પણ ભલામણ કરવા ગયા નથી અને ત્યાંથી જ ઝોળી પુજા મંગાવી લીધી. લાંબા સમયથી સખત પરિશ્રમ સાથે મમત્વપૂર્વક નવશિખરવાળું અને વિશાળ અને ભવ્ય મંદિર ચલાવતાં, હજારો રૂપિયાનો વ્યવહાર કરવા છતાં, જળકમળવત્ રહેનાર આ મહાનિસ્પૃહિ સંત શ્રીજીની આજ્ઞા શિરે ચડાવી, સંધ્યાકાળે સહજાનંદ સ્વામીની સાથે હસતા મુખે સૌને ઉંચે સાદે જય સ્વામિનારાયણ કહીને ચાલી નિકળ્યા. જેને અનંત બિજા ધામમાં ભોગ સ્થાનકબાંધી ન શકે તેને આ એક મંદિરમાં કેમ બંધન થાય. એટલે તો નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું.

એવી કોણ વસ્તુ છે આ ભુમાં, જે લોભાય લોભાણા પ્રભુમાં

સૌ મહારાજની સાથે ચાલ્યા આવે છે. એવામાં અધુરા પુરુ મહારાજે કહ્યું સ્વામી ! તમો સીંજીવાડા થઇ સત્સંગના ગામડામાં વિચરણ કરતાં કરતાં ગઢપુર આવજો અમે જઇએ છીએ. સ્વામી તેના મંડળના સંતો સૌ સિંજીવાડે ગયા. પણ સ્વામીના અંતરમાં અતિશય આઘાત લાગ્યો. આમ, શા માટે કંઇક મારાથી ભૂલ થઇ ગઇ હશે. પરમેશ્વરથી વિખુટુ પડવાનું થયું. તેનું નક્કિ કાંઇ મારા જીવની અવળાઇ હશે. કાંઇ ભુલ હશે. અંતરમાં તરવરાટ થવા લાગ્યો. પોતે મૂર્તિ સંભારીને કિર્તન ગાવા લાગ્યા પણ શાંતિ થઇ નહિં. રાત્રી આખી આમને આમ વિતિ ગઇ ઉંઘ પણ ન આવી. રાત્રે નવા નવા કિર્તનો બનાવીને બોલે પણ ન મૂર્તિ દેખાય કે ન શાંતિ થાય. તે પદમાં અતિશય દાસત્વ અને યાચના પડી છે.

મે વારી તવ પર મહેરમ મતવાલા, પીર મિટાયે દિનકી તુમ દિન દયાલ
જેહિ વિધિ રાજી નાથ તુમ, તેહી વિધિ હમરાજી
હાર જીત વૃધ્ધિ હાનકી, તુમરે હાથ બાજી... આમ આર્તનાદથી.

આર્તનાદથી દિનઆદિન થઇને સ્તુતિ પ્રાર્થના કર્યા પછી પણ દર્શન ન થયા ત્યારે સ્વામી અતિ અકળાયા, અને વિરહાગ્નિ પ્રબળ થયો અને યાદ આવી ગયું. મારી માને ભરસભામાં મહરાજે કહેલ કે અમો લાડુદાનના મા થઇને રહેશું. તો છોરૂં કછોરૂ થાય પણ માવતર કમાવતર ન થાય, એમ આંખમાં આસું વહેતાં વિરહાત્મક ભાવથી સિતાર ઉપાડ્યો. અને ભીંજાયેલા તારે પદ ઉપાડ્યું અધમ ઉધ્ધારણ અવિનાશી તારા, બિરુદની બલિહારી રે... આ પદથી પાતળીયો પણ પ્રેમીના પ્રેમે પલળી ગયા. સ્વાત્મખોજ અને પ્રભુના ઉપર બલીહારી બ્રહ્માનંદ સ્વામીને તુરંત મહારાજે દર્શન દીધા શાંતવના આપી. સ્વામી શાંત થયા.

O-O-O-O

## ૨૫. હરિજન સાચા રે જે ઉરમા હિંમત રાખે.

એક સમયને વિષે બુરાનપુર તરફનાં પ્રદેશમાં અષાઢ માસ પણ કોરો ગયોને અને શ્રાવણ આવ્યો છતાં વરસાદ ન આવ્યો. એ વખતે ત્યાં શ્રુંગેરી મઠના શંકરાચાર્ય આવેલા. ત્યારે રાજાએ બોલાવીને વરસાદ બાબતે પુછ્યું. ત્યારે તેણે મહારાજની સાથે દ્વેષને લઇને કહે કો આ પંથકમાં કોઇ નવો પંથ થયો છે કે કેમ ? તો કહે નવા પંથમાં તો સ્વામિનારાયણના સત્સંગી થયા છે. ત્યારે કહે તે લોકોને લીધે એમ છે. તેમને બોલાવીને કહો કાંતો વરસાદ કરે અથવા કંઠીઓ કાઢી નાખે. ત્યારે રાજાએ સર્વે સત્સંગીને બોલાવીને કહ્યું અમારા રાજયમાં તમારે લઇને વરસાદ થયો નથી, માટે જો આઠ દિવસમાં વરસાદ નહિં થાય તો તમારી સર્વેને કંઠીઓ તોડી નાંખીશ. ત્યારે સત્સંગીઓ કહે રાજન ! કંઠી તો શિરને સાટે છે. વરસાદ કરવો કે નહિ કરવો એ તો ભગવાનના હાથમાં છે. એમાં અમો શું કરીએ ? ત્યારે રાજાએ ખીજાયને હુકમ કર્યો કે આ સર્વેને જેલમાં પુરો, વરસાદ આવે તો જ છુટા કરવા નહિ તો ઢીંગલાના ડામ દઇને પરગણા બહાર કાઢી મુકવા. આમ કડક હુકમ કર્યો. એટલે સિપાઇએ બધા ને પુરીને તાળુ મારી દીધું. ભક્તો ત્યાં ભૂખ્યાને તરસ્યા મહારાજને સંભારવા માંડ્યા, અને પ્રાર્થના કરી હે ! પ્રભુ ! અમારે તો એક તમારો જ આશરો છે. તો અમારી આ ટાણે બીજો કોણ સહાય કરશે ? હે ! પ્રભુ ! પૂર્વે ઘણાની તમે રક્ષા કરી છે, તો આજ અમારી રક્ષા કરજો. એમ સ્તુતિ પ્રાર્થના કરતાં સૌ ધુન કરવા લાગ્યાં.

તનકી જાણે મનકી જાણે તે ભક્તવત્સલ ભગવાન પોતાના ભક્તની પીડા કેમ ન જાણે. મહારાજે અંતર્યામી પણે દુઃખ જાણીને ઉદાસ થયા. કોઇ ઠેકાણે નિરાંતે બેસે નહિં, સુવે તો ઉંઘ આવે નહિં. સાંજે વાળુ કરવા બેઠા પણ ખાવાનું ભાવે નહિં, અંતરમાં અતિશય દુઃખી થયેલા જાણી શુકમુનિએ પુછ્યું કેમ પ્રભુ ! આજ ઉદાસી જણાય છે. મહારાજ કહે સ્વામી ! આજ બુરાનપુરના રાજાએ હરિભક્તોને જેલમાં પૂર્યા અને તે સર્વે ભુખ્યા અને તરસ્યા છે. તેથી અમને નથી ઉંઘ આવતી કે નથી ભુખ લાગતી લાવો કાગળ લખીયે. સ્વામી કહે મહારાજ અત્યારે અંધારામાં. માટે વહેલા સવારે લખીએ તો, મહારાજ કહે નહિં અત્યારે જ લખો. દિવો પ્રગટાવ્યો. સ્વામી લખવા માંડ્યા પણ પવન લાગતાં દિવો ઓલવાઇ ગયો. ત્યારે પ્રભુએ પોતાનો જમણો ચરણ લંબાવ્યો એટલે તુરંત અંગુઠામાંથી તેજ નિસર્યું અને સ્વામીએ કાગળમાં આશ્વાસન મળે

એટલે અમુક ભક્તોનાં ઉદાહરણ આપ્યા ને આર્શીવાદ લખ્યાં. વિશેષમાં લખ્યું કે આઠ દિવસ પહેલાં સૌ સારાવાના થશે. ચિંતા ન કરશો. પછી મહારાજ કહે બ્રહ્માનંદ સ્વામીને બોલાવો. એટલે સ્વામીને બોલાવ્યા અને મહારાજે કહ્યું સ્વામી શુરવીરતાનાં અને હિંમત રહે અને વળી ટેક ન મેલે તેવા કિર્તનોની રચના કરો. અત્યારે જ બુરાનપુર મોકલવા છે. એટલે જેનાં જીભને ટરવે સરસ્વતિ અખંડ નિવાસ કરીને રહેલ છે. તેવા સ્વામીને તરત ચાર પદની રચના કરી અનેકાગળમાં લખીને કાગળ વાળી મહારાજને આપ્યા. મહારાજની નજર એ પદની પંક્તી ઉપર પડી જેનાં શબ્દો હતાં...

હરિજન સાચા રે જે ઉરમાં હિંમત રાખે
વિપત વરતી રે, કે દિ દન વચન નવ ભાખે

એમ લખાવી સરનામુ લખીને કહે હવે કોને મોકલશુ. મુળજી બ્રહ્મચારી કહે માણાવદરવાળા ગોવિંદરામ ભટ્ટ આવ્યા છે તે ખુબ ચાલવામાં ઉતાવળા છે. ત્યારે તેને બોલાવવા કહ્યું એટલે રતનજી બાપુ જઇને તેને બોલાવી લાવ્યા. મહારાજે કહે ગોવિંદરામ બુહાનપુર જાશો? તો કહે હા પ્રભુ જેવી આજ્ઞા. પણ હા અત્યારે જ નિકળવાનું છે તો કહે હા પ્રભુ જરાય મોડુ નહિ કરૂ. પ્રભુ કહે પણ સાંભળો વચ્ચે ક્યાંય રોકાવાનું નહિં. કંઇ વાંધો નહી પ્રભુ જેમ આપની આજ્ઞા, એમ કહીને પ્રભુના હાથમાંથી કાગળ લઇ ખડીયામાં નાંખ્યો અને દંવડત કરી અને રજા લીધી. મહારાજ કહે સારું જલ્દી જઇને વહેલા આવજો. એમ ભટ્ટજી હાથમાં દંડ લઇને રાતે જ નિકળ્યા પણ ઘેલા કાંઠે પહોંચ્યા ત્યાં તો અંધારું ખૂબ એટલે કશું સુઝે જ નહિ, એટલે સામા કાંઠે તો માંડ પહોંચ્યા પછી નિલકંઠ મહાદેવના દેરામાં સુઇ ગયા. વહેલા સવારે ચાર વાગ્યે જાગ્યા ત્યાં તો ઘેલા નહિં વિશાળ પટવાળી તાપી નદી જોઇ વિસ્મય પામ્યાં. ત્યાંના માણસોને પૂછ્યું ભાઇ આ ક્યું ગામ છે? ત્યારે તે કહે ભાઇ તમે અજાણ્યા લાગો છો. આ તો બુરાનપુર છે. સાંભળતાં ગોવિંદરામ અચરજ પામ્યા. વાહ પ્રભુ ખરી દયા કરી પુછતાં પુછતાં જ્યાં હરિભક્તોને પૂર્યા હતાં ત્યાં પહોચ્યા અને બારીમાંથી જય સ્વામિનાયારણ કહ્યાં પત્ર આપ્યો અને વાત કરી. એટલે ભક્તોનાં હૈયા હરખથી નાચી ઉઠ્યાં. અને બોલી ઉઠ્યા વાહ અંતર્યામી તમે અંતર કાપ્યું હે પ્રભુ ! તુતો ભક્તવત્સલ સાચો. હે કરૂણાનિધિ તમારી અપાર કરુણાનો કોઇ આરો નથી. હે પ્રભુ તુ અનરાધાર નો આધાર છે અનાથનો નાથ-દુઃખીયાનો બેલી છે. તે વાત સાચી છે.

ગોવિંદરામને રોકવા આગ્રહ કર્યો. ગોવિંદ રામ કહે હું તાપી સ્નાન કરતો આવું અને નાવા માટે ડુબકી મારી ત્યાં તો ઘેલાના ખળખળીએ નિકળ્યાં. પછી નાહી ધોઇને પુજા કરી દરબાર ગઢમાં આવ્યા અને સર્વે પુછ્યું કે ભટ્ટજી આજ મોડા કેમ તો કહે આજ હું તાપી ગંગા ઘેલામાં સ્નાન કરીને આવું છું. પછી મહારાજે આગળથી સર્વે વાત સભામાં કરી. તેથી સૌ અચરજ પામ્યા. પ્રભુની આ ભક્ત વાત્સલ્યતા ઉપર સર્વેને અંતરમાં આશરાના અધિકપણાનું ફળ સમજાણું.

આ બાજુ બુરાનપુરનાં ભક્તોએ રાજાને સમાચાર મોકલ્યાં કે ગઢપુરથી ભગવાન શ્રીસ્વામિનારાયણે મોકલેલો આ પત્ર આવ્યો છે. અને ત્રણ દિવસમાં વરસાદ ખુબ થશે એમ કહેવરાવ્યું. પણ રાજાએ પત્રથી સંતોષ માન્યો નહિં. અને કહે જ્યાં સુધી વરસાદ ન વરસે ત્યાં સુધી મને ભરોસો ન બેસે. આ બાજુ વડિલ હરિભક્તોએ ચિઠ્ઠીનાં કિર્તન ગાયા અને સાંભળ્યા પછી તો એવું બળ આવ્યું કે હવે તો શિર સાટે સત્સંગ કરાવશું ને એવું તો ભજન કર્યું કે ત્રણ દિવસ કેમ ગયા તેની ખબર ન પડી. પછી ત્રીજા દિવસે એવો તો મુશળદાર વરસાદ વરસ્યો તે ક્યાંય ગામમાં કે સીમમાં પાણી ન સમાય અને તાપી બે કાંઠે રેલાઇ તે જ્યાં પેલો મહંત ઉતર્યો હતો ત્યાં સુધી રેલાઇ અને મઠને પણ ઘેરી લીધો અને મઠની તમામ વસ્તુઓ, પદાર્થ તાણી ગઇ,તેથી ખુબ મોટું નુક્શાન થયું અને તે શંકરાચાર્ય પણ તણાયો હતો પણ ઝાડની ડાળી હાથમાં આવી ગઇ તે માંડ બચ્યો. એમ ભક્તને ભીડ પડી છે ત્યારે ભગવાને સહાય કરી છે. અને ભક્તને જ્યારે દુઃખ આપનારના જીવનમાં દુઃખ આવ્યા છે. તો આ શુરવીરતા અને ટેકને ખાતર માથા આપવા તૈયાર થયેલા ભક્તને ઉદ્દેશીને આ કિર્તનો રચાયા. અને વળી કોઇ જગ્યાએ એવો પણ ઉલ્લેખ છે કે ભાવનગરનાં ભક્તરાજ ટેકીલા રુપાભાઇને ઉદ્દેશીને લખાયા છે. તો વળી કોઇ જગ્યાએ એવો પણ ઉલ્લેખ છે કે આ પદ વઢવાણાનાં કેશરમિયાને રાજ્ય તરફથી ઉપાધી આપી ત્યારે તેને ઉદ્દેશીને લખાયા છે. પણ જે પ્રસંગ હોય તે પણ વાસ્તવિક્તા એ છે કે આ પદની રચના ભક્તને ભગવાનની આજ્ઞા પાળવાનું નવું બળ મળે અને ટેક નિયમમાં દ્રઢ બની રહે તેવા શુભ ઉદ્દેશયથી આ કરાયેલ છે.

O-O-O-O

## ૨૯. ઓરા આવો મારા લેરખડા લેરી

વ્હાલા ભક્તો આ વિશ્વના ઇતિહાસના પાને ઘણાં કવિઓના નામ પંકાયા હશે પરંતુ જ્યારે બ્રહ્માંદ સ્વામીની કાવ્યકૃતિઓને જોઇએ ત્યારે એમ થાય કે સ્વામી જેવા તો એક સ્વામી જ છે. જેનો જગતમાં જોટો ન જડે. તેઓ કિર્તનો રચે ત્યારે તેમને શબ્દો શોધવા ન પડે. શબ્દો જ પોતે સાક્ષાત સામા આવીને ખડા થઇ રહે. સ્વામી વાત વાતમાં કિર્તનને રચી નાંખે તો આવો માણીએ એક અદભૂત-દિવ્ય પ્રસંગ.

ગઢપુરનું ભવ્ય અને દિવ્ય વિમાનકાર મંદિરનું કામકાજ પુરજોશમાં ચાલી રહ્યું છે સૌ સંતો ભક્તો તનતોડ મહેનત કરી રહ્યાં છે. ઘેલામાંથી પથ્થર કાઢીને મંદિર સુધી પહોંડવાની સેવા ચાલતી હતી. એમાં મહારાજ અને સર્વે સંતો ઘેલામાંથી પથ્થર કાઢી રહ્યાં હતાં. એમાં સૌ થાક્યા એટલે મહારાજ કહે સૌ થોડીવાર વિશ્રામ લ્યો. એમ કહી જે જ્યાં હતાં થોડે થોડે દુર પથ્થરનાં ઢગલાં હતા તે ઉપર જ ત્યાં ને ત્યાં બેસી ગયાં. પ્રભુ થોડે દુર બેઠા હતાં ત્યારે પ્રભુ કહે સૌ સંતો અહીં ઓરા આવો તો બ્રહ્માનંદ સ્વામી કહે જુવો પ્રભુ અહીંથી અમારે બધાને ત્યાં આવવું પડે,

માટે આપ કૃપા કરીને ઓરા આવોને એમ કહ્યું ત્યાંતો સર્વે સંતોએ પોતાની ચાદરો પથારી આપી. પણ મહારાજ કહે ના તમે બધા અહીં આવો આમ મિઠી રકઝક ચાલે છે. ત્યાં તો બ્રહ્માનંદ સ્વામી ઉભા થઈને હાથ લાંબો કરીને એજ ઘડીએ નમ્ર ભાવે વિનંતી કરતાં કહ્યું કે હે પ્રભુ તમે ઓરા આવો મહારાજ. મારા લેરખડા લહેરી તમારા માટે તો અમે જગને વેરી કર્યું છે. માટે આપ જ અહિં પધારો. હેત અને હૈયામાંથી આવતી ઉર્મીને ચાર પદનાં ચોગઠામાં ગોઠવી દીધી.

ઓરા આવો મારા લેરખડા લ્હેરી

કિધો તમ સારું મેં જગ વેરી.. ઓરા એવી

બીજું પદ પણ અતિ હેતે કરીને બોલવા આવવાની વાત આલેખે છે.

૦-૦-૦-૦

## ૨૭. કનૈયા તેરે કાજ હો, જોગન હોઉંગી

શ્રીજી મહારાજે સંતોને ખટરસનાં વર્તમાન આપી દરેક સંતોને વનમાં જુદાજુદા રહેવાની આજ્ઞા આપેલ. અને જ્યાં સુધી આજ્ઞા ન મળે ત્યાં સુધી દર્શને આવવું નહિં. તેથી બ્રહ્માનંદ સ્વામી દુર રહેતાં હતાં પણ વિરહની વેદનાથી ગામડે ફરવાનું છોડીને ઘેલા કાંઠે ઝુંપડી બાંધીને ત્યાં રહેતાં. અને જ્યારે પ્રભુ સ્નાનાર્થે આવે ત્યારે તેના દર્શન કરી શાંતિ લેતાં. એક વખત ખૂબ દર્શનની તાણ થઈ. ત્યાં કોઈ હરિભક્ત દર્શને જતા હતાં તેમને બોલાવીને આ કિર્તન લખી દિધું અને રાગ,ઢાળ, લય,તાલ ચારે શિખવાડી દીધું તેથી તેમણે મહારાજ પાસે આવીને ગાયું અને છેલ્લી કડી આવી ત્યારે તેમાં આખો ભાવ ભરેલ હતો.

કનૈયા તેરે કાજ હો જોગન હોઉંગી

જમુના કે તટ તકીયા બનાઇ, જલ ખેલત પિયા જોઉંગી

બ્રહ્માનંદ મુકુન્દ તિહારી, મૂર્તિમે અંતર પ્રોઉંગી,

કિર્તન સાંભળતા મહારાજ ખૂબ રાજી થયાં અને તત્કાળ સ્વામીને પોતાની સમીપે બોલાવવા પાર્ષદને મોકલ્યા. એટલે સ્વામી આવ્યા અને દંડવત્ કરતાં આંખોમાંથી આસુંની ધારા વહેતી હતી. ત્યારે મહારાજ બાથમાં લઇ ભેટી પડ્યાં, અને તે દિવસે સ્વામીને થાળની પ્રસાદી આપી.

૦-૦-૦-૦

## ૨૮. જુનાગઢ મંદિરમાં રંગીલદાસની કનડગત વખતે કરેલ. પ્રાર્થનાના ૪ પદ

દિનાનાથ સુખદાઇ, પ્રભુ તુમ અશરણ શરણ કહાવે

જુનાગઢ મંદિરના ત્રણે શિખરોના કોઠાઓનું ચણતર કામ લગભગ પુરૂ થવા આવ્યું એ વખતે હાટકેશ્વરમાં સઘળા નાગરો મળી વડોદરા રંગીલદાસ સુબા ઉપર એક લાંબો પત્ર લખી મોકલ્યો. તે વાંચી સુબાએ જવાબ આપ્યો કે એ સ્વામિનારાયણનું મંદિર હું મારા વતનમાં કોઈપણ ભોગે થવા દઈશ નહિં. અને હું હમણાં જ અહિંથી ત્યાં આવું છું. અને તેનાં કાંકરે કાંકરા ઉડાડી દઉં તો હું રંગીલદાસ નહિં. આ પત્ર વાંચતા સૌ નાગરો રાજી થયાં. તે સૌ રાહ જોવા લાગ્યા. તે વાતની મહારાજના અનન્ય આશ્રિત રૂપશંકર ભગતને જાણ થઈ. તેથી તેમણે મોડીરાત્રે બ્રહ્માનંદ સ્વામીને વાત કરી કે સ્વામી આવી રીતે સુબો આવે છે અને આમ તેમણે પત્રમાં લખેલ છે. તે રાજાનો માણસ છે. તે ધારે તેમ કરે એમ છે માટે આપણે તકલીફ તો પડશે. આટલી મહામહેનતે ઉભુ કરેલ મંદિર પાડી નાંખશે. તેથી સ્વામીને ખુબ દુઃખ થયું આખીરાત્રી નિંદર પણ ન આવી. આખી રાત્રી અંતરનાં ઉંડાણમાં જઇને મહારાજને અરજી અને પ્રાર્થના કરેલ તેનો નિચોડ વહેલા સવારે સ્નાન કરતી વેળાએ શબ્દની ધારારૂપે થયો. ખુબ અરજી કરી પ્રભુ તુ સહાય કરજે. પ્રાર્થનાના શબ્દો અંતરના ઉંડાણમાંથી ઉતરી આવ્યા અને સવારની પુજામાં ગાયા.

દિનાનાથા દિન સુખદાઇ -૪

પછી શ્રી ગોપાળાનંદ સ્વામી પુજા કરતાં હતાં ત્યાં ગયાં તો તે વખતે સ્વામી શાલીગ્રામ ઉપર શિખરની જેમ તુલસી પત્ર ચઢાવતાં હતાં. ત્યારે દર્દીલા દિલે સ્વામીએ એક પછી એક પદ બોલ્યા. - દિનાનાથ સુખદાઇ, - તુમ પ્રભુ અશરણ, કિર્તન પુરા થયા પુજન પણ પુરૂ થયું પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે સ્વામી તમે તો શાલીગ્રામ ઉપર શિખર કર્યું પણ આપણાં મંદિરના શિખર પુરા નહિં થાય, કારણ કે રંગીલદાસનો પત્ર આવેલ છે. અને લખ્યું છે કે સ્વામીના મંદિરનો કાંકરે કાંકરા જુદા કરી નાંખીશ તે વખતે ગોપાળાનંદ સ્વામી બોલ્યા સ્વામી ચિંતા ન કરો શિખર તો પુરા થઈજ ગયા છે. તે અસુર શું કરવાનો. એમ કહેતા કાખનો મુવાળો તોડીને બોલ્યા આ બિચારો રંગીલદાસ તે શું કરવાનો હતો. એતો ગામમાં પણ આવી શકવાનો નથી. તમે જરાપણ ફિકર કરશો નહિં. તે સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ કહે હાશ સ્વામી હવે શ્વાસ હેઠો બેઠો ત્યારે સ્વામી બોલ્યા બ્રહ્મમુની તમારી કવિની અરજી શ્રી હરજીએ સાંભળી છે. માટે નિશ્ચિત રહેજો. અને કામ આગળ ચલાવો. પછી તો સ્વામી ગયા. પણ બન્યું એવું કે તે રંગીલદાસ રસ્તામાં વડાળ ગામમાં રાત રહ્યો અને સવારે નિકળેલો ત્યારે જાળામાંથી સસલું નિકળ્યું અને ઘોડો ભડક્યો ત્યારે તે તેનું બેલેન્સ જાળવી ન શક્યો. અને તેની જ બરછી ઉપર ઉંધો પડ્યો. તેથી બરછી પેટમાં ઉતરી ગઇ અને ત્યાં જ મરણ પામ્યો. તેના મોતની નવાબને ખબર પડી ત્યારે તે કહે મડા ગામમાં ન આવે, એટલે બારોબાર દામાકુંડે લઇ જઇ એનો અગ્નિ સંસ્કાર કરી દીધો. તે વાત ગોપાળાનંદસ્વામીને રૂપશંકરે કરી ત્યારે તે કહે તે તો મરેલો જ હતો. આ કિર્તનો જે વિપત્તિ વેળાએ ગાય તેનાં સર્વે વિપત્તિ આપદા અને દુઃખ ટળી જાય છે.એમ પરંપરાના સંતો કહેતાં આવ્યાં છે......

૦-૦-૦-૦

## ૨૯. વાલે વજાડી છે વાંસળી રે, મારે વજાડી છે મોરલી રે...

પૂર્ણ પુરૂષોત્તમ આ પૃથ્વી પર પધારીને અનંત નગર ગામ અને પુરને પવિત્ર કરતાં કરતાં એક વખત મીણબાઇ ના ભાને પૂર્ણ કરવા કરિયાણા ગામ પધાર્યા. ત્યાંના ભક્તોએ ખૂબ ભાવથી સામૈયા કર્યા, પુરમાં પધરાવ્યાં. અને મીણબાઇનાં દરબારમાં પ્રભુને ઉતારો આપ્યો ઘણા દિવસ સુધી કથાવાર્તાનું સુખ આપ્યું. પછી એક વખત પ્રભુ કાળુભાર નદીનાં કાઠે સભા ભરીને બેઠા હતાં. દિવસ આથમવાનું ટાણું હતું. ગાયો પણ ચરાણમાંથી ચરીને ગામમાં ઉતાવળી પોતાના વાછરૂને મળવા આવતી હતી. વાતાવરણ પણ ખૂબ અહ્‌લાદક હતું. નદિ પણ ખળખળ વહેતી હતી એમાં બ્રહ્માનંદ સ્વામીએ વાત કરી કે મહારાજ જ્યારે આપ કૃષ્ણ અવતાર ધારણ કરીને આવ્યા. તેનાં કરતાં પણ અત્યારનો માહોલ અધિક લાગે છે. કારણકે ત્યારે તો તમારી સાથે કોઇ સાધુ નહોતા. ફક્ત ગોપ અને ગોપીઓ જ હતાં અને વાંસળી વગાડતાં પણ આજ તો ગોપ અને ગોપીઓ જેવા ભક્તો અને વિશેષમાં સતત તમારી સાથે સ્ત્રીધનના ત્યાગી સંતો પણ છે. તો પછી વાંસળી પુર્વે વગાડેલી તે યાદ છે કે ભૂલી ગયા. ત્યારે મહારાજ કહે જો ભૂલી જઇએ તો પછી અમને ભગવાન કોણ કહે ? અમને તો ભૂત, ભવિષ્ય અને વર્તમાન હમેંશા યાદ રહે છે. એમ હજી તો વાત ચાલે છે ત્યાં દેહા ખાચર આવ્યા અને સોને મઢેલ વાંસળી મહારાજને અર્પણ કરી. એટલે બ્રહ્માનંદ સ્વામી કહે હે પ્રભુ હવે જો વાંસળી વગાડતા આવડતું જ હોય તો વગાડો તો જરા અમે પણ સાંભળીએ.

પછી પ્રભુએ ત્રીભંગી શરીર કરીને જમણા પગની આંટી મારીને અદ્‌ભૂત કૃષ્ણકળાયુક્ત દિવ્ય દર્શન આપતાં વાંસળીમાંથી સ્વર છેડ્યા. એ વખતના વાતાવરણની વાત કંઇક અદ્‌ભૂત હતી. ગાયો સર્વે ઘરની દિશા છોડીને પ્રભુ તરફ દોડતી દોડતી આવી ગઇ. નાના નાના વાછરુ પણ પ્રભુ તરફ આકર્ષાય ગયા. સર્વે નરનારી વાંસળી સાંભળવા દિગમૂઢ થઇ જ્યાં જ્યાં સુધી વાંસળીનો સુર સંભળાયો ત્યાં પશુ, પક્ષી, મનુષ્ય સૌ કોઇ શબ્દ સાંભળી આ તરફ દોડી આવ્યા, અને સર્વેને કૃષ્ણ સ્વરૂપે દર્શન દિધા. તે લીલાનું અદ્‌ભૂત વર્ણન કરતાં બ્રહ્માનંદ સ્વામીએ ઘટેલ ઘટનાને કિર્તનના ચોગઠામાં સમાવી પોતે અનુભવેલ અનુભૂતિનું વર્ણન કરવા લાગ્યા.

વાલે વજાડી છે વાંસળી રે. આવે વજાડી છે મોરલી દે.

આમ ચાર પદમાં જેમ અનુભવેલ તે સ્વામીએ આબેહુબ વર્ણન કરી દેખાડ્યું છે.

૦-૦-૦-૦

## ૩૦. પ્રાણ સ્નેહી ઘરૂં આવો.

સત્યસંકલ્પ મૂર્તિ શ્રી સહજાનંદ સ્વામી આ લોકમાં પધારી આત્યંતિક કલ્યાણનો ધોરીમાર્ગ પ્રર્વતાવી અને યાવત્ ચન્દ્ર દિવા કરો. જ્યાં સુધી સૂર્ય ચંદ્ર રહેશે ત્યાં **સુધી કલ્યાણનું પાસું મજબૂત બની રહે તે માટે** મંદિર, મૂર્તિ, શાસ્ત્ર, આચાર્ય, સંત, સત્સંગી એમ ષડ્અંગની સ્થાપના કરી. અને જીવાત્માઓને અક્ષરધામ આપ્યું. અને જે દેહ છોડશે તેને વળી અક્ષરધામમાં તેડી જઇશ એવો કોલ આપ્યા. પછી વિચાર કર્યો કે જે કરવાનું કામ સર્વે કરી છુટ્યા માટે હવે ઝાઝું આ લોકમાં રહેવું નથી. સ્વધામ જવાની તૈયાર કરી, પણ પ્રભુએ વિચાર્યું કે બીજા બધાને તો સમજાવી શકાશે. પણ બ્રહ્માનંદ સ્વામી તો સખાભક્ત છે, માટે તેને કોઇ વાતે સમજાવી શકાશે નહિં. એટલે સ્વામીને જૂનાગઢ અધુરા મંદિરને પુરુ કરવા મોકલ્યા. સ્વામી જવા તૈયાર તો થયાં પણ હૈયું હા પાડતું નથી. નક્કી કંઇક કપટ હશે જ. પણ આજ્ઞા થઇ એટલે તેમાં બાંધછોડ કરે તો દાસત્વ ભાવ લાજે. માટે આનાકાની કર્યા વિના ગયા તો છે પરંતુ રસ્તામાં અનેક અપશુકન થયા એમાં અધુરામાં પુરૂ હરણ આડા ઉતર્યા. ત્યાં તો સ્વામી હૈયું કકળી ઉઠ્યું અને તરત બોલી ઉઠાયું.

હરણ એજ સુખત હરણ, હરણ એજ બુધ્ધિબળ હરણ

હરણ એજ હિંતમ હરણ, હરણ એજ પ્રાણ તન હરણ

એકદમ ગમગીન અને ઉદાસ થઇ ગયાં. અને આંખમાં શ્રાવણ ભાદરવો વરસવા લાગ્યા. હૈયુ હા નથી પાડતું લાડીલાનો વિયોગ સહન થતો નથી, અને દુઃખી હૃદયે અકળાતા અકળાતા ના છુટકે સ્વામી જુનાગઢ પહોચ્યા. પરંતુ આ બાજુ મહારાજે સર્વે સંતો સત્સંગીઓને ભેગા કરીને સભા કરીને તે વાત વહેતી મુકી. હે અમારા સર્વે આશ્રિતો આજ અમે જે વાત કરવા જઇએ છીએ તે વાત તમને ગમશે તો નહિ જ પણ એમ કર્યા વિના છૂટકો નથી. માટે સૌ મોટા મનથી સાંભળજો અમારે આ બ્રહ્માંડમાં અવતરણનો જે હેતુ હતો તે સર્વે સંપૂર્ણ થયો. અને આત્યંતિક મોક્ષ પંથના પાયા ઉંડા અને મજબૂત કરી દિધા. તે માટે હવે તમો સૌ સત્સંગને સાચવજો અને હળીમળી સંપીને રહેજો. આ ગોપાળાનંદ સ્વામી મોટેરા છે. તેની આજ્ઞામાં સૌ વર્તજો અને સ્વામી તમે બંને આચાર્યશ્રીની આજ્ઞામાં રહેજો અને સૌને તેમની આજ્ઞામાં વર્તાવજો. આ વાત કરી ત્યારપછીથી જે પરિસ્થિતિ સર્જાણી તે સ્થિતિનું વર્ણન કરવું એ અશક્ય અને અસહ્ય છે. આખાએ દરબારમાં શોકનું મોજુ ફરી વળ્યું. મહારાજે પોતાની શક્તિથી ધીરજ આપી અને મોટા સંતોને ફરી બોલાવી ભલામણ કરી અને કહ્યું અમારી પાછળ કોઇ દેહનો ત્યાગ કરશે તો તે ગુરૂદ્રોહી વચનદ્રોહી ઠરશે. માટે આ વાતનું સર્વેને અનુસંધાન અપાવીને સત્સંગને સાચવી લેજો એમ કહી પ્રભુ પંચભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં સિધાવ્યા. પરંતુ દિવ્યદેહે પ્રગટ રહીને આ સત્સંગની સંભાળ રાખીને કોઇને દેહ છોડવા દિધો નથી. પણ જો એમ રક્ષા ન કરી હોત તો કોઇ કોઇનો અગ્નિ સંસ્કાર કરનાર બચ્યુ ન હોત. પ્રભુ ધામમાં ગયા. એટલે તુરંત બ્રહ્માનદ સ્વામીને અણસાર આવી ગયો. પોતે શિખરનું કામ કરાવતા હતાં અને પગ લથડ્યો અને સ્વામી પામી ગયા કે નક્કી કંઇક અઘટીત ઘટના ઘટી છે. ફરીવાર જ્યાં અપશુકન થયું એટલે નક્કિ કરી વાળ્યું અને રત્ના કડીયાને કહે રત્ના એ રત્ના એ પથ્થર ચોટાડીશ નહિ કાં તો કહે કપટીએ કપટ કર્યું. બોલતા સ્વામી મુર્છિત

થઇ પડી ગયાં. પ્રભુની યાદ સતત સતાવવા લાગી અને સ્વામી અંતરથી ભાંગી ગયાં. એટલામાં તો ભગુજી આવ્યા અને સ્વામીને મુર્છાવળી એટલે ગોપાળાનંદ સ્વામીનો પત્ર આપ્યો અને થયેલ શંકા સાચી ઠરી અને અન્ન જળનો ત્યાગ કર્યાં. એજ ઘડીએ ઉંટ ઉપર બેસી ને ત્વરીત ગઢપુર પહોંચ્યા. પણ એટલામાં તો શ્રી હરીના પંચભૌતિક દેહનો શરીરનો અગ્નિ સંસ્કાર કરી નાંખ્યો હતો. એથી હૈયાફાટ રૂદન કરવા લાગ્યા. દરબાર, ઓરડા,દિવાલો અને લીંબતરૂના ડાળી-પાન પણ આજ બ્રહ્માનંદ સ્વામીના આક્રંદથી અકળાય ઉઠ્યા, સ્વામીએ વડીલ સંતો આગળ વસવસો વ્યક્ત કર્યો તમે શા માટે પ્રભુના શરીરનો અગ્નિ સંસ્કાર કર્યો. જો શરીર હોત તો એ સહજાનંદને અક્ષરધામમાંથી પાછા લાવી બેઠા કરત. પણ હવે શું ? ગોપાળાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામી, આદિક સંતો કહે અમારે તો ઘણું એમ જ હતું પરંતુ એમની આજ્ઞા જ કંઇ આવી હતી તો અમે તો મજબૂર હતાં. શુ કરીએ ? સ્વામી નિઃસહાય અને અચેતન બનેલા વારેવારે પ્રભુને યાદ કરીને ઘેરે સાદે હૈયાફાટ રૂદન વચ્ચે દર્દિલા દિલથી બોલી રહ્યાં છે. ઘાયલ કિ ગત ઘાયલ જાણે જો કોઇ ઘાયલ હોય.

આ મારા દર્દને કોણ જાણે, હે પ્રભુ અમારે આધાર તુજ હતો તે અમારો આધાર ગયો હવે કોનો અમારે આધાર અને કિર્તન રચીને હૃદયનાં ભાવને કરૂણ કટાક્ષે વર્ણવી રહ્યા ...

પ્રાણ સ્નેહી ધરૂ આવો અબ પિયરા, હિયરા ધીર ધરત નહિં મેરા.. ૧

O-O-O-O

## ૩૧. પાતળીયે હર્યા પ્રાણ રે બેનો મારા પાતળીય હર્યા પ્રાણ

બ્રહ્માનંદ સ્વામીના આક્રંદે સારાયે દરબારગઢમાં સૌ કોઇના નેણને લોહીના અશ્રુથી ભીજવી દિધા. વિરહની પરાકાષ્ઠા સ્થિતિ હતી. આમ જો વધારે રહે તો કોઇના પ્રાણ દેહમાં ન ટકે એટલે ગોપાળાનંદ સ્વામી આદિક સંતો ચિંતાતુર થયા. સ્વામીને હાથ જોડી પ્રાર્થના કરી સૌની સંભાળ રાખવા વિનંતી કરી. અને કહ્યું તમારે કંઇ કહેવું હોય તો ચાલો ગોપીનાથજીની પાસે જઇએ એમાં એ પ્રગટ બેઠેલ છે. તે ત્યાં જઇએ એટલે સારોય સમાજ મંદિરમાં આવે.

બ્રહ્માનંદ સ્વામીને માંડ માંડ ઉપર મંદિરમાં લાવ્યા. ને ગોપીનાથજીની સામે પહોંચ્યા. મૂર્તિના દર્શન કરતાં જ કારમી ચીસ નાંખી. આટલા દિવસ સુધી દર્શન - સ્પર્શના સુખ આપ્યાં અને અંતે તરછોડીને ગયાને ? લાડીલા લાલ ઘનશ્યામ ! મારૂં હૈયુ ધીરજ નથી ઘરતું હે પ્રભુ ? આપ વિના હું કેમ જીવીશ. આમ વિરહાગ્નિમાં વલોવતા વલોવતા સ્વામી કરૂણરૂદન કરી રહ્યાં છે. ગોપીનાથજીનાં ઘુંમટમાંથી આસુંઓની ધારા છુટી અને બધા સંતો ભક્તો એભલ પરિવાર એકત્રિત થઇ ગયો. સ્વામી માંડ્યા છે વેણ ઉપર વેણ મારવા હે કાળીયા તે કપટ કર્યું. જવું જ હતું તો હું હતો ત્યારે જ જવું હતું ને, અમે તો બહારથી કાળો છે એમ જાણતા હતા. પણ તુ તો અંતર થી પણ કાળો છે. હે મારા નાથ! તારા કપટના બાણે મારૂં અંતર વિંધી નાખ્યું છે. હું ઘાયલ મારા એક એક અંગ શિથીલ છે. હું તને શું કહી શકું અને કરી શકું ? તુ મારો પ્રાણ લેતો ગયો હોત તો આ ચિંતા નહોતી. અને વળી મને જણાવા પણ દીધું નહી. આજ સ્વામીના આક્રંદે સૌ કોઇના હૃદયમાં ડર લાગી ગયો. નક્કિ આજ સ્વામીનાં પ્રાણ શરીરમાં નહિં રહે. પરિસ્થિતિ વધારે વધારે ગંભીર બનતી જાય છે. અને સાચે જ પથ્થર ફાટી જાય એવું કરૂણ રૂદન કરતાં કરતાં સ્વામી મુર્છિત થઇ ઢળી પડ્યાં.

મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, રઘુવિરજી મહારાજ આ સર્વે સ્વામીના શરીર પર હાથ ફેરવી રહ્યાં છે. અને કહે સ્વામી સ્વથ્ય થાવ. પ્રભુ રાજી નહીં થાય પ્રાણ છોડવાની ચોખ્ખી ના પાડી છે. જોતાં જ સૌના હૈયા કકળી ઉઠ્યાં. બન્યું કે સ્વામી નહીં જ રહે. થોડીવારમાં હિબકાં અને ધ્રુજકાથી સારૂએ મંદિર ધ્રુજી ઉઠ્યું. શોકની ઉંડી ગુફામાં ઉતરી ગયું. મુક્તમુનિએ હાથમાં પાણી લઇ બ્રહ્મમુનિનાં હોઠ ઉપર મુક્યું. થોડીવારમાં સ્વામીને શાંતી વળી. અને વિયોગની વાદળી ખસી પડી. સ્વામી એકદમ ઉભા થઇ ગોપીનાથજીની મુર્તિ સામે હાથ લાંબા કરીને કરૂણાંભીના કાંઠે ગાવા લાગ્યા.

પાતળીયે હર્યો પ્રાણ રે. બેની મારા મુજ સામું વ્હાલે જોઇને માર્યા આંખલડીનાં બાણ રે..

O-O-O-O

## ૩૨. હરિવર હીરલો રે, હીરલો લાધ્યો રે મંદિરમાં

બ્રહ્માનંદ સ્વામી ગોપીનાથજીની મૂર્તિ સામે ઉભા રહીને એક પછી એક પદ ગાઇ રહ્યાં હતાં. પાતળીયે હર્યા પ્રાણ રે. બેની મારા પાતળીયે હર્યા પ્રાણ. એ ચાર પદ પુરા થતાં એજ વખતે. અંતિમ દર્શનના વંચ્છિત બ્રહ્મમુનિની પરાકાષ્ઠાએ પહોંચેલી ભાવના સભર, આર્તનાદથી ગોપીનાથજી મહારાજની મુર્તિમાંથી અલૌક્કિ તેજ નિકળ્યું અને સારૂએ મંદિર દેદિપ્યમાન થઇ ગયું અને તે તેજના મધ્યમાં શ્યામસુંદર દ્વિભુજ દિવ્ય સાકાર સલુણી મૂર્તિ સહજાનંદની દેખાણી. કંઠમાં સુંદર ગુલાબનો હાર ધારણ કરેલ. અને એક પછી એક પગથીયા પટપટ નીચે ઉતરી રહ્યાં છે. ચન્દ્રકાન્તમણી ને જેમ શોભતા શ્રીહરિ બ્રહ્માનંદ સ્વામીનાં કંઠમાં પોતાનો ગુલાબનો હાર પહેરાવીને ભેટી પડ્યાં. કહેવા લાગ્યા કે સ્વામી તમે મને ગયો જાણો છો. હું તો હંમેશા સત્સંગમાં પ્રગટ જ રહ્યો છું. જ્યારે આપ ઇચ્છા કરશો ત્યારે અમો તમને દર્શન ચોક્કસ આપીશું. આમ, પ્રિતમની પરાવાણી ધીર ગંભીર સ્વરમાં સાંભળતાં જ સ્વામીનાં કંઠમાંથી નિકળતો કરૂણ સ્વર હર્ષોલ્લાસમાં પલટાઇ ગયો. જે આંખમાં વિયોગના અશ્રુ હતાં. તેના બદલે સંયોગના આસું સરી પડ્યાં અને એટલો તો આનંદ થયો, કે જેમ કોઇ દરિદ્રને મહામોંઘો કિંમતી હિરો મળે અને જે આનંદ પ્રગટ થાય તેથી પણ અનંતગણો આનંદ થયો. એ વિરહાત્મક નિધિમાં અતિઆનંદની

ભરતી આવી અને તે પ્રગટાનંદમાં પ્રેમ ઘેલા બની સ્વામી બોલી ઉઠ્યાં ઓહોહોં આજ મને હરિવર રૂપ અદ્‌ભૂત હિરો મળ્યો. આહાહા. આ ગોપીનાથજીનાં મંદિરમાં આવેલો આ અદ્‌ભૂત હિરો કેટલો રૂપરૂપ અને તેજતેજનો અંબાર છે. એમ કહેતાં જ પોતાના ભાવરસને કિર્તનના કડાયામાં ભરીને ગર્જી ઉઠ્યાં.

**હરિવર હીરલો રે, હીરલો લાધ્યો રે મંદિરમાં**

૦-૦-૦-૦

## ૩૩. રંગીલા કાન અરજી અમારી એક જીલીએ

ગઢપુરની દિવ્યભૂમિમાં પ્રભુનાં અંતિમ કાર્યની સમાપ્તિ થયા પછી ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને મહારાજની આજ્ઞા સંભળાવી કે સ્વામી મહારાજે તમને એક આજ્ઞા કરેલ છે તે સાંભળો, તમે મંદિર બનાવવાનાં અનુભવી છે. અને પ્રભુને ગમે તેવું મંદિર તમે કરાવી શકો છો. માટે મહારાજે તમને એ આજ્ઞા કરેલ છે કે તમારે મુળીનું મંદિર બનાવીને દેવોની પ્રતિષ્ઠા આચાર્ય મહારાજ દ્વારા જલ્દી કરાવવી. અને વિશેષમાં કહ્યું કે, જ્યાં સુધી મંદિર પુરૂ નહિં થાય ત્યાં સુધી ધામમાં તેડી જઇશ નહિં માટે તમને મહારાજનો વિરહ સતાવતો હોય અને વહેલું અક્ષરધામમાં જવું હોય તો વહેલું વહેલું મંદિર પુરું કરો. સ્વામી રાજી થયાં પોતાના મંડળના સંતોને લઇ સ્વામી મુળી ગયાં. અને વિશાળ ભવ્ય મંદિરનો પાયો નાંખ્યો. મંદિરનું કામ ધમધોકાર ચાલુ છે. પણ મોટી ચિંતા એ આવી કે મુળીની સીમમાં કોઇ જગ્યાએ મંદિરના કામમાં આવે તેવો પાણો ન મળે. એટલે સ્વામી ધ્રાંગધ્રા ગયા અને ત્યાંના રાજાને પથ્થર વિશેની માંગણી કરી પણ રાજા ત્યાંનો હજુ નાનો હતો અને કારભારીઓ દ્વેષીલા હતાં. એટલે રાજા દ્વારા કારભારીઓએ ના પડાવી. સ્વામી ત્યાંથી પાછા આવ્યાં, પથ્થર મળ્યા નહિં તેથી કામ અટવાણું. ઘણા કારીગરો, સેવાભાવી હરિભક્તો બધા જ ખોટી થતાં હતાં. તેથી સ્વામી ચિંતાતુર થયા. અને વળી મહાજન દ્વારા તપાસ કરાવી પણ દશ ગાઉ સુધી તો પથ્થર ન મળ્યો. અને સ્વામીની ચિંતા અતિ વેગવાન બની આખીર કોઇ રસ્તો જડતો નથી. ત્યારે પર્ણકુટિમાં પ્રભુને પ્રાર્થનાનો પ્રારંભ કર્યો અને કહેતા જાય છે આવી અણધારી આફત પહેલાં ક્યારેય નહોતી આવી. વડતાલ, જુનાગઢ, આદિક મંદિરોમાં ક્યારેય આવી ઉપાધી નહોતી આવી. હે પ્રભુ આપ તો સર્વકર્તા છો અને વળી આપના માટે કાંઇ આ વાત અટપટી નથી. પથ્થર વિના મંદિર કેમ પુરુ કરૂ ?આપ તો સર્વજ્ઞ છો. સર્વ નિયંતા છો. માટે પ્રભુ મારા આગળનો અંધકાર શમાવો અને અમારી અરજી સ્વિકારો. એમ રડતા હૃદયે અને આર્તનાદથી અરજીનો આરંભ કર્યો.

રંગીલા કાન અરજી અમારી એક જીલીએ  
રંગીલા કામ મનની આંટી તે હવે મેલીએ... રંગીલા કાના

૦-૦-૦-૦

## ૩૪. દાબ્યો રહેને ચોર દેવનાં

એક વખતનો પ્રસંગ છે કે મુળીમાં બ્રહ્માનંદ સ્વામી મંદિરનું કામ કાજ કરાવી રહ્યાં છે એ સમયમાં તે ગામમાં એક સારા સમૃધ્ધ ચારણ રહેતાં હતાં. અને તેમને ત્યાં લગ્નનો પ્રસંગ હતો. તેથી તેમને ત્યાં દેશપરદેશથી મોટા મોટા નામાંકિત ચારણો કવિઓ અને રાજકવિઓ આવેલાં. તેમને ખ્યાલ આવ્યો કે આપણા જ ચારણ જ્ઞાતિનાં સંત અહી ભવ્યમંદિર બનાવડાવે છે. માટે સૌ સ્વામીને મળવા આવ્યા અને સ્વામીએ યોગ્ય સન્માન કર્યું સૌને બેસાડ્યા અને વાતચિત કરવા લાગ્યાં. સત્તા અને કિર્તીના મોહમાં અને યુવાનીમાં કેફમાં આવેલા એ સૌએ મળીને બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પુછ્યાં એક જ સાથે ૬ પ્રશ્ન પુછ્યાં - અંત લોપિકાયુક્તિ સેવૈયામાં પ્રશ્ન પુછ્યાં. તેમાં છ પ્રશ્નો છૂપાયેલાં છે.

કોણ સુતા શુભ સાગરની, કહિ વાસ વસે જીવ અંતર જામી ?  
તીરથ કારણ જાઉં ન જાઉં, ગોપ પતિ કોણ ગોકુળ ગામી ?  
કોણ કરે સતીને અતિ વલ્લભ ? કોણ કરે જનને નિષ્કામી ?  
આમ હજી પ્રશ્નનો સર્વેયો પુરો ન થયો ત્યાં તો બ્રહ્માનંદ સ્વામી બોલી ઉઠ્યા.  
પ્રશ્ન સુણી મુનિ બ્રહ્મ કહે સુણો, ઉત્તર શ્રી સહજાનંદ સ્વામી

સર્વેનો ઉત્તર એક જ પંક્તિમાં આપી દિધો તેથી સર્વેને સ્વામીની શક્તિનો તાગ મળી ગયો. જે આતો શિઘ્ર કવિરાજ છે. આપણી શક્તિ આમની આગળ કશી જ નથી, એમ માનીને સર્વે મોટા મોટા કવિઓના માથા ઝુકી ગયાં સ્વામીના શ્રી ચરણોમાં. તે જોતા બીજા જે યુવાનો હતાં તેમને થયું જે આમાં આવા મોટા કવિને ઝુકાવવાની શક્તિ છે, તો શા માટે બાવા થયા હશે? જેને ખાવા ન મળતું હોય ગામ ગરાસ લુંટાઇ ગયો હોય. નારી ભાગી ગઇ હોય. સંપત્તિ લુટાઇ ગઇ હોય તે બાવા થાય. પણ તેમની પાસે આવી અદ્‌ભૂત શક્તિ છે, તે શા સારૂં માથુ મુંડાવીને બેઠા હશે. ત્યારે એક ચારણે તેનો દુહો બનાવીને તેજ સભામાં બોલ્યો.

જિનકો ગામ ગરાસ ગયો સબનાસી, કિર્તિ ગયે ભયે ઉદાસી  
નારી મુઇ ગૃહ સંપત્તિ નાશી, મુંડ મુંડાઇ ભયે સંન્યાસી,

એમ કહીને પોતાના વિષયના વખાણ કરવા માંડ્યા. આવી સરસ શક્તિ મળી લોકમાં પ્રતિષ્ઠા મળી ઘણી સ્રીઓ જેને પરણવા તત્પર હોય છતાં જે તેમાંથી મુખ મરોડે તેને તો કેવા જાણવા. અને અંદરનાઓએ સ્વામીને કહ્યું, અત્યારે ધારો તેવા વિષયને તમે પ્રાપ્ત કરી શકો છો. ચાલોને અમારી સાથે આવો અવસર ફરી નહીં મળે. આપ સ્વામીજી ભૂલ્યા પડ્યા છો. અમારા જેવી મજા તો માણો. આવી રીતના મોહના માર્ગે મન મુકીને માણનારાના શબ્દોને અટકાવીને

સ્વામી એવી તો ચોટદાર, મર્મવેધક અને સ્પષ્ટ રીતે પોતાની જોશીલી જબાનમાં વિષયખંડનાત્મક કાવ્ય દ્વારા અસ્ખલિત ઉપદેશ પ્રવાહ શરૂ કર્યાં. સત્તા, સુરા- સુંદરીનાં સુખને જ સત્ય માનનાર મોહાંધ બનેલા એ કવિરાજોની સાથે યુવાનોને લાગુ પડે તેવા ધારદાર શબ્દો સભર પદો રચતા ગયાં અને ગાતા ગયા અને સમજાવતાં ગયાં. જોતજોતામાં તો આઠ પદ પુરા કર્યાં. વચ્ચે એક પણ મોકો ન આપ્યો અને એવા તો ચાબખા માર્યા કે તમામનાં અંતરને વિધી નાંખ્યા. આ ઉપદેશ સાંભળીને તમામે વહેમ, વ્યસન, વિષય છોડીને સ્વામી પાસે વર્તમાન ધરાવ્યા અને ભગવાનશ્રી હરિનાં પાકા આશ્રિત થયાં અને જીવન પર્યંત નિયમ-નિશ્ચય અને પક્ષની અંદર દ્રઢ બની ભગવાન શ્રીસ્વામિનારાયણનું ભજન કર્યું અને જન્મ સફળ કર્યો તે પદનાં શબ્દો હતાં.

દાટ્યો રહે ને ચોર દૈવના, શુ મુખ લઈને બોલેજી
સ્વારથ કારણ શ્વાન તણી પેર, ઘરઘર ફરતો ઠાલોજી..

૦-૦-૦-૦

## ૩૫. જેઠે જીવન ચાલીયા નિર્મોહી મારા નાથ

બ્રહ્માનંદ સ્વામીએ શ્રી હરિએ કરેલી આજ્ઞાનું સારધાર પાલન કર્યું - મંદિરનું કામકાજ પ્રતિષ્ઠા સહિત સંપૂર્ણ થયું ત્યારે સ્વામીને એમ થયું જે હવે અહિં રહ્યાનું શું કામ છે ? કારણ કે દરેક મંદિરને પૂર્ણ કર્યા પછી મહારાજે મને પોતાની પાસે બોલાવી લીધેલ છે. તો પછી આ મંદિરનું કાર્ય પૂર્ણ તો થયું છે. માટે હવે જલ્દી શ્રી હરિ સમીપે જઈને પ્રભુનું સાનીધ્ય સ્વિકારવું જોઈએ પણ પ્રભુ કેમ મને યાદ નહિ કરતા હોય અમને એમ વિચારતા વિરહની વેદના વધતી ગઈ અને આખરે હવે નિશ્ચય કરી લીધો હતો. અહિં રહેવું જ નથી અંતે એમ થયું કે આ હવે છેલ્લીવાર કલમ હાથમાં લઈ એક કાવ્યની રચના કરીને સર્વ કામને પૂર્ણ કરી હરિમૂર્તિમાં મનને પરોવી દેવું છે એક પણ કાર્ય કરવું નથી. તેથી છેલ્લુ કિર્તન રચવા કલમ ઉઠવી અને પ્રભુ ધામમાં ગયા એ માસથી પદ નો પ્રારંભ કર્યો.

જેઠે જીવન ચાલીયા. નિર્માહી મારા નાથ
દર્શન વિના દુખીયો, સર્વે વ્રજનો સાથ

એમ ઉદાસ અંતરે ઉકળાટ કરતા સ્વામી પોકારી રહ્યાં છે પ્રભુ જલ્દી મને લે ચલો અહિં હવે નહી ફાવે. સૌ સંતો સમીપ આવી ગયા અને સાંભળતાં વિચારનાં વંટોળમાં ઉડવા લાગ્યા એમ થયું કે હવે સ્વામી આ દેહમાં નહી રહે સૌ શાંત ચિત્તે આ પદોને સાંભળી રહ્યાં છે સ્વામી પણ એક એક પદમાં અધિક અધિક આરતવાન બનતા બનતા બાર પદ બનાવ્યા અને હવે છેલ્લુ અધિક માસનું પદ બનાવી ને ગાય રહ્યા છે.

બારેબાસ પુરા થયા આવ્યો માસ અધિક
પ્રિતમ તોય ન પધારિયા, ઠેર્યા મથુરા ઠીક
બ્રહ્માનંદની વિનંતી ઉર ધરજો અવિનાશી
મહેર કરીને માવજી, તેડી લેજો તમ પાસ

બારેમાસના પદમાં મહારાજે જે જે સુખ આપેલા તે સંભારીને વેદના ઠાલવી અવિનાશ આવો એમ કરીને પ્રગટભાવ પ્રદર્શીત કર્યો, અને તેડી જાજો તમ પાસ એમ લખીને કલમને છોડી દીધી.

એ વખતે દેવાનંદ સ્વામી ઘણા દિલગીર થયા અને કહ્યું આ છેલ્લી કડીમાં કંઈક સુધારો કરો પણ સ્વામી કહે દેવાનંદજી હવે એ નહિં જ બદલે બસ ઘણું થયું. એક પણ કડી આ કલમ કે આ હાથથી લખાશે નહી. અને હા મહારાજ પાસે સત્સંગ કાર્ય કરવા ઘણી વખત ઘણું જ માગ્યું પણ હવે એ છેલ્લી માંગણી છે. હવે એ દયાળુ મુર્તિ પાસે કોઈ વસ્તુ માંગવી નથી બસ હવે મુર્તિ સાથે જ વિહાર કરવો છે. અને તમે પણ દિલગીર ન થાવ. કોઈ અમર નથી રહ્યુ કે રહેવાનું નથી માટે જ્યાં શ્રીજી મહારાજ છે ત્યાં અમે છીએ અને અમે જ્યાં છીએ ત્યાં તમો છો માટે ચિંતા છોડી નિચિંત રહી શ્રીજીનું સ્મરણ કરો. તમો તમામ મંદિરનો વ્યવહાર સંભાળી અમારી માફક સત્સંગની સેવા કરો, બસ ત્યારથી જ સાહિત્ય લખવાનું છોડીને બ્રહ્મમુનિ પોતે મુર્તિના સુખમાં અખંડ રહેવા લાગ્યા, અને સ્વામીએ છેલ્લીવાર અધમ ઉધારણ પિયરા ધીર ધરત જેઠે જીવન ચાલ્યા એ ત્રણ પદ ગાયા અને સર્વેને સંકેત કર્યો કે હવે સર્વે સંતો ને તેડાવી લીયો. હવે અમે નહિ રહીએ વધારે, એમ કહી ગાવણુ પણ બે દિવસથી બંધ કર્યું અને સર્વેને તેડાવી ને બોલતા ચાલતાં ધામમાં ધણીની સમીપમાં પહોંચી ગયાં.

૦-૦-૦-૦

# પ્રેમસખી - પ્રેમાનંદ

## હું તો જાઇશ ગીરીધર જોવાં રે માં મુને

પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીને વિશે જે લખવું તે લખનારની કસોટી બરોબર છે. કારણ કે તે પ્રેમસખી તો ખરેખર પ્રેમનું સાક્ષાત્ મુર્તિમંત સ્વરૂપ છે. અને એમ કહેવાય છે કે પ્રેમને કોઇ નેમ ન હોય. જેમનું હૈયું હમેંશા હરિનેજ શોધતું અને ઝંખતું. એવા પ્રેમાનંદ સ્વામીની આગળ ઘણી વખત પાતળીયાના પ્રાણ પણ પાગલ થયેલા જણાય છે. જેમની જીવન ગાથા અદ્ભૂત અને આશ્ચર્યકારી લખાયેલ છે. જે આપણી બુધ્ધીમાં ન બેસે તેવી ઘટના ઘટેલ છે. જો કે કોઇ નકકી પુરવા સાથે નહિ લખી શકીએ કારણ કે જુદા જુદા લેખકોએ સ્વામીની કહાની વિશે અલગ અલગ માહિતીઓ આપી છે. છતાં પ્રયાસ કર્યો છે કે તેમાથી જે વધારે મળતું આવે તે ઉપર વધારે ભાર મુકીને અહિંયા ઉલ્લેખ કરવા પ્રયત્ન કર્યો છે. છતાં વાંચક વર્ગ કંઇ ભુલ જણાય તો ક્ષમ્ય ગણશો.

હવે જોઇએ જે પુરુષોત્તમ હમેંશા પોતાની સખી કહીને સંબોધેલ પ્રેમી પ્રેમાનંદ સ્વામીને વિશે ટુંકમાં તો એ જાણવા મળેલ છે કે પ્રેમપંથના પ્રવાસી પ્રેમદિવાના પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીના જીવન કવનનની કહાની ઘણી કરૂણ અને ગર્ભિત છે. જેમ કાદવમાં જન્મેલ કમળ દેવશિરે ચડીને કૃતાર્થ બની જાય, તેમ ગાંધર્વ જ્ઞાતિમાં જન્મ લઇ મુસ્લિમ સમાજની સોડમાં ઉછરીને પુરુષોત્તમના પ્રેમશિખરના પ્રાણાસન પર આરૂઢ થયેલા આ પ્રેમાનંદ સ્વામી કૃતાર્થ થયા છે.

ખેડા જીલ્લાનું મહેમદાવાદ કરીને ગામ છે. ત્યાં મોતીરામ કરીને બ્રાહ્મણ દંપતિ પોતાના ગુણીયલ બે પુત્ર આનંદરામ અને સુરજરામની સાથે રહે છે. કર્મકાન્ડ કરીને જીવન જીવી રહ્યાં છે. પણ સંજોગો અને સમય કોઇનું સાચવતા નથી. હજી બાળકો નાના છે ત્યાં પતિ દેવલોક સિધાવ્યા. અને આનંદરામ અભ્યાસ માટે કાશીએ જાય છે અને સુરજરામ જેમ તેમ કરીને મોટા થયા અને એક કુળવાન કન્યા સાથે પરણી ગયાં, અને જેમતેમ સંસારમાં આગળ વધી રહ્યાં છે. પણ એક વખત સુરજરામ ટેલ નાખવા કોઇ ગામડે જાય છે તે જ અરસામાં તેમની પત્નિ શોભાને સારા દિવસો શરૂ થયા તે સુરજરામને ખ્યાલ નથી. અને પાછળથી અહીં પુત્રનો જન્મ થયો. પણ સુરજરામને આવતાં શંકા થઇ ગઇ. શોભાએ સમજાવ્યું કે આ આપનો જ પુત્ર છે. દેવસમાન દેદિપ્યમાન અને પ્રતિભા સંપન્ન બાળક હોવા છતાં સુરજરામ સ્વિકારતો નથી અને આખીર શોભા તે બાળકને એક મસ્જિદની સામે ઝાડના ઝુંડ તળે જમીનને સાફ કરીને એક કપડામાં બાળકને સુવાડી છેલ્લી ચુમી લઇને ઇશ્વરને ખોળે છોડી દીધુ, અને મસ્જિદ સામે હાથ જોડ્યા. હે પ્રભુ ! તું મસ્જિદ મંદિર સર્વમાં નિવાસ કરીને રહ્યો છે. આ તારા ખોળામાં મારા વ્હાલા બાળકને મુકુ છું. તુ સંભાળી લે જે અટલું કહીને નિકળી ગઇ.

અને હકીકત છે જેનો કોઇ આધાર નથી તેનો આધાર ઇશ્વર બનતો હોય છે. સુર્યોદય થતાં જ મુસ્લિમો નમાજ પઢવા આવે છે. એમાં ડોસતાઇ કરીને એક વ્યક્તિ હંમેશા આવતી આધેડ વયમાં પણ ખુદા પાસે નિત્ય પ્રાર્થના કરતા હે ખુદા તાલા આપ શેર એક માટી મિલા દે. મેરી નિરૂલ્લા માટે અમારી બંદગી સચ્ચી હો તો એક પ્રાર્થના હૈ. આમ, પ્રાર્થના પછી ડોસાતાઇ બહાર નિકળ્યા પણ એજ વખતે કોઇ માસુમ બાળકનો રડવાનો અવાજ સંભળાયો. અવાજની દિશા તરફ આગળ વધ્યાં પણ દ્રશ્ય નિહાળતાં જ અવાક થઇ ગયાં. એક વસ્ત્રમાં પગનો અંગુઠો મુખમાં રાખી રડતું બાળક જોયું. પણ બાળકની ક્રાંન્તિ પ્રતિભા હજુ સુધી કોઇ બાળક ન દીઠી તેવી જોતાં એમ માની લીધું કે આતો ખુદાતાલાની જ પ્રસાદી છે. નહિ તો આમ ન હોય. જમીન સાફ કરેલ વસ્ત્રમાં વ્યસ્થિત સાચવેલ બાળક છે. માટે મને જ ખુદાએ આપેલ છે. એમ માની બાળકને છાતીએ લગાડ્યું. બાળક રડતું બંધ થયું. ડોસાએ બાળકને ચુમી લીધો.હરખતા હૈયે ઘેર આવ્યા અને બુમ મારી નિરૂ-નિરૂ દેખ ખુદાને પુત્રરૂપ પ્રસાદ દિયા. તો નિરૂએ અતિ આનંદ સાથે સ્વિકારી લીધો. અને વખાણવા લાગી છે કેટલું સુંદર બાળક છે. કેવું હસી રહ્યું છે. ડોસા પાસેથી હકીકત સાંભળીને નિરૂ ખુબ રાજી થઇ ગઇ. પ્રભુ કાયમીની પ્રાર્થના આપે સાંભળી હે નાથ આને આશરે અમારૂ જીવન પુર્ણ કરી શકીશું. અને બાળકને ઉછેરવા બંને લાગી ગયાં. નિરૂ ઉપરથી બાળકનું નામ નુરૂ રાખ્યું છે. નુરૂની ક્રાંતિ - પ્રતિભા દિવસે દિવસે વધતી જાય છે. અને જોત જોતામાં નુરૂ યુવાન થયા. પણ એવી તો પંડિતાઇ પ્રાપ્ત કરી કે ભલભલા પંડિતો થાપ ખાય જાય. પીંગળ શાસ્ત્રમાં જાણે કે હાલતી ચાલતી લાયબ્રેરી. સંગીત અને સાહિત્યની ટોચ હસ્તગત કરી. મોટા મોટા રાજ્યોના પ્રોગ્રામો કરે છે. અગાઉથી તારીખો લેવી પડે છે. તેના પ્રોગ્રામ સાંભળવા મોટા મોટા સંગીતજ્ઞોની ઠઠ જામી જાય. જેમ ચન્દ્ર પૂર્ણતામાં આવતાં ખીલી ઉઠે છે. તેમ નુરૂ પણ યુવાનીમા આવતાં સર્વે કળાએ ખીલી ઉઠ્યાં.

એ વખતે સહજાનંદી સુરજ પણ સોળે કળાએ ખીલેલ દેશ પ્રદેશોમાં તેની ઐશ્વર્યોની કિરણો પહોંચી ગયેલ, અનેકને અજ્ઞાનનાં અંધકારમાંથી કાયમી જ્ઞાનનો ઉજવળ પ્રકાશ પાથરી રહ્યો હતો. તેમા પણ માંગરોળમાં સમાધી પ્રકરણે તો હદ કરી નાંખી સારાએ પ્રાંતના સૌ કોઇનાં ચિત્તને હચમચાવી દિધા છે. સારોએ સમાજ ચારે બાજુથી માંગરોળ આવવા લાગ્યો છે. સૌના હૈયાએ કબુલ કરી લીધેલુ હિન્દુઓએ ભગવાન, મુસલમાનોએ ખુદા જૈનોએ તિર્થકંર આદિક સૌ પ્રેમથી માનવા પુજવા લાગેલ. એ વખતે ડોસતાઇ નિરૂને કહે તારા પિયરામાં સ્વયં ખુદા પધારેલા છે. તો તેના દર્શને નુરૂને લઇ જઇશું. નિરૂ તો રાજી રાજી થઇ ગઇ એક સાથે બે કામ થશે એક તો પિયરીઆને મળવા જવાશે અને ખુદાતાલાના દર્શન પણ થશે. માટે ચોક્કસ જઇશું. નુરૂને વાત

કરી તરત તેમણે હા પાડી. માંગરોળ આવી મામાને ત્યાં રાત્રી રોકાણ કર્યું સવારે દર્શને આવે છે. નુરૂનુ અંતર ! અંતરયામીને મળવા આતુર થયું છે. હવે તમામ તરંગો સ્થિર થયાં. ભાવ ઉપરથી ડોસતાઈ પામી ગયાં કે હવે નુરૂ કાંઈક જુદી દિશામાં જ વહી રહ્યો હોય તેવું લાગે છે. રખે ને ક્યાંક રોકાઈ ન જાય તો સારૂં તેમ જાણી નિરૂને વાત કરી. તેથી નિરૂને પણ વાત સત્ય લાગી. એટલે તેમણે નુરૂને કહ્યું બેટા ખુદાના દર્શન તો અહિંથી થઈ ગયાં તો હવે આપણે નિકળશું. નુરૂ કહે તમારે મોડું થતું હોય તો જઈ શકો છો. હું તો દર્શન કરીને જ રહીશ. નિરૂની શંકા સાચી પડવા લાગી. હવે આ નુરૂ આપડો નહિં જ રહે. તેની આંખ-ચહેરો-વાણી-વર્તન સર્વે બદલાઈ ગયું હતું. તેથી નિરૂ વધુ વધુ આગ્રહ કરવા લાગી પણ નુરૂ એકના બે ન થયા પણ જયારે અતિ આગ્રહ જોયો ત્યારે તેના મુખથી શબ્દો સરી પડ્યાં.

હું તો જોઈશ ગિરિધર જોવા રે, માં મને વારીશમાં
મારા ઉરમાં છબીલાજીને પ્રોવા રે. મેણસે મારીશમાં

શબ્દ સાંભળતાં ડોસતાઈ બોલી ઉઠા લે નિરૂ તુ કહેતી હતી કે એક સાથે બે કામ થશે. હવે મારૂં અતર કહે છે કે જેનો હતો તે ત્યાં જઈ રહ્યો છે. બંને દંપતિ ચિંતા અને વાર્તાલાપ કરતાં રહે છે. ત્યાં પ્રભુની સમીપમાં પહોંચી ગયાં પણ જેમ સરીતા સમુદ્રમાં લીન થઈ જાય તેમ આજ શ્રી હરિને નિરખતાજ નુરૂ પ્રભુમાં લીન થઈ ગયાં અને મહારાજે માંગણી કરી કે ડોસા કોઈનો દાગીનો માંગી લીધેલ હોય તો તે ક્યાં સુધી સાચવી રાખશો. અમારો દાગીનો શું અમને પાછો નહી આપો. સાંભળતાં દંપત્તિ અવાક થઈ ગયાં. બોલવાની કોઈ બારી હતી નહીં. પ્રભુ કહે આના બદલીમાં જે માંગો તે આપું ત્યારે બંનેએ હાથ જોડીને પ્રાર્થના કરી અંતકાળે ધામમાં અમને સાથે તેડી જાજો અને અમારા નુરૂને સાથે લાવજો. પ્રભુ પ્રસન્ન થઈને તથાસ્તુ કહ્યું અને નુરૂને દિક્ષા આપી અને નિજબોધાનંદ સ્વામી નામ પાડ્યું.

O-O-O-O

## ૧. ફુલન હિંડોળે ઝુલત લાલ

એક વખતની વાત છે. હિંડોળા ઉત્સવ ચાલે છે. અને નિત્ય નવીન નવીન હિંડોળા બનાવીને પ્રભુને પધરાવી સંતો ભક્તો સુખડા માણે છે. એમ એક વખત મહારાજ હિંડોળે ઝુલતા હતા. ત્યારે નિજબોધાનંદ સ્વામી દર્શને આવેલા તે દંડવત કરી ચરણે મસ્તક અડાડી પગે લાગ્યા અને બેઠા. ત્યારે મહારાજ કહે સ્વામી તમે સંસ્કુત કેટલું ભણ્યા. તો કહે ત્રણ સારસ્વત બસ તો ત્રણ સારસ્વત તો ઘણું, ભણવું રહેવા દ્યો, અને તેમને તો તાલ-લય-સ્વર એ સર્વેનું અદ્‌ભૂત જ્ઞાન છે માટે મુક્તાનંદ સ્વામીની જેમ કિર્તન બનાવીને ગાવ ત્યારે સ્વામી કહે મહારાજ મુક્તાનંદ સ્વામી તો લોકાલોક જેવા અને હું તો કાંકરા જેવો તે એમના જેવું તે મારે કેમ થાય. એમા શું વાંધો એમના બનાવેલ એ બોલે આપણા બનાવેલ આપણે બોલવા. તમારે અમારી લીલા સંભારી રાખવી અને એનું ચિંતવન કરીને કિર્તન બનાવવું હાલતા ચાલતા બેસતા ઉઠતા ખાતા પીતા સર્વે ક્રિયાને કિર્તનમાં ગોઠવવી પ્રગટની લીલાને પરોક્ષના ભાવથી લખવી. એમ આજ્ઞા કરી એટલે આસને જઈને દર્શન કરેલ મૂર્તિનું ચિંતવન કરતા કિર્તન રચના કરી **ફુલના હિંડોળે ઝુલતા લાલ** એ કિર્તન બનાવ્યું અને પ્રભુ પાસે જઈને ગાયું ત્યાં તો પ્રભુ અતિ પ્રસન્ન થયા અને કહ્યું તમે કિર્તનમાં પ્રેમની પરાકાષ્ઠાએ પહોચશો. આવા નોતા જાણ્યા પણ આ નિજબોધાનંદ એ નામાચરણ ઘણું લાંબું પડે છે. માટે નામ બદલાવીએ હાથમાં મણકો હતો તે મુક્તા બોલ્યા જે મુક્તાનંદ, બ્રહ્માનંદ, નિત્યાનંદ, પરમાનંદ અને પ્રેમાનંદ જાવ આજથી તમારૂ નામ પ્રેમાનંદ પછી એમ કિર્તન કરતા. એમ કરતા એક વખત કોઈ કિર્તનમાં નામાચરણ ચંદ્રસખી હતું તે મહારાજ બોલ્યા કૃષ્ણાવતારમાં ચંદ્રસખી તો આ અવતારમાં અમારે પ્રેમસખી માટે આમને અમો આજથી પ્રેમસખી કહીને બોલાવશું.

O-O-O-O

## ૨. દર્દ લગાડી રહ્યા દૂર છો રસિયા વાલમ....

પ્રેમાનંદ સ્વામીને જ્યારે દિક્ષા આપી ત્યારે સહુ પ્રથમ તો નિજબોધાનંદ સ્વામી નામ રાખેલ. ગાન વિધાથી શ્રી હરિને અતિશય પ્રસન્ન કરવા શાસ્ત્રીય સંગતનો ખુબ ઉંડો અભ્યાસ કરેલ. સંગીત કળામાં શાસ્ત્રીય શિક્ષણ રાગ, તાલ વગેરેનું જ્ઞાન થયું. પછી પ્રભુને કસોટી લેવાની ઈચ્છા થઈ. શ્રીજી મહારાજે સ્વામીને જવાની આજ્ઞા કરી ને કહ્યું સ્વામી, તમારી સારંગી મારી પાસે મુકીને જ જજો અને કલમ પણ હો... નિજબોધાનંદ સ્વામી જોતા જ રહ્યા. કાવ્ય લખવાનું સંગીત વગાડવાનું શું હવે બંધ રહેશે. મહારાજે કહ્યું વામી લો આ માળા હવેથી માળા ફેરવજો સંતને કલા અને કૃતિનો પણ મોહ ન રાખવો એ કોના કાજે છે એ વિચાર મહત્વનો છે.

પ્રભુ પણ અભ્યાસ છુટી જશે તો, ત્યારે શ્રીહરિ કહે સ્વામી એવી શંકા ન રાખશો. પહેલા તો દર્શન, શ્રવણ અને સ્મરણની દ્રઢતા રાખીને ચિત પ્રભુમાં જોડી દેવું થસે ને સ્વામીએ હા ભણી.

શ્રી હરિએ નિજબોધાનંદને એમનું મન કલાભક્તિમાંથી ઉતરી પ્રભુ ભક્તિમાં ચોટે એ માટે જ કાવ્ય અને સંગીતથી અળગા કર્યા. પ્રભુ ભક્તિ કરનારને જેટલી વ્યસન મુક્તિની આવશ્યકતા છે તેટલી જ સાઝ અને આવઝ મુક્તિની આવશ્યકતા છે. માણસનું મન કોરા કાગળ જેવુ બની જાય પછી જ પ્રેમલક્ષણા ભક્તિનો રંગ ચડે. નિજબોધાનંદે કાય પણ દલીલ કર્યા વગર આઠ મહિના અતિ પ્રિય સારંગી વિના ઘેલા નદિના કાંઠે બેસીને નિષ્કુળાનંદ સ્વામી સાથે જ્ઞાન ગોષ્ટી કરતા કરતા કાઢી નાખ્યા. આ રીતે કસોટીથી પાર પામતા એક દિવસ શ્રીજી મહારાજે નિજબોધાનંદને નજીક બોલાવી એમને સારંગી પાછી આપી એટલે તુરંત રાજી થકા મહારાજની

સામે ધરી મહારાજનો સ્પર્શ કરી તેના તારને ઝણઝણાવ્યા અને મહારાજની સાન થતા જ સ્વામીએ સાઝ ઉપર સુર રેલાવી મહિનાઓથી હૃદયમાં પડેલી દર્દીની રચના ગાવા લાગ્યા.

દરદ લગાડી રહ્યા દુર છો રસિયા વાલમ...
દરદ લગાડી મેલા દુઃખના સાગરમાં અમને,
નાથજી ન ઘટે જરૂર રે, રસિયા વાલમ દરદ,
મોરલીને તાને નેણુંની સાને વાલા,
કહાનવર કીધેલ ચકચુર રે, હો રસિયા વાલમ...
દરશન વિના ક્ષણ જુગ સમ જાયરે વાલા,
દલડામાં દુઃખ ભરપુર રે, હો રસિયા વાલમ...
નિજબોધાનંદના રે પ્યારા, વદન દેખાડો વાલા,
રસિયાજી રાખોને હજુર રે, હરે રસિયા વાલમ.

કિર્તન પુર થતા જ શ્રી હરિએ પોતાના કંઠમાંથી જ પુષ્પમાળા કાઢી પ્રેમથી પહેરાવતા હે સ્વામી તમારા કિર્તનમાં પ્રેમની અનોખી મસ્તાઇ જણાય છે. માટે આજથી તમારૂ નામ નિજબોધાનંદની જગ્યાએ પ્રેમાનંદ મુનિ રાખીએ છીએ. સભામાં વાત કર્તા હારાજ કહે છે. ''રસિયાજી રાખોને હજુર '' એવી સ્વામીની આર્ત ભરી પ્રાર્થનાથી અમે પ્રસન્ન થઇને સદાય અમારી હજુરમાં રાખશું સ્વામી પણ અતિ પ્રસન્ન થઇ દંડવત કર્તા વળી પાછું એ પદ ગાઇને પ્રસન્ન થયા.

૦-૦-૦-૦

## ૩. ચંદન ચરચીત નીલ કલેવર સુંદર...

જુનાગઢની અંદર એક વખત ગ્વાલીયરના ખ્યાતનામ ગવૈયાઓ મહારાજ બહાદુર ખાન પાસેથી ઇનામની આશાએ આવ્યા હતા. નવાબ પાસેથી જયારે મોજ માગી ત્યારે નવાબ કહે છે. મોજ મો માગી આપું પણ એક વખત સ્વામિનારાયણના ગવૈયાઓને જીતીને આવો પછી. કારણ કે જયારથી મે સ્વામિનારાયણના સંત પ્રેમાનંદના મુખ થકી રુહાની (આત્માનું) સંગીત સાંભળ્યું ત્યારથી મારે અન્ય ગવૈયાઓમાંથી મન ઉઠી ગયું છે. સ્વામિનારાયણના ગવૈયાઓને હરાવે તો ખરા, પણ મને વિશ્વાસ છે તેને હરાવવા એ કોઇ નાની વાત નથી. ત્યાં સુધી વિશ્વાસ છે કે આ ધરતીપરનો તો શું સ્વર્ગના ગાંધર્વ કે કીન્નરો તેની સામે તેનું સંગીત સાંભળે તો તે પણ એક વખત માથું ઝુકાવી દેવું પડે.

વાત સાંભળતા સર્વે ગવૈયાનું માન ઘવાતા ઉભા થઇ ગયા અને સ્વામિનારાયણના ગવૈયાઓને હરાવવાની આશા લઇ ગઢપુર આવે છે. શ્રીજીમહારાજ સંધ્યા ટાણે દાદાના દરબારાં લીંબુ વૃક્ષ નીચે વિશાળ સભા કરીને બેઠા છે. એ અરસામાં ગવૈયાઓએ દરબારમાં પ્રવેશ કર્યો. શ્રીજી મહારાજે સહુની ખબર અંતર પુછી સભામાં બેસાર્યા. સર્વે ગવૈયાઓએ પોતાની ઓળખાણ આપી અને ગાયકોએ શ્રીજી મહારાજને પોતાનું સંગીત સંભળાવવાની આજ્ઞા માગી. મહારાજે કહ્યું, ''આપ સહુ વયોવૃધ્ધ અને જ્ઞાનવૃધ્ધ છો તેથી અમારા પરિચારકો આપને પહેલા સંગીત જરૂર સંભળાવશે.''

એ વખતે સર્વે સંતો હાજર હતા. મહારાજે પ્રેમાનંદ સ્વામી તરફ જોઇ ગાવા ાટે નિર્દેષ કર્યો એટલે પ્રેમસખીએ પુછ્યા મહારાજ ક્યો રાગ ગાઇએ ? ત્યારે મહારાજ ગગન તરફ નજર કરી અને પ્રેમસખીને આદેશ કર્યો કે ''સ્વામી ભૈરવ રાગ ગાવો'' આ સાંભળતા જ ગ્વાલિયરના એ ગવૈયાઓ ચોકી ઉઠ્યા એમને થયું, આ સંધ્યાટાણે પ્રાતઃકાલીન રાગ ભૈરવ ! કહેતા ભૌ દિવાના ઓર સુનતા ભૌ દિવાના. ગુજરાત ગાંડી કહેવાય છે, તે શું આ કારણે જ હશે ?

પણ આ સંતો માટે તો 'આજ્ઞા ગુરૂણાં અવિચારણીયા' એવું હતું. મહારાજ કહે કે રાત એટલે રાત અને દિવસ એટલે દિવસ. એમાં જરાય સંશય ન હોય.

મહારાજની આજ્ઞા થતાં જ પ્રેમાનંદ સ્વામીએ સારંગી છેડી આલાપ કરીને ભૈરવ રાગનો દ્રુપદ ગાયો. બ્રહ્માનંદ સ્વામીએ તબલા ઉપર સંગત કરી અને મુક્તાનંદ સ્વામીએ સિતાર લીધી. જેમ જેમ રાગ જામતો ગયો એમ એમ સંધ્યાને ટાણે પ્રાતઃ નું પ્રાગટ્ય થવા લાગ્યું અસ્તાચળ પર પહોંચેલા સૂર્યના કિરણોથી સંધ્યાની જે લાલિમા પથરાઇ હતી તે જાણએ અરુણોદય હયો એવી ભ્રાંતિ સર્વેને થવા લાગી સવાર થયું હોય એવી ભ્રાંતિમાં કુકડો પણ બોલી ઉઠ્યો. પ્રકૃતિના વાતાવરણ ઉપર ભૈરવના સ્વરોએ એવી પક્કડ જમાવી કે સર્વને સ્મરણ જ ન રહ્યું કે સલૂણી સંધ્યા રાત્રિના શ્યામ સાળુંમાં સરી રહી છે.

પ્રભાતના પક્ષીઓના મીઠા કલરવ સાથે પ્રેમાનંદ સ્વામી ભૈરવના સ્વરોને આલાપી રહ્યા...

ચંદન ચરચિત નીલ કલેવર સુંદર,
કટિતટ કસ્યો પટ પીત..... ચંદન
ચંચલ લોચન ભવદુઃખ મોચન,
રોચન એ મનમોહન મીત....ચંદન
ચિતવની ચિતવન દેખી સુખ ઉપજત,
હસત હસત મન જોરબ બરજોરી પ્રીત...ચંદન
પ્રેમાનંદ પ્રીતમ પ્યારે કી છબી પર,
તન મન બલી જાઉં નીત નીત.....ચંદન

આલાપ, તાન, સંચારી, આભોગ એણ એક પછી એક અંગો લેતા ગયા તેમ તેમ રાગનું શુધ્ધ સ્વરૂપ ખડું થતું ગયું. કિર્તનના સુરો સર્વના અંતરમાં રમણ કરવા લાગ્યા. ગ્વાલિયરના

ગવૈયાઓ અચંબામાં પડી ગયા. એમને થતું આ તો અદ્વિતય ગાન છે. સમય પ્રમાણે રાગ તો બધા ગાય છે. પણ સંગીત પ્રમાણે રાગ પ્રમાણે સમયને પ્રવર્તાવવો એ આ સંત સંગીતકારો જ કરી શકે.

કિર્તન અને સંગીતના રણઝણાક વિરમ્યા, ગ્વાલિયરના રાજગાયકોને લાગ્યું કે જુનાગઢના નવાબ સાહેબે આજે આપણને મહામુલો લ્હાવો અપાવ્યો. આ રૂહાની સંગીત જો આપણે ન સાંભળ્યું હોત તો ખરેખર આત્માનું સંગીત કોને કહેવાય એનાં અભિજ્ઞ અનુભવથી આપણે સદંતર વંચિત રહી ગયા હોત. શ્રીજી મહારાજનાં ચરણોમાં મસ્તક નમાવી એમના વયોવૃધ્ધ ઉસ્તાદે કહ્યું હવે અમને ખબર પડી કે આપે સંધ્યા ટાણે ભૈરવ રાગ શા માટે સંભળાવ્યો. તમારા સંતોના સંગીત પાસે સાચે જ અમારા સંગીતની કિંમત કોડીની જ છે. નવાબ સાહેબે કહ્યું હતું એ પ્રમાણે સાચે જ આ સંગીત રૂહાની સંગીત છે.

આ સાંભળીને મહારાજે સ્મિત કરીને કહ્યું આજે તમને આ સંતના સંગીતની મહત્તા સમજાઇ એથી એમને પરમ સંતોષ થયો છે. કલા માત્ર ઇશ્વરાભિમુખ બનવા માટે જ છે. કલા માત્ર આત્માને ઉર્ધ્વગામી બનાવવા કાજે કલાની એ ાધનામાં દુન્યવી કામના ન ભળવી જોઇએ એ ફક્ત પ્રભુ પ્રત્યર્થે જ સમર્પવી જોઇએ. અમે તો અમારા સંતોને સદાય કહીએ છીએ કે ઇશ્વરના સ્મરણ અનુસંધાન વિના ગાયું એ ન ગાયા જેવું જ છે. મહારાજની માર્મિક વાણી સાંભળીને એ રાજગાયકો ધન્ય થઇ ગયા. એ ગાયકો ગઢડામાં બે ચાર દિવસ રહ્યા ત્યાં સુધી દરરોજ શ્રીજી મહારાજને પોતાનું સંગીત સંભળાવતા. શ્રીજી મહારાજે તેઓને ઉચિત પુરસ્કાર આપીને વિદાય આપી.

૦-૦-૦-૦

## ૪. મૈતો ગુનેગાર તેરા રે

સંવત ૧૮૮૨ ના જેઠવદી અમાસને દિવસે શ્રીજી મહારાજ દાદાનાં દરબારમાં ઉગમણા બારનાં ઓરડે સભા ભરીને બેઠા હતા અને મહારાજે એક ગુનેગારે, રાજા પાસે પોતાનાં ગુના કબુલ કરીને સુખીયો થયો તેનું દ્રષ્ટાંત આપીને વાત કરી કે,

અનંત કોટિ બ્રહ્માંડોના અધિપતિ એવા અમે સ્વયં પુરૂષોત્તમનારાયણ આજે આ બ્રહ્માંડમાં સાધુના વેશમાં મુક્તોના મંડળ સાથે આવ્યા છીએ. કરોડો જીવોના કલ્યાણ અર્થે અમે સંતોના મંડળો સાથે ગામેગામ વિચરીએ છીએ. અમારા મુક્તો સૌને સમજાવે છે કે આ સાક્ષાત પુરૂષોત્તમનારાયણ છે. એમની આજ્ઞા પાળી, એમની સેવા ચાકરી કરી એમની પ્રસન્નતાના ભોજન બનો તો ધન્યતાનો પાર નહી રહે. એ વાત જેને સત્ય મનાશે એ બડભાગીને અમે અક્ષરધામમાં દિવ્ય સુખના અધિકારી બનાવીશું. પણ જે અમારો કે અમારા સંતનો દ્રોહ કરશે એ તો નિશ્ચે અધોગતિ પામશે. આ અવસર જે ચૂકી જશે એના પસ્તાવાનો પાર નહીં રહે. આ વાત સાંભળીને સૌ અંતરમાં એને સંઘરી રાખજો ને એમાં લેશમાત્ર પણ સંશય ન કરશો.

"વળી એક બીજા વાત પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. કેવળ પુરુષ પ્રયત્નથી જ કલ્યાણ ક્યારેય સધાતુ નથી. જ્યારે પરમેશ્વરની કૃપા થાય છે ત્યારે જ મોક્ષપ્રાપ્તિ થાય છે. માટે હું કાંઇ પાપ કરતો નથી એવો ગર્વ ક્યારેય ન કરવો. આ વાત સમજવા એક દૃષ્ટાંત કહું છુ તે સાંભળો એ સાંભળીને તમારા મનની ભ્રાંન્તિ દૂર થશે.

એક અવસરે એક રાજાએ પોતાના રાજ્યની સમસ્ત પ્રજાની એક જાહેર સ્થળે વિરાટ સભા ભરી. રાજ્યના મોટા કારભારીઓથી માંડીને સામાન્ય પ્રજાજન સહિત સર્વે રાજાની આજ્ઞા માનીને ત્યાં આવ્યા હતા. પછી સભામાં રાજાએ કહ્યું : આ સભામાં બેઠેલા સર્વેમાંથી જેણે નાના મોટા ગુન્હા કર્યા હોય એ સહુ ઉભા થઇ પોતાના ગુનાઓની જાહેરમાં કબૂલાત કરી લેશે એને માફી બક્ષવામાં આવશે. પણ જે ગુનેગાર હોવા છતાં જાહેરમાં એની કબૂલાત કરી માફી નહીં માગે તો એને સખતમાં સખત શિક્ષા કરવામાં આવશે. રાજાએ આવી જાહેરાત ત્રણવાર કરી. પ્રજાજનોમાંથી જેણે જેણે નાના મોટા ગુન્હા કર્યા હતા એ બધા જ સભામાં ઉભા થઇ માફી માગી. રાજાની આજ્ઞા લઇને ઘેર ગયા. પણ રાજાના જે કારભારીઓ હતા એમાંથી કોઇ ઉભું ન થયું. ત્યારે રાજાએ કહ્યું : કારભારીઓ ! હું જાણું છું કે તમે બધા ભ્રષ્ટાચારી છો, છતાં તમે કોઇ પોતાના ગુનાઓની કબૂલાત કરતા નથી. બીજા લોકો તો મારાથી ડરીને ગુનો કબુલ કરી લે છે. પણ તમે સૌ તો અતિશય અભિમાની છો તેથી તમારા વાંકની વાત છાની રાખી તમે ગુના કર્યા જ કરો છો. તમે જ સખત શિક્ષાના અધિકારી છો. પછી રાજાએ એ સર્વેના ગુનાની તપાસ કરાવી એમને કડકમાં કડક શિક્ષા કરી."

આ પ્રસંગ ધ.ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે એમના 'શ્રીહરિલીલામૃતમ્' ગ્રંથના પ્રથમ ભાગમાં બહુ વિસ્તારથી વર્ણવ્યો છે.

ઉપરોક્ત દૃષ્ટાંતનો સાર કહેતા શ્રીજીમહારાજ આગળ કહે છે :

"સુણો તે વાતનો હવે સાર, જેને છે અભિમાન અપાર
તે તો જાણે છે તપ જપ કરી, ભવસાગર હું જૈશ તરી
નથી કરતો હું પાપ લગારે, પ્રભુ શું કરશે મને ત્યારે
જેવું કારણ તેવું જ પમાય, ત્યારે પ્રભુની ગરજથી શું થાય.
એમ સમજે છે મૂઢ અજ્ઞાની, પ્રભુ ન ભજે અહં બ્રહ્મ માની.
મારા આશ્રિત છો જન જેહ, તેવા કોઇ થશો નહિ તેહ."૧

આ વાત સંતો તથા હરિભક્તો આગળ મહારાજે કરી તે વખતે પ્રેમાનંદ સ્વામી પણ સભામાં બેઠા હતા. એમણે શ્રીજીમહારાજની વાતનું તાત્પર્ય તત્કાળ ગ્રહણ કરીને નિષ્કપટ ભાવે અંતવૃતિ કરીને શ્રીજીમહારાજ પાસે માફી માગી જાણ્યે-અજાણ્યે થયેલી ભૂલને પણ અંતર્યામી અને સર્વજ્ઞ મહારાજ જાણે જ છે તો તેમની પાસે શું છુપાવવું ? આવા અંતરભાવને કાવ્યરૂપે નિરૂપી પ્રેમાનંદ સ્વામીએ એ જ વખતે સભામાં કિર્તન રચીને શ્રીહરિ પાસે ક્ષમાયાચના કરી.

મેં તો ગુનેગાર તેરા રે, હો સ્વામીન મેરા ; ટેક
હું ગુનેગાર તેરા કિરતાર, દે શરન ચરન કેરા રે; મેં તો, ૨

૦-૦-૦-૦

## ૫. નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ...

સં. ૧૮૮૧ ના (સને ૧૮૨૫) કાર્તિક વદ સાતમને શનિવારે શ્રીજી મહારાજ સુરતના હરિભક્તો તથા ખાસ કરીને તો પારસી ભાવુક ભક્ત અરદેશર કોટવાળના ભાવભર્યા નિમંત્રણથી સુરત પધાર્યા હતાં, ત્યારે અરદેશર કોટવાળ, તેમના ભાઇ પીરોજશાહ, બેહરેમંદખાન, સુરતના નવાબ અફઝુલુદ્દીન ઉપરાંત અંગ્રેજ ન્યાયધીશ એન્ડરસન તેમજ બે અગ્રેંજ અમલદાર મિ. હેરન તથા મિ. રોમરે શ્રીજીમહારાજને પોતાના આંગણે તેડીને સારો સત્કાર કર્યો હતો. સુરતમાં શ્રી સહજાનંદ સ્વામી નવ દિવસ રહ્યાં હતાં. એ વખતે સુરતમાં લાલકૃષ્ણની વાડીમાં શ્રીજી મહારાજનો મુકામ હતો.

એક દિવસની વાત છે. અરદેશર કોટવાળના બંગલે પધરામણી કર્યા બાદ સાંજે શ્રીજીમહારાજની સવારી પાછી ઉતારે પધારતી હતી. અસ્તાચળે ડૂબતાં સૂરજની લાલિમાંથી આખુંય આખાસ જાણે ભગવી કથાધારી ધ્યાનમસ્ત બનેલા કોઇ અલમસ્ત જોગીની જેમ મસ્ત ગુલાબી ઝાંયમાં ઝબોળાઇ ગયું હતું ! પોતાના માળામાં પાછા ફરેલા પંખીઓના મીઠા કલરવ અને મંદિરોમાં થતા આરતીનાં ઘંટારવ સંધ્યાકાળ પ્રાકૃતિક સૌદર્યને અનોખો ઓપ આપતાં હતાં. અરદેશર કોટવાળને ત્યાંથી પાછા ફરતાં સાધુઓ સંગે શ્રીહરિ મીરઝાના ચકલામાંથી પસાર થતાં હતાં. તે સમયે મીરઝાના ચકલામાં ગાનકળામાં કુશળ અનેક તવાયફો રહેતી હતી. સમી સંધ્યાટાળે જ્યારે સાધુના મંડળ સાથે શ્રીજીની સવારી ત્યાંતી ચાલી જતી હતી ત્યારે આ તવાયફોનો ધીરો પણ માદક સૂર વાતાવરણમાં પ્રસરી રહ્યો હતો. આ સ્વર કર્ણપ્રદેશમાં પ્રવેશતાં ગાનના અભ્યાસી શ્રવણ કરનાર સ્તંભાવવાને પૂરતા હતાં. આ સવારીમાં પ્રેમાનંદ સ્વામી પણ સાથે હતાં. સાધુઓ તા નતમસ્તકે ચાલ્યા જતાં હતાં. પરંતુ એ સંગીતનું માધુર્ય કલાપ્રેમી ‘પ્રેમસખી’ને અત્યંત સ્પર્શી ગયું. એ મધુરા ગાનનો આલાપ એમના મનમાં ઘુંટાવા લાગ્યો. એ સુંદર સ્વરરચના એમના કાનમાં શાશ્વતસૂરના પ્રાણ પૂરી ગઇ ! અને ચાલતા ચાલતાં જ તેઓ સાંભળવામાં એટલા તલ્લીન થતાં ગયાં કે સ્વાભાવિકપણે તેમના પગલાં ધીમાં પડવા લાગ્યાં અને સર્વે સાધુઓના મોખરે ચાલતાં પ્રેમસખી ધીરે ધીરે છેક પાછલી હરોળમાં આવી ગયાં. પરંતુ શ્રીજીમહારાજની ચકોર નજર શાની ચૂકે ? એમણે તરત ઘોડી પાછી વાળી, ગાયિકાના ગાયનમાં મશગૂલ બનેલા એ સંત પાસે જઇ તેમને ઢંઢોળ્યા અને હલવા શબ્દોમાં મીઠો ઠપકો આપતાં કહ્યું - “સ્વામી ! આ શું ? આજે તમે કેમ પાછળ રહી ગયાં ?”

મહારાજની માર્મિક વાણીમાં જે ટકોર હતી તે પ્રેમસખી પામી ગયાં. શરમાઇને નીચી નજરે એમણે શ્રીહરિની માફી માંગી. મહારાજે મામકીની લગામ ખેંચતા કહ્યું - “સંગીતને તમારે વશ કરવાનું હોય, સ્વામી ! સંગીત ઉપર તમારો કાબૂ હોવો જોઇએ, નહીં કે સીગતનો તમારા ઉપર !” મહારાજે પછી પ્રેમસખીને સવારીમાં સંતોની વચ્ચે રાખ્યા અને એમ કરતાં સવારી ઉતારે પહોંચી.

રાત્રેસૂતા પહેલાં શ્રીજીમહારાજે પ્રેમાનંદ સ્વામીને બોલાવ્યા ને પછી શાંતિથી પોતાની પાસે બ્બેસાડીને કહ્યું - “”’સ્વામી! તમે જોયું ?મનુષ્યની પ્રકૃતિ અને ક્યાંથી ક્યાં ખેચી જાય છે ! સંગીત કલા બેશક ઉત્તમ છે, પણ એ કલા જો પ્રભુ પ્રીત્યેર્થે સાધવામાં આવે તો સાર્થક થાય ; નહીં તો લોકરંજન માટે તો ઘણાં સાધે છે. એનું મૂલ્ય નહિવત છે. એવા સંગીતનું ક્ષણિક આકર્ષણ પણ સંતને ભક્તિમાં વિઘ્નરૂપ છે. તમને આવા લોકરંજન અર્થે ગવાતા ગીતમાં પળમાત્ર માટે જે આકર્ષણ થયું એના પ્રાયશ્ચિતરૂપે તમારે ચાંદ્રાયણ વ્રત કરવું. શ્રીજીના ચરણમાં મસ્તક મૂકી પ્રેમસખી બોલ્યા : “ભલે મહારાજ!”

બીજે દિવસે પ્રાતઃકાળે નિત્ય વિધી પતાવી પ્રેમાનંદ સ્વામીએ શ્રીજીમહારાજે આપેલું વ્રત શરૂ કર્યું. પૂજાપાઠ કર્યા બાદ સ્વામી મુક્તમુનિના દર્શને ગયાં. ત્યાં મુક્તમુનિના ચરણોમાં બેસી એમણે ગદ્‌ગદ કંઠે યાચના કરતાં કહ્યું “સ્વીમી ! આપ તો સત્સંગની મા છો, માટે કૃપા કરીને મને સત્સંગના બધા નીતિનિયમો તથા એકાંતિક ધર્મ અંગેની બધી જ મુખ્ય વાતોનું સ્મરણ પણ લોપાય નહીં !” સદ્‌ગુરૂ મુકાતનંદ સ્વામીએ તો પોતાની જ્ઞાન સરવાણી વહેતુ મુકી. પ્રેમસખીએ એમાંથી આચમને આચમને પાન કરવા માંડ્યું. એમ બે દિવસ બેઠાં ને ત્રીજે દિવેસ શ્રીજી મહારાજની પ્રેરણાથી એ સર્વ વાતોને પ્રેમાનંદ સ્વામીએ એક જ પદમાં પ્રયોજી સુંદર હોદાબંધવાળા પદની રચના કરી. રચના એવી મનોહર થઇ કે પ્રથમ પોતે જ કંઠસ્થ કરી લીધી. ચોથે દિવસે શ્રી હરી પાસે આવીને સ્વામી નતમસ્તકે બે હાથ જોડીને ઉભા અને પોતાની નવીન કંઠસ્થ રચના બોલવા લાગ્યા !

“નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ,
મહા,મ્યજ્ઞાનયુક્ત ભક્તિ તવ, એકાંતિક સુખધામ”

એમ બોલતાં ગયા ને દરેક કડીએ, મહારાજને સાંષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતાં ગયાં. એમાં રાગ, આલાપ કે વાધ્યનો ખપ રાખ્યો નહતો. પરંતુ સમગ્ર સંપ્રદાયની સર્વગ્રાહી સમજણનો નિચોડ નીતરતો હતો. મહારાજ એકચિત્તે સાંભળતાં હતાં.

‘નિંદત નહિં કોઇ દેવકું, બિન ખપતો નહિં ખાત,
વિમુખ જીવકે વદનસે, કથા સુની નહિં જાત.’

કડીએ કડીએ મહારાજ ડોકું હલાવી સંમતિ આપતાં રહ્યાં. અને પદ પુરૂં થતાં ‘પ્રેમાનંદ કહે ધામમે જાઓ નિઃશંક જગજીત’ એમ કહી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પૂરા કર્યા.

એ જ દિવસે સંધ્યા આરતી પછી ધૂન વગેરે થઇ ગયાં. એટલે મહારાજે 'નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય' શરૂ કરાવ્યું પછી કહ્યું - ''આ પદ નિત્યપાઠમાં આજથી રાખીએ છીએ, તે સંધ્યા આરતી પછી સૌ બોલજો, જે આ પદ બોલે તેણે લધુ શિક્ષાપત્રીનો પાઠ કર્યો એમ સમજવું.'' આજે પણ સંપ્રદાયના મંદિરોમાં આરતીને ધૂન પછી આ પદ સાષ્ટાંગ દંડવત્ સાથે બોલવાની પ્રથા યથાવત્ ચાલી રહી છે.

**કાવ્યકૃતિ -**

(પ્રાર્થના દોહા)

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ ;
મહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ તવ, એકાંતિક સુખધામ. ૧
મોહિમેં તવ ભક્તપનો, તામેં કોઇ પ્રકાર ;
દોષ ન રહે કોઇ જાતકો, સુનિયો ધર્મકુમાર. ૨
તુમારે તવ હરિભક્ત કો, દ્રોહ કબુ નહિં હોય ;
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય. ૩
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસન કો દાસ ;
એહિં માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ. ૪
હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવસ્તલ ! સુનોબાત ;
દયાસિંધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત ૫
સહાજનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ
તાકું હોય દ્રઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ. ૬
સો પત્રીમે અતિ બડે, નિયમ એકાદશ જોય ;
તાકી વિક્ત કહત હું, સુનિયો સબ ચિત્તપ્રોય. ૭
હિંસા ન કરની જંતુકી, પરત્રિયા સંગકો ત્યાગ ;
માંસ ન ખાવત મધકું, પીવત નહિં બડભાગ. ૮
વિધવાકું સ્પર્શત નહિં, કરત ન આત્મઘાત,
ચોરી ન કરવી કાહુકી, કલંક ન કોઇકું લગાત. ૯
નિદંત નહિં કોઇ દેવકું, બિન ખપતો નહિં ખાત ;
વિમુખ જીવકે વદનસે, કથા સુની નહિં જાત. ૧૦
એહિ ધર્મ કે નિયમમેં, વરતો સબ હરિદાસ,
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઔર સબ આશ. ૧૧
યેહી એકાદશ નિયમમેં, કરો શ્રી હરિપદ પ્રિત ;
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત. ૧૨

## ૯. બન બન બોલત મોર...

બન બન બોલત મોર એક વાર ગઢપુરમાં શ્રીજીમહારાજ દાદાના દરબારમાં સભા કરીને વિરાજમાન હતા તેમાં એક ઘટના ઘટી એક વૃધ્ધ ચિંતાયુક્ત જેનો ચહેરો છે એવો દોડતો દોડતો મહારાજની સમીપે આવી દંડવત કરવા લાગ્યો શ્રીજીમહારાજે સમાચાર પુછ્યા ત્યારે ભગતે હાથ જોડી કહ્યુ મહારાજ આપતો કરુણાનિધાન છો, કૃપા સાગર છો, માટે નાથ અમારા ઉપર દયા કરો. મહારાજે એક દ્રષ્ટિ સંત હરિભક્તોની સભા તરફ નાખતા કહ્યુ ભક્તરાજ સંકોચ છોડો, જે તકલીફ હોય તે કહો. અમે તમારુ દુઃખ અવશ્ય દુર કરીશું. ડોસો પહેલા તો મુંઝાણો, પણ પછી તેણે દર્દભરી વાણીથી કહ્યું મહારાજ આપ તો જાણો છો. માથે ચોમાસુ જવા બેઠું છે, છતાં હજુએ ટીપુ વરસાદ થયો નથી અને મોલ સુકાઇ રહ્યો છે. દુષ્કાળનાં એંધાણ તો મહારાજ અમારા કાળજા કોરી ખાય છે. બટકા રોટલા કાજે છોકરાને ટળવળતા કેમ જોવાશે ? હે પ્રભુ, હે કૃપાનાથ, કૃપા કરીને મેઘરાજાને આજ્ઞા કરો તો તે મન મુકીને વરસે ને અમારુ વરસ સુધરે.

આ સંભાળીને શ્રીજીમહારાજનાં નેત્રો સજળ થયા. એમણે સભામાં કરુણા દ્રષ્ટિ કરી કહ્યું. સંતો, નરસિંહ મહેતાએ મલ્હાર રાગ ગાયેલો ત્યારે વરસાદ થયેલો. આ સભામાં પણ મોટા મોટા નંદ સંત ગવૈયા કવિઓ બેઠા છે. એમાંથી જો કોઇ મલ્હાર રાગ ગાય તો જરૂર વરસાદ વરસે.

મહારાજના ગર્ભિત સુચનથી પ્રેરાઇને સભામાં બેઠેલા પ્રેમસખી ઉભા થઇ. શ્રીજી મહારાજને બે હાથ જોડી પ્રાર્થના કરી બોલ્યા, મહારાજ શી આજ્ઞા છે? મહારાજ અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ, સર્વાવતારી પૂર્ણપુરૂષોતમ કૃપા કરી આજ્ઞા કરે તો એની આજ્ઞાથી શું અશક્ય છે. સ્વામીએ પ્રેમભાવે ગદગદ સ્વરે કહ્યુ.

પ્રેમસખીનો પ્રત્યુતર સાંભળી મહારાજ અતિ પ્રસન્ન થયા એમણે પોતાનો વરદ હસ્ત ઉંચો કરી કહ્યું ભલે ભલે સ્વામી ગાઓ. તમને અમારા અંતરનાં આર્શીવાદ છે. પ્રેમાનંદ સ્વામી મહારાજને પગે લાગી સભામાં બેઠા. મહારાજની મૂર્તિમાં વૃતિ એકાકાર કરી, એમણે સિતાર હાથમાં લીધો. થોડીવારમાં એ સંત કવિની કોમળ કોમળ અંગુલીઓ સિતારની ગત ગાજી ઉઠી. સમગ્ર સભા શાંત ચિતે પ્રેમસખી પ્રત્યે અનિમેષ નેત્રે જોઇ રહી. અવતારનાં અવતારીની આજ્ઞાને અનુસરીને સ્વામીએ હૃદયમાં અંતર ઉંડાણમાંથી મલ્હાર રાગ છેડ્યો...

બન બન બોલત મોર, બન બન બોલત મોર
મિલ સોર મચાયો કોકીલા ટહુકત....

ધીરે ધીરે રાજ જામતો ગયો તેમ તેમ પ્રકૃતિના પારદર્શક રંગ પણ પ્રતિક્ષણે પલટાતા ગયા. સુકાભટ જેવા આકાશમાં ઝીણી ઝીણી વાદળીઓ ન જાણે ક્યાંયથી ફુટી નીકળી. ભીની

ભીની ખુશબુથી વાતાવરણને તરબતર કરી દેતો પવન મંદ મંદ મંથર ગતિએ લહેરાવા લાગ્યો. મોરના ટહુકારાને કોયલ કૂજનથી વર્ષાના એંધાણ હવે સ્પષ્ટ વર્તાવા લાગ્યા.

૦-૦-૦-૦

## ૭. આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ.

શ્રાવણમાસ ચાલે છે સૌ કોઇના હૈયાને હરિએ હેતથી ભીંજવી દિધેલા છે. અને અષ્ટ કવિઓને આજ્ઞા હતી કે જ્યાં સુધી ચાર નવા પદની રચના ન કરી હોય ત્યાં સુધી ઉંઘવું નહીં. પ્રતિદિન સર્વે કવિ સંતો ચાર ચાર પદોની રચના કરીને જ આરામ લેતા હતા, પણ જ્યારે શ્રાવણ વદ અમાસનો સૂર્ય આથમી ગયો અને ચન્દ્ર તો ઉગવાનો હતો જ નહિ તેથી ધીરેધીરે અંધારૂ પોતાની સર્વે સેના લઇને આગળ વધી રહ્યું હતું. એ વખતે પ્રેમાનંદ સ્વામી વિચારી રહ્યા છે કે પ્રતિદિન તો મારે કિર્તન બનાવવા શબ્દ શોધવા પડતા ન હતા પણ આજ તો બહારના અંધકારની માફક અંતરમાં પણ અંધકાર વ્યાપી ગયો છે. એક શબ્દ પણ સ્ફુરતો નથી. રાત પણ ઝડપથી વહી રહી છે જો પદ નહિ બનાવું તો પ્રભુ કેમ રાજી થશે ? ઘણું વિચારે છે પણ આજ આમ કેમ થયું એ વિચારતા વિહર વેદના વ્યાપી ગઇ. અને પ્રભુના દર્શન વિના હવે નવું કિર્તન કેમ થાય એમ માની અગાઉ બનાવેલા પદ ગાવા લાગ્યા. પ્રણય ઘેલા પ્રેમાનંદ સ્વામીના જીવનની આ એક પ્રેમભીની ઐતિહાસિક અલૌકિક ઘટના છે. અમાસની રાત્રીએ ઘોર અંધારૂ ઘેરાય ગયું હતું. આકાશમાંથી ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો હતો, ક્યારેક તો વિજળી આભને ઉઘાડી કરી જતી રહેતી હતી. ઘેલાના ઘુઘવાટાની સાથે મેઘની ગર્જના અને સારંગીના તાર વિરહને વેશ આપી રહ્યા છે. ત્યારે પ્રેમથી ભીંજાયેલા પ્રેમાનંદસ્વામીના કંઠમાંથી

**<u>ક્યારે દેખું રે</u> -**
**મને વ્હાલા વિરહ સતાવે રે**

એવા કિર્તનની પછાડ ઉપર પછાડ નિકળી રહી છે જ્યારે ભક્ત અધીરા બને ત્યારે ભગવાન પણ અધીરા બનતા હોય છે. તો પ્રભુએ વિરહની વેદના જાણી સુર મંદિરના દેવના દર્શન કરવાં નહિ દિવો કે નહિ દિશા અને વિના સેવકે સ્વામી આગળ વધ્યા - આભનો સાગર જળ ભરેલો હતો. અંધારી રાત સમ સમ કરતી ગગનની ખીણમાં સરકી રહી હતી. પ્રેમસખીનો શોર અંદરના કોતરમાંથી સારંગીનાં સથવારે સહજાનંદને શોધી રહ્યો હતો, પ્રેમસખીએ ગીત ઉપર ગીત ગાતા ગાતા પથ્થરને પણ પિગળાવી દે એવી કરૂણ ભીનાં કંઠે કડી ઉપાડી

**રહેતી નથી હૈયે ધીર વાલમ વિના રહેતી નથી હૈયે ધીર -**

પ્રેમસખી ગાતા રહ્યા શ્રી હરિ અગાઉથી આવીને ઉભા હતા એ સ્વામીને ક્યાં ખબર હતી એતો પોતાને ભુલીને પ્રભુમાં જોડાયેલ હતા. અને પાતળીયો પલળતા રહ્યા. મુગ્ધ મને મહારાજ અંતે બોલી ઉઠ્યા અહોહો ! કેવું હેત અને કેવી પ્રીત કેવો સ્નેહ, આવો પ્રેમતો કોઇક પરમ પુરુષ ને જ પ્રાપ્ત થાય પોતાના પ્રેમીના પરમાત્માનાં શબ્દને પારખી સ્વામીની આંખ ખુલી ગઇ. અને વિરહનો આલાપ અટકી ગયો અને સંયોગ સ્નેહમાં પ્રેમીનું હૃદય પલટાઇ ગયું. અંતરનાં સાગરમાં કોણ જાણે કેવા આનંદની ભરતી આવી. પ્રભુને આંખનાં ઓરડે ઉભેલા ભાળીને મુખમાંથી શબ્દ સરી પડ્યા.

**આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ.**

પ્રેમ ભક્તિના પ્રવાહમાં તણાતા પાતળીયાને અંતરના આરે ઉતારી લીધા. અને કલમ હાથમાં લીધી જેવી મૂર્તિ તેવું જ આબેહુબ વર્ણન કરતા કરતા બે પદ લખી રહ્યા, પણ ત્યાં તો મુર્તિમાં મસ્ત બનેલા સ્વામી પોતાની શુધ્ધ બુધ્ધ ભૂલ્યા અને પ્રેમ સાગરમાં લીન થઇ ગયા. એટલે તુરંત પ્રેમાનંદની પ્રેમગલીમાં વિહાર કરતા વ્હાલમજીએ કલમ પોતાના હાથે ઉઠાવીને અંતરનો અભિપ્રાય માંડ્યા ઉતારવા

**બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન**

એમ બે પદમાં સ્વયં સર્વેશ્વરે પોતાનો સિધ્ધાંત લખીને પછીથી પ્રેમાનંદ સ્વામીને ઢંઢોળ્યા સ્વામી જાગ્રત થતાં હાથ જોડીને કહે પ્રભુ ! આપ ક્યારનાં અહીં છો હું તો ભૂલી ગયો માફ કરશો. પ્રભુ કહે તમે તો મારી મૂર્તિમાં લીન હતા. તમને ક્યાં ખબર છે અમે તો ક્યારનાય અહીંયા ને અહીંયા છીએ. વાહ ! સ્વામી વાહ ! આજ તો હું તમારી પ્રેમ સજ્યાંમાં પોઢીને તૃપ્ત થયો છું. એટલે જ પ્રેમાધીન બનેલો હું ક્યારેય નહિં રચેલા છતાં તમારા અધુરા કિર્તન આજે અમે પૂર્ણ કર્યા. સ્વામી જુઓ તો ખરા કંઇ ભૂલ તો નથીને લય-તાલ-પ્રાસ આદિકમાં, સ્વામી તો પદને જોતા અવાક થઇ ગયા. પછી મહારાજ કહે સ્વામી આજ દિવસ સુધીકરેલા તમારા તમામ કાવ્ય મંદિર ઉપર અમે અમારા હાથે કળશ ચઢાવ્યો. હવે પોઢી જાવ તમારૂ નિયમ પણ પૂર્ણ થયું સ્વામી કહે મહારાજ આજ હું પણ પૂર્ણ પૂર્ણ થઇ ગયો. મહારાજ હવે પોઢવાનું ન કહો, હવે તો જાગવાજ દીયો અને કહેવાય છે, કે તે અમાસની રાત્રી સ્વામીએ જાગીને વ્યતીત કરી.

૦-૦-૦-૦

## ૮. કુબરી ગ્રહ બસ કે કાના નિરમોયા

એક સમે શ્રીજી મહારાજ અક્ષર ઓરડીમાં પોઢ્યાહતાં. તે સમે પુનમીયા કુવા પાસે આથમણા બારની ઓરડીઓ હતી તેમાં સાધુ રહેતાં હતાં. ત્યાં પ્રેમાનંદ સ્વામી સિતાર વગાડે અને સર્વજ્ઞાનંદ સ્વામી દુક્ડ વગાડે એમ કિર્તન ગાતા હતાં. તે સાંભળીને મહારાજે વીરાભક્તને કહ્યું આ કોણ ગાય છે, અમારો ઢોલીયો ખેંચાય છે. ત્યારે તે જોવા ગયાં અને જોઇને આવ્યા અને કહે

મહારાજ એ તો પ્રેમાનંદ સ્વામી ગાય છે. મહારાજ કહે બીજા કોણ આ ટાણે ઢોલીયો તાણી શકે મહારાજ અક્ષર ઓડીએથી ઉઠીને પુનમીયા કુવાના કાંઠા ઉપર આવીને ઉભા રહ્યાં. ત્યારે કિર્તન ગાતા હતાં જે કુબરી ગ્રહ બસકે કાના નિરમોયા ભયે ક્યાં કરૂં વૈકુઠકુ. તે સાંભળતા સાંભળતાં પદ પુરુ થયુંત્યાં સુધી પ્રભુ ત્યાંને ત્યાં કાઠા ઉપર ઉભા રહ્યાં. અને પછી પાસે જઇને પોતાનો ખેસ હતોતે સ્વામીને ઓઢાડ્યો, અને કહ્યું કે સ્વામી બસ હવે રાખો,રાત્રી જાજી વીતી ગઇ છે માટે પોઢી જાવ. પછી સ્વામી મહારાજનાં કહેવાથી પોઢી ગયાં.

૦-૦-૦-૦

## ૯. કૈસે જાવું પનિયા રોક્યો પનઘટવા

સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન સાંજને સમે ઢોલિયા પર બિરાજમાન હતાં.સૂર્ય પશ્ચિમમાં ડૂબતો હતો તેનું સુવર્ણ તેજ મહારાજની મુખમુદ્રા ઉપર છવાયેલું હતું. મહારાજે સંતોને હરિભક્તોની સભા ઉપર એક કટાક્ષ દ્રષ્ટિ નાંખી ત્યાં તો સભામાં આપોઆપ શાંતિ પ્રસરી ગઇ. મહારાજે જમણી કોરે બેઠેલા ગવૈયાઓ પર દ્રષ્ટિ કરી. મૃદંગ, તંબૂર, વિણાના તાર ધીરે ધીરે સંગીત રેલવા લાગ્યાં. મહારાજે પ્રેમાનંદ સ્વામી પર દ્રષ્ટિ સ્થિર કરી સ્વામી પામી ગયા તુરંત સારંગીનાં સુર રેલાયા દેવાનંદ સ્વામીએ તબલાનો તાલ આપ્યો સ્વામીનો કંઠ મયુરની જેમ ટહુક્યો.

કૈસે જાવું પનીયા રોક્યો પનઘટવા...

આખી સભા ભાવ વિભોર બની ગઇ. શ્રી કૃષ્ણ ભગવાનના સ્વરૂપનું આબેહુબ વર્ણન, શ્રી કૃષ્ણ ભગવાનની મનોહર મૂર્તિમાં હરિભક્તો ડૂબીગયાં-મહારાજ પણ કિર્તનના તાલે તાલે ડોલતાં, પણ સિધ્ધાનંદસ્વામીને તો કૃષ્ણ સ્વરૂપ મન-હ્રદયમાં આવી બેસીગયું. થોડી ક્ષણો પૂરતા તે ધ્યાનમાં બેસી ગયાં. શ્રી કૃષ્ણસ્વરૂપ મૂર્તિ સિધ્ધાનંદ સ્વામીના ચિત્તમાં એવી તો દ્રઢ થઇ ગઇ કે ધ્યાનમાંથી બહાર આવવું મુશ્કેલ થઇ ગયું. કિર્તન પુરૂ થયું તાળીઓના ગડગડાટ થયા જાણે અષાઢી મેઘના વાદળ ગર્જ્યો -વાહ વાહ ના પોકારો પ્રસરી ગયા. આટલો બધો કોલાહલ થવા છતાં સિધ્ધાનંદ સ્વામી તો હજી ધ્યાનમાં હતાં- મહારાજે આ જોયું તેને અંતર્યામી દ્રષ્ટિથી બધો ખ્યાલ આવી ગયો. મહારાજે ચપટી વગાડીને સિધ્ધાનંદસ્વામી ધ્યાનમાંથી બહાર આવ્યા. જાણે કે વૃંદાવનમાં ગોપીઓ અને કૃષ્ણ ભગવાનનો રાસ જોઇ સમાધિમાંથી બહાર આવ્યાં.

મહારાજે સિધ્ધાનંદ સ્વામીને પૂછ્યું કે “ ક્યાં ખોવાઇ ગયાં છો ?” ત્યારે સ્વામી બોલ્યાં કે “ધન્ય છે પ્રેમાનંદ સ્વામીને, કેવી સુંદર મનોહર મૂર્તિ કૃષ્ણ ભગવાનની તેમાં મને ગરકાવ કરી દીધો, “ સિધ્ધાનંદ સ્વામી હજીય કૃષ્ણ ભગવાનની મૂર્તિમાં ને પ્રેમાનંદ સ્વામીના શબ્દોમાં ડૂબેલા હતાં.

સિધ્ધાનંદસ્વામી તો ક્ષણે ક્ષણે મહારાજની મૂર્તિને દેખતાં પણ આજે મહારાજની મૂર્તિ દેખાતી બંધ થઇ ગઇ. સ્વામી વિચારમાં પડી ગયાં. મુંઝાવા ને અકળાવા માંડ્યા. મહારાજની મૂર્તિનું સુખ ચાલ્યું ગયું.પોતે અવતાર સ્વરૂપનુ ધ્યાન કર્યું તેનું ઘણુ દુઃખ થયું- મહારાજ આખીય પરિસ્થિતિ સમજી ગયાં ને મરક મરક હસવા લાગ્યાં.

સિધ્ધાનંદ સ્વામીના ઉકળાટનો અને પ્રશ્ચાતાપનો પાર ન રહ્યો.સાથીદાર સંતોને વાત કરી ત્યાં એક વડિલ સંતે આવીને કહ્યું કે મહારાજને દુઃખનું વર્ણન કરી પ્રાર્થના કરો કે પોતાના સ્વસ્વરૂપનું સુખ આપે - સ્વામી ગભરાતાં ગભરાતા મહારાજ પાસે ગયાં ને વાત કરી ને પોતાની ગાફલતાની કબૂલાત કરી - મહારાજ રાજી થયાં ને મૂર્તિનું સુખ મળવાનાં આર્શીવાદ આપ્યા-અને મૂર્તિનું સુખ મળવા લાગ્યું - મહારાજે સૌને ટકોર કરી કે ઉપાસક હોય તો આવા. ઇષ્ટદેવને મેલી અન્ય અવતારની - ઉપાસના કરવી તે ધર્મમાંથી ચલિત થવા બરાબરછે. ઇષ્ટદેવ એજ આપણાં ભગવાન અને એજ સાચું નિરંતર અસ્ખલિત સુખ આપે. તેનાથી જ સુખ માને. અન્યનું આપેલ સુખ પણ મહાદુઃખ જાણે તે સાચા ઉપાસક.

૦-૦-૦-૦

## ૧૦. મોહન બેન બજાઇ, ગ્રહ તજી બન આઇ

જીવા ખાચરના દરબારની ઉગમણી કોરે એક ઓરડો હતો. ત્યાં મોટો મોટા સંતોનો ઉતારો તેમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી આદિક સંતો રહેતા અને શાસ્ત્રો કાવ્યો આદિક સાહિત્યની રચના કરતા એમાં એક વખત પ્રમાનંદ સ્વામી એ પાંચ ભાષાંમાં કિર્તન બનાવ્યું તેમાં એક કાઠીની ભાષામાં હતી. તે કિર્તન સર્વેને સંભળાવ્યું તેથી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે તમે નવાનવા કવિ તે કિર્તનમાં કાઠીની ભાષા આણી તે અમને માર ખવરાવશો. એટલે સ્વામીએ એ ખરડો કોઇને આપ્યો નહિ ને પોતે તેને સંઘરી રાખ્યો અને પછી સ્વામીને મહારાજની પુજા કરવાની ઇચ્છા થઈ એટલે કેસરચંદન અને મળીયાગર ચંદન ઘસીને બે કટોરા ભરીને અક્ષર ઓરડી આવ્યા, અને કરીમભાઇને પુજા કરવાનું પુછાવ્યું એટલે મહારાજને પુછ્યું તે હા પાડી ત્યારે સ્વામી મહારાજની પાસે ગયા. આગળ મુળજી બ્રહ્મચારી-બેચર ભટ્ટ - દેવકૃષ્ણ આદિક ભક્તો બેઠા હતા. અને પાછળ લાડુબા-જીવુબા વગેરે સ્ત્રી ભક્તો બેઠા હતા. ત્યાં જઇને સ્વામીએ ચંદન લઇ પ્રભુના લલાટે ખજૂરા પાડી છાતી ચરણ બધીજ જગ્યાએ ચંદન ચર્ચીયુ અને ચપ્પુ લઇને નખ લેવા જાય છે ત્યારે મહારાજ ના કહી અને કહે ચપ્પેથી આ સક્કરટેટી અને કેરી સુધારીને જમાડો. પછી એમ કર્યું, અને કોગળા કરાવ્યા, મુખવાસ સોપારીનો તંબોળ આપ્યો તે પછી સર્વે પ્રસાદી મહારાજે સ્વામીને આપી, સ્વામીએ પ્રસાદી સાચવી રાખી મનમાં એમ જે સર્વે સદ્ગુરુઓને આ પ્રસાદી આપીશ.

પછી મહારાજ કહે કે પ્રેમસખી કિર્તન બોલી રાજી કરો એમ કહીને નાજા જોગીયા પાસે સિતાર મંગાવી દીધો અને કહે સારી ઘુઘરા ચાલ વગાડો. ત્યારે નાજા જોગીયા કહે ગમે તેવી ઘુઘરાચાલ વગડાવો પણ આજ સ્વામીએ જે કિર્તન ગાયુ હતું તે તો કોઇ દિવસ સાંભળ્યું નહોતું અને પાછા હવે ક્યારેય સંભળાવશે પણ નહિ. ત્યારે મહારાજ કહે નાજા એવુંતે ક્યું કિર્તન વળી તે સાંભળ્યું નહોતું અને સંભળાશે નહિ ત્યારે નાજા જોગીયો કહે સ્વામીને જ પુછોને. ત્યારે સ્વામી કહે મહારાજ કિર્તન તો પાંચ ભાષાનું બનાવ્યું હતું. પણ બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે સ્વામી અમને માર ખવરાવશે. એટલે તે ખરડામાં ચઢાવ્યું નહિ. ત્યારે મહારાજ ઘુટણભર થઇ ગયા અને કહે એજ કિર્તન બોલો કોઇ ભૂલ હશે તો અમે સુધારી દેશું, પણ આજ તો એ પાંચ ભાષાનું કિર્તન સાંભળવું જ છે માટે નિશંકપણે મન મુકીને ગાવ.આજ્ઞા અને આર્શીવાદ મળતા જ સ્વામીએ સુંદર ચાલથી ઉઠાવવાળુ કિર્તન ઉપાડ્યું.

મોહન બેન બજાઇ ગ્રહ તજી બન આઇ
ગીરધર બંસી સુની કાના તનકી સુધ-બુધ સબ બિસરાની
બરજત માત-પિતા નહિ માની, ઉઠચલી બેગાની..બેગાની..બેગાની..બેની ..મોહન બેન બજાઇ

પ્રભુ રાજી થઇને કહે વાહ સ્વામી આતો હિન્દુસ્તાની ભાષા ખુબ સરસ કિર્તન છે. નાજા જોગીયા કહે પ્રભુ હજી તો ઉંડો મર્મ આગળ આવશે. સ્વામીએ બીજી કડી ઉપાડી....

બેન મારા મા બાપે મુને વારી કે છે તુ ક્યાં જાય છે કુંવારી
વન તેડી તરછોડ્યા મુરારી શી વલે અમારી અમારી અમારી મોહન બેન બજાઇ

પ્રભુ કહે ઓ હો હો આતો ગુજરાતી ભાષામાં ભ્રમ ઉપજાવનારી કડી છે ખુબ સુંદર ખુબ સુંદર

ત્રીજી કડીમાં ત્રીજી ભાષા...

સૈયર કાંપ સાંગુ મી આતા કુઠે ગેલે પહતા પહતા,
કુઠે ગેલે ન જાને કુની જાતા માઝે સંગ માતા માતા .....મોહન બેન બજાઇ

સાંભળતા મહારાજ અતીશય રાજી થયા અને કહે આતો દક્ષીણી ભાષાની કડી છે ભાષા પ્રમાણે જ શબ્દોનો સિતાર ચિતરીયો છે પછી આગળ બોલો. સ્વામી .. હવે ત્યારે નાજા ભક્ત કહે મહારાજ અટપટી ભાષા તો હવે આવશે.

તબ બોલી એક મરમાલી મહારાજ વાત હાંભલો માલી
આજ હું તો આ દિશા બનમાલી, હઉં લીની કરતાલી કરતાલી કરતાલી મોહન બેન બજાઇ

મહારાજ પ્રથમ તો ખુબ હસ્યા અને રાજીના રેડ થઇ ગયા. અને બોલ્યા જે આતો કાઢીની ભાષા. વાહ વાહ જુઓ નાજા જોગીયા કહેતા હતા એમ જ છે. ત્યારે નાજો કહે કેમ મહારાજ હું બોલ્યો તે બરાબરને, ત્યારે મહારાજે તાળી દીધી આ કિર્તન પાછળ લાડુબા- જીવુબા-રાજબા આદિક સ્ત્રી ભક્તો સાંભળતા હતા. તે સર્વે બોલ્યા જે મહારાજ પ્રેમાનંદ સ્વામી તો અમને કૃપાર્થ કરી દીધા. કેમ જે આટલા આટલા કવિ થયા પણ ભણે અમણી કાઠીની બોલી તો કોઇએ નાખી નહોતી તે સ્વામીએ નાખી..

પ્રભુજી મેં તો થાકી દાસી ઠાકોર હાંસીમાં જીવ જાસી
પ્રેમસખી કંઠ લગાસી, આઇ મીલો બનવાસી બનવાસી.....મોહન બેન બજાઇ

પ્રભુ પ્રેમ ભીના પ્રેમસખીના કિર્તનથી રીજી ગયા અને સ્વામીને કંઠે લગાવી લીધા આ તો મારવાડી ભાષા અને બોલ્યા જે સ્વામી આતો ખુબ જ સારું કિર્તન છે. બ્રહ્માનંદ સ્વામીએ તો અમથું કહ્યું હશે. એમ વખાણ કરીને બ્રહ્મચારીને કહ્યું જે પેલું બુરાનપુરી ભારે શેલુ છે તે લાવો આજ સ્વામીને આપવું છે. ત્યારે સ્વામી કહે મહારાજ એવું કિંમતી શેલુ સાધુએ રખાય નહિ. માટે બીજુ કંઇક આપો. ત્યારે મહારાજ લાડુબાને કહ્યું પેલી સુરતવાળી પાંચ ફુમકાવાળી જરીયાની ટોપી લાવો. તે લાવી આપવા માંડ્યા ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે આવી ટોપી આપો છો તે કોઇક માથુ કાપી જાશે. પછી મહારાજ કહે પેલા ઓગણોતેરા કાળ વખતે કેશ રાખ્યા ત્યારે કચ્છી ટોપી પહેરી હતી તે ટોપી લાવો. તેનો વાંધો નહિ પછી તે ટોપી આપી અને સ્વામી પણ ખુબ પ્રસન્ન થયા, અને પગે લાગીને ઉઠ્યા તે ટોપી, સક્કરટેટ્ટી, કેરીના છોતારા, સોપારીનો તંબોળ આદિક મહારાજની મોજ લઇને સ્વામી ઉતારે આવ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પુછ્યું શું લાવ્યા ત્યારે પ્રસાદી સર્વે સ્વામીને આપી તેથી સ્વામી પણ ખુબ પ્રસન્ન થયા અને સર્વે પ્રસાદીને હૃદયે લગાવી બોલ્યા જે અહો સ્વામી આજ તો મોટા ભાગ્ય તે આટલી બધી પ્રસાદી મળી. ત્યાં બ્રહ્માનંદ સ્વામી આવ્યા તેમણે પુછ્યું જે પ્રેમસખી આજ ક્યાં સુરંગ મારી ત્યારે સ્વામી કહે તમે જે કિર્તનની મશ્કરી કરી હતી તે કિર્તનની મહારાજ પાસેથી મોજ મળી તે સાંભળી સ્વામી રાજી થયા સર્વે પ્રસાદી બધા સંતોને વહેંચી રાજી થયા.

O-O-O-O

## ૧૧. માણકીએ ચડ્યા રે મોહન વનમાળી..

ચૈત્ર માસનાં દિવસો આવી થઇ રહ્યા છે તેમ તેમ સુર્ય પણ પોતાની યુવાની અવસ્થામાં અપાર તેજ થી પૃથ્વીને ગરમીની હુંફ આપી રહ્યો છે. સાથોસાથ સત્સંગની પણ ભરયુવાની આવી છે. સર્વત્ર ભગવાન સ્વામિનારાયણના ઐશ્વર્ય પ્રતાપ અને સામર્થી ગામડે ગામડે ગુંજતા થયા છે. પ્રભુને વિચાર આવ્યો કે ચૈત્ર સુદ નોમીનો સમૈયો વડતાલમાં જ કરવો છે. બધાને તૈયાર થવાની આજ્ઞા કરી દઉં પણ દાદાના પરિવારને આ વખતે સાથે લઇ જવો યોગ્ય નથી કારણ કે રાજ્યમાં રાજને થોડુંક ઉપાધી જેવું છે. તો રાજકુટુંબ રોકાય તે જ બરાબર તેમ વિચારીને સર્વે સંતો પાર્ષદો અને કાઠીઓને રાત્રે આજ્ઞા કરી દીધી કે સવારે વહેલા સૌએ નિકળવાનું છે. માટે અત્યારે જ તૈયારી કરી લેજ્યો. તેથી સૌએ આજ્ઞા પ્રમાણે તૈયારી કરી લીધી પણ જીવુબાને થોડોક અણસાર આવ્યો કે કંઇક જવાની તૈયારી ચાલે છે. પણ સવારે શું છે તે જોઇશું. સવાર થયું પણ કાંઇ આજ્ઞા

કે વાત મળી નહીં. જીવુબાએ વાત જાણી લીધી કે સૌ વડતાલ રામનવમીનો સમૈયો કરવા જાય છે. પણ અમને શા માટે ત્યાગીને જાય છે. સફાળા દાદાખાચરના ઓરડે ગયા અને દાદાખાચર પુજા કરતા હતાં તેને કહ્યું દાદા !દાદા ! અહીં બેઠા બેઠા શું ટોકરી ખખડાવી રહ્યા છો ! પરોક્ષને મુકો પડતા અને પ્રત્યક્ષ પ્રભુને પાછા વાળો. નહિ તો સર્વસ્વ ગુમાવ્યા પછી પસ્તાવા સીવાય કંઇ જ નહિ રહે. દાદાખાચરે દોટ દીધી પ્રભુ પાસે આવ્યા અને પ્રાર્થના કરી પ્રભું આમ અચાનક જાણ પણ ન કરી અમારો શું વાંક છે ? તે આમ એકલા એભલ પરિવારને છોડી ને જાવ છો. પ્રભુ મોટીબાએ કહેવડાવ્યું છે કે જેમ આપની મરજી હશે તેમ જ વર્તીશું પણ અમારો ત્યાગ ન કરો. વાત કરતાં કરતાં કંઠ રૂધાંયો. છતાં પ્રભુએ કંઇ જ સાંભળ્યા વિના બોલ્યા જે દાદા અમે જે નક્કી કર્યું છે તે કરીને જ રહીશું. દાદાખાચરે બહેનોને વાત કરી કે પ્રભુ કહે છે કે કહ્યું છે તે કરીને જ રહીશું. માટે પ્રભુ પાછા નહિં વળે. બધી બહેનો માતાઓ સર્વ મળી મહારાજને ઘણી વિનંતી કરી પ્રાર્થના કરી પણ એક વાત મહારાજે સ્વીકારી નહીં. હવે બહેનોની આંખ ફરી. જીવુબા કહે પ્રભુ પ્રાર્થના કર્યે નહિં વળે માટે સૌ પાછા વળો. એમ કહી દિવો પ્રગટાવ્યો અને સર્વ પરિવાર સહિત સૌ બહેનો ધ્યાનમાં બેસી ગયાં. અને જીવુબાએ માણકીએ સહિત મુર્તિમાં વૃત્તિ લગાવી દિધી. અને કહે હવે ભલે જાય. ભક્ત જ્યારે નવધા ભક્તિ કરતાં હોય ત્યાં સુધી ભક્ત બંધાયેલ હોય. પણ જ્યારે દશમી જે પરાભક્તિ પ્રગટે ત્યારે ભક્ત સ્વતંત્ર બને અને ભગવાન બંધાતા હોય છે. એમ સર્વે સ્ત્રી ભક્તો પ્રભુની આરાધનામાં લીન બની ગયાં છે.

આ બાજુ પ્રભુ માણકી ઉપર સવાર થયા. સર્વે કાઠી દરબારો સંતો સૌ આગળ નિકળી ગયાં. બસ છેલ્લે એક પાર્ષદ ભગુજી અને સંતોમાં પ્રેમાનંદ સ્વામી છે. આખિર મહારાજ માણકીને દોડાવતાં દરવાજા સુધી લાવ્યા પણ દરવાજે આવતાં જ માણકી ફરંગટી ખાયને પાછી વળી પડી. મહારાજે માણકીને દોડાવીને દરવાજે પહોચ્યા, પણ ફરી એની એજ પરિસ્થિતિ પ્રભુ વિચારે છે આનું કારણ શું ? માણકી ટકોરો સહન ન કરે પણ આજે દરવાજા બહાર પગ મુકતી નથી. ફરી દોડાવી લાવ્યા પણ માણકી આગળ વધતી નથી. પ્રભુની આંખ લાલ થઇ. હાથમાં ચાબુક હતી તેનો પ્રહાર કર્યો પણ એમનું એમ જ. આજ માણકી અને મહારાજ પરસેવે રેબઝેબ થયાં છે. પ્રભુએ અંતર દ્રષ્ટિ કરીને જોયું ત્યારે જે અંદાજ હતો તે સાચો ઠર્યો કે હવે અમારી તાકાત નથી કે ગઢપુર છોડીને જઇ શકાય. જ્યાં ભક્તો ધ્યાનસ્થ હતાં ત્યાં પ્રભુ પહોંચ્યા અને ત્યાં તે સર્વે પરિવારની આંખમાં આસું અને મૂત્તિમાં વૃત્તિ છે. ત્યારે પ્રભુની ધીરજ ખુટી ગઇ અને ગળગળા અવાજે બોલ્યા કે જીવુબા આપ જો આજ્ઞા આપો અમે વડતાલ જઇ શકીએ આજ અમને ખ્યાલ આવ્યો કે તમારી ભક્તિ આગળ અમારી શક્તિ હારી જાય છે. માટે આપ રજા આપો. અત્યારે રાજપરિવાર સાથે આવવું યોગ્ય નથી, માટે તમને સાથે લઇ જતાં નથી બાકી આપને મુકીને અમે ક્યાંય જવા સમર્થ નથી. આમ પ્રભુ બોલ્યા એટલે જીવુબા આદિક સ્ત્રી ભક્તો કહે પ્રભુ આપ તો સર્વેના ઘણી છો ધણીનો કોણ ધણી. આપના કાર્યમાં વિધ્નરૂપ થવું તે યોગ્ય નથી પણ પ્રભુ આપના વિના અમારા પ્રાણ ટકવા અશક્ય છે. માટે પ્રભુ જો પાછા વહેલા વહેલા આવતા રહેતાં હોય તો જાવ નહિ તો આ પ્રાણને સાથે લેતા જાવ કારણ હવે બીજા કોઇ રસ્તો જ નથી. ભક્તો આ પ્રસંગ ઉપરથી ખ્યાલ આવે છે કે ભક્તાધીન ભગવાન પોતાના ભક્ત આગળ કેટલા નાના થઈ જાય છે. આજ્ઞા માગવી એટલે એક દાસભાવ દર્શાવે છે. તો ભક્તને આધીન ભગવાન ભક્ત આગળ દાસ પણ બની જાય એ જ ભગવાનમાં ભગવાનપણું બતાવે છે. આ પ્રસંગને નિહાળતા પ્રેમાનંદ સ્વામીથી રહી શકાયુ નહિ જેવું ચરિત્ર તેવું કિર્તન સ્વામી બનાવીને તત્કાળ બોલી ઉઠ્યા...

**માણકીએ ચડ્યા રે મોહન વનમાળી....**

સ્વામી પહેલાં પદની છેલ્લી કડીમાં નિશ્ચયાત્મક સહી કરે છે કે આ પ્રસંગ બન્યો ત્યારે હું હાજર જ હતો. કોઇ કાલ્પનિક વાત નથી. આ તો નજરોનજર નિહાળેલી વાત કહું છું. તે આ અનુભવ સિધ્ધ વાત સ્વામીએ લખી છે. મહારાજ ખૂબ રાજી થયાં અને રાજ પરિવારને વાત કરી કે તમારા પ્રેમને ખાતર હું દાદાને સાથે લેતો જાવું છું. અને જીવુબા આપને નિરાવરણ દ્રષ્ટિ આપું છું માટે અમે જે જે લીલા કરતાં હશુ અને જ્યાં જઇશુ તે સર્વને આપ દેખી શકશો એવું વરદાન આપીને પ્રભુ વડતાલ જવા નિકળ્યાં.

O-O-O-O

## ૧૨. મહારાજ આજ વડતાલથી આવશે.

રામનવીનો સમૈયો કરવા પ્રભુ વડતાલ ગયાં છે. પણ એભલ પરિવારની માંગણી હતી કે પ્રભુ વહેલા વહેલાં પાછા ગઢપુર પધારે. આપના વિના અમારૂં જીવન જળવિનાની માછલી જેવું છે. તેથી પ્રભુએ વચન આપેલ કે સમૈયા પૂરો થતાં જ અમે તત્કાળ પાછા આવી જઇશું પણ કંઇક કારણસર થોડા દિવસ વધારે રોકવાની ફરજ પડી. એટલે પ્રભુએ દાદાખાચરની પાસે પોતે જ પત્ર લખાવ્યો. અમો આ દિવસ પછી ગઢપુર પધારશું માટે ચિંતા કરશો નહિં. જરૂર અમો વહેલાં પધારીને દર્શન દેશું. જેટલું હેત ભક્ત કરે તેથી અનેક ગણું હેત ભગવાન કરે છે. માટે પ્રભુને સતત એભલ પરિવારની ચિંતા રહેતી કારણ બહેનોએ કહેલું કે જો આપ સમયસર નહિ પહોંચો તો અમો અન્નજળનો ત્યાગ કરીને દેહને છોડી દેશું. માટે પ્રભુને ચિંતા થઇ રખેને સર્વ વિરહ વ્યાકુળ થઇને ક્યાંક પ્રાણ ન છોડી દે, કારણ પ્રભુ જાણતા હતાં. જીવુબા આદિક ભક્તોને કોઇ પુરૂષ કે પદાર્થમાં હેત નહોતું કે તેના આધારે દેહ ટકી શકે. દેહ ટક્યો એક પુરૂષોત્તમ આધારે જ માટે પ્રભુએ પણ લખેલો તે પત્રમાં સાત દિવસની અવધી હતી કે અમો સાત દિવસ પછી પધારશું તે પત્ર આવે સાત દિવસ થઇ હતાં. માટે સવારથી વાટ જોઇ રહ્યાં હતાં. અને બહેનો એકબીજાને વાત કહેતા કે આજ પ્રભુ આવવા જ જોઇએ. સાત દિવસ પુરા થાય છે. વધામણાં માટે સર્વે સામગ્રીની તૈયારી કરી હતી. એમાં સમાચાર મળ્યા કે મહારાજ અને સંતો આવી ગયાં. તો એ

વખતના ભક્તના ભાવને દર્શાવવું કિર્તન પ્રેમાનંદ સ્વામીએ છાપી દીધુ તેના શબ્દો હતાં.....

મહારાજ આજ વડતાલથી આવશે.

૦-૦-૦-૦

## ૧૩. સોનેરી મોળીયું સુંદર

વ્હાલા ભક્તો કરોડો બ્રહ્માંડના કારણ સર્વાવતારી ભગાવન શ્રી હરિ આ ભરતખંડની ભૂમિનો ભાર ઉતારવા તેમજ પોતાના ભક્તોના મનોરથ પૂર્ણ કરવા, પ્રભુ કેવા દિવ્ય ચરિત્ર કરે છે. તે જુઓ ને દાદાખાચર પ્રત્યે પ્રભુ કેવી વાત્સલ્યતા. સ્વયં તેમને પરણાવવા માટે જાય અને ગાડું પોતે ચલાવે છે. એની લીલાને કેમ પાર પામે જે કોઇક મુક્તની પાસે એવું ચરિત્ર કરાવે કે ત્રણ ફેરા ફર્યા પછી ભાગે અને સાધુ થાય એને સંસારમાંથી મુક્ત કરે. જ્યારે બીજા મુક્તને પરાણે પરણાવવા જાય. તે પ્રભુ દાદાખાચરના ગાડે નંદસંતોને બેસાડી જાનડીયું તરીકે કિર્તન બોલાવડાવે એમ જાન આગળ આગળ વધી રહી છે. અને ભટવદર પહોંચવા આવી છે. તેમાં બાબરીયાવાડનું બારયુટોળી ગામ આવ્યું તે ગામની સીમમાં એક ઝાડના છાંયે. ગોકળી (ભરવાડ) પગની આંટી વાળીને લાકડીને ટેકે ઉભો ઉભો લાંબા ઢાળથી રાફડીયા ગીતો ગાય તે સાંભળી મહારાજ કહે પ્રેમાનંદ સ્વામી સાંભળો તો આ શું ગાય છે. ગાડું થોડું ધીમું પાડી સાંભળ્યું જાબુંડે જાઇશમા ઘાયલ, જાબુંડે જાઇશમાં જાંબુડે જાયતો ઝાઝા જાંબુડા ખાઇશમાં..

પ્રેમાનંદ સ્વામીને પ્રભુ કહે સ્વામી આનો ઢાળ ખૂબ સારો છે હો એ ઢાળ અને વખાણની છબીને પ્રેમાનંદસ્વામીએ અંતરમાં ચીતરી લીધી. અને પ્રભુની મરજીને સમજી એ પ્રેમપંથના પ્યાસી પ્રેમસખીએ પ્રભુને પ્રસન્ન કરવા પોતાના અંતરમાં ઉતારી તેમાં ઉત્પન્ન થયેલું કિર્તન પોતાના કંઠમાં લાવી લાંબા ઢાળથી ગાવા લાગ્યા. જેમાં આબેહુબ મૂર્તિનું વર્ણન સમાવી લીધું કે

**સોનેરી મોળીયું સુંદર સોનેરી માળીયું (૨) ધર્મકુંવરનું**

**મોતી ડે મોળીયું સુંદર મોતીડે મોળીયું (૨) રસિક સુંદરનું ..**

૦-૦-૦-૦

## ૧૪. અક્ષરના વાસી વહાલો આવ્યા અવની પર

લીલુડા લીમડા નીચે દિવ્યસભામાં અમૃતવર્ષા કરતાં અક્ષરધામના અધિપતિ સંતો ભક્તોને પોતાના અવતારીપણાની વાત કહે છે, હે સર્વે મારા વ્હાલા સંતો, ભક્તો, બાઇઓ, ભાઇઓ સૌ સાંભળો આ ધરતી ઉપર અવતારો અનંત થયા અને થાશે પણ અમો ક્યારેય આ પૃથ્વી પર આવ્યા નથી અને ફરી ક્યારેય આવવાના નથી. અમો તો સર્વથી ન્યારા છીએ એમ અમારી રીત પણ સૌથી ન્યારી છે. કોઇની સાથે અમારી રીત મળતી ન આવે. સૌથી છતરાયા જણાય રહ્યા છીએ, અને એમ જ છે હવે આ સત્સંગની સ્થાપના થઇ છે તો આ સત્સંગમાં જે આવશે તે સર્વેનું મારે કલ્યાણ કરવું છે અમે કોલ આપીએ છીએ કે અમારો થઇને રહેશે તેને અમે અંતકાળે તેડવા આવશું જેમ માખણમાંથી મુવાળો જુદો થાય તેમ સરળતાથી વિના દુઃખે દેહથી આત્માને જુદો કરી અક્ષરધામે સ્થાપીશું. એમ વાત કરે છે ત્યાં સુરતના સત્સંગનું પોષણ કરીને મુક્તાનંદ સ્વામી આવ્યા. સ્વામીને ભેટ્યા આસન ઉપર બેસાડીયા અને કુશળ સમાચાર પુછ્યા. પછી સત્સંગની વાત પુછે છે ત્યારે મુક્તમુનિ કહે છે પ્રભુ, આપના પ્રતાપે અનેક મુમુક્ષ નર-નારી ચુસ્ત રીતે તમારી આજ્ઞાનું પાલન કરે છે. અનેક મુમુક્ષો વ્યસનો વિષયોનો ત્યાગ કરીને મુક્તની સ્થિતીએ વર્તી રહ્યા છે. બ્રહ્મચર્ય જેવું કઠીન વર્તમાન પણ સારધાર પાળી રહ્યા છે. તેથી વિશેષ શું હોય પ્રભુ અને વળી પ્રભુ આ દુષ્કાળનાં લીધે ઘણા બધા આ પ્રદેશમાંથી સુરતમાં આવતા હતા. એમાં એ સુંદર ઘટના ઘટી તે સંભળાવું લોયાનાં આપણા ભક્ત ઘેલા કોળી પણ પતિ-પત્ની સુરત કાળ નિર્ગમમાં આવતા હતા. તો નિર્જર રસ્તામાં કોઇની જાન ગયેલી તેમાંથી કોઇનો સોનાનો તોડો પડી ગયેલો તે ઘેલા ભગતે જોયો એટલે તેમને એમ થયું કે દુષ્કાળ જેવો સમય છે અને વળી સ્ત્રીનો દેહ તે જો હાથ અડાડશે તો વર્તમાન લોપાશે માટે લાવ આ તોડા ઉપર ધુળવાળી દઉં. એમ જાણીને તોડા ઉપર ધુડ નાખી અને ચાલવા માડ્યાં ત્યાં તેમના પત્ની ઉતાવળા ચાલીને ભગતની સાથે થઇ ગયા અને પુછ્યું ત્યાં તમે શું કરતા હતા. ત્યારે ભગત કહે સોનાનો તોડો પડ્યો હતો એટલે મે તેના ઉપર ધુળ વાળી દીધી કારણ કે તમારી વૃત્તિ ન બગડે એટલા માટે. ત્યારે તેના પત્ની કહે તમે એને સોના રૂપે જોયું એ જ ખોટું થયું અને મને તો જ્યારથી મહારાજ ઓળખાયા ત્યારથી પરધન પથ્થર સમાન જ દેખાય છે. તમે ધુળ ઉપર ધુળ વાળી અને તમે તોડાને અડક્યા માટે પગને ધોવો પડશે. એમ કહીને હાથ-પગને ધોવરાવ્યાં. તો પ્રભુ આ કળીયુગમાં કોળી જેવી જ્ઞાતિ દુષ્કાળ જેવો વિપરીત સમય અને એકાંત સ્થાનમાં પણ જેની વૃત્તિ આટલી કાબુમાં છે. એ તમારો અદ્ભુત પ્રતાપ અને સામર્થીને લઇને આમ વર્તે છે. સર્વેનું કારણ આપ જ છો.

ત્યારે મહારાજ બોલ્યા જે સ્વામી અમો હમણા એજ વાત કરી રહ્યા હતા. જીવાત્માના જે અનંત જન્મોના બંધન કાપી અક્ષરપદની પ્રાપ્તિ કરાવવા માટે સંતોને અષ્ટપ્રકારે બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમમાં પણ પરનારને મા-બેન-દિકરીની ભાવના કરાવવી પંચવર્તમાન પળાવવા એ જ અમારો લક્ષ હતાં. પણ આજનાં સમાચાર સાંભળીને ખુબ જ અમે પ્રસન્ન થયા. માટે આજ અમે આર્શીવાદ આપીએ છીએ કે અમારા આવા સત્સંગીના ઘરનું પાણી પીશે તેનું પણ મારે કલ્યાણ કરવું. આમ વાતચીત ચાલતી હતી તે પ્રેમાનંદ સ્વામી સાંભળતા હતા. અને તે વાતને તાત્કાલિક કાવ્યમાં ગોઠવી દીધી. તે વાત પ્રભુ જાણી ગયા. એટલે તરત આદેશ આપ્યો પ્રેમસખી એક કિર્તન બોલો. સંભળાવતા સ્વામીને થોડો સંકોચ પણ થયો. કેમ પ્રભુ જાણી ગયા લાગે છે. શરમાતા ચહેરે આદેશને શિરોધાર્ય કરી સારંગી હાથમાં લીધી, અને સત્સંગની સર્વોપરીતા બતાવતું કિર્તન

સ્વામી ઉંચા સ્વરે ગાઇ ઉઠ્યા

અક્ષરના વાસી વાલો આવ્યા અવની પર
નવખંડ ધરતીમાં સ્વામી છતરાયા ચાલે રાજ.... અક્ષરના વાસી વાલો

૦-૦-૦-૦

## ૧૫. જેને જોઇએ તે આવો મોક્ષ માગવા રે લોલ...

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ બ્રહ્માંડમાં પધારી અનેક ને મોક્ષના ભાતા બંધાવ્યા અને સંતો-ભક્તોને કલ્યાણનો કોલ દિધો અને કહ્યું જે આ વાત સૌને કહેજો કે ભગવાન શ્રીહરિનો આશરો કરશે તેની શિક્ષાપત્રી પાળશે અને તેમણે સ્થાપેલા સિધ્ધાંતને અનુસરશે તેને તે ભગવાન સ્વયં અંતકાળે તેડવા આવશે. આમ સૌને સંભળાવજો. તેથી તે વાત ઠેર ઠેર પ્રસિધ્ધીને પામી તેથી જે મતપંથનાં વૈરાગી હતા તેને એક તો દાઝ અને દ્વેષતો હતા જ. એમાં આ વાત સાંભળતા વધારે પીડા થઇ. સત્સંગના ઉત્કર્ષને સહન ન કરી શકતા ઘણા બધા વૈરાગીનું ઝુંડ એકવાર ગઢપુરમાં આવ્યું. એ વખતે મહારાજ આંબાવાડીયામાં આચાર્યશ્રી તથા ભક્તોનો સહીત સભા ભરીને બેઠા હતા. ત્યાં એ સર્વે વૈરાગીઓ આવ્યા. પ્રભુએ સ્થાન આસન આપીને બેસાડ્યા પણ અંતરમાં દ્વેષને લઇને બોલી ઉઠ્યા. અરે ! જીવન મુક્તા તમે મોક્ષ અને કલ્યાણની મોટી મોટી વાતો કરો છો તે શું કલ્યાણ એમ એટલું બધું સસ્તું થઇ ગયું ? જેને માટે પૂર્વ ઋષિઓએ કેટકેટલી સાધના કરી હતી, પણ ભગવાન તેડવા આવ્યા હોય તેવા પ્રસંગો જાણ્યામાં આવ્યા જ નથી. તે તમે શું એ કલ્યાણને ભાજી મુળાના ભાવમાં આપી રહ્યા છો. તે શું સાચું છે? ત્યારે મહારાજ કહે હે સંતો સાંભળો જ્યારે ભગવાન પ્રગટ થાય ત્યારે ભગવાન જીવની કરણી સામુ જોતા નથી. ગોપીઓએ કામાશક્તિથી પ્રીતિ કરી તો પણ તેમનું કલ્યાણ કર્યુ. તેમ એવી તો ઘણી જ કથાઓ છે. પણ પરોક્ષથી કલ્યાણ ખુબ સાધના અને સમય માગી લે છે. તો અમો પ્રગટ ભગવાન બિરાજમાન છીએ. અને વળી આ સર્વે સંતો અને ભક્તોને પ્રગટની ઓળખાણ કરી કરાવીને સંપૂર્ણ સાચું જ્ઞાન કરાવ્યું છે. એમ ઘણી કથાઓ અને પ્રગટની ઉપાસનાની વાત કરવાથી વૈરાગીઓના અંતરમાં શાંતિ થઇ અને વિકાર માત્ર ટળી ગયા. અટલે તે વૈરાગીના હૃદયમાં તમામ વાત સાચી મનાણી તેથી તે અંદરો અંદર વાતો કરવા લાગ્યા. તે વૈરાગીના અંતરના ભાવને પ્રગટ ભાવથી પ્રેમાનંદ સ્વામીએ ઝીલી લીધો. અને ધર્મકુવરની હાજરી છે અને તેમના સ્થાને બીરાજમાન આચાર્યશ્રી પણ બેઠા છે ત્યારે કિર્તનને કોકીલ કંઠે લલકારવા લાગ્યા. તે ભાવ પહેલા પદની અંતિમ કડીઓમાં સ્પષ્ટ જણાય આવે છે. તે કિર્તનના શબ્દો છે.

**જેને જોઇએ તે આવો મોક્ષ માગવા રે લોલ.... આજ ધર્મવંશીને દ્વાર નરનારી... જેને જોઇએ**

૦-૦-૦-૦

## ૧૬. પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે....

અષાઢી વર્ષ સંવત ૧૮૭૦ ના ચૈત્ર સુદ-૯ ના રોજ ગઢપુરમાં ભગવાન શ્રીહરિ સભા ભરીને વિરાજમાન હતા. અને સર્વે સંતો ભક્તો પણ બેઠા હતા. એ વખતે શ્રીજીમહારાજ બોલ્યા જે બધા જ માસમાં ચૈત્ર માસ ઉત્તમ ગણાય છે કારણ કે તે પિતૃમાસ તરીકે પ્રસિધ્ધ છે પિતૃમોક્ષાર્થે આ માસમાં વિશેષ કથા પારાયણો પિતૃ-તર્પણ આદિક સમાજમાં થતું હોય છે. માટે મોક્ષાર્થી માટે આ માસમાં વિશેષ કાર્યક્રમો ગોઠવવા જોઇએ હવે બે દિવસ પછી રામનવમી આવે છે તો આપણે રામનવમીનો મોટો ઉત્સવ ઉજવવો છે. ત્યારે વડિલ સંતોએ વચમાં વિશેષ વાત બતાવી પ્રભુ આપનું પણ પ્રાગટ્ય પણ આજ દિવસે થયેલું છે, તો અમારે માટે આ દિવસ અતિ કલ્યાણકારી - મોક્ષકારી ગણાય છે એટલા માટે રામનવમીનો સમૈયો તો બપોરે કરીશું પણ વિશેષ રાત્રીએ તો અદ્ભૂત દિવ્ય મહોત્સવ અમે ઉજવવા માગીએ છીએ. એના માટે જે કાંઇ સાધન સામગ્રી તૈયાર કરવી પડશે તેને સંતો અને હરિભક્તો મળી જરૂર કરીશું. બસ અમો તો આપની આજ્ઞાની જ રાહ જોતા હતા. આપની મરજી હશે તો આપના પ્રાગટ્યનો અતિ અદ્ભૂત દિવ્ય મહોત્સવ ઉજવીશું કારણ કે અમારે તો પતિવ્રતાની ભક્તિ છે. તે સાંભળતા જ પ્રભુએ અનુમોદન આપ્યું અને કહ્યું બીજી જે કાંઇ તૈયારી કરવી હોય તે કરો પણ અમારી તો આજ્ઞા એ છે કે જે અષ્ટકવિઓ તેમણે તો પ્રાગટ્યના કિર્તન બનાવવાની જ તૈયારી કરવી અને એ મહોત્સવમાં ગાવા.

આજ્ઞાની જે રાહ જ જોઇ રહ્યા એવા પ્રેમસખી રાજી રાજી થઇ ગયા જેમ ભાવતા ભોજનને વૈધે ઓષધ બતાવ્યું - દોડવું હતું ને ઢાળ મળ્યો જેમને આ વાતની હમેંશા આલોચના રહેતી તે જ વાત ને વેગ મળ્યો. ચરિત્રમાં જ ડુબવું ગમતું એવા પ્રેમસખીએ ઘણા જ અલગ અલગ ઢાળ અને લયનાં કિર્તનો બનાવ્યા અને રાત્રે શ્રીહરિ પ્રાગટ્ય મહોત્સવ વખતે ગાઇને મોક્ષદાતા મહારાજને રીઝવી લીધા જેના શબ્દો હતા...

૧. પ્રગટ થયા પ્રભું છપૈયા ગામરે, ભક્તિમાતા ધર્મ તાતનું નામ રે....
૨. માતા પ્રેમવતી ઝુલાવે કુંવર પારણે રે, ઝુલે રૂપાળો રંગભીનો રાજીવનેણ
૩. પ્રાણ સ્વામિનારાયણ દેવ સત્યસ્વરૂપ છે રે, સત્યસ્વરૂપ છે સુરમુનિનાં ભૂપ છે રે...

૦-૦-૦-૦

## ૧૭. પધારે વટપતન સ્વામી

વડોદરા એટલે છોટી કાશી કહેવાય, ત્યાંના મોટો મોટા પ્રકાંડ પંડિતોને ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે અને તેમના સંપ્રદાયને વિષે શંકાઓ હતી તેનું નિરાકરણ કરવા મુક્તાનંદ

સ્વામી પધારી અને વડોદરામાં શાસ્ત્રાર્થ ચર્ચા કરીને તેમાં પ્રકાંડ પંડિતોને પરાસ્ત કરીને ભગવાનશ્રી હરિનો ભવ્ય દિગ્વિજય કર્યા. અને ચારે તરફ વડોદરાની ગલી ગલીએ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ નામના ધજા પતાકા ફરકવા લાગ્યા અને આખુ નગર સ્વામિનારાયણ નામનાં જયઘોષથી ગાજી ઉઠ્યું. સરકાર સયાજીરાવ પણ અતિ પ્રભાવિત થયા, અને પોતાના રાજમહેલ ઉપર શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ નો ધ્વજ ફરકાવ્યો. સ્વામીને પોતાના મહેલમાં પધરામણી કરાવીને માંગવા વિનંતી કરી સ્વામી કહે હે ! નરેશ ! અમારે આ લોકના પદાર્થની લેશમાત્ર અપેક્ષા નથી. પરંતુ એક માંગણી કરીએ છીએ. અમે સાંભળ્યું છે કે અમને મારવા આવેલા કેટલાક ભેખધારીઓ કેટલાક રાજ્યાશ્રયથી જીવતા હતા તેમાના કેટલાકનાં તમે સિધા બંધ કર્યો છે. બસ એજ માંગણી છે. કે તેમનાં સિધા ચાલું કરો. અમારા નામે કોઈના અન્નમાં અડચણ ન આવવી જોઈએ. સ્વામીની દયાળુતા અને સાધુતાના સાગરમાં સયાજીરાવ જેવી મહાન સત્તા ડુબી ગઈ.અને સ્વામીના ચરણોમાં ઝુકી પડ્યા. આહાહા! કેટલી સાધુતા ! જે પોતાને મારવા તૈયાર થયેલા દુશ્મનોનું પણ ભલુ ઈચ્છે છે. શાસ્ત્રાર્થનાં દિગ્વિજયની ઉપર સાધુતાનાં દિગ્વિજય એ ચાર ચાંદ લગાડી દિધા. સ્વામીને સરકાર કહે છે,આપ હવે મને પ્રભુની શરણે કરો કંઠી વર્તમાન આપી આશ્રિત કરો કે આપના ઈષ્ટદેવ એ મારા ઈષ્ટદેવ માટે પ્રભુને મારા પુરમાં પધરાવીને મને અને મારી પ્રજાને કૃતાર્થ કરો. હું પ્રભુના દર્શન સમાગમ-અને સેવક બનીને મારી કરોડો જનમની કસરો ટાળી પ્રભુની સેવામાં અખંડ રાખો.તેમની અરજીને સ્વામીએ મહારાજ સુધી પહોંચાડી અને પ્રભુએ તે અરજી માન્ય રાખી પછી થોડાક સમયમાં મહારાજ સંતોભક્તોનીસાથે ૧૮૮૨માં કારતક વદ ૩ ના દિવસે વડોદરા પધાર્યા.સરકારે યુવરાજ ગણપતરાવના નેજા હેઠળ અશ્વ રથ પાલખી હાથી આદિકથી શોભતી ચતુંરગી સેનાથી રાજા મહારાજાથી વિશેષ દબદબાભર્યું સ્વાગત કર્યું. તે શોભા, ભાવ આંખે દેખેલા અહેવાલને પ્રેમાનંદ સ્વામીએ કિર્તનમાં આલેખું લીધું.

પધારે વટવતન સ્વામી-પધારે વટવતન સ્વામીનું.

o-o-o-o

## ૧૮. આશકો દિયારી વે, માશુક ન જાના ભૂલી, દિખલાદિદાર પ્યારા, મહેબુબ હમારા...

સોરઠદેશમાં સોહામણા ગિરનારની તલેટીમાં વસેલું જુનાગઢ નગર તેમના રાજા મુસલમાન હતા છતા. ઝીણાભાઈ જેવા સત્સંગીને લીધે સત્સંગનો ગુણ હતો. તેમાં વળી બ્રહ્માનંદ સ્વામી જેવા સંતોનો યોગ થયો. આમ તો પહેલાં બ્રહ્માનંદ સ્વામી લાડુદાનનાં વેશમાં હતાં. ત્યારે તેમની પાસેથી વિદ્યા શિખ્યા હતા. અને ગુરુ બનાવ્યા હતા. એ વાતની જ્યારે જાણ થઈ ત્યારે સ્વામીનું ખુબ સન્માન કરીને મંદિર બનાવવામાં જે જોઈએ તે માંગજો. આ રાજ્ય તમારૂ છે એમ માનજો. એમ સમર્પણ ભાવ દર્શાવ્યો હતો. અને જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે રાજમાંથી ઘણી સારી સેવાઓ પણ મળેલ છે. એક વખતનો પ્રસંગ છે. મહારાજ જુનાગઢ આવ્યા હોય અને ત્યાંના ભક્તો અદ્‌ભુત સામૈયુ લઈને મહારાજનું સ્વાગત સામા કરવા ગયા હતા. અને મહારાજ માણકી ઉપર બેઠા હતા અને સવારી ચાલતી હતી એ વખતે નવાબના મહેલ પાસેનાં ચોકમાંથી સવારી પસાર થતી હતી. એ વખતે ચોકમાં એક કાકડી વેચતોં નાનો બાળક, પ્રભુના દર્શન થતાં જ એને ભાવ જાગ્યો કે જો ભગવાન હશે તો મારી પાસેથી કાકડી માંગીને કાકડી જમશે. તે ભાવને જાણીને પ્રભુએ કાકડી માંગી અને બાળકને રાજી કર્યો. અને એ કાકડીને ધોડી ઉપર બેઠા બેઠા જ ખાધી, એ દશ્ય નવાબને પોતાના વજીર બતાવીને કહે આવા તો કાંઈ ખુદા હોય. આવી ભવ્ય સવારી ચાલી જાય છે. અને પોતે કાકડી ખાય છે. ત્યારે નવાબ કહે ખુદા હોય તેને કોઈની તમા ન હોય તે તો સ્વતંત્ર હોય આવું સામાન્ય માણસથી ન થઈ શકે માટે આ તો ખુદા જ છે એમ એને નિશ્ચય થયો. તેથી પ્રભુને પોતાનાં મહેલમાં પધરામણી કરાવી. અને રાજઠાઠથી સન્માન કર્યું. સભા ભરાણી એ વખતે તેનાં ગવૈયાની પાસે કવાલી ગવરાવી અને પ્રભુને પ્રસન્ન કર્યા. પ્રભુએ પણ ગવૈયા ને પોતાના વસ્ત્રો આપીને રાજી કર્યા. પછી પ્રેમાંનદ સ્વામીની સામે નજર કરી, સ્વામી મરજીને ઓળખી ગયા અને હાથમાં સિતાર હતો તે ઝણકી ઉઠ્યો. અને પ્રિયતમને પામવા પ્રિયતમા પ્રાર્થના કરતી હોય યાદ અપાવતી હોય એવા ભાવની કવાલી ઉપાડી. નવાબ તો ચક થઈ ગયા અને બોલી ઉઠ્યા આશકો દિયારી વે માશુક ન જાના ભૂલી. વાહઃ સ્વામીઃ વાહઃ

-દિખલા દિદાર પ્યારા મહેબુબ હમારા.

o-o-o-o

## ૧૯. ધર્મકુંવર હરિકૃષ્ણની રે મુરતી

સંવત.......... ના દિવસે મહારાજ વડતાલ પધાર્યા અને નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાનો અદભૂત કારીગરી કરીને હિંડોળો બનાવ્યો. જેને જોતાં વિશ્વકર્મા પણ ગમ ખાઈ જાય તો તે હિંડોળાને જ્ઞાનબાગમા બે આંબાનું જોડલું હતું ત્યાં બાંધ્યો અને ફુલથી અલૌકિક રીતે શણગાર્યો અને તે દિવસે મહારાજને ભક્તોએ એવા વાઘા અલંકાર આદિક વસ્તુઓથી શણગાર કરેલા કે જોતા સૌ કોઈનાં મન આકર્ષાય જાય. મસ્તક ઉપર મુગટ મકરાકાર કુંડળ લલાટમાં કેસર ચંદનની આડ-તિલક-કંઠમાં અનુપમ ઉતરી બાજુબંધ - વેઢ-વિંટી-કડા-સાંકળા આદિક દિવ્ય વસ્ત્રાભુષણ ધારણ કરી પ્રભુ ચટકતી ચાલે ચાલતા જ્યારે હિંડોળામાં વિરાજમાન થયા. ત્યારે તો જયઘોષનાં ધ્વનિ સંભળાવા માંડ્યા. લાખોની સંખ્યામાં હરિભક્તોની ભીડ અને આતુરતા ભાળી ભગવાને બાર સ્વરૂપો ધારણ કર્યા અને બધાજ સ્વરૂપે ભક્તોનાં ભાવને પુરા કરવા છડી લાંબી કરીને જે કાંઈ ભેટ સામગ્રી ભક્તો લાવ્યા હોય તેને પોતે ગ્રહણ કરતા. અદ્‌ભૂત દિવ્ય દર્શન થતાં સૌ કોઇના

અંતર પૂર્ણકામપણાને પામી જતા હતા. પણ એ વખતનું દિવ્ય દર્શન થતુ હોય ત્યારે એવા કોણ દુર્ભાગ્ય કવિ હોય કે કાવ્ય ન બનાવે. પ્રેમસખીનાં અંતર ઉંડાણમાંથી પ્રેમ ગંગા પ્રગટ થઈ અને આબેહુબ વર્ણન કરવા હૈયું હરખી રહ્યું હતું જોત જોતામાં તો સ્વામી વરસી ઉઠ્યા.

**ધર્મકુંવર હરિકૃષ્ણની રે મુરતી....**

૦-૦-૦-૦

## ૨૦. મેરા કંગના નિકારી ગયા રે...

જેતપુરના મહાન ભક્તરાજ જીવા જોષી નિયમ નિશ્ચય અને પક્ષમાં દ્રઢપણે વર્તતા, અને શિરસાટે સત્સંગને રાખતા તેથી તેના પ્રત્યે આખી નાત દ્વેષ રાખતી, અને ગામના કાઠી દ્વારા હેરાન પણ કરતા. છતાં સત્સંગની દ્રઢતા ન ટળી અને તેમની દીકરી કડવીબાઇને જેતપુરમાં જ પરણાવી હતી અને તેના સાસરીયાવાળા ખૂબ જ હેરાન કરતાં. એક વખત કડવી બાઇ વગડામાં ખડ લેવા ગયેલા તે મહારાજ ધોરાજીવાળા રસ્તેથી આવતા કડવીબાઇને દર્શન આપવા એ વગડામાં પધાર્યા દર્શન થતાં જ બાઇ તો હર્ષ ઘેલી બની ગઇ. દર્શન કર્યા એટલે મહારાજ કહ્યું છે જેને ભગવાન ભજવા હોય તેને વળી બંગડી અને માથેવાળ એ બધા તાલ શા કામના ? ત્યારે કડવીબાઇ કહે મહારાજ તો લ્યો આ બંગડીયુ મારે શું કરવી છે. અને ઘેર જઇને વાળ પણ ઉતરાવી નાખીશ એમ કહીને બંગડીયોનો ઘા કરીને મહારાજને આપી એટલે મહારાજે લઇને જીવુબાને તે આપી દીધી અને જ્યારે સભા થઇ ત્યારે પ્રેમાનંદ સ્વામીએ એ લીલાનું કિર્તન બનાવ્યું અને મહારાજ આગળ ગાયું...

ભલાજી મેરો કંગના નિકારી ગયો રે.. (પ્રેમાનંદ કાવ્યા-૧ પેજ ૭૩૭ સારસંગ્રહ-૩૦૧)

તે કિર્તન સાંભળીને મહારાજ સ્વામીને વઢ્યા જે આવું અમે ક્યારે કર્યું. ખોટું કેમ આવુ આળ અમને ઓઢાડો છો. ત્યારે મોટીબાએ ચુડલી લાવીને મહારાજ અને સંતો બેઠા હતા ત્યાં ચુડલી દડતી મુકી તે કહે આનું કેમ ? તે સાંભળીને મહારાજ અને સંતો ભક્તો ખુબ હસ્યા.

કહદિની કરદિની રે બાલાપનમેં વેરાગન કરદિની..

આ બાજુ કડવીબાઈ તો ઘેર જઈને વાળંદને બોલાવીને માથે મુંડન કરાવ્યું. તે જીવ તે ઘણીએ મુંડન ભાળીને સૌ લોકો ટીકા કરવા લાગ્યા વળી તેનો ઘણી આકરો તો હતો. અને તેમાં આવું કર્યું. એટલે ખુબ ખિજાયો. અને ખુબ માર માર્યો અને રાત્રે તેની છાતી ઉપર ખાટલાનો પાયો રાખીને સુતો એમ ખુબ દુઃખ દેતો. ખાવા દેય નહિ એમ અતિશય હેરાન કરવા લાગ્યો.

તે વાતની મહારાજને જાણ થઈ એટલે મહારાજે બે પાર્ષદને વેલડું લઈને જેતપુર મોકલ્યા તે પીઠડીયાને રસ્તે ફકીરનો તકિયો છે. ત્યાં વેલડું રાખી બે જણ ગામમાં આવ્યા અને બાઈને મળીને વાત કરી કે મહારાજે તેડવા મોકલ્યાં છે, તે વેલડું ફકીરના તકિયા આગળ રાખ્યુ છે ત્યાં આવાજો પછી કડવીબાઈતો ઝાડે ફરવાના બાને ઘેરથી નીકળી ગઈ તે નદીમાં ખુબ પાણી આવ્યું હતું. પણ મહારાજનાં ભરોસે શરીરની ગણતરી કર્યા વિના પાણી ઉપર ચાલવા લાગી તે ડુબી નહી ને સામા કાઠે નિકળી ગઈ. પછી વેલડામાં બેસી તે ગઢપુર પહોંચી ગઈ. અને જેતપુરમાં તેની માને એમ થયુ કે કેમ થયું હશે વાર ઘણી લાગી, એટલે એ નદીએ જોવા ગઈ. એટલે એક ખત્રીને પુછ્યું જે અહિં કોઈ બાઈને દિઠી હતી. તો કહે હા એતો નદી ભણી દોડતી જાતી હતી. પણ આ પુરમાં કાંઈ મારુ ધ્યાન રહ્યું નહિં. મને એમ લાગે છે કે બાઇ આ પાણીમાં તણાઇ ગઇ છે. તેથી તેની માએ જાણ્યું કે નદીમાં તણાય ગઈ હશે.

અને બાઈતો ગઢપુર આવી ત્યાં રહી પણ જેતપુરમાં બીજા બ્રાહ્મણોએ અને બાઈના સાસરીયા પક્ષે એવું કાઠીઓને ભરાવ્યું કે, બાઈને તેના માબાપે અને બેય ભાઈએ મળીને ભગાડી મુકી છે. એટલે કાઠીએ જીવા જોષીને બોલાવીને કહ્યું કે જો તમારા સત્સંગમાંથી બાઈ મળે તો તમારા ચારેયનાં માથા કાપી નાખીએ. તે વાતની મહારાજને ખબર પડી એટલે મહારાજે કડવીબાઈને કહ્યું કે તમારા માટે અમે ચારનાં માથા કપાવા નહી દઈએ માટે તમે પાછા જાવ ત્યારે કડવીબાઈ કહે મહારાજ હવે તો ગમે તેમ થાય પણ પાછી જેતપુર નહી જાવ, માંડ તેના પંજાથી ઉગરી. આપ જયાં મોકલો ત્યાં જઈને તમારુ ભજન કરીશ. એટલે મહારાજે રામબાઈ નામ પાડીને કઠલાલ મોકલ્યા. તે વખતે પ્રેમાંનદ સ્વામીએ કિર્તન બનાવી તે સભામાં મહારાજને સંભળાવ્યુ જે હે મહારાજ.

--- કરદિની કરદિની રે બાલયનમેં વેંરાગન કરદિની---

૦-૦-૦-૦

## ૨૧. વદું સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ

એક વખત ગઢપુરમાં લીલુડા લીમડા નીચે દિવ્ય સભા ભરાઈને બેઠી હતી સર્વે સંતો ભક્તો પ્રશ્નોત્તરમાં મસ્ત હતા. એ વખતે એક બ્રાહ્મણ દંપત્તિ પાવાગઢ દ્વારિકા આદિકનાં દર્શન કરી અને ગઢપુરમાં દાદાખાચરનાં દરબારમાં જ્યાં સભા ભરાઈને બેઠી હતી ત્યાં આવ્યા. એટલે બાઈ જે હતી તે બાઈઓની સભામાં બેઠી અને ભૂદેવ એક ખુણે જઈને ઉભા રહ્યા. એટલે મહારાજે પાસે બોલાવીને પુછ્યું જે કાંઈ ભણ્યા છો તો કહે ના પ્રભુ નાનપણથી માતાપિતા સ્વર્ગે સિધાવ્યા હતા. એટલે ભણવાનો કોઈ મોકો મળ્યો હતો નહિ. કાંઈ ભજન આવડે છે. તો કહે ભજન નથી આવડતું પણ માતાજી નો ગરબો આવડે છે મહારાજ કહે જે આવડતું હોય તે બોલો એટલે એમણે ગરબો ગાયો.

**માડી, મારે ગરબે રમવા આવ. ભવાની માં, કાળકા રે લોલ,**
**માડી તારા મુખની મરોડતા જોઈ, હરાયો ગર્વ ચંદ્રનો રે લોલ;**

મહારાજ બ્રાહ્મણ ઉપર પ્રસન્ન થયા અને રાજીપાનો હાર આપ્યો. ત્યારે સભામાં પ્રેમાંનદ સ્વામી બેઠેલા હતા. મહારાજે તેની સામે જોઈ કહે કેમ સ્વામી આવું કિર્તન તમે બનાવી શકો ખરા!! સ્વામી કહે મહારાજ આજ્ઞા કરતા હોય ત્યારે શું અશક્ય છે. આપ મારી સામા બેસો એટલીજ વાર છે એમ કહીને ગરબો બોલેલ તે જ ઢાળમાં પ્રભુપ્રેમમાં રસબસ થઈને પ્રેમ નિતરાભાવે સ્વામી મૂર્તિની મોટાઈ વર્ણવતાં ગાઈ રહ્યા.

**વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ,**
**જેને ભજતાં છુટે ફંદ કરે ભવપારને રે લોલ,**

પેલા બ્રાહ્મણે અંતિમ કડીમાં ભવાની માની મુખની સાથે ચંદ્રની ઉપમાં કહેલ જ્યારે પ્રેમાંનદસ્વામી અંતિમ પદમાં એજ વાતને ચંદ્રની કાંતિ સાથે મહારાજનાં નખની કાંતિ સરખાવીને કહ્યુ જે નખને જોતાં ચંદ્રની કળા ગૌણ થઈ જાય છે.

**વાલા તારી નખની અરૂણતા જોઈ શશીકળા ક્ષીણ છે રે લોલ.**

આ ગરબીને સાંભળવા મહારાજ અને સભા અહોભાવનાં આશ્ચર્યમાં ઉત્તરી ગયા, અને સૌ કહેવા લાગ્યા વાહઃ સ્વામી વાહ.. કમાલ કરી દીધી સર્વોપરીતાની પરાકાષ્ઠાને આપે તો આબુહુબ ચિતરી દીધી. અને મહારાજના મુખમાંથી શબ્દો સરી પડ્યા આમ જેને ભગવાનની મૂર્તીનું ચિંતવન રહે છે. તેને તો ઉઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ. જે વચનામૃત ગ.મ.૪૮ અને જેને ઘેર આવા પુરુષે જન્મ ધર્યો તેના મા-બાપ પણ કૃતાર્થ થયા.

## પુરુષોત્તમ પુરણ બ્રહ્મ સહજાનંદ સ્વામી

સભામાં વંદુના પદ પ્રેમાનંદ સ્વામીને ગાયા અને સર્વે સભા પ્રભુની મૂર્તિમાં રસબસ બની ગઈ મહારાજે ખુબ વખાણ કર્યા પછી પેલા બ્રાહ્મણને મહારાજે ફરીને પુછ્યું. બીજી કોઈ ગરબી આવડે છે. ત્યારે ભૂદેવ કહે હાં પ્રભુ બીજી પણ એક ગરબી આવડે છે એટલે મહારાજે આજ્ઞા કરી તેથી તે ગાવા લાગ્યા છે.

**મા પાવા તે ગઢથી ઉતર્યા માં કાળી રે...**

એ ગરબી પુરી થઈ એટલે તુરંત પ્રેમાનંદ સ્વામી તૈયાર જ હતા. પ્રભુના મહિમાંથી નિતરત્તા હ્યદયે જેમ છે તેમ ઉપાસનાની દ્રઢતા અને સર્વોપરીના સમભાવનું પદ મુખ થકી સરી પડ્યું.

**પુરુષોત્તમ પુરણ બ્રહ્મ સહજાનંદ સ્વામી,**

પ્રભુ સાંભળી અતિ પ્રસન્ન થયા. અને સૌ કોઈ પ્રેમાનંદ સ્વામીની ઉપાસના અને પ્રેમભક્તિમાં સંપૂર્ણ પણે સમર્પિત થઈ જવાની પુરી તૈયારી આ ભક્તિમાંભક્ત ભગવાનને પડકારીને કહે કા તમારા ચરણમાં સમાવી લો અથવા મારા ચિત્તમાં અંખડ બંધાઈને રહો. સ્વામીની ખુમારી ભરી નિષ્ઠાની મજબુતાઈ જોઈ સૌ સ્તબ્ધ થઈ ગયા.

પ્રભુએ પેલા બ્રાહ્મણને પુછ્યું કે ભૂદેવ આપને કોઈ સંતાન છે ?

ત્યારે ભૂદેવનું મોઢું હેઠું ઢળી ગયું અને દુઃખી અને દર્દીલા અવાજ બોલ્યા કે મહારાજ! પ્રભુના પ્રસાદનો અનાદર કર્યા પછી પ્રભુ ક્યારેય પણ તેવા દિવસો આપતા નથી. ભગવાને એક સુંદર અને પ્રતિભા સંપન્ન બાળક આપ્યો હતો. પણ યુવાનીનો મદ અને શંકાશીલ સ્વભાવને લઈને તેને તજી દિધો હતો. ત્યારે ભગવાનનું દાન પાછું ઠેલ્યુ તે ફરીને ક્યાંથી મળે! માટે પ્રભુ હું અત્યારે નિઃસંતાન છું. કહેતા કહેતાં આંખો અશ્રુથી ભરાઈ ગઈ.

મહારાજ કહે કે ભુદેવ એ બાળક તમને પાછો મળે તો ઓળખી જાવ ખરા ?

પ્રભુ ચહેરો તો કેમ ઓળખાય. પણ એક એના હાથ અને પગનાં ચિહ્નો મને આજ પણ યાદ છે જેના ઉપરથી જ કહું છું કે એ તો પ્રભુનો પ્રસાદ જ હતો. મહારાજે પ્રેમાનંદ સ્વામીને બોલાવ્યા અને હાથ પગની રેખાઓ બતાવી. તે હાથમાં ધ્વજ, ચંદ્ર અને ચરણમાં ઉર્ધ્વરેખા અને ભાલમાં ઉન્નત ભાગ્ય રેખા જોતા જ ભુદેવની મતિ મુંજાઈ ગઈ. અને કહે પ્રભુ કાંઈ સમજમાં નથી આવતું. જે આજ દિવસ સુધી બાળક કેમ જીવીત હોય, મહારાજે કહ્યું બસ એજ છે. ભારે આંખોમાં ગંગા જમના વહેવા લાગી અને મહારાજનાં ચરણોમાં ઢગલો થઈ પગે લાગી રાજી રાજી થયા. ઓહો મારા મોટા ભાગ્ય જે આપના શરણમાં મારો દિકરો અને એની પ્રતિભા જોતા હું તો કૃતાર્થ થયો. રાજી થઈને ઘેર ગયા. સોને ખ્યાલ આવ્યો પ્રેમાનંદ સ્વામી બ્રાહ્મણ પુત્ર છે.

O-O-O-O

## ૨૨. તેરી સાંવરી સુરત છટાદાર

ભગવાનની સર્વે ક્રિયા નિર્ગુણ અને કલ્યાણકારી જ છે. સર્વે લીલામાં એક જ તથ્ય હોય કે જીવનું આમાંથી કલ્યાણ થાય. પ્રભુ તો સ્વતંત્ર મૂર્તિ માટે તેને કોઈ બંધનકર્તા નથી. પણ જે મૂર્ખ હોય તેને ચરિત્રમાં દોષ પરઠે. અને ભક્ત હોય તે ચરિત્ર ગાઈને સુખ માણે. મહારાજે જ્યારે ડભાણમાં યજ્ઞ કર્યો ત્યારે યજ્ઞની રક્ષા કરવા માટે ઘોડાસરના રાજા પાસે માણસો લેવા ગયા હતા. તે વખતે સુરતનાં હરિજનોએ ત્યાં આવીને મહારાજની પુજા કરીને ડગલી, પાઘ,કડાં, બાજુ વેઢ વગેરે દરેક જણે ભારે ભારે એક એક વસ્તુ પદાર્થ અર્પણ કરી પુજા કરી. એમ આખા સમુહમાં સંપૂર્ણ શણગાર કર્યો હતો. તે વખતે ઘરમપુરથી કુશળકુંવરબાએ પોતાના દિવાનને તેની સ્ત્રી તથા નોકરો સાથે મહારાજને સરપાવ આપવા માટે મોકલેલ. તે પણ ઘોડાસરમાં મહારાજ પાસે આવ્યા ને મહારાજનાં દર્શન કર્યા. ત્યાં ભારે શણગાર ભાળીને એમ થયું જે આ ભારે પોશાક ઉતરાવીને આપણો તો એવો પોશાક નથી, તે પોશાક પહેરાવવો તે ઠીક નહિ. પછી બધાને કિંમત પુછી તે જેટલા રૂપિયા થયા તેટલા મહારાજને આપી કુશળકુંવરબાના નામની પુજા કરી. તે વખતે દિવાનની સ્ત્રીને એમ થયું જે આ ભગવાન કહેવાય છે પણ ભગવાન હશે તો તેમને જમવાની કળા ખુબ સારી આવડશે. એમ ધારીને જમવાનું આમંત્રણ દીધું. ત્યારે મહારાજ કહે બહુ સારું જમવા આવશું. વળતે દિવસ ભાતભાતની રસોઈ કરી મહારાજને થાળ પીરસ્યો. તે પીરસવામાં યુક્તિ કરી જે

પ્રથમ જમવાનું તે પ્રથમ પીરસેલ ને અનુક્રમે ગોઠવેલ તે બાઇ પણ જમવામાં ચતુર હતી. તેથી એવી પરીક્ષા લેવા તેણે એમ કર્યું હતું. મહારાજ જમવા બેઠા તે બાઇની ચતુરાઇથી સો ગણી શ્રેષ્ટ ચતુરાઇ મહારાજે જમવામાં દેખાડી. તે જમે પણ હાથ બગડવા ન દે. વળી હોઠ પણ બગડવા ન દે. તે શાક વગેરે વારાફરતી જમે પણ ડાઘ પણ હાથે પડવા દીધો નહીં. તેથી બાઇને એમ થયું છે આ મોટા પુરુષ તો ખરા, અતિ રૂપાળા અને ગુણવાન ચતુર કામણગારા જાણીને પ્રભુ પ્રત્યે ભુંડો ઘાટ થયો જે મારી સાથે વિહાર કરે તો ઠીક તે ઘાટ થતાની સાથે જ મહારાજે જમેલું સર્વે અન્ન ઉલટી કરીને કાઢી નાખ્યું. પછી બાઇએ તેના ધણીને કહ્યું આતો અતિશય મોટા છે. માટે હવે પાલખીમાં બેસાડીને ઉતારે પહોંચાડો. તે પછી એમ કર્યું.

પછી જ્યારે ડભાણનો યજ્ઞ થઇ રહ્યો, ત્યારે મહારાજ અમદાવાદ પધાર્યા તો ત્યાં તે દિવાન અને તેની સ્ત્રી સાથે જ આવ્યા હતા. તે અમદાવાદમાં સાંખ્યયોગી બાઇઓએ રસોઇ આપી તે બધી ડોસીયુને જમવાનું આમંત્રણ આપેલ તે જમવા માટે ઘણી ડોશીયું થઇ ગઇ તેથી રસોઇ ઘટે એમ લાગ્યું. વધારે રસોઇ માટે મહારાજને પુછ્યું તે મહારાજે ના પાડી ને કહ્યુ પિરસવા અમે આવશું એટલે નહીં ખુટે. તે જમવાની પંક્તિ કરી તેએક સાથે સૌ ડોસીયું બેસી ગઇ. તે પ્રભુના હાથનો પ્રસાદ ક્યાંથી એમ ધારીને પેલી દિવાનની સ્ત્રી પણ જમવા બેસી ગઇ મહારાજે એવા શણગાર ધારણ કરીને પીરસવા આવ્યા તે સર્વે બાઇઓની વૃત્તિ મુર્તિમાં લાગી ગઇ. તેથી તેની વૃત્તિ માયાથી પર થઇ ગઇ અને એકવાર પીરસેલું પણ કોઇથી જમાયું નહિ. તે દિવાનની સ્ત્રી પણ મૂર્તિમાં તદરૂપ થઇ ગઇ. એટલે તેનો ખોટો ઘાટ તે ટળી ગયો. અને પુરુષને દેખે એટલે ઉલ્ટી થઇ જાય. અને પોતાના ધણીને જોવે તો પણ ઉલ્ટી થઇ જાય એમ પુરુષ માત્રનો અભાવ થઇ ગયો અને બીજી ડોસીયું સાથે જમવા બેઠેલ તેને પણ એમ થઇ ગયું એમ એકને વાસ્તે મહારાજે બધી બાઇઓને એવું કરી દીધું. તે વાત જાણીને પ્રેમસખીએ તરત તે વાતને કિર્તનમાં કંડારી લીધી.

તેરી શ્યામરી સુરત છટાદાર મન હરે પ્રાણ હરે તેરી માધુરી મૂરત છટાદાર....

o-o-o-o

## ૨૩. સજની શ્રીજી મુજને સાંભર્યા રે.....

સમગ્ર સત્સંગ સમાજને શોકસાગરમાં ડુબાડીને જ્યારે ભગવાન શ્રી હરિ સ્વધામમાં ગયાતે દિવસ પ્રેમાતુર પ્રેમસખીની જે સ્થિતિ બની હશે એનું વર્ણન કરવું અશક્ય છે. જેઓ શ્રીહરિની હયાતિમાં પણ એક ક્ષણની અલગતા સહી ન શકતા. જેમ ગાય વિના વાછરડું ઝુરે, પાણી વિના માછલુ તરફડે. અને મા વિના બાળક વલવલે. તેમ ઈષ્ટદેવ વિના સ્વામી વિરહ વ્યથા અને વ્યાકુળતામાં ઝુરી ઝુરીને અચેતન બની રહ્યા. એમના વિશે જેમણે અનુભવ્યું છે તેમણે એમ લખ્યું છેકે વિરહને કારણે પ્રેમમૂર્તિનાં આંખોમાંથી આંસુને બદલે લોહી ટપક્યું હતું. ૧૪-૧૪ વર્ષના સહજીવનનાં સંયોગનો આનંદ અને સુખ માણેલાને તે વિયોગાત્મક જીવન જીવવું કેટલું અસહ્ય થઇ પડ્યું હશે, તે તો તેના અનુભવી જ ઓળખાવી શકે. સ્વામીને એક એક ક્ષણ યુગ જેટલી લાગે છે. દેહ ટકે એવી કોઇ પરિસ્થિતિ ન હતી. છતાં પ્રભુની આજ્ઞા હતી કોઇ અમારા પાછળ દેહનો ત્યાગ કરશો નહિ. તો પ્રિતમની સાથે સાચો પ્રેમ છે તેની સાબીતી માટે મહારાજની મરજીને સમજીને દેહ ટકાવી રાખ્યો. પછી તેરમાને દિવસ વિશાળ સભા ભરાઇને બેઠી હતી એ વખતે તમામ ત્યાગી, ગૃહીની અને સર્વે વડિલ સંતોએ સહીત દેશદેશના હરિભક્તોની હાજરી હતી પણ સૌના હૈયાનો હાર હજારોનો જીવન પ્રાણ પ્રભુ નથી દેખાતો સૌની આંખ અવતારીને શોધી રહી છે. આજની સભા નિસ્તેજ અને કોઇના ચહેરા ઉપર નુર નથી. સૌના અંતર સુના દિસે છે. એ વખતે પ્રેમાનંદ સ્વામીને વડિલ સંતોએ આજ્ઞા કરી કે સ્વામી કંઇક કિર્તન બોલી સભાને હળવી કરો. એટલે સ્વામી વિરહની ગહેરી ગુફામાં ઉંડા ઉતરી ગયા. ત્યાં તેમને પ્રભુની ઝાંખી થઇ. અને પ્રભુને સંભારતા હરખ તો ઉભરાયો પણ બીજી જ પળે વિરહની વેદનામાં પોતે વહી ગયા. સારંગી હાથમાં લીધી. શ્રી હરિની સ્મૃતિમાં સ્વામી ડુબી ગયા. જ્યાં હરિ બેસતા, પોઢતા, સભા કરતા, વસ્ત્રાભુષણ વગેરેનું સ્મરણ થવા લાગ્યું અને વિરહ અગ્નિની જ્વાળાએ લાંબા ઢાળે હરખતે હૈયે નિતરતે નેત્રે ગાવા લાગ્યા. સૌ સંતો ભક્તો કિર્તન સાંભળતાં રહ્યા. જ્યારે છેલ્લી કડી આવી ત્યારે હજારોની મેદની ધ્રુસકે ધ્રુસકે રડી પડી અને કરૂણ રસમાં તરબોળ થઇ ગયા.

**સજની શ્રીજી મુજને સાંભર્યા રે, હૈડે હરખ રહ્યો ઉભરાય**

તે સાંભળતા ચક્તિ બન્યા કે ખરેખર સ્વામીનો આ પ્રેમ પરાકાષ્ટાએ પહોંચેલ છે. સ્વામીને પ્રભુને સંભારતા હરખમાં કાંઇ ખ્યાલ રહ્યો નહિ પણ જયારે ખ્યાલ આવ્યો કે મારો પ્રાણ તો જતો રહ્યો એટલે તરત અચેતન બન્યા અને આખિર વડિલ સંતોએ બાજી સંભારી સ્વામીને જાગ્રત કર્યા અને સ્વામીને આશ્વાશન આપી અને શોક ટાળ્યો. એમ કહેવાય છે કે પ્રભુના વિરહમાં સ્વામી જીવ્યા ત્યાં સુધી એક દિવસ એવો નહોતો કે એમની આંખોમાં આંસુ ન આવ્યા હોય. આવા સંતના શ્રીચરણોમાં કોટી કોટી વંદન હજો....

o-o-o-o

## નિષ્કુળાનંદ સ્વામી
## મૈં હું આદિ અનાદિ આતો સર્વે ઉપાધિ.

ભગવાન શ્રી હરિ અક્ષરધામથી પધાર્યા અને સાથે અનંત મુક્તોને સાથે લાવ્યા. તેમાં અલગ અલગ સૌ મુક્તોએ જન્મ ધારણ કર્યો. તેમાં શેખપાટ ગામમાં એક મુક્તનો અવતાર થયો. એમનું નામ હતું લાલજી સુતાર. એક વખત ભગવાન શ્રી હરિ શેખપાટ પધાર્યા અને લાલજી સુતારે પ્રાર્થના કરી કે પ્રભું અહીં રોકાવ. ત્યારે મહારાજે કહ્યું જે અમારે તો ભૂજ જવું છે. અહિ રોકાયને શું કરીએ ત્યારે લાલજી સુતાર કહે મહારાજ: અહીં આપણે સત્સંગ કરીએ. પ્રભુ કહે હા રોકાઈએ. પણ શરત એ કે કથા અમો કરીએ અને તમે સાંભળો. તેમાં રાત્રી દિવસ ઉંઘવાનું નહિ. અને કથામાં જો ઝોકું આવે તો અમે રોકાશું નહિ. ત્યારે શરત પ્રમાણે અંખડ કથા-વાર્તા સાંભળતા. તે એમને એમ અઢાર દિવસ સુધી ઝોકું ન ખાધું અને અઢારમા દિવસે ઝોકું આવ્યુ. એટલે પ્રભુ ઉભા થઈ ગયા. બસ હવે આપણી શરત પુરી થઈ ગઈ માટે હવે તો ભુજ જઈશું, પણ લાલજી અમારે તમારા જેવો કોઈ ભોમીયાની જરૂર છે. ત્યારે લાલજી ભક્ત કહે મહારાજ મારા જેવો તો હાલમાં હું છું તે મને લઈ જાવ. એમ કહીને સાથે ચાલ્યા અને સાથે ભાતુ - નગદીનાણું - અને પાણી પીવાનું પાત્ર સાથે લીધું. તે રસ્તામાં બધું કોઇ ભુખ્યો, કોઇ તરસ્યો વળી ચોર લુટારા આદિક જે મળ્યા તેને અપાવીને ભક્તને નિર્વાસનિક કરી દિધા. અને રસ્તામાં આધોઈ ગામ આવ્યું. અને ત્યાંજ પ્રભુએ લાલજીને સાધુ કર્યા અને નિષ્કુળાનંદ સ્વામી નામ પાડ્યું અને એમનાં સસરાને ત્યાંથી ભિક્ષા મંગાવડાવી અને યમદંડ ગ્રંથની રચના કરવાની આજ્ઞા કરી. ત્યારે સ્વામી કહે પ્રભુ કાળા અક્ષર કુહાડે માર્યા ત્યારે મહારાજે આર્શીવાદ આપ્યા કે તમે લીટો કરશો તે અક્ષર થશે અને બોલશો ને કાવ્ય થશે. જાવ અમારો આ વર છે. અને પછી આજ્ઞા કરી કે તમે શેખપાટ જઈને માની આજ્ઞા લઈને આવો. ત્યારે સ્વામી શેખપાટ ગયા ચોરામાં ઉતારો કર્યો. ગામમાં વા વેગે વાત વેતી થઈ કે લાલજી સુતાર બાવો બની ને ચોરામાં ઉતર્યા છે. એમની માને કોઈકે સમાચાર આપ્યા કે તમારો દિકરો બાવો થઈ ગયો અને એ ચોરામાં ઉતર્યા છે. ત્યારે મા-પોતાના પૌત્ર અને સ્વામીનાં પત્ની કંકુબાઈને લઈને ચોરે આવ્યા અને મનાવા લાગ્યા. બેટા લાલજી સામુ તો જો. ઈચ્છા તો હતી નહિ પણ ના છુટકે સામુ જોઈને બોલ્યા કે મા ભગવાનની આજ્ઞા છે માટે આવ્યો છું. હવે હમેંશને માટે તેમની સેવામાં જોડાયો છું. તે મા ધીરજ રાખજે. મા કહે બેટા! તારી વાત સાચી છે પણ બેટા તુ વિચાર તો કર કે રામાનંદ સ્વામી જેવા સમર્થ ને તે સેવ્યા છે. સહજાનંદ સ્વામી પણ તારા ઉપર ઘણા રાજી છે. અને તું પણ સંસારમાં રહે છે પણ જળ કમળવત રહે છે. તો પછી આ ભગવા કપડાનું શું કામ છે? અને વળી તારી આબરૂ પણ કેટલી આ ગામમાં છે. અને તારો બાપ હયાત નથી. તારા છોકરા હજી નાના છે. હું ઘરડી થઈ છું. મારો આધાર તું જ છે. તે આમ અચાનક નિકળી જા તો અમારુ હવે કોણ ? સ્વામી પણ લાગણી ભીના શબ્દો સાંભળી નીચુ જોઈ ગયા. પણ એજ વખતે વૈરાગ્યનો એવો વેગ આવ્યો કે સંબંધીઓનો સંબંધ તૂટી ગયો. અને એમ થયું જે મેં તો અનંત જન્મ લીધા છે. અનંત માતાઓ કરી છે. અને અનંત સ્ત્રી છોકરા પણ થયા હશે. તેની કોણ સંભાળ રાખતું હશે. બસ જેમ પૂર્વ જન્મનાં સગાં અજ્ઞાને કરીને વિસરી ગયા તેમ આ જનમનાં જ્ઞાને કરીને વિસારી દેવા અને સત્યસ્વરૂપ આત્મા કોઈનો ધણી નથી કોઈનો બાપ નથી. હું તો આદિ અનાદિથી નિત્ય શાશ્વત છું. આ તો સર્વે ઉપાધી છે. હકીકત અમારી જાતતો બ્રહ્મ છે. આ વિચારનો વંટોળ મુખ દ્વારા બહાર આવી ગયો. ગામના માણસો સૌ ભેગા થયેલા તેને અને માતા આદિક સંબંધી જનોને ઉદ્દેશીને તેના અંતરના ઉંડાણનો અભિપ્રાય કિર્તન સ્વરૂપે સરકવા લાગ્યો બુલંદ અવાજે ગાઈ રહ્યા છે.

મે હું આદિ અનાદિ આતો સર્વે ઉપાધિ,

સદ્ગુરૂ મિલ્યા અનાદિ મિટ ગઈ સર્વે ઉપાધિ.... મેં હું અનાદિ.

0-0-0-0

## ૧. મુને સ્વપને ન ગમે રે સંસાર

નહિ ગામનો નહિ સંગ્રામનો શીદ તજ્યો ઘરબારજી--૩૪૩ પેજ ૪૦૩ શ્રી હરિચરિત્ર ચિંતામણી

ગામ શેખપાટના ચોરામાં સાધું થયેલા સદ્ગુરુ નિષ્કુળાનંદસ્વામી માતૃશ્રી અમૃતબાને સમજાવી રહ્યા છે. અને મા દિકરાને સમજાવી રહ્યા છે. ગમે તે ભોગે હું તને ઘેર લઈ જઈશ. એક બીજાને રકઝક ચાલે છે, સ્વામી લોક લાજ મુકી પોતાનું આત્મસ્વરૂપ સમજાવી રહ્યા છે. આ તમાશો જોવાં ગામનાં સૌ કોઈ નાના મોટા ચોરે ભેગા થયા છે. આ વાતની જાણ દરબારની ડેલીએ થઈ એટલે ગામ ધણી સોઢા બાપુ અને બીજો જે ડાયરો સર્વે ચોરે આવ્યા. તે સોઢાબાપુ જામનગર સ્ટેટના ધણી જામ સાહેબનાં નજીકનાં સગા થતા હતા. તેથી તેની હાંક વાગતી. તે બાપુને આવતા ભાળીને સ્વામીને થયું કે હવે થાય તે ખરૂ. જો બાપુનો મગજ બગડશે તો મુશ્કેલી થશે. પણ જેણે પ્રભુ સાથે અખંડ પ્રિતી જોડી રાખી હોય તેને ગામ ધણી શી મહોબત હોય. ધણીએ ધાર્યું હશે તેમ થાશે એમ માની પ્રભુને સંભારવા લાગ્યા. દરબારને ભાળીને મા થી રહેવાયુ નહી અને પોક મુકી ધ્રુજકે -ધ્રુજકે રડી પડ્યાં. બેટા લાલજી હું તારી વાતને સમજી શકું છું કે તારે ભગવાન જ ભજવા છે તો શું ઘેર રહીને નથી ભજાતા. એમ ન હોય તો પુછી જો આ બધા સજ્જન સમાજને ત્યાં તો સૌ કોઈ કહેવા લાગ્યા સાચી વાત છે. લાલજી મા સાચુ કહે છે. ભગવાન ભજવા ભેખ લેવો જ પડે એવું નથી. જો મન હોય ચંગા તો કથરોટમાં ગંગા: એમ વાત કહે છે ત્યાં માણસોને આઘા પાછા

હડસેણી સોઢાબાપુ આગળ આવી ત્રાડુકીને બોલ્યાં લાલજીઆ માની વેદના સંભળાય છે, જ્યારથી તારા બાવો થવાના સમાચાર સાંભળ્યા છે. ત્યારથી ધરાઈને ધાન ખાધું નથી. હવે તો હદ થઈ છે. ભલા માણસ તારા જેવો સમજુને વધારે શું કહેવું પડે ? મા જેવી મા રોતી હોય અને એકનો એક દિકરો મીંઢ થઈને બેસી રહે. વળી સાંભળ લાલજી અમારા દેખતા દિકરો માંને તરછોડે પોતાનાં બાળ બચ્ચાને રેઢા મુકી પરિવારને બેહાલ કરે એ બધું ઠીક નહિં. આમાં અમારી આબરૂનો સવાલ છે. અમારો કડક આદેશ છે કે આ ભગવા ઉતારી ઘેર રહે. પાણીનાં પુરની જેમ ચડેલા ચટકીનાં વૈરાગ્યથી જો નહિં માનો તો પરિણામ સારૂ નહિ આવે.

સ્વામી સમજી ગયા પરિસ્થિતિ બેકાબું બની ગઈ છે. ત્યાં અંતરમાં નવું બળ મળ્યું અને ગામ ધણીને ઉદ્દેશીને કહેવા લાગ્યા. એક હાથે ચોરાનું ઘોડીપાટ પકડીને ઉતાવળથી કહે છે કે મને આ સંસાર સ્વપ્ને પણ ગમતો નથી. વમન થઈ ગયેલ ભોજન ભાવે ખરૂ. એકપછી એક એવા શબ્દ કહેવા લાગ્યા જેથી સારો સમાજ મૌન થઈ ને સાંભળી રહ્યો.

મુને સ્વપ્ને ગમે નહિં સંસાર- કહોને

O-O-O-O

## ૨. આજ આવીયો આનંદ અંગ, ઉમંગ ઉરે અતિ

ધરતી પરનું અક્ષરધામ ગઢપુરમાં દાદાખાચરનાં દરબારમાં લીલુડા લીમડા નીચે દિવ્ય સભામાં સંતો ભક્તોને પુરુષોત્તમનારાયણ વચનામૃતનું પાન કરાવી રહ્યા છે. અને સંતો ભક્તો પણ એ અમી વર્ષાનો આ સ્વાદ માણી રહ્યા છે. એ અવસરે નિષ્કુળાનંદ સ્વામી આવી પહોંચ્યા દરબારમાં. મહારાજને દંડવત્ કરે છે. એટલે મહારાજ બોલ્યા છે. લ્યો વૈરાગ્યનું સાક્ષાત સ્વરૂપ આવી ગયું. મહારાજે પુછ્યું કેમ સ્વામી રજા લઈને આવ્યા ત્યારે કહે હા મહારાજ... રજા લઈને આવ્યો હો પ્રભુ વળી આનંદનાં મહાસાગરમાં આવીને અંતરમાં થયેલા અનુભવને સ્વામી મુખ દ્વારા વર્ણવી રહ્યા છે.

આજ આવિયો આનંદ અંગ, ઉમંગ ઉરે અતિ...
અતિ મળ્યો મોટો સતસંગ રંગે રંગાણી મતિ...
મતિ માંય મેં કર્યો વિચાર, પાર સંસાર લેવા,
લેવા સુખ સમાગમ સાર, નથી કોઈ સંત જેવા...

O-O-O-O

## ૩. સાચા સંતને ઉપમા શી આપીએ....

એક દિવસની વાત છે મહારાજ સભાભરીને દરબારમાં બિરાજમાન હતા. એ વખતે કપિલેશ્વરાનંદસ્વામીનું મંડળ ગામડા ફરીને આવ્યું. મહારાજ સૌ સંતોને દંડવત કરતા જોઈ તરત ઉભા થઈ એક પછી એક સંતોને બાથ લઈને ભેટ્યા અને ખબર અંતર પુછી. સૌને બેસવાની આજ્ઞા કરી એટલે બધા સંતો વડીલોનો ચરણ સ્પર્શ કરી જય સ્વામિનારાયણ કરીને સભામાં પોતપોતાનું યોગ્ય રીતે સ્થાન લીધું. પછી મહારાજે! પુછ્યું હે સંતો, ગામડામાં કેવી રીતે સત્સંગ પ્રસાર પ્રચારનું કાર્ય તમો સૌ કરો છો વળી તેને લઈને લોકોમાં તમારી કેવી રીતની છાપ ઉપસે છે. ત્યારે કપીલેશ્વરાનંદ સ્વામી બોલ્યા જે હે મહારાજ વૈરાગીઓનું વેર વધતું જાય છે. આપે પ્રવર્તાવેલી જે આ સંતની સાચી રીત સામે તેનું અસંત પણુ ઉઘાડું થાય છે, લોકોમાં સાચા સંત પ્રત્યે ભાવના વધે છે. અને મુમુક્ષુઓ સાચા સંતનો આશરો કરે છે. અને અસંતનો ત્યાગ કરે છે. એટલે આપણ સંતો ઉપર એ વૈરાગીઓ અને વિષય લાલચું જે તે વેરાગીને ઓથે વિષય ભોગવતાં તે બંન્ને મળીને કાળો કેર વર્તાવે છે. અસહ્ય માર મારે છે. પણ એ મારનું કે તિરસ્કારનું દુઃખ નથી પ્રભુ ? અમને તો આપની આજ્ઞામાં વર્તવાનું અને આપની ઉપાસના દ્રઢ કરાવવાનું અતિશય તાન છે. ત્યારે હરિભક્તો બોલ્યા તમારા વચનમાં ટુંકટુંક વર્તનારા આ સાચા સાધુને ઓળખવાની દ્રષ્ટિ જગતના જીવોને નથી. એનું અમને અતિ દુઃખ રહ્યા કરે છે. ચોમેર ત્રાસ વરસાવી રહેલા વૈરાગીઓની રાવ રાજાને કરવા જાય છે, ત્યારે તેઓ કહે કે ગાયો ગાયો ઝઘડે એમા અમો શો ન્યાય આપીએ. આમ વિગતથી વાત સાભળતાં પ્રભુ થોડા ઉદાસ થયા અને મુક્ત મુર્તિને કહ્યુ કે સ્વામી કિડી જેવા જીવને પણ દુખવે નહિ એવા દયાળું દિલના આ સંતોને શી ઉપમાં આપવી? જેના દર્શને દુષ્કૃત નાશે, સ્પર્શે પાપ નાશે એવા શીલ, ક્ષમાં સંતોષાદિક ગુણે યુક્ત આ સાચા સંતોને જગતના જીવો કઈ રીતે ઓળખી શકે? કારણ કે સાધુ ઓળખવાએ સંત્તો મોટામાં મોટી ઘાટી છે. જો એક સાધુ ઓળખાય જાય તો તો કામ થઈ જાય પણ જીવનાં પાપને કારણે એ સાધુ ઓળખાતા નથી. આવા લક્ષણવાળા સંતોનો મહિમા અપાર છે. તે સાંભળી નિષ્કુળાનંદ સ્વામી આ હૃદયમાં એ શબ્દો કંડારાય ગયા. અને બોલી ઉઠ્યા ૫૯૧ સંત લક્ષણ કહે હરી હેતશુ રે,
૫-૩ સાચા સંતને ઉપમાશી આપીએ રે.

O-O-O-O

## ૪. આનંદ આવ્યો અતિ ઘણો રે.

કારીયાણીની ધરતી અતિ ભાગ્યશાળી છે. તે સ્થાનમાં ઘણા મોટા મોટા ઉત્સવ સમૈયા થયા છે. તેમાં એક વખતની વાત છે. ભગવાનશ્રી હરિ અક્ષર ઓરડીમાં વિરાજમાન છે એ વખતે

દરેક પ્રાંતથી હરિભક્તોનાં સંઘ આવે છે. પ્રભુનું પૂજન કરી ઓળખાણ આપે છે. પણ પ્રભુ કોઈને ખોળતા હોય તેમ જણાયું ત્યારે પાસે રહેલા સંતોએ પુછ્યું કે પ્રભુ કોઈની વાટ છે ? ત્યારે મહારાજ કહે હા હજુ વડોદરાનો સંઘ કેમ ન આવ્યો! એ સંઘની સાથે ગોપાળાનંદ સ્વામી પણ આવવાનાં છે. એમ વાત કરે છે ત્યાં એક હરિભક્તે દંડવત્ કરીને જય સ્વામિનારાયણ કહ્યા તેને પ્રભુએ પુછ્યું ભક્તરાજ ક્યું ગામ? તો કહે વડોદરા, તો પછી સ્વામી ક્યાં? ત્યારે તે કહે હજુ રસ્તામાં છે. હું ઉતાવળો ચાલીને પહેલા આવી ગયો. પછી વારે વારે મહારાજ પૂછે કેમ સ્વામી આવ્યા નહીં, એમાં સ્વામી આવ્યાનાં સમાચાર મળતાં જ સામા ગયા અને હાથ કાંડું ઝાલીને અક્ષર ઓરડીએ લાવ્યા. અને વાત કરી કે સ્વામી આપણે અક્ષરધામમાંથી અહિં આવ્યાનું શું પ્રયોજન છે ? એનો ખ્યાલ છે ને, અને સાંભળો હવે જેમ છે તેમ ઓળખાણ નહિ કરાવો તો આના આજ દેહમાં તમને હજાર વર્ષ રાખીશ. અત્યારે એજ સર્વે વાતનું મુળ છે. જે જેમ છે તેમ સર્વાપરી ઉપાસના પ્રવર્તાવવી. આ વાતને નિષ્કુળાનંદ સ્વામી સાંભળતા હતા. મહારાજ ગોપાળનંદ સ્વામીને કહે છે કે આપણે અક્ષરધામમાંથી છ હેતુ નક્કિ કરીને આવ્યા છીએ. એમાં ૧. એકાંતિક ધર્મનું સ્થાપન કરવું. ૨. અવતારો ને મળેલાને અમારા ધામમાં લઈ જવા. ૩. ધર્મ ભક્તિને સુખ આપવું ૪. અમારા ભક્તોનાં સબંધ વડે નવા મુમુક્ષુ કરવા. ૫. અમારા ભક્તોને લાડલડાવવા મનોરથો પુરા કરવા ૬. અમારી જેમ છે તેમ સર્વાપરી ઉપાસના પ્રવર્તાવવી. તો આ વાતનું અનુસંધાન રાખીને અમારી ઉપાસના જેમ છે તેમ પ્રવર્તાવો. આ વાતને અનુંસંધાને સાંભળીને નિષ્કુળાનંદ સ્વામીએ પુરુષોત્તમપ્રકાશ ગ્રંથ લખ્યો છે તેની કડીએ કડીએ સર્વોપરીભાવ ભર્યો છે. તે પ્રત્યક્ષ શ્રી હરિનાં મહિમાને જ્યાં સુધી લખાય ત્યાં સુધી લખ્યો અને છેલ્લે કિર્તન રચીને સ્વામીએ તો સર્વાપરપણાનો કળશ ચડાવી દિધો જે વાત ગુપ્ત રીતે સાંભળેલી તે વાત સ્વામીએ ખુલ્લે આમ જાહેર કરી દીધી જે કિર્તનના શબ્દો છે.

આનંદ આપ્યો અતિ ઘણો...

O-O-O-O

## ૫. સંતો સાંભળો સાચી વારતા નથી લીધો ભુખે ભેખ રે.

સંતો ગામડે ગામડે ભગવાન શ્રી હરિની સર્વાપરીતા સમજાવીને મુમુક્ષુઓને સાચા રસ્તે દોરી જતા. અનેકને પાપના માર્ગેથી પાછાવાળી પ્રભુ પરાયણ કરતાં. કેટલાયને કર્મનાં બંધનથી છોડાવીને પરમાત્મામાં જોડતાં. જે જે જીવાત્માં દેવી હતા તેતો તત્કાલ વાતને સ્વીકારી લેતા. અને હંમેશા સંતોના વચને ભગવાન શ્રી હરિનો આશરો કરી ને શુધ્ધ જીવન જીવતા થઈ જતાં. તેમ કોઈ સંતોની મશ્કરી પણ કરતા અને હેરાન પરેશાન પણ કરતાં એમ એક વખતનો પ્રસંગ છે. નિષ્કુળાનંદ સ્વામી અને સંતો મહેમદાવાદ બાજુ ગામડાં ફરતાં હતા. એમાં એક વેરાગીનું મંડળ મળેલ તે એમ વાતો કરતા હતા જે જુઓને આ સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે એના સાધુ પણ બિચારા ગામડે ગામડે ફરીને ભીખ માંગીને પેટ ભરે છે. ત્યારે એક ગૃહસ્થ કહે કે તો પછી ભેખ શા માટે લેતા હશે. ત્યારે બિજો કહે ત્યારે શું કરે આમે પણ ભુખે મરતા હોય એટલે ભેખ શું ખોટો. અને ભેખ લેવાનો તો એ ફાયદો છે કે ભીખ તો માંગી શકાયઃ જ્યારે ગૃહસ્થને તો ભીખ માંગવીએ પણ શરમ જનક લાગે માટે સૌ સાધુ થતા હોય તે ચર્ચાને સાંભળીને નિષ્કુળાનંદ સ્વામીએ તરત તેને જવાબ આપતું કિર્તન બનાવીને નિડરતાથી બુલંદ અવાજે ગાઈ ઉજ્યા.

સંતો સાંભળો સાચી વારતા નથી લીધો ભૂખે ભેખ રે.

ત્યારે પેલાં સાંભળતા જ અવાક બની ગયા અને મૌન રહીને કિર્તન સાંભળવા લાગ્યા. તે સ્વામીએ કિર્તનની કડીમાં સર્વે વાત સ્પષ્ટ દેખાડી દિધી. અને અન્તે એ પણ સ્વામીએ સંભળાવી દિધુ અમો કોઈ ભૂખે મરતા ભેખ લીધો છે એમ નહિ માનશો.

ભૂખે મરતા ભેખ લીએ છે. ગણશો નહિં એની હાર રે.- સંતો સાંભળે સાચી વારતા નથી...

O-O-O-O

## ૬. પાછી આપો તમારો પાડ રે, મારી ધોરાજીની ધાબળી રે....

ઘણાં લોકો અને ઘણાં પ્રાંતો વસ્તુઓથી પ્રસિધ્ધ થયેલા હોય છે. જેમકે શેલુ - તો નવા નગરનું શેલુ, પછી પટોળા તો પાટણના પટોળા, પછેડી તો બગસરાની પછેડી, ધાબળી ધોરાજીની ધાબળી - એમ ધોરાજીની ધાબળી ખૂબ પ્રસિધ્ધ છે. મહારાજે સંતોને ટાઢ હરે તેવી એક ધાબળી રાખવાની આજ્ઞા આપી હતી, તો હરિભક્તો ધાબળી ઓઢાડતા. તો જે પદાર્થ લાલચુ સંતો હોય તો તે જે તે પદાર્થનો સંગ્રહ કરતાં હોય છે. એમાં એક વખત મહારાજને ખ્યાલ આવ્યો કે અમુક સંતોએ ધાબળીનો સંગ્રહ કરેલો એટલે મહારાજે આજ્ઞા કરી કે જેની પાસે ધાબળીયું હોય તે પાછી આપી જાવ. એટલે સર્વે સંતોએ પોતાની પાસે વિશેષ ધાબળીયું હતી તે પાછી આપી આવ્યા. પણ એક સંતે પોતાની જુની ધાબળી આપી. આજે ધોરાજીની ધાબળી ન આપી ત્યારે તે વાતને નિષ્કુળાનંદ સ્વામી જાણી ગયા. અને એમની પાસે જઈ મહારાજની આજ્ઞાની વાત કરી, સમજાવ્યા તો પણ તેમણે ધાબળી આપી નહિં ત્યારે તેને સંભળાવવા કિર્તન બોલ્યા જે...

પાછી આપો તમારો પાડ રે, મારી ધોરાજીની ધાબળી રે...

O-O-O-O

## ૭. જાવુ છે રે જાવુ છે રે જાવુ છે નિદાન ભજ ભગવાન રે જાવું છે રે..

ભગવાન શ્રી હરિ ધામમાં ગયા પછી તેના વિયોગે વિરહની વ્યથાએ વલોવાલા નિષ્કુળાનંદ સ્વામી જીવન ટકાવી રહ્યાં છે. એટલા જ માટે જે આજ્ઞા વિના દેહ છોડી દઇશ તો પ્રભુ રાજી નહીં થાય. માટે જેટલી આવરદા એમણે આપી છે તેને હું પુરી કરીશ. એમ વિચારને વેગે જીવન ચાલે છે. સમય પછી સમય વ્યતિત થઇ રહ્યો છે. અને વિરહની વ્યથા વધી રહી છે. ત્યારે મહારાજે વિચારીયુ હવે સ્વામીને મારી પાસે તેડાવી લઉં. સંવત ૧૯૦૪ અષાઢ માસના દિવસો આવ્યા. એ વખતે સ્વામીને જરા શરીરે કસર રહેવા લાગી. અને આ જગતને છોડવાની જેમ પ્રભુએ જાણ કરી દીધી હોય તેમ સ્વામી વર્તવા લાગ્યા. અંતરમાં આનંદ વધતો દેખાય છે. પણ શરીર ક્ષીણ થતું જણાય છે. સ્વામી તો મંદિરમાં દર્શન કરવા જાય ત્યારે આંર્તનાદથી પ્રાર્થના કરે કે હે પ્રભુ હવે ક્યારે આપ તમારી સમીપમાં લઇ જશો. સંતો જાણી ગયા કે હવે સ્વામી જાજુ આ લોકમાં નહિં રહે. એમ દિવસ પછી દિવસ વિતતા જાય છે. અને અષાઢ વદ ૯ નો દિવસ આવ્યો સ્વામી આજ પોતાના મંડળના જે સંતો તેમને બોલાવીને ભલામણો કરી રહ્યાં છે. સંતો સ્વામીને કહે છે કે કેમ સ્વામી? અચાનક, ક્યાંય જવાની તૈયારી કરતાં હોય એમ લાગે છે. ત્યારે સ્વામી કહે સંતો સર્વેને જવાનું જ છે. કોણ અહીં રહ્યાં અને કોઇને નથી રેહવાનું એ વાતને હંમેશા યાદ રાખજો એમ કહેતા સ્વામીના અંતર ઉંડાણમાંથી ઉપદેશનાં ચરમ સિમારૂપ શબ્દો સરી પડ્યાં.

જાવું છે રે જાવું છે નેદાન ભજ ભગવાન રે, અને એક પછી એક એમ ચાર પદ સુધી સ્વામી અટક્યા નહીં. અને ચોથા પદની છેલ્લી કડીયે સ્વામી બોલ્યા વિચારે વિચારે કહે નિષ્કુળાનંદ છેલ્લી કડી બસએ પછી સ્વામી આગળ કંઇ બોલ્યા નથી અને છેલ્લી ઘડીએ વિચારવાનો ઉપદેશ આપી સ્વામીએ પોતાની વાણીને સદાય માટે બંધ કરી વૃત્તિ પ્રભુના સ્થિર કરી ધામમાં સિધાવ્યા.

o-o-o-o

# દેવાનંદ સ્વામી

## ૧. તેરી બોલની માધુરી માનું જાદુ સે ભરી

સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રી સહજાનંદ સ્વામીની હયાતીમાં એક એવી પ્રથા હતી કે સંતો કિર્તન, શાસ્ત્ર કે અન્ય કોઇ કૃતિ બનાવે અને શ્રીજી મહારાજને સંભળાવે અને મહારાજ પ્રસન્ન થાય અને તેની શ્રીજી સન્માનીત કરે ત્યારપછી જ સત્સંગમાં કવિ તરીકે પ્રસિધ્ધ થાય. મહારાજે સૌ પ્રથમ મુક્તાનંદ સ્વામીને પછી બ્રહ્માનંદ સ્વામીને કવિ તરીકે સન્માનીત કરેલ ત્યાર બાદ પ્રેમાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામીને કવિ તરીકે પ્રમાણિત કરેલા. ત્યારબાદ નવા જે કવિઓ હતા તેમને મહારાજે સવંત ૧૮૮૫ આષો સુદ-૧૨ના દિવસે ગઢપુરમાં ગોપીનાથજીદેવની પ્રતિષ્ઠા હતી તેની આગલી રાત્રે ઓદશીના જાગરણની મહાસભામાં એમના કાવ્યો પ્રમાણિત કર્યા. તેમાં દેવાનંદસ્વામી મુખ્ય હતા. શ્રીજી મહારાજની આગળ એમણે દિવ્ય સત્સંગ સભામાં સૌ પ્રથમ આ કીર્તન ગાયું. તેરી બોલની....

મહારાજે એમના સ્વરચિત આ કાવ્યો સાંભળીને પ્રસન્ન થઇ કવિ તરીકે સન્માનીત કર્યા જેનો પુરાવો આપતા કૃષ્ણાનંદસ્વામીએ શ્રી હરિચરિત્રામૃત ગ્રંથમાં નોધ્યું છે.

કાવ્ય સુણી નવા કવિ કેરી, હરિ રાજી થય દ્રગ હેરી,
નોતા કાવ્યમાં મળતા નામ, નવા પાડ્યા પોતે સુખધામ,
પછી પોતે કર્યા પ્રણામ, આ તો કવિ છે સારા સુજાણ,
દેવાનંદ, ભૂમાનંદ દેખો, ધ્યાનાનંદ દયાનંદ લેખો.

વગેરે ગ્રંથમાં નોધાયું છે.

o-o-o-o

## ૨. માણસનો અવતાર મોંઘો

સંવત ૧૮૫૯ ના કારતક સુદ ૧૫ પુનમનાં દિવસે આદિકાળથી પવિત્ર મનાતું પાંડવોનું વિશ્રાંતિ ગૃહ અને ગુપ્તવાસનું સ્થાન ધોળકા તેની નજીકમાં જ બળોલ ગામમાં રત્નુ શાખાના જીજીભાઇને ત્યાં દેવસ્વરૂપ બાળકનો જન્મ થયો. તેનું નામકરણ કરાવતાં દેવીદાન નામ રખાયું. દેવીદાન પૂર્વના પ્રભુની સાથે પ્રિતિવાન હોવાથી તે પ્રિતિ પ્રગટ થઇ અને નાની અવસ્થાએ પરમાત્માને પામવા ના કોડ જાગ્યા. અને પ્રભુ-પ્રેમીને પ્રભુ વિના કોઇની પડી હોય નહીં તો ચાલી નિકળ્યા તે ધીગડા ગામને સીમાડે સાંકળેશ્વર મહાદેવના મંદિરમાં પહોચ્યા, અહિ આવીને શંકરને

પ્રાર્થના કરી કે મને પ્રગટ ભગવાનનો ભેટો કરાવો. એમ ઘણી પ્રાર્થના કરી પણ ભગવાને કોઇ જવાબ આપ્યો નહિં. ત્યારે કમળ પુજા ચડાવવા તૈયાર થયા. આખીર શંકર પ્રગટ થયા અને કહ્યું મરીશ નહીં દેવીદાન ! તમારે ગામ પ્રગટ પ્રભુ પધારશે. ત્યારે દેવીદાન કહે હું કેવી રીતે ઓળખુ ત્યારે ફરી કહ્યું કે જેની જીભ કોણીએ અડે તેને ભગવાન જાણશે. એમ નિશાની લઇ ઘેર આવે છે. અને મહારાજ તેના ગામ આવે છે. અને નિશાની સાચી પાડવા મહારાજ ગાડા ઉપર બેઠા બેઠા સૌ કોઇ જોઇ શકે એમ દુધ અને ઠુંમરો જમતા જમતા કોણીએ ઉતરતા દુધના ટીપાને લાંબી જીભે ચાટતા જાય તે જોતાં જ દેવીદાનને નિશ્ચય થયો અને પછી તો ભગવાન સાથે જ ચાલી નિકળ્યા. સાધુ કર્યા નામ રાખ્યું દેવાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી પાસેથી વિદ્યા શિખ્યા અને મહાન કવિ થઇ ગયાં.

એક વખત મહારાજની સાથે ધરમપુર આવ્યા છે અને ધરમપુરના ગવૈયાઓ અતિ રજોગુણી અને અભિમાન. તેથી મનુષ્ય દેહના વખાણ અને વિષયાનંદ ગાવણા કર્યા તે સાંભળી મહારાજે દેવાનંદ સ્વામીને આજ્ઞા કરી. એટલે સ્વામીને એમ થયું જે આવા ભગવાનની હાજરીમાં જે માન રાખે તેનું તો પહેલા અભિમાન ઉતારવું અને પછી ઉપદેશ આપવો એમ વિચારીને સ્વામી તો શાસ્ત્રીય ઢબે કાનરાનાં પદને મારતે તાલમાં ગાવાના શરુ કર્યાં. સ્વામીના ગાવણાને જોઇને સૌ દિગમુઢ બની ગયાને રાજના અભિમાની ગવૈયાના જે દુક્કડ વગાડનાર તે તાલ પકડી જ શક્યા નહીં. અને ગમ ખાય ગયા, વળી ઘણી વખત તાલ પકડવા પ્રયત્ન કર્યા પણ નિષ્ફળ જવાથી મોઢું પડી ગયું. અને અભિમાન ઉતરી ગયું. પહેલી જ સ્પર્ધામાં ગવૈયા અને સંગીતજ્ઞ સર્વે હાર્યા એટલે સ્વામી તુરંત મનુષ્ય દેહની દુર્લભતા અને મનુષ્ય દેહને પામીને પ્રભુના શરણે થવાની વાતને આવરી લેતું ઉપદેશનું બીજુ કિર્તન શાસ્ત્રીય સંગીતનું ખમાચ રાગનું અને દાદરા-હિંચ તાલનું કિર્તન ઉપાડ્યું.

**માણસનો અવતાર મોંધો નહિં મળે ફરી.....**

સ્પષ્ટવકતવ્ય અને સમય સુચકતા જોઇને પ્રભુ અતિશય પ્રસન્ન થયા અને પોતે પહેરેલ ઝરીનો જામો ઉતારી દેવાનંદ સ્વામીને માથે ફેરવી આશ્વસાનરૂપે રાજ ગવૈયાઓને આપ્યો. અને સ્વામીને પ્રસન્ન થઇને ધોળી ડગલી પ્રસાદીની અર્પણ કરી અતિશે રાજીપો દર્શાવ્યો. ધન્ય છે એ સંતને કે જેમણે પ્રભુની પ્રતિભામાં વિશેષ વધારો કરી પોતે કુતજ્ઞતા અનુભવવી.

o-o-o-o

## ૩. ધીરજ ધર તું અરે અધીરા...

રાજકોટ સ્ટેટના રતનપર ગામનાં ગામધણી દરબાર રતનસિંહનાં બહેન કુસુમકુવરબાને મોરબી સ્ટેટમાં પરણાવેલા પણ એમને સંતાન ન થવાથી દરબારે બીજા લગ્ન કર્યા અને બીજા રાણીને કુવરનો જન્મ થયો તેથી રાજ સહિત પ્રજામાં ખુબ આનંદ થયો અને તે રાણી પ્રત્યે સૌને ભાવના વધી અને કુસુમકુંવરબા પ્રત્યે સહજ ધ્રુણા રહેતી તેથી તેમને ખુબ દુઃખ હતું.

એક વખતનો પ્રસંગ છે કે બહેન કુસુમકુંવરબાને મળવા મોરબી ગયેલા રતનસિંહ દરબાર ઘોડાને ખેલવવામાં કુશળ અને શોખીન તેથી તે દરબારનાં પટાંગણામાં ઘોડાને ખેલાવીને નાના બાળ કુમારને રીઝવી રહ્યા છે. એ વખતે અચાનક ઘોડો કુદકો મારે છે ત્યારે રતનસિંહ દરબારના હાથમાંથી ભાલો ઉછળી પડે છે અને ત્યાં રમતા બાળ કુમાર ને તે ભાલો છાતીમાં વાગી જવાથી મૃત્યું થાય છે. દરબારમાં શોક અને દુઃખનું વાતાવરણ ખડુ થયું એ વખતે રતનસિંહ બીકનાં માર્યા ત્યાંથી તત્કાળ ભાગી ગયા. અને વગડામાં ભટકવા લાગ્યાં ભુખ્યા અને તરસ્યા દિવસો પસાર કરે છે. અતિશય મુંઝાયા કારણ કે ખુનનો આરોપ હતો એટલે જો પકડાય જાયતો ફાંસીની સજા થાય નિર્દોષ હોવા છતાં દંડ ભોગવવો પડશે માટે હવે ક્યો રસ્તો લઉં કે આ દુઃખનાં દિવસોથી ઉગરૂ. ત્યારેકોઇ દ્વારા સાંભળેલ કે મુળીમાં દેવાનંદ સ્વામી પ્રતાપી સંત છે. દુઃખીયાનાં દર્દને મટાડનાર સાચા વૈધ છે. એમ જાણીને મુળી આવે છે. અને સ્વામીને મળીને હકીકત સંભળાવી, સ્વામી હું નિર્દોષ છું છતાં હવે મારે ફાંસીને માંચડે ચડવું જ પડશે. આમ કેટલાક દિવસ છુપાઇને રહેવું સ્વામી આપ સમર્થ છો. મને આ દુઃખમાંથી ઉગારો હું તમારે શરણે છું ત્યારે સ્વામી કહે જાવ તમને મોતને બદલે મોજ મળશે. ભગવાનનું ભજન કરજો. ત્યારે રતનસિંહ કહે સ્વામી મારે શું કરવાનું ત્યારે કહે ઘરે જઇને ધર્મપરાયણ જીવન જીવવાનું. અરે સ્વામી જો ઘેર જાવ તો તો જીવતો ન છોડે. થોડો સમય સાથે રાખ્યા ખુબ સેવા કરી સ્વામીને રાજી કર્યા પછી સ્વામી કહે અમારા વચનમાં વિશ્વાસ રાખો ત્યારે કહે પણ સ્વામી ઘેર જાવ પણ તમે અમારી સાથે ઘેર આવો. એટલે સ્વામી પણ સાથે ચાલ્યા તે ગામને પાદર કોઇ રાજના માણસને ઘોડા પર આવતો દેખીને રતનસિંહ પાછા વળતા કહે સ્વામી મોત આવી ગયું. સ્વામી કહે પાછા નહી વળો તમે તો શુરવીર સત્સંગી છો. આજમોત નહીં મોજ આવી છે. ત્યાં તો પેલો ઘોડેસ્વાર રતનસિંહને ઓળખીને તેના હાથમાં લાલ અક્ષરે લખેલ વધામણાની કંકોત્રી આપી. ખોલીને વાંચી તો તેમાં લખેલ હતું કુસુમકુવરબાએ કુંવરને જન્મ આપ્યો છે. તેથી રતનસિંહનો અપરાધ માફ કરવામાં આવે છે અને મોજમાં તે ગામ પણ અર્પણ કરવામાં આવે છે. વાંચતાની સાથે રતનસિંહની આંખમાં આંસુ આવ્યા વાહ ! સ્વામી વાહ ! તમે તો કમાલ કરી બસ આપ મારા ગુરુ આપના આર્શિવાદે તો મારુ પ્રારબ્ધ પલટાવી નાખ્યું. મને ધન્ય ધન્ય કરી દીધો. પછી તો વર્તમાન લઇને સત્સંગી થયા. અને મુળી મંદિરમાં ૧૦૦ વિઘા જમીન અર્પણ કરી. એ વખતે સ્વામીએ ધીરજ ધરનારને હમેંશા સુખ મળે છે. પ્રભુને સૌની ચિંતા છે. એવી વાત ને સમજાવતા ચાર પદ બનાવ્યા જે પદ છે...

ધીરજ ધર તું અરે અધીરા, ઈશ્વર પુરે અન્ન જોને...
ખલક તણો ખટકો પ્રભુને, સાચુ માને મન જોને...

o-o-o-o

## ભૂમાનંદ સ્વામી

હાલર દેશમાં જામનગર તાબે કેશીયા ગામમાં કડીયા જ્ઞાતિમાં રાઠોડ રામજીભાઇ નામનાં ભક્તરાજ હતાં અને તેમના લગ્ન કુંવરબાઇ સાથે થયેલા દંપતી પોતે ભગવદીય અને નિતિમાન હતાં. તેથી જ તેમનાં ઘેર અક્ષરમુક્તે અવતાર ધારણ કર્યા. જેમનું નામ હતું રૂપજી. બીજા પણ ત્રણ પુત્ર હતાં. પણ રૂપજી તો બાળપણથી જ અનેકના આદર્શ બન્યાં. પ્રભુને પામવાનો તરવરાટ તે સૌ સમજી શક્તા હતાં. સ્ત્રીની તો ગંધપણ ન ગમતી અને એવી મર્યાદા નિયમની વાતો કરતાં. તે સાંભળીને પિતા રામજીભાઇ કહેતાં કે બેટા રૂપજી તુ જે પણ કહે છે તેવું તો આજ સ્વામિનારાયણ સંપ્રદાયમાં છે. સ્વામિનારાયણ નામ સાંભળતાં જ અંતર પટ ખુલ્લી ગયા. પૂર્વની મુમુક્ષતા પ્રગટ થઇ ચુકી અને તેને વિશે સાંભળવા વારેવારે પ્રશ્નો પુછતા. અને હૃદયથી નક્કી કરી દીધું તો બસ એ સ્વામિનારાયણ મળ્યે જ છુટકો છે. પિતા પાસેથી તે બાબતે ઘણીવાર સાંભળતા પણ દેવઇચ્છાથી માતાપિતાનું અચાનક મૃત્યુ થયું. એ વખતે મહારાજે દર્શન દિધા અને કહ્યું રૂપજીનાં સંબંધે અમો આપને અક્ષરધામમાં લઇ જઇએ છીએ.

એ વખતે ૧૪ વર્ષની ઉંમરે રૂપજીભાઇએ માતાપિતાનું છત્ર ગુમાવ્યું. એટલે તે ગામનો ત્યાગ કરી જીરાગઢ ગયા અને ત્યાં એક શેઠની પાસે નોકરીમાં રહ્યાં. શેઠે કપટ કરી ને પૈસા ન આપવા કાવતરૂ કર્યું પણ પ્રભુ કૃપાથી તેમાં રૂપજી સફળ થયાં. અને ધગધગતી સાંકળ ગળામાં નાખવા છતાં દાઝ્યા નહિં. એમ મહારાજે રક્ષા કરી. ત્યારે ત્યાંથી નિકળી ગયા અને ઈશ્વર ઇચ્છાથી ભૂજમાં ગંગારામ મલ્લનાં યોગમાં આવ્યા અને નિશ્ચયનું મુળ ઉડું ગયું અને નક્કિ કરી નાંખ્યું કે હવે સંસારની ખાટી છાશ પીવી નથી. પ્રભુના અમૃતરસ ને પીવું અને જીવન વ્યતિત કરવું છે. ભાઇઓએ ખૂબ જ વિનંતી અને આગ્રહ કર્યો લગ્ન કરવાનો. પણ રૂપજી એકના બે ન થયાં તે ન જ થયાં.

ત્યાંથી રાજકોટ આવ્યાં અને ત્યાંથી ફરતાં ફરતાં ખારવા ગામમાં આવ્યાં. ત્યાં ગામ બહાર તળાવને કાંઠે વિશ્રાતિ લેતા લેતા અંતરનો જે આશય દોહોનાં રૂપમાં બહાર આવી ગયો.

જેદિ જન્મદિધો, તેદિ વાયદો કિધો
છોડ શાળા મુને કે નહિં વિસારૂ હું તુને
બંધીમાંથી છુટી ગયો, કે પછી માટી થયો,
મુર્ખે કર્યો ન વિચાર, આગળ પડશે જમનો માર,
મુખ જપો નારાયણ, સ્વામી સચ્ચાનાણા ચેતાવન
કહેતા કે રૂપ આગે ખાખ હો જાના

બીજો દુહો પરણવા વિશે ગાય રહ્યાં છે.

ન કરો પરણ્યા કેરૂ કામ કહી ચુડો ભાંગે,
રાખો હરિસંગે હેત ચુડો અમર રાખે
પહેરો સંતની વરમાળ જમ પાસે નાવે,
સુપો તન મન ધન હરિ તેડ્યા આવે

આ દુહાને ધનારબાએ સાંભળ્યા તેમણે ભક્ત જાણીને કહ્યું પ્રગટ ભગવાન ગઢપુરમાં બિરાજે છે. તે નો યોગ કરી લો. સાંભળતાં જ દર્શને જવાની તીવ્ર ઇચ્છા જણાવી છતાં ધનરબાના યોગથી પ્રભુ પ્રત્યે અતિશય પ્રતિ પ્રગટી અને પ્રભુના દર્શન વિનાં હવે ચેન પડતું ન હતું. તેથી દર્શન કરવા નિકળ્યા બે દિવસે ગઢપુર પહોંચ્યા એ વખતે મહારાજ ભારે ભારે વસ્ત્ર આભૂષણ ધારણ કરી રોજે ઘોડે સવાર થઇ. સંતમંડળ પાર્ષદ અને હરિજનોથી વિટળાયેલ દરબારમાંથી લક્ષ્મીવાડી જતા હતા એવી સુંદર મૂર્તિના દર્શન થતાં જ રૂપજીભાઇનું હૃદય અહોભાવથી ઉભરાય ગયું. હરખનાં આંખે આસું આવી ગયા અને કવિત્વ શક્તિ પણ ખીલી ઉઠી અને સંપ્રદાયનું સુપ્રસિધ્ધ કિર્તન તેનાં અંતરથી બહાર આવી ગયું. સર્વે સખી જીવન જોવાનો ચાલો. સાંભળતા જ ઉચ્ચ સ્વરે મહારાજે હાકલ કરી. રૂપજીભાઇને પાસે બોલાવી છાતીએ ચરણાવીંદ આપ્યા. રૂપજીએ પણ નિતરતા નેત્રે પ્રભુના ચરણ ભીંજવી દિધા છે. લક્ષ્મીવાડીએ પહોંચ્યા. આંબલીએ સભા કરી અને ફરી એ પદ બોલાવ્યા અને ચાર પદ સાંભળતા મહારાજ ખૂબ જ પ્રસન્ન થઇને માંગવા કહ્યું ત્યારે તેમણે કહ્યું પ્રભુ મારે આપની સેવામાં રહેવું છે. પ્રસન્ન શ્રી હરિએ દિક્ષા આપી અને ભુધરાનંદ સ્વામી નામ પાડ્યું.

o-o-o-o

## ૧. જમો થાળ જીવન જાઉં વારી

મહારાજની આજ્ઞાથી સંતો ગામડે ગામડે અને મુમુક્ષ મુમુક્ષુએ ફરી વળ્યા હતાં જેમ સંતોને ભગવાન ઓળખવાનું તાન હતું તેમ આસુરી બુધ્ધિવાળાને સંતોને હેરાન પરેશાન કરવાનું તાન હતું. તો અદ્‌ભુતાનંદ સ્વામી ગામડામાં સત્સંગની અભિવૃધ્ધિ અર્થે ફરતા હતાં. સ્વામી એક ગામમાં ગામની બહાર ઉતર્યા હતાં. શિયાળાનો દિવસ હતો. ઠંડીમાં આખા શરીર ની ચામડી ફાટી ગઇ હતી. લોહીની ધારાઓ શરીરમાંથી નીકળતી હતી. પાસે પુરતા ઓઢવાના વસ્ત્રો તો હોય જ શાના? અધુરામાં પુરુ દિવસે ગામડાઓમાં ભગવાનની વાર્તા કરવા જતા ત્યારે આસુરીજનો સદ્‌ઉપદેશનો બદલો નિર્દય તાડનથી વાળતા. ખાવા-પીવાનું તો આપે જ શાના ? આવા દુઃખોમાં પણ મહારાજની મૂર્તિનું અને આજ્ઞાનું ક્ષણભર પણ વિસ્મરણ થાતું ન હતું.

એક વખત સ્વામીને ચાર ચાર દિવસના લગાતાર ઉપવાસ થયા. અને કંઇ પણ જમવાનું ન મળ્યું. પાંચમે દિવસે સવારે બીજા ગામડામાં ફરતા એક સંતનો ભેટો થયો. તે સંતને સ્વામીની

દશા જોઇને ખૂબ જ દયા આવી. એટલે એની પાસે ઘઉંનો પોક હતો તે સ્વામીને આગળ ધર્યો .

આ વખતે મહારાજની મૂર્તિ સંભારીને સ્વામી ગદ્‌ગદ્ થઇ ગયા. અને મહારાજની મુર્તિ આગળ પોંક ધરાવીને મહારાજને જમાડવા લાગ્યા. જમાડતી વખતે જે અંતરમાં ભાવ પડ્યો હતો એ ભાવ થાળ રૂપે બહાર આવી ગયો અને ગાઇ ઉઠ્યા

**જમો થાળ જીવન જાઉં વારી.. ધૂવો કર ચરણ કરો ત્યારી રે...**

આમ જે વસ્તુ થાળમાં બોલતાં તે વસ્તુ પ્રત્યક્ષ થઇ, ને મહારાજે દર્શન આપ્યા. અને તે થાળ પ્રભુ જમ્યા અને સ્વામીને આશ્વાન આપી પ્રભુ અદ્રશ્ય થયાં. સ્વામીને શાંતી વળી. પછી ગામનાં માણસોને પણ ખ્યાલ આવ્યો અને ખૂબ પ્રાર્થના વિનંતી કરી ગામમાં લઇ જવા પણ સ્વામીથી વિરહ સહન ન થવાથી સ્વામી ગઢપુર આવ્યા. ત્યારે પ્રભુ થાળ જમવાની તૈયારી કરતાં હતાં. સ્વામીને જોતા મહારાજ ઉભા થઇ ને ભેટ્યાં. ખબર અંતર પૂછ્યા અને પછી થાળ બોલવાની આજ્ઞા કરી. તેથી કરીને એજ થાળ બોલ્યા એમ મહારાજે ત્રણવાર ઉપરાઉપરી થાળ બોલાવ્યો અને ખૂબ રાજી થયાં.

0-0-0-0

## દયાનંદ સ્વામી

### ૧. છબિ સુલોની સુખકંદની , મન મોદ બઢાવે

કેટલાક કવિની કોઇક કૃતિ એટલી ચોટદાર હોય છે કે એ એક જ કૃતિથી એ કવિ લોક હૈયામાં સદાય માટે વસી જાય છે. પ્રાચીન ભક્ત કવિઓમાંથી પ્રીતમનો આખો કાવ્યસંગ્રહ પ્રાપ્ય છે. પણ તેમાંથી હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને, એ એક ગીત જ પ્રીતમને આપણા ઉત્તમ ભક્ત કવિઓની હરોળમાં મુકવા ામટે બસ છે. પ્રેમળદાસનું ‘હરિને ભજતાં હજી કોઇની લાજ જતાં નથી જાણી રે’ અને દાસ રણછોડનું ‘દિલમાં દીવો કરો’ એ બંને પદો પણ એવા જ અમર કાવ્યકૃતિવાળા ઉજજવળ દૃષ્ટાંતો છે. મધ્યકાલીન યુગમાં આવા જ એક સંત કવિ સ્વામિનારાયણ સંપ્રદાયને સાંપડેલા કે જેની એક મધુર મનભાવન કૃતિ સત્સંગમાં સર્વને ભાવી ગઇ અને આજે પણ એમની અસંખ્ય રચનાઓ પ્રસિધ્ધ હોવા છતાં એમની એ એક જ કૃતિથી એ સંત કવિ સંપ્રદાયના સર્વ સત્સંગ પ્રેમીઓના અંતરમાં અનોખું સ્થાન ધરાવે છે. એ સંત કવિ છે ‘શ્રીહરિ ચરિત્ર ચિંતામણી’ ના રચયિતા સ્વામી દયાનંદ !

સંત કવિ દયાનંદનો જન્મ ગુજરાતના નળકાંઠાના રેથળ ગામમાં સં.૧૮૪૫ માં લુહાણા કોમના સુંદરજીભાઇને ત્યાં થયેલો. પિતા સુંદરજી અને માતા અમૃતબાઇએ બાળક લાલજીને બહુ પ્રેમપૂર્વક ઉછેરેલો, પણ લાલજીના અંતરમાં બાલ્યકાળથી જ અનાયાસે પ્રગટેલો સંસાર પ્રત્યેનો વૈરાગ્ય યુવાન વય થતાં પ્રબળ બનતા માતાપિતાના અવસાન બાદ લાલજીએ ઘર છોડ્યું.

ધોળકાથી પશ્ચિમે પાંચ માઇલ દૂર ગોધનેશ્વર મહાદેવના મંદિરની બહુ પ્રાચીન જગ્યા છે. કહેવાય છે કે પાંડવોએ આ લિંગની સ્થાપના કરેલી. આ મંદિરમાં રહીને લાલજી શંકરની આરાધના કરવા લાગ્યા. એમની ઉગ્ર તપશ્ચર્યાથી પ્રસન્ન થઇ શિવજીએ એમને દર્શન દઇને કહ્યું: લાલજી ! પ્રગટ પરમાત્મા પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન સ્વામિનારાયણ નામે આ બ્રહ્માંડમાં પ્રગટ થઇ ચૂક્યા છે. થોડા જ સમયમાં એમના દર્શન તમને તમારા ગામની નજીક આવેલા મછિયાવ ગામે થશે. શિવજીની આર્ષવાણી સાંભળી લાલજી ઘેર પાછા આવ્યા.

સં. ૧૮૬૫ ના ફાગણ માસમાં શ્રીજીમહારાજ ગઢપુરથી જેતલપુર જવા નીકળેલા. વચમાં મછિયાવ આવતાં મહારાજ ત્યાંના દરબાર સુરસિંહજીના આમંત્રણને માન આપીને એમના મહેલમાં રોકાયા. ત્યાં મહારાજે ફુલડોલનો મોટો ઉત્સવ કર્યા. હજારો સત્સંગીઓ ગામેગામથી આવ્યા. રેથળથી લાલજી પણ આ પ્રસંગે મછિયાવ આવ્યા અને મહારાજ સાથે એમનો અહીં મેળાપ થયો. મહારાજે તો પહેલી નજરમાં જ માપી લીધું કે આ તો ઉત્તમ રત્ન છે ! મહારાજે ભરી સભામાં એમને પરમ આદરથી બોલાવી કહ્યું : “ ભક્તરાજ ! તમને મળીને આજે અતિ ઉત્તમ

આનંદ થયો માટે લ્યો આજે જ તમને દીક્ષા દઇ ઉત્તમાનંદ કરીએ !''

લાલજી સાધુ થઇ ઉત્તમાનંદ બન્યા. મહારાજે શરૂઆતમાં ઉત્તમાનંદને પોતાની પાસે જ રાખ્યા અને પછી બે દેશ વિભાગ થતાં અમદાવાદ દેશમાં મહાનુભાવાનંદ સ્વામીના મંડળમાં રાખ્યા. સત્સંગમાં અન્ય મોટેરા નંદ સંત કવિઓ જેવા કે સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ. દેવાનંદ સ્વામી વગેરે સંતોની સાથે રહીને ઉત્તમાનંદ પિંગળ શીખ્યા અને પ્રગટ પ્રભુની પ્રત્યક્ષ પ્રેરણા ઝીલીને અંતરના ભાવોને અભિવ્યક્ત કરતા કોમળ કાવ્યો રચવા લાગ્યા.

સં.૧૮૭૮ મહાવદી એકાદશીના દિવસે અમદાવાદ શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા વિધી કરવા માટે જયારે પધારેલા તે વખતે આ મહોત્સવમાં હજારો હરીભક્ત દુર દુરથી આવેલા હતા. નાના મોટા સહુ સંતો પણ શ્રીજી મહારાજનાં દર્શનના લોભે જુદા જુદા પ્રાંતમાં સત્સંગ વિચરણ કરવાનું છોડીને આ પ્રસંગે અમદાવાદમાં આવી ગયા હતા. કાંકરીયાનાં કીનારે તંબુ તાણીને સહુએ ઉતારા કર્યા હતા. પ્રતિષ્ઠા ખુબ ખુબ ધામધુમથી પૂર્ણ થઇ પછી મહારાજ ફાગણ સુદ -૫ ને દિવસે કાંકરીયાના કાંઠે બ્રાહ્મણોની ચોરાશી પૂર્ણ કરી. તે જ દિવસે સાંજે ત્યાં વિરાટ સભામાં શ્રી હરિ વિરાજમાન થયા હતા. સુંદર સંધ્યાનું સુમધુર વાતાવરણ હતું. સંતોએ કિર્તન આરાધનાનો પ્રારંભ કર્યો એક પછી એક ગવૈયા સંતો વાજિંત્ર સહિત કિર્તન ગાતા હતા. ત્યારે સભામાં બેઠેલા દયાનંદ સ્વામી ઉર્ફે ઉત્તમાનંદ સ્વામી પણ મહારાજની મનોહર સલોનિ શ્યામ મુર્તિ નિહાળી, તેને અંતરમાં ઉતારી અલૌકિક આનંદમાં મગ્ન બની આરતભરી વાણીએ ગાવા માંડ્યું :

''છબિ સલોનિ સુખકંદનિ, મન મોદ બઢાવે;
ધિરજ રાખી ધારતા, અંતર સુખ આવે.''

૦-૦-૦-૦

# કૃષ્ણાનંદ સ્વામી

સં. ૧૮૭૫ માં મહા સુદ વસંતપંચમીએ શ્રીજીમહારાજે ગઢપુરમાં વસંતોત્સવ બહુ ધામધૂમથી કર્યો. સૌને રંગે રમાડ્યા આ પ્રસંગે ગઢપુરમાં ગામેગામથી ભક્તોનો માનવ મહેરામણ ઉમટ્યો હતો. બોટાદના હરિભક્તો પણ આવ્યા હતા. જતી વખતે તેમણે મહારાજને વિનંતી કરી પ્રભુ ! હવે ફાગણ સુદ પુનમે ફુલડોલનો ઉત્સવ બોટાદમાં કરવા પધારો તો બહુ કૃપા થશે. આપ અનુમતિ આપો તો અહીંજ સૌને આમંત્રણ આપી દઇએ. મહારાજે ભક્તનો ભાવ જોઇને પ્રસન્ન થઇ તત્કાળ અનુમતિ આપી દીધી.

ફાગણ સુદ ચૌદશે મહારાજ ગઢપુરથી સંત હકિભક્તો સાથે બોટાદ પધાર્યા. બોટાદના હરિભક્તો હમીર ખાચર, તેમના પુત્ર દાહા ખાચર, સોમલા ખાચર, માતરા ધાંધલ, ભગા દોશી વગેરેએ મહારાજનું ભાવભીનું સામૈયું કર્યું. ગામ બહાર પશ્ચિમ બાજુ એક વિરાટ વટવૃક્ષ હેઠળ હરિભક્તોના ઉતારા હતા. ત્યાં એક મોટો મંચ બાંધવામાં આવ્યો હતો. રંગના ભરેલાં ચરુ તથા અબીલ ગુલાલ ગાડાઓ ભરીને ત્યાં લાવવામાં આવ્યા. મહારાજ સંતહરિભક્તો સાથે ત્યાં ખૂબ રંગે રમ્યા. પછી ત્યાંથી રંગભર્યા વસ્ત્રોમાં જ મહારાજ માણકીએ ચડી સંત હરિભક્તોના સંઘ સાથે બોટાદની બજારમાં નીકળ્યા. મહારાજ ઘડીક હાથમાં સોનાની પિચકારી લઇ સંત હરિભક્તો પર રંગની છોળ છોડતા તો ઘડીક અબીલ ગુલાલ ઉડાડતા. સૌ સંત હરિભક્તો મહારાજના રંગમાં રસબસ થઇને હર્ષોલ્લાસથી નાચી ઉઠ્યા હતા. બોટાદની બજારને શેરીઓ રંગમાં રોળાઇ ગયા. આ રંગોત્સવની વિશેષતા એ હતી કે કોઇ એક સ્થળે જ ન ઉજવતા, આખાય બોટાદમાં ગલીએ ગલીએ ઉજવાયો. આ પ્રસંગને પ્રત્યક્ષ નિહાળી, તેના રસાનંદમાં સહભાગી થઇને ભાવવિભોર બની સંત કવિ કૃષ્ણાનંદે શ્રીજીની આ રંગલીલાને માધુર્યસભર માહાત્મ્ય સહિત કાવ્યમાં વર્ણવીને ત્યાં ગાયું હતું :

''સાંવરો હરિ ખેલત હોરી... સાંવરો
રચ્યો અખાડો શ્રી બોટાદપુરમેં ભક્તભીર ચહુકોરી,
કર કંચન પિચકારી સોહાવે છીરકે રંગ બરજોરી;
લેત હરિજન ચિત્ત ચોરી...

કાતકૃતિ :

''સાંવરો હરિ ખેલત હોરી... સાંવરો
રચ્યો અખાડો શ્રી બોટાદપુરમેં ભક્તભીર ચહુકોરી,
કર કંચન પિચકારી સોહાવે છીરકે રંગ બરજોરી;
લેત હરિજન ચિત્ત ચોરી....... સાં૦ ૧

રંગ ઉડાવત મુખ મુસકાવત ભીજી ભક્તજન ટોરી;
રંગમેં રસબસ રાજત ધરનીં ધ જ્યું અતિ વરસ્યો જોરી ;
બજત બાજે દાન હોરી .........સાં૦ ૨
સુર કે ગાયક મગન મગન મેં ગાવત તાનન તોરી;
ખેલ બિલોકત દેવ મુદિત મન ન મત પાણી જાુગ જોરી;
દેખી છબી મેન લજ્યોરી.........સાં૦ ૩
નાચત પ્નભુ રનારી મનોહર હેરત ચંદ જ્યું ચકોરી;
કૃષ્ણાનંદ ચતુર મનમોહન વહો ઇનમેં રતિ મોરી;
શ્યામ મેરી જીવન દોરી..........સાં૦ ૪

૦-૦-૦-૦

# આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

## ૧. હરિ મીલે બોરસડી કી છૈયા

ભગવાન શ્રી હરિ આ ધરતીને ધામરૂપ બનાવવા અનેક જગ્યાએ ફર્યા છે. ઉત્સવ-સમૈયા - સભા- લીલા- બેઠક આદિક કરેલ છે. તેમ જેતલપુર પણ મહારાજ ઘણી વખત આવ્યા છે અને ખૂબ જ આ ગામને પ્રસાદીનું કરેલ છે. તેમાં એક વખતનો પ્રસંગ છે. મહારાજ જેતલપુર આવેલ હોય છે અને હાલ જે વાડી કહેવાય છે ત્યાં મોટું બોરસડીનું વૃક્ષ છે તેની નીચે સભા કરીને બેઠેલા છે. તે વખતે સંસ્કૃતનો અભ્યાસ કરતાં સંતો આવીને બેઠા છે અને મહારાજ સૌ સંતોને પ્રશ્નોત્તર શીખવી રહ્યાં છે. અને ખબર અંતર પુછતા સુખ આપી રહ્યાં છે. એ વખતે અમદાવાદથી આયોધ્યા પ્રસાદજી મહારાજને ખબર મળવાથી દર્શન કરવા આવ્યાં. તે પ્રભુને ખોળતા ખોળતા જ્યાં બોરસડીનું વૃક્ષ છે ત્યાં આવે છે. પ્રભુ ને જોતા જ ગોપીભાવ અંતરમાં પ્રગટ થયો. પ્રભુને નિરખી નિરખીને અંતરમાં ઉતારે છે. મસ્તક ઉપર શ્વેત પાઘ ધારણ કરીને તે પાઘમાં ફુલના તોરા લટકાવેલ છે. વિશાળ ભાલની વચ્ચે કેસર ચંદનનું તિલક શોભી રહ્યું છે. નિરખતાજ જાણે કે વર્ષોથી ગુમાવેલ રત્ન પાછુ મળ્યું હોય ને જે આનંદ થાય તે આનંદ ઉભરાતા દોડીને પ્રભુના ચરણોમાં ઝુકી પડ્યાં. એજ વખતે અંતરનાં ભાવને બહાર લાવીને ગાઇ રહ્યાં -

હરિ મીલે બોરસડી કી છૈયા

કિર્તન સાંભળતા મહારાજ ખૂબ પ્રસન્ન થયા અને સુંદર સુંદર વાતો કરીને સૌને ખૂબ રાજી કર્યાં. તે વાર્તા સાંભળીને અયોધ્યાપ્રસાદજીની વળી પ્રભુની વાત કરવાની છટા અને અદ્દ્ભૂતાથી વળી તેનું ચિત્ત વાતમાં તણાય ગયું અને અતિશે પ્રેમભક્તિ ભાવથી ગાઇ ઉઠ્યા

પ્યારી લાગે મોહનજી કી બતિયાં.

## ૨. ચામડાનાં પૂતળા રચે છે ચતુરાઇ કરી

એકવખત કવિ દલપતરામ એક ખાસ કવિઓની મીટીંગમાં આવે છે ત્યારે તેના કપાળમાં જેમ વિશાળ આભમાં સૂર્ય શોભે તેમ વિશાલ ભાલમાં તિલક ચાંદલો ભાળી બીજા કવિઓ અંદરો અંદર વાત કરે છે સામાન્ય માણસો તો સ્વામિનારાયણ ધર્મ સ્વીકારે પણ આવા પ્રખર કવિ જેને શબ્દો શોધવો ન પડે આપ મેળે પ્રગટે એવા કવિને પણ સ્વામિનારાયણ ભગવાન છે એવી હા પડી ગઇ. તે સાંભળતાં કવિરાજ દલપતરામ કહે છે અરે ! તમે શું વાત કરી રહ્યાં છો ? જરા મને તો જણાવો. એટલે એક કહે કવિરાજ ! બીજા બધા તો મોચીને ભગવાન તરીકે સ્વીકારી લે પણ આપ

જેવા મહાન બુધ્ધિશાળી પણ એક મોચીને ભગવાન તરીકે સ્વીકારીને એનો તિલક ચાંદલો કપાળે કુટીને ફરે. બીજાએ સ્વર પુરાવ્યો કવિશ્વર આપ કદાચ જાણતા નહિં હોય, તો સાંભળો એ સ્વામિનારાયણે તો બાબરો ભૂત વશ કર્યાં હતો. અને પોતે તો મોચી હતાં પણ આજનો ગાડરીયો પ્રવાહ તે કોઇ ખાત્રી કરીને જોતા નથી અને એક કરે એટલે બીજો કરે અને બીજો કરે તેમ ત્રીજો કરે, સૌ લોલેલોલ ચલાવે છે. શું તે આપને નથી ખ્યાલ કે સ્વામિનારાયણ તો હકિકત મોચી છે.

સાંભળતાં મહાકવિ દલપતરામ કહે અરે ભલા હું એને મોચી જ માનું છું. અને મોચી માનીને જ એમની ભક્તિ કરું છું. પણ સાંભળી લો સૌ કાન ખોલીને એ મોચી અને પગરખા સીવનાર મોચી બંને ચામડાનું જ કામ કરે પણ આ મોચી તે કેવા ચામડાના આકાર બનાવે છે તે સાંભળો એમ કહીને સુપ્રસિધ્ધ કાવ્ય તત્કાળ રચીને સંભળાવવા લાગ્યા.

**ચામડાના પુતળા રચે છે ચતુરાઈ કરી**

હાડકા, માંસ, રૂધિર આદિકને ગોઠવીને ઉપર ચામડું ગોઠવીને હાલતા ચાલતા ભેળ પાડતાં એવાં આકારો કરે એવા આ મોચી છે, અને હું એને આજના જગતને રચવાની કળાવાળા મોચી ભાળીને એનો થયો છું. પેલા મોચીને તો હજારો લાખો જડે પણ આવા મોચી બીજા અન્ય હોય નહિં, આ એક જ છે અને હું એને જ ભજું છું એવો જડબાતોડ જવાબ આપ્યો.જેથી બીજા બધા ચુપચાપ સાંભળતાં જ રહ્યાં અન્તે સૌ એ સ્વીકારી લીધુ. ખરેખર આ કવિરાજ સ્વીકારે તે ખોટુ હોય નહી. પછી બધા શ્રીજીનો આશરો સ્વીકાર્યો અને સત્સંગી થઇ કલ્યાણ સાધ્યું...

o-o-o-o